Reco. Ministry of Minority Affairs Hajj Division Govt.of India SINCE-1996
AL-FAROOQ TOURS & TRAVELS IATA
હાજી યાકુબ મુન્શી 9825275333 9712975333
હજ 2026 ડિલક્ષ પેકેજ 6,00,000/- થી શરૂ
મક્કા માં 19 દિવસ હોટલ બરકા મવદદાહ
મદીના માં 9 દિવસ હોટલ મનાજીલ અસ્વાફ/તેના જેવી
બુકીંગ ચાલુ છે ઝોન - 5 કેટેગરી - D
1, સંજરી એપાર્ટમેન્ટ, શાહઆલમ, અમદાવાદ
જામનગરઃ નવાઝભાઇ 9824303786

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9898099980, 9426579900
www.hajindia.com
Member of IATA
હજ્જ-૨૦૨૬ બુકિંગ ચાલુ છે.
મીના કેટેગરી-A VIP ઝોન-2,
(Limited Seats Available)
રમઝાન રવા.તા.૧૭/૦૨/૨૦૨૬ રિટર્ન.તા.૨૨/૦૩/૨૦૨૬
ઉમરાહ રવા.તા.૦૧/૦૩/૨૦૨૬ રિટર્ન.તા.૨૧/૦૩/૨૦૨૬
ઉમરાહ વિઝા દુબઈ વિઝા

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૭૫ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# વિવાદિત ભોજશાળા-કમલ મૌલા મસ્જિદમાં વસંત પંચમી પર હિન્દુઓને પ્રાર્થના કરવાની સુપ્રીમની મંજૂરી

### જુમ્માની નમાઝ પઢવા માટે પણ મુસ્લિમ સમુદાયને મંજૂરી આપતી ઉચ્ચ અદાલત, લાંબા સમયથી વિવાદના કેન્દ્રમાં રહેલ ધર્મસ્થાન અંગે સુપ્રીમ કોર્ટનો અસાધારણ ચુકાદો



### નમાઝ પઢવા આવનાર મુસ્લિમ સમુદાયના લોકોની યાદી જિલ્લા વહીવટી તંત્રને સોંપવાનો પણ નિર્દેશ આપતી અદાલત, હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષોએ ભોજશાળા સંકુલ અને મસ્જિદમાં પોતપોતાની ધાર્મિક પ્રવૃત્તિઓ માટે મંજૂરી આપવા સુપ્રીમમાં અરજી કરી હતી

### વસંત પંચમીના દિવસે સરસ્વતી પૂજા કરવાની છૂટ અપાઈ અને બપોરે ૧થી ૩ જુમ્માની નમાઝની પરવાનગી જે વિશિષ્ટ અને અલગ વિસ્તારમાં થશે અને પ્રવેશનો અને બહાર નીકળવાનો અલગ સમય રહેશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

દાયકાઓથી જે ધર્મસ્થાન અંગે બે સમાજ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે એવા મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં આવેલ ભોજશાળા કમલ મૌલા મસ્જિદમાં વસંત પંચમીના દિવસે હિન્દુ અને પ્રાર્થના કરવાની હિન્દુ પક્ષની માંગણી સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે એટલું જ નહીં એ દિવસે શુક્રવાર હોવાથી મુસ્લિમોને અલગ વિશિષ્ટ વિસ્તારમાં જુમ્માની નમાઝ પડવાની પણ સુપ્રીમ કોર્ટે પરવાનગી આપી હતી. હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયો તરફથી ૨૩ જાન્યુઆરી શુક્રવારના રોજ પોતપોતાના ધર્મ મુજબની ધાર્મિક પ્રવૃત્તિઓ અને ઈબાદત માટે મંજૂરીની સુપ્રીમ કોર્ટમાં યાચના કરવામાં આવી હતી આથી સુપ્રીમ કોર્ટે આજે એક ખૂબ જ સૂચક અને અસાધારણ ચુકાદો આપ્યો છે અને વસંત પંચમીના દિવસે હિન્દુ સમુદાયને પ્રાર્થના કરવાની મંજૂરી આપી છે. એ જ રીતે મુસ્લિમ સમુદાયના લોકોને જુમ્માની નમાઝ પઢવાની પણ મંજૂરી આપવામાં આવી છે જે વિશિષ્ટ અને અલગ વિસ્તારમાં પડી શકાશે અને પ્રવેશ તથા બહાર નીકળવાનો સમય પણ અલગ રહેશે. આ રીતે બંને સમુદાયને વસંત પંચમીના દિવસે પ્રાર્થના અને નમાઝની સુપ્રીમ કોર્ટ દ્વારા છૂટ આપવામાં આવી છે. એટલું જ નહીં અદાલતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે કાયદો અને વ્યવસ્થા જાળવવાનો પૂરતો બંદોબસ્ત કરવાનો પણ જિલ્લા વહીવટી તંત્રને આદેશ આપ્યો છે અને તેમણે બંને પક્ષોને પરસ્પર આદર તથા સહિષ્ણુતા જાળવવા અને સ્થાનિક વહીવટી તંત્રને સહયોગ આપવા પણ તાકીદ કરી છે.

સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં વિવાદિત ભોજશાળા-કમલ મૌલા મસ્જિદમાં શુક્રવારે વસંત પંચમી પર સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી હિન્દુઓને પ્રાર્થના કરવાની મંજૂરી આપી છે, જ્યારે મુસ્લિમોને બપોરે ૧થી ૩ વાગ્યા સુધી નમાજ પઢવાની મંજૂરી આપી છે. ગુરૂવારે સુપ્રીમ કોર્ટે નમાઝ પઢવા આવનાર મુસ્લિમ સમુદાયના લોકોની યાદી જિલ્લા વહીવટીતંત્રને આપવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે જિલ્લા વહીવટીતંત્રને કાયદો અને વ્યવસ્થા જાળવવાનો આદેશ આપ્યો હતો જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. કોર્ટે કહ્યું કે અમે બંને પક્ષોને પરસ્પર આદર, સહિષ્ણુતા જાળવવા અને સ્થાનિક વહીવટીતંત્ર સાથે સહયોગ કરવાની અપીલ કરીએ છીએ. હિન્દુ અને મુસ્લિમ જૂથોએ ૨૩ જાન્યુઆરી, શુક્રવારે ભોજશાળા સંકુલમાં ધાર્મિક પ્રવૃત્તિઓ માટે મંજૂરી માંગી છે, જ્યારે વસંત પંચમીના દિવસે સરસ્વતી પૂજા પણ યોજાશે. કોર્ટે કહ્યું કે, એક વાજબી સૂચન આપવામાં આવ્યું હતું કે બપોરે ૧થી ૩ વાગ્યા સુધી નમાઝ માટે, તે જ પરિસરમાં એક વિશિષ્ટ અને અલગ વિસ્તાર, જેમાં તે જ પરિસરમાં અલગ પ્રવેશ અને બહાર નીકળવાનો સમાવેશ થાય છે, ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી નમાઝ અદા કરી શકાય. એ જ રીતે, વસંત પંચમીના અવસરે પરંપરાગત સમારોહ યોજવા માટે હિન્દુ સમુદાયને એક અલગ જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા સંરક્ષિત ૧૧મી સદીનું મંદિર-મસ્જિદ પરિસર, હિન્દુઓ અને મુસ્લિમો બંને માટે મહત્વપૂર્ણ પૂજા સ્થળ માનવામાં આવે છે. હિન્દુઓ ભોજશાળાને વાગદેવી (દેવી સરસ્વતી)ને સમર્પિત મંદિર માને છે, જ્યારે મુસ્લિમો આ સ્મારકને કમલ મૌલા મસ્જિદ તરીકે ઓળખે છે. ૭ એપ્રિલ, ૨૦૦૩ના રોજ ASI દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા હેઠળ, હિન્દુઓ મંગળવારે ભોજશાળા પરિસરમાં પૂજા કરે છે અને મુસ્લિમો શુક્રવારે સંકુલમાં 'નમાઝ' અદા કરે છે. હિન્દુ ફ્રન્ટ ફોર જસ્ટિસ દ્વારા હિન્દુઓ માટે વસંત પંચમી પર પ્રાર્થના કરવા વિશિષ્ટ અધિકારો મેળવવા માટે દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી. એડવોકેટ વિષ્ણુ શંકર જૈન દ્વારા દાખલ કરાયેલી અરજીનો મંગળવારે તાત્કાલિક સુનાવણી માટે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# કર્ણાટક વિધાનસભામાં હાઈ-વોલ્ટેજ ડ્રામા ! રાજ્યપાલ થાવરચંદ ગેહલોત ભાષણ પૂર્ણ કર્યા વિના જ વોક આઉટ કરી ગયા

**કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે પોતાના ભાષણની માત્ર બે લાઈન વાંચ્યા પછી વિધાનસભામાંથી બહાર નીકળી ગયા હતા, આ ભાષણમાં કેન્દ્રની ટીકા કરતા ૧૧ ફકરાઓનો તેઓએ વિરોધ કર્યો હતો. કોંગ્રેસના નેતાઓએ આ પગલાને ગેરબંધારણીય ગણાવ્યું છે અને કલમ ૧૭૬ અને ૧૬૩નું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે, સિદ્ધારમૈયાએ તેને બંધારણીય ફરજનું ઉલ્લંઘન ગણાવ્યું અને કહ્યું કે સરકાર આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી શકે છે**

(એજન્સી) તા.૨૨

કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે ગુરૂવારે રાજભવન અને કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર વચ્ચે નવા રાજકીય વિવાદમાં પ્રસ્તાવિત G RAM G બિલના અમલીકરણ સાથે સંબંધિત સંદર્ભો સામે વાંધો ઉઠાવતા રાજ્ય સરકારના પરંપરાગત સંબોધનના ભાગને વાંચવાનો ઈન્કાર કર્યો હતો અને ગૃહમાંથી બહાર નીકળી ગયા હતા.

આ ઘટના બજેટ સત્રની શરૂઆતમાં બની હતી, જ્યારે રાજ્યપાલ સરકારની નીતિઓ અને પ્રાથમિકતાઓની રૂપરેખા આપતું સંબોધન આપવાના હતા. ગેહલોતે મનરેગા યોજનાને ઓવરહોલ કરવાના હેતુથી વિવાદાસ્પદ કાયદાનો ઉલ્લેખ કરતા ચોક્કસ ફકરાઓ સામે વાંધો ઉઠાવ્યો હતો અને દલીલ કરી હતી કે ભાષણ સરકારી પ્રચાર છે. રાજ્યપાલ વિધાનસભામાંથી બહાર નીકળતાં જ કોંગ્રેસના ધારાસભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા અને તેમનો ઘેરાવ કરવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ હંગામા વચ્ચે માર્શલો દ્વારા તેમને બહાર કાઢવામાં આવ્યા હતા. રાજ્યપાલનું આ પગલું તમિલનાડુના



રાજ્યપાલ આરએન રવિએ લખાણમાં "અચોક્કસતા" દર્શાવીને તેમનું સંબોધન આપ્યા વિના રાજ્ય વિધાનસભામાંથી બહાર નીકળ્યાના એક દિવસ પછી આવ્યું છે. કેરળમાં રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે પણ તેમના ભાષણના અમુક ભાગોને કાઢી નાખ્યા હતા, રાજભવન દાવો કરે છે કે, તેમના સૂચવેલા ફેરફારો ડ્રાફ્ટમાં સામેલ કરવામાં આવ્યા નથી. મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ, ગેહલોતના વોકઆઉટ પછી પત્રકારો સાથે વાત કરતા તીવ્ર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, સંબોધન વાંચવું એ રાજ્યપાલની બંધારણીય ફરજ છે અને તેમના પર કેન્દ્રના સાધન તરીકે કામ કરવાનો આરોપ મૂકતા કહ્યું કે, "રાજ્યપાલની ફરજ છે કે તે વર્ષના પ્રથમ વિધાનસભા સત્રને સંબોધિત કરે. કેબિનેટે પણ રાજ્યપાલના ભાષણની સામગ્રીને મંજૂરી આપી હતી. રાજ્યપાલે કેબિનેટ દ્વારા મંજૂર કરેલ ભાષણ વાંચ્યું ન હતું અને તેના બદલે તેમના દ્વારા તૈયાર કરાયેલું ભાષણ વાંચ્યું હતું. તેમણે બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. બંધારણીય જોગવાઈઓ અનુસાર, તેમણે કેબિનેટનું ભાષણ વાંચવું આવશ્યક છે. કોંગ્રેસના નેતાએ કહ્યું કે, "રાજ્યપાલ કેન્દ્ર સરકારના સાધન તરીકે કામ કરી રહ્યા છે, જે ગેરબંધારણીય છે. તેઓ તેમની બંધારણીય ફરજ નિભાવવામાં નિષ્ફળ ગયા છે. સરકાર રાજ્યપાલ સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાનો નિર્ણય લેશે. રાજભવન દ્વારા હજુ સુધી આ અંગે ઔપચારિક નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

રમઝાન માસ માટે બેસ્ટ ક્વોલિટીની
ખજૂર
મદીના મુનવ્વરા, ઈરાની અને બધી જાતની ખજૂર
હોલસેલ અને રીટેલ
Al Emad DATES • DRY FRUITS • CHOCOLATES
9925791991
સાબુવાલા ફ્લેટની સામે, ખમાસા, અમદાવાદ

# રાજ્યપાલે 'કેન્દ્રની કઠપૂતળી જેવું વર્તન કર્યું છે' : કર્ણાટક વિધાનસભામાં ગેહલોતના ૨-લાઈનના ભાષણ પર સિદ્ધારમૈયાની પ્રતિક્રિયા

(એજન્સી) તા.૨૨

કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત પર વિધાનસભામાં તેમના પરંપરાગત ભાષણ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલ ભાષણને બદલે પોતાનું ભાષણ વાંચવાનો આરોપ લગાવતા, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ગુરૂવારે રાજ્યપાલ પર બંધારણ દ્વારા નિર્ધારિત તેમની ફરજો અને જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, રાજ્યપાલે સરકાર દ્વારા તૈયાર કરાયેલ સંપૂર્ણ ભાષણ ન વાંચીને બંધારણનું ઉલ્લંઘન કર્યું છે અને કેન્દ્ર સરકારના હાથમાં "કઠપૂતળી" હોય તેવું વર્તન કર્યું છે.

ગહેલોતે રાજ્ય વિધાનસભાના સંયુક્ત સત્રમાં પોતાના પરંપરાગત ભાષણની સમાપ્તિ પહેલા ભાષણમાંથી ફક્ત બે પંક્તિઓ વાંચીને પૂર્ણ કરી હતી, ત્યારબાદ મુખ્યમંત્રીએ રાજ્યપાલ પર પ્રહાર કર્યા હતા. સભ્યોનું અભિવાદન કર્યા પછી, રાજ્યપાલે ટિપ્પણી કરી હતી કે તેઓ સંયુક્ત સત્રને સંબોધિત કરીને ખુશ છે. મારી સરકાર રાજ્યના આર્થિક, સામાજિક અને ભૌતિક વિકાસને બમણો કરવા માટે પ્રતિબદ્ધ છે. જય હિંદ, જય કર્ણાટક.

> **મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે સરકાર દ્વારા તૈયાર કરાયેલ સંપૂર્ણ ભાષણ ન વાંચીને બંધારણનું ઉલ્લંઘન કર્યું છે**

કોંગ્રેસના સભ્યોએ રાજ્યપાલ દ્વારા તેમના ભાષણને ટૂંકાવી દેવા પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી, અને ગૃહના ફ્લોર પર "શરમ અને શેમ"ના નારા લગાવ્યા હતા.

સિદ્ધારમૈયાએ પત્રકારોને જણાવ્યું હતું કે, "દર નવા વર્ષે, રાજ્યપાલે સંયુક્ત સત્રને સંબોધિત કરવું પડે છે અને તેમણે રાજ્ય મંત્રીમંડળ દ્વારા તૈયાર કરાયેલ ભાષણ વાંચવું પડે છે. તે બંધારણીય છે. કારણ કે, ભારતીય બંધારણની કલમ ૧૭૬ અને કલમ ૧૬૩ કહે છે કે તેઓ અથવા તેણી – (રાજ્યપાલ) - સરકાર અથવા મંત્રીમંડળ દ્વારા તૈયાર કરાયેલ ભાષણ વાંચશે. આજે, મંત્રીમંડળ દ્વારા તૈયાર કરાયેલ ભાષણ વાંચવાને બદલે, તેમણે પોતે તૈયાર કરેલું ભાષણ કહ્યું. આ ભારતીય બંધારણની જોગવાઈઓ વિરૂદ્ધ છે. તે સ્પષ્ટપણે બંધારણની કલમ ૧૭૬ અને ૧૬૩નું ઉલ્લંઘન કરે છે. તેમણે બંધારણ મુજબ પોતાની ફરજો નિભાવી નથી. તેમણે ભારતીય બંધારણ દ્વારા નિર્ધારિત પોતાની જવાબદારીઓ નિભાવી નથી. તેથી અમે રાજ્યપાલના વલણનો વિરોધ કરીશું. અમે સુપ્રીમ કોર્ટમાં જવું કે નહીં તે અંગે તપાસ કરી રહ્યા છીએ. અમે તમને જણાવીશું.

# 'તે ખૂબ જ અદ્ભુત વ્યક્તિ અને મારા મિત્ર છે' : ટ્રમ્પે વડાપ્રધાન મોદીની પ્રશંસા કરી : ભારત-યુએસ વેપાર સોદા અંગે સકારાત્મક સંકેત આપ્યો

(એજન્સી) તા.૨૨

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભારતીય પત્રકાર સાથે વાત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. મોદીને નજીકના મિત્ર ગણાવતા ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત અને અમેરિકા



**બંને દેશોના વેપાર સોદા પર, અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે, "અમે એક સારો સોદો કરવા જઈ રહ્યા છીએ"**

વેપાર કરાર પૂર્ણ કરશે. ટ્રમ્પે કહ્યું કે, "મને તમારા વડાપ્રધાન માટે ખૂબ જ આદર છે. તેઓ એક અદ્ભુત માણસ અને મારા મિત્ર છે."

વોશિંગ્ટન અને નવી દિલ્હીએ ટેરિફ, ભૌગોલિક રાજકીય તણાવ અને ઉર્જા અને કૃષિ પરના વિવાદો વચ્ચે વેપાર અવરોધને ઉકેલવાના હેતુથી ઉચ્ચ હોદ્દાની વાટાઘાટો ચાલુ રાખી છે. ટ્રમ્પની આ ટિપ્પણીઓ બંને દેશો વચ્ચે તણાવપૂર્ણ વેપાર સંબંધો વચ્ચે નોંધપાત્ર રીતે સકારાત્મક છે. સંભવિત વેપાર કરાર વિશે પૂછવામાં આવતા, યુએસ પ્રમુખે સરળ રીતે કહ્યું, "અમે એક સારો સોદો કરવા જઈ રહ્યા છીએ. આ મહિનાની શરૂઆતમાં, ટ્રમ્પે સાર્વજનિક રીતે ભારત સાથે વ્યાપારને તેની રશિયન તેલની ખરીદી સાથે જોડતા દાવો કર્યો હતો કે નવી દિલ્હીએ યુએસ દબાણ પછી તેલની આયાત ઘટાડી છે. તેમણે કહ્યું કે, તેઓ મને ખુશ કરવા માંગતા હતા, મૂળભૂત રીતે, મોદી ખૂબ સારા માણસ છે. તેઓ જાણતા હતા કે હું ખુશ નથી અને મને ખુશ કરવું મહત્ત્વપૂર્ણ છે. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ભારત રશિયન ઉર્જા પર વોશિંગ્ટનની સ્થિતિને અનુરૂપ થવામાં નિષ્ફળ જશે તો તેને વેપાર પરિણામોનો સામનો કરવો પડી શકે છે. અમે વેપાર કરીએ છીએ, અને અમે તેમના પર ખૂબ જ ઝડપથી ટેરિફ વધારી શકીએ છીએ, અને તે તેમના માટે ખૂબ જ ખરાબ હશે. નવી દિલ્હીએ એવી ખાતરી આપવાનો ઈન્કાર કર્યો છે કે તે રશિયન તેલની આયાતને અંકુશમાં રાખશે, અને કહ્યું છે કે તેના ઉર્જા નિર્ણયો રાષ્ટ્રીય હિત અને ભાવની સ્થિરતા દ્વારા સંચાલિત થાય છે. ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના વેપાર સંબંધો નોંધપાત્ર તણાવ હેઠળ છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર હાલમાં મોટાભાગની ભારતીય નિકાસ પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદે છે, જેમાં રશિયા સાથે ભારતની સતત જોડાણ અને BRICS જૂથમાં તેની ભાગીદારી સાથે જોડાયેલા દંડનો સમાવેશ થાય છે. ભારતે સાવચેતીપૂર્વક પ્રતિસાદ આપ્યો છે અને પસંદ કરેલ યુએસ કૃષિ આયાત પર પ્રતિશોધાત્મક કર લાદયો છે. વ્હાઈટ હાઉસ તેના કૃષિ બજારોને વધુ ખોલવા માટે ભારત પર દબાણ કરે છે તેથી આ મુખ્ય મુદ્દાઓ વણઉકેલ્યા છે - નવી દિલ્હી માટે આ એક સંવેદનશીલ મુદ્દો છે, જે કૃષિ સંરક્ષણને બિન-વાટાઘાટપાત્ર ગણે છે. ટ્રમ્પે ભારતની ઊર્જા નીતિ અંગે ચેતવણી આપી છે કે જો રશિયન તેલની ખરીદી ચાલુ રહેશે તો વધુ દંડ થઈ શકે છે.

### ક્યા બાત હૈ ?!

**તમારા ભાઈને ડોક્ટરે બીડી કે સીગરેટ પીવાની મનાઈ કરી છે !**




હજ્જ 2026 Bakhla INTERNATIONAL TRAVELS
આવતીકાલની રાહ શું કામ જુઓ છો ?
આજે જ હજ્જનું બુકિંગ કરાવો
બુકિંગની છેલ્લી તારીખ ૨૫મી જાન્યુઆરી ૨૦૨૬ સુધી લંબાવી છે



શરૂ થાય છે
₹4,75,000




• ૧૩ પેકેઝીસમાંથી પસંદગી કરો
(શિફટીંગ, નોન શિફટીંગ, લાંબી ટૂર - ટૂંકી ટુર)
• ૫ કેટેગરી
(બ્રોન્ઝ, સિલ્વર, ગોલ્ડ, પ્લેટીનીયમ-ડાયમંડ)
• ફક્ત ઈબાદત પર ધ્યાન કેન્દ્રિત કરો
(અમે તમારી ચિંતામુક્ત યાત્રા માટે તમામ બાબતોનો ખ્યાલ રાખીશું)
• સંપૂર્ણ હજ્જ માર્ગદર્શન
(નિષ્ણાંત ટીમ દરેક સ્તરે આપને સહયોગ કરશે)
• પોષાય તેવા લકઝરી વિકલ્પો
(દરેક હાજી માટે કંઈક ખાસ)
• તમામ સેવાઓનો સમાવેશ
(વિઝા, ફ્લાઈટ, હોટલ્સ, ટ્રાન્સપોર્ટ, જમવાનું વગેરે)
અત્યારે જ કોલ કરો અથવા વ્હોટસએપ કરો
+91 9986790416
મર્યાદિત સીટ / વહેલી તકે બુકીંગ કરવા વિનંતી

## જમ્મુ-કાશ્મીરના ડોડામાં સેનાનું વાહન ખાઈમાં ખાબકતાં ૧૦ જવાનોનાં મોત, ૧૧ ઘાયલ

ભદ્રવાહ/જમ્મુ : જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં ગુરૂવારે એક દર્દનાક દુર્ઘટના ઘટી હતી. આતંકવાદ વિરોધી ઓપરેશન માટે જવાનોને લઈ જઈ રહેલું સેનાનું એક બખ્તરબંધ વાહન ઊંડી ખાઈમાં ખાબકતા ૧૦ બહાદુર જવાનો શહીદ થયા છે અને અન્ય ૧૧ જવાનો ઘાયલ થયા છે. આ અકસ્માત ભદ્રવાહ-ચંબા ઈન્ટરસ્ટેટ રોડ પર આશરે ૯,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા 'ખાન્ની ટોપ' પાસે બપોરના સમયે થયો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સેનાનું 'કેસ્પિર' (Casspir) નામનું બુલેટપ્રૂફ અને સુરક્ષિત વાહન ખરાબ હવામાન અને અત્યંત દુર્ગમ રસ્તા પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવ્યું હતું. પરિણામે વાહન આશરે ૨૦૦ ફૂટ ઊંડી ખાઈમાં જઈ પડ્યું હતું. સેના અને પોલીસ દ્વારા તાત્કાલિક સંયુક્ત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. શરૂઆતમાં ચાર જવાનોના મૃતદેહ મળી આવ્યા હતા અને ૧૭ ઘાયલ જવાનોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાંથી સારવાર દરમિયાન વધુ ૬ જવાનોએ દમ તોડ્યો હતો. જમ્મુ સ્થિત 'વ્હાઈટ નાઈટ કોર્પ્સ'એ આ ઘટનાને અત્યંત કમનસીબ ગણાવી છે. ગંભીર રીતે ઘાયલ થયેલા ૧૦ જવાનોને વધુ સારી સારવાર માટે ઉધમપુરની કમાન્ડ હોસ્પિટલમાં એરલિફ્ટ કરવામાં આવ્યા છે, જ્યારે એક જવાનની હાલત સ્થિર હોવાથી તેની ભદ્રવાહની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બચાવ કામગીરી દરમિયાન સેનાનું વાહન સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત હાલતમાં મળી આવ્યું હતું. રક્ષામંત્રી રાજનાથ સિંહ, જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને અન્ય રાજકીય નેતાઓએ આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. રક્ષામંત્રીએ શહીદ જવાનોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા જણાવ્યું કે, ઘાયલ જવાનોને શ્રેષ્ઠ તબીબી સુવિધા મળી રહે તે માટે તમામ જરૂરી નિર્દેશો આપવામાં આવ્યા છે. એલ-જી મનોજ સિંહાએ કહ્યું કે, રાષ્ટ્ર જવાનોની સર્વોચ્ચ કુરબાનીને હંમેશા યાદ રાખશે.

## છત્તીસગઢના સ્ટીલ પ્લાન્ટમાં વિસ્ફોટ, ૭ લોકોનાં મોત, અનેક ઘાયલ

નવી દિલ્હી : અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુરૂવારે છત્તીસગઢના બલોદા બજાર જિલ્લામાં એક સ્ટીલ પ્લાન્ટમાં કોલસાની ભઠ્ઠીમાં થયેલા શક્તિશાળી વિસ્ફોટમાં ઓછામાં ઓછા સાત કામદારો બળીને ખાખ થઈ ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. બકુલાહી સ્થિત રીઅલ ઈસ્પાત સ્ટીલ પ્લાન્ટમાં કોલસાની ભઠ્ઠી અચાનક ફાટી જતાં વિસ્ફોટ થયો હતો. ઘટના સમયે મજૂરોનું એક જૂથ ભઠ્ઠી વિસ્તારની આસપાસ સફાઈનું કામ કરી રહ્યું હતું. તેઓ ગરમી અને કોલસાની આગમાં ફસાઈ ગયા હતા, જેના કારણે ઘણા કામદારો ઘટનાસ્થળે જ ગંભીર રીતે દાઝી ગયા હતા. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું હતું કે, વિસ્ફોટ પછી ગરમ કોલસા અને આગની જવાળાઓના સીધા સંપર્કમાં આવવાથી પીડિતોને જીવલેણ દાઝી ગયા હતા. કેટલાક કામદારોને ગંભીર ઈજાઓ સાથે નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા, જો કે, ઘાયલોની ચોક્કસ સંખ્યા હજુ સુધી સત્તાવાર રીતે પુષ્ટિ મળી નથી.

## જયપુરમાં એક ઝડપી ગતિની થાર કારે વાયુસેનાના ઉમેદવારને કચડી નાખ્યો, ડ્રાઈવર ભાગી ગયો

નવી દિલ્હી : જયપુરમાં એક ૧૮ વર્ષની છોકરી તેની બહેન સાથે દોડી રહી હતી ત્યારે એક ઝડપી થાર એસયુવીએ પાછળથી ટક્કર મારતા હિટ એન્ડ રનની ઘટનામાં તેનું મોત થયું હતું. ડ્રાઈવર વાહન છોડીને ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. પોલીસે ગુનો નોંધ્યો છે અને ઘટનાની તપાસ કરી રહી છે. ભોગ બનનારની ઓળખ ઝુનઝુનુની રહેવાસી અનાયા શર્મા તરીકે થઈ છે, જે તાજેતરમાં જ વાયુસેનામાં પસંદગી પામી હતી અને પોતાની શારીરિક તપાસની તૈયારી માટે જયપુરમાં હતી. પ્રારંભિક અહેવાલો અનુસાર, અકસ્માત મંગળવારે સવારે થયો હતો જ્યારે અનાયા અને તેની બહેન હાઈવે પર તેમના રોજિંદા જોગિંગમાં વ્યસ્ત હતા. સાક્ષીઓએ જણાવ્યું કે કાળા રંગની થાર ખૂબ જ ઝડપે આવી રહી હતી, અનાયા સાથે જોરદાર રીતે અથડાઈ. ટક્કરને કારણે તેણી ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ, અને નજીકના લોકોએ તેણીને હોસ્પિટલ લઈ ગયા, પરંતુ સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ થયું.

## મહારાષ્ટ્ર સરકાર મુંબઈ નજીક ભારતનું પ્રથમ ઈનોવેશન સિટી બનાવશે; ટાટા સન્સે ૧૧ અબજ ડોલરનું વચન આપ્યું

નવી દિલ્હી : મહારાષ્ટ્ર મુંબઈ નજીક પોતાનું પહેલું ઈનોવેશન સિટી બનાવવા માટે તૈયાર છે, જે ભારતમાં અનેક રોકાણકારો અને વૈશ્વિક ઈનોવેશન ઈકોસિસ્ટમ લાવશે, એમ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન ANI સાથે વાત કરતા, ફડણવીસે બુધવારે ભાર મૂક્યો હતો કે આ વિચાર ૪૦૦થી વધુ રોકાણકારો સમક્ષ ૨૦૨૫ WEF કોન્ફરન્સમાં AI અને ઈનોવેશન ઈકોસિસ્ટમ થીમ હેઠળ પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો અને આ વર્ષે છથી આઠ મહિનામાં પ્રોજેક્ટ શરૂ થવાના હોવાથી સ્થાનને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ શહેર મુંબઈ, ભારતમાં વૈશ્વિક ઈનોવેશન ઈકોસિસ્ટમ લાવશે. અમારું લક્ષ્ય મુંબઈને એક એવું કેન્દ્ર બનાવવાનું છે જ્યાં વિશ્વનો કોઈપણ વ્યક્તિ સરળતાથી ઈનોવેશન ઈકોસિસ્ટમનો ઉપયોગ કરી શકે. ટાટા સન્સે ડેટા સેન્ટર સહિત ઈનોવેશન સિટી વિકસાવવા માટે ૧૧ અબજ ડોલરનું વચન આપ્યું છે. આ જાહેરાત બાદ, આંતરરાષ્ટ્રીય રોકાણકારો હવે આ શહેરમાં રોકાણ કરવામાં ગંભીર રસ વ્યક્ત કરી રહ્યા છે. અમે મુંબઈ નજીક ભારતનું પ્રથમ ઈનોવેશન સિટી બનાવવા માટે તૈયાર છીએ, CM ફડણવીસે ANIને જણાવ્યું.

## ભાજપે બેંગ્લુરુ માટે અગ્રણી નેતાઓને મેદાનમાં ઉતાર્યા, રામ માધવને મનપા ચૂંટણી માટે પાર્ટીના પ્રભારી તરીકે નિયુક્ત કર્યા

નવી દિલ્હી : ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યાના કલાકો પછી, નીતિન નવીને ભાજપના ભૂતપૂર્વ મહાસચિવ રામ માધવને ગ્રેટર બેંગ્લુરુ મ્યુનિસિપલ ચૂંટણી માટે મતદાન પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. માધવને રાજસ્થાન ભાજપના પૂર્વ વડા સતીશ પુનિયા અને મહારાષ્ટ્રના ધારાસભ્ય સંજય ઉપાધ્યાય મદદ કરશે, જેમને સહ-પ્રભારી સોંપવામાં આવ્યા છે. માધવે ટ્વિટર પર એક પોસ્ટમાં નવીનનો આભાર માન્યો. મે ૨૦૨૬માં યોજાનારી બૃહદ બેંગ્લુરુ મહાનગરપાલિકા (BBMP) ચૂંટણીઓની જવાબદારી મને સોંપવા બદલ તેમનો આભાર. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ફક્ત સ્થાનિક એજન્ડા અને સ્થાનિક કાર્યકરોની તાકાત અને મહેનત પર લડવામાં આવે છે અને જીતવામાં આવે છે. બે અન્ય વરિષ્ઠ સાથીદારો સાથે મળીને અમે ટીમ કર્ણાટકને પ્રતિષ્ઠિત ચૂંટણી જીતવામાં મદદ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરીશું, એમ માધવે લખ્યું. BBMP બૂથ જ પ્રતિષ્ઠિત છે કારણ કે તે ૫ કોર્પોરેશનોનું એક જૂથ છે જેમાં બેંગ્લુરુ શહેર ઉપરાંત અનેક નગરો અને ૧૨૦થી વધુ ગામોનો સમાવેશ થાય છે. ૯૦ લાખથી વધુ મતદારો અને ૩૬૯ કોર્પોરેશન વોર્ડ સાથે તે રાજ્ય માટે વિધાનસભાની લડાઈથી ઓછું નથી. બેંગ્લુરુમાં તમામ હિસ્સેદારો - રાજ્ય નેતૃત્વ, સ્થાનિક સાંસદો અને ધારાસભ્યો અને સૌથી અગત્યનું શહેર નેતૃત્વ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરવા માટે આતુર છું, એમ તેમણે ઉમેર્યું.

## FIIના આઉટફ્લો અને વૈશ્વિક ચિંતાઓ વચ્ચે રૂપિયો ૭૭ પૈસા તૂટીને રેકોર્ડ નીચે ગયો, ૯૧.૭૪ પ્રતિ ડોલર થયો

નવી દિલ્હી : બુધવારે ભારતીય રૂપિયો તીવ્ર ઘટાડો થયો, જે યુએસ ડોલર સામે નવા ઓલ-ટાઈમ નીચા સ્તરે પહોંચ્યો કારણ કે વિદેશી ભંડોળનો પ્રવાહ ચાલુ રહ્યો અને ડોલરની માંગ મજબૂત રહી. નબળા સ્થાનિક બજારો અને વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે આ ઘટાડો થયો, જેના કારણે રોકાણકારો સાવચેત રહ્યા. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં શરૂઆતના વેપારમાં, રૂપિયો યુએસ ડોલર સામે ૯૧.૦૫ પર ખુલ્યો. વેચાણનું દબાણ ઝડપથી વધ્યું અને ચલણ વધુ ઘટીને ૯૧.૭૪ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યું. આ તેના પાછલા બંધ કરતા ૭૭ પૈસાનો ભારે ઘટાડો દર્શાવે છે. ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે તીવ્ર ઘટાડા પાછળનું મુખ્ય કારણ વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણ હતું. વિનિમય ડેટા અનુસાર, મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ લગભગ ૨,૯૩૮ કરોડ રૂપિયાના ભારતીય શેર વેચ્યા. ધાતુ આયાતકારો તરફથી ડોલરની ભારે માંગ પણ રૂપિયા પર ભાર મૂકે છે, કારણ કે કંપનીઓએ આયાત માટે ચૂકવણી કરવા માટે વધુ વિદેશી ચલણની જરૂર હતી. વૈશ્વિક પરિબળોએ રોકાણકારોના મૂડને વધુ નબળો પાડ્યો. વેપારીઓએ ગ્રીનલેન્ડ મુદ્દા પર યુરોપમાં વધી રહેલા તણાવ અને સંભવિત નવા ટેરિફ અંગેની ચિંતાઓ તરફ ધ્યાન દોર્યું. આ મુદ્દાઓએ વૈશ્વિક સ્તરે જોખમ ટાળવામાં વધારો કર્યો અને રોકાણકારોને યુએસ ડોલર તરફ ધકેલી દીધા, જેને સલામત સંપત્તિ તરીકે જોવામાં આવે છે.

## ઝારખંડના સારંડા જંગલમાં માઓવાદીઓ સાથે પોલીસની અથડામણ; ૫૦ લાખ રૂપિયાના ઈનામના આતંકવાદી સહિત ૪ ઠાર

નવી દિલ્હી : ગુરુવારે ઝારખંડના સારંડા જંગલમાં ચોટાનગ્રા પોલીસ સ્ટેશન હેઠળના કુમ્બાડીહ ગામ નજીક સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૫૦ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતો એક માઓવાદી સહિત અનેક માઓવાદીઓ માર્યા ગયા. જોકે, જાનહાનિની ચોક્કસ સંખ્યા અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી, સ્થાનિક સૂત્રોએ જણાવ્યું હતું કે વહેલી સવારથી ચાલી રહેલી ભીષણ ગોળીબારમાં ઓછામાં ઓછા ચાર માઓવાદીઓ માર્યા ગયા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, માઓવાદી વિરોધી અભિયાનના ભાગ રૂપે સુરક્ષા દળો ગાઢ સારંડા જંગલોમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા ત્યારે અચાનક હુમલો કરીને બેઠેલા ઉગ્રવાદીઓએ ગોળીબાર કર્યો. દળોએ વળતો જવાબ આપ્યો, જેના કારણે તીવ્ર ગોળીબાર શરૂ થયો. ઝારખંડ પોલીસ મુખ્યાલય દ્વારા જારી કરાયેલ એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સવારથી બંને પક્ષો વચ્ચે સમયાંતરે ગોળીબાર ચાલુ છે. ચાઈબાસાના સારંડા જંગલ વિસ્તારમાં પોલીસ અને માઓવાદીઓ વચ્ચે અથડામણ ચાલુ છે. બંને બાજુથી સમયાંતરે ગોળીબાર ચાલુ છે. વિગતવાર માહિતી સમયાંતરે શેર કરવામાં આવશે,એમ તેમાં કહેવામાં આવ્યું છે.

# મણિપુરના ચુરાચાંદપુરમાં મૈતેઈ યુવકનું અપહરણ કરી હત્યા : મહિનાઓની શાંતિ બાદ ફરી હિંસા ભડકી

(એજન્સી) ગુવાહાટી, તા.૨૨

મણિપુરના ચુરાચાંદપુર જિલ્લામાં શંકાસ્પદ કુકી ઉગ્રવાદીઓ દ્વારા એક મૈતેઈ યુવકનું અપહરણ કર્યા બાદ ગોળી મારીને હત્યા કરવામાં આવતા રાજ્યમાં ચાલી રહેલા શાંતિ પ્રયાસોને મોટો ઝટકો લાગ્યો છે. છેલ્લા ઘણા મહિનાઓથી રાજ્યમાં આવી કોઈ હિંસક ઘટના બની ન હતી, પરંતુ આ તાજી ઘટનાએ ફરી તણાવ વધાર્યો છે. નોંધનીય છે કે, ગત વર્ષે ૧૩ ફેબ્રુઆરીથી મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે અને હાલમાં ત્યાં નવી સરકારની રચના અંગેની અટકળો તેજ બની છે ત્યારે જ આ હત્યાની ઘટના સામે આવી છે. અહેવાલો અનુસાર મૃતક યુવકની ઓળખ મયંગલામ્બમ ઋષિકાંત સિંહ તરીકે થઈ છે. બુધવારે ચુરાચાંદપુર જિલ્લાના તુઈબોંગ વિસ્તારમાં આવેલા તેમના ઘરેથી ઋષિકાંત અને તેમની કુકી પત્ની ચિંગનુ હાઓકિપનું અપહરણ કરવામાં આવ્યું હતું. ઉગ્રવાદીઓએ બાદમાં પત્નીને છોડી દીધી હતી, પરંતુ ઋષિકાંતની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. ઋષિકાંત મૂળ ઈમ્ફાલ ખીણના કાકચિંગ ખુનૌનો વતની હતો. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો એક કથિત વીડિયો પણ વાયરલ થયો છે, જેમાં તે હાથ જોડીને આજીજી કરતો જોવા મળે છે અને ત્યારબાદ તેના પર અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવે છે. પોલીસે મધ્યરાત્રિએ નાતજાંગ ગામમાંથી મૃતદેહ કબજે કર્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ માટે ચુરાચાંદપુર જિલ્લા હોસ્પિટલના મોર્ગમાં ખસેડ્યો છે. આ મામલે પોલીસે સુઓ મોટુ (પોતાની મેળે) ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ હત્યામાં 'યુનાઈટેડ કુકી નેશનલ આર્મી' નામનું સંગઠન સામેલ હોવાની શંકા છે, જેણે સરકાર સાથે 'સસ્પેન્શન ઓફ ઓપરેશન' (SoO) કરાર પર હસ્તાક્ષર કર્યા નથી. મૃતક ઋષિકાંત નેપાળમાં નોકરી કરતો હતો અને માત્ર ત્રણ દિવસ પહેલા જ ઘરે પરત આવ્યો હતો. લગ્ન બાદ તેણે 'ગિનમિન્થાંગ' નામનું આદિવાસી નામ પણ અપનાવ્યું હતું. મણિપુરમાં ચાલી રહેલી વંશીય હિંસાને કારણે મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે ભારે વિભાજન જોવા મળી રહ્યું છે, તેમ છતાં કેટલાક કુકી જૂથોએ તેને તેની પત્ની સાથે રહેવાની મંજૂરી આપી હતી. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ફાટી નીકળેલી આ હિંસામાં અત્યાર સુધીમાં ૨૬૦થી વધુ લોકોના મોત થયા છે અને આશરે ૬૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે.

## BMCના મહિલા મેયર શિવસેના (UBT)ના નહીં, પરંતુ ભાજપના હશે : શું ભૂતપૂર્વ કોર્પોરેટર અભિષેક ઘોસાળકરની વિધવા તેજસ્વી ઘોસાળકર આ પદ સંભાળશે?

(એજન્સી) તા.૨૨

મુંબઈ ના આગામી મેયર કોણ બનશે તે અંગે અટકળો ચાલી રહી છે અને સામાન્ય શ્રેણીમાંથી મહિલા મેયર મળશે એવી અપેક્ષા છે. ગુરૂવારે યોજાયેલી લોટરીના આધારે ક્વોટાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના મેયર બનવા માટેના સૌથી આગળના દાવેદારોમાં ભાજપના તેજસ્વી ઘોસાળકરનો સમાવેશ થાય છે. BMC વોર્ડ ૨માંથી જીતનાર તેજસ્વી ઘોસાળકર ભૂતપૂર્વ કોર્પોરેટર અભિષેક ઘોસાળકરની વિધવા છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં ફેસબુક લાઈવ દરમિયાન તેમના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ઘોસાળકરે પહેલી વાર ૨૦૧૭માં વોર્ડ ૧ થી BMC ચૂંટણી જીતી હતી જ્યારે તેણી અવિભાજિત શિવસેનાની ટિકિટ પર લડી હતી. જ્યારે પાર્ટી વિભાજીત થઈ ત્યારે તેણી શિવસેના (UBT)માં રહી. પરંતુ તાજેતરની ચૂંટણીઓ પહેલા, તેણી ૧૫ ડિસેમ્બરે ભાજપમાં જોડાઈ હતી. તેણીએ વોર્ડ ૨થી શિવસેના (UBT)ની ધનશ્રી કોલગે સામે જીત મેળવી હતી. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) એ દાવો કર્યો હતો કે ક્વોટા કવાયતમાં ગેરરીતિ કરવામાં આવી છે અને તેનો ફાયદો ફક્ત ભાજપની આગેવાની હેઠળના મહાયુતિને થશે. શિવસેના (UBT)ના નેતા અને મુંબઈના ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે આરોપ લગાવ્યો હતો કે નિર્ણય પર પહોંચવાના નિયમો કોઈને જાણ કર્યા વિના બદલવામાં આવ્યા હતા. મુંબઈના છેલ્લા બે મેયર સામાન્ય વર્ગના હતા, તેથી નવા મેયર અન્ય પછાત વર્ગ (OBC)ના હોવા જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું, તેમણે ઉમેર્યું હતું કે ST વર્ગને પણ લોટરીમાંથી બાકાત



રાખવામાં આવ્યો હતો. લોટરી પ્રક્રિયા જે રીતે હાથ ધરવામાં આવી હતી તેની અમે નિંદા કરીએ છીએ. આ પ્રક્રિયા પહેલેથી જ નક્કી કરવામાં આવી હતી. આઠ અન્ય નાગરિક સંસ્થાઓમાં સામાન્ય શ્રેણીના મેયર હશે, જેમાં છત્રપતિ સંભાજીનગર, પરભણી, સાંગલી-મીરા-કુપવાડ, અમરાવતી, વસઈ-વિરાર, સોલાપુર, પિંપરી-ચિંચવાડ અને ભિવંડી-નિઝામપુરનો સમાવેશ થાય છે. જલગાંવ, ચંદ્રપુર, અહિલ્યાનગર અને અકોલામાં OBC મહિલા મેયર હશે. પનવેલ, ઈચલકરંજી, કોલ્હાપુર અને ઉલ્હાસનગરમાં OBC મેયર હશે, પરંતુ તે પુરૂષો અથવા મહિલાઓ હોઈ શકે છે. થાણેમાં અનુસૂચિત જાતિના મેયર હશે જ્યારે જાલના અને લાતુરમાં અનુસૂચિત જાતિના મહિલા મેયર હશે. કલ્યાણ-ડોંબિવલી નાગરિક સંસ્થામાં અનુસૂચિત જનજાતિ શ્રેણીના મેયર હશે.

## મુંબઈમાં મહિલા મેયર : ઉદ્ધવ સેનાએ વાંધો ઉઠાવતા લોટરી વચ્ચે વોકઆઉટ કર્યો

### અનામત મુજબ, પુણે, ધુળે, બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC), નાંદેડ, નવી મુંબઈ, માલેગાંવ, મીરા ભાઈંદર, નાસિક અને નાગપુરમાં મેયર પદ મહિલાઓ માટે અનામત રાખવામાં આવ્યા છે

મુંબઈના મેયર પદ પર ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે, ગુરુવારે લોટરી ડ્રોમાં ખુલાસો થયો કે આ પ્રતિષ્ઠિત પદ 'જનરલ વુમન' કેટેગરી માટે અનામત રાખવામાં આવ્યું છે, જેના કારણે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાએ પ્રક્રિયા અને પરિણામ બંને સામે વાંધો ઉઠાવ્યો છે. આરક્ષણ મુજબ, પુણે, ધુળે, બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC), નાંદેડ, નવી મુંબઈ, માલેગાંવ, મીરા ભાઈંદર, નાસિક અને નાગપુરમાં મેયર પદ મહિલાઓ માટે અનામત રાખવામાં આવ્યા છે. આ દરમિયાન, લાતુર, જાલના અને થાણે એમ ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનો અનુસૂચિત જાતિ (SC) માટે અનામત રાખવામાં આવ્યા છે, જેમાંથી લાતુર અને જાલના જીઝ મહિલાઓ માટે અનામત છે, જ્યારે થાણે આ કેટેગરીમાં ખુલ્લું રહે છે. કુલ આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનોને અન્ય પછાત વર્ગો (OBC) શ્રેણી માટે અનામત રાખવામાં આવ્યા છે. આમાંથી, અકોલા, ચંદ્રપુર, અહિલ્યાનગર અને જલગાંવને OBC મહિલાઓ માટે અનામત રાખવામાં આવ્યા છે, જ્યારે પનવેલ, ઈચલકરંજી, કોલ્હાપુર અને ઉલ્હાસનગરને OBC ઉમેદવારો માટે ખુલ્લા રાખવામાં આવ્યા છે. મુંબઈના મેયર પદના અનામત સામે વાંધો ઉઠાવતા, ઉદ્ધવ સેનાના નેતા અને મુંબઈના ભૂતપૂર્વ મેયર કિશોરી પેડનેકરે પ્રશ્ન કર્યો કે BMCને OBC શ્રેણી હેઠળ કેમ સમાવવામાં આવ્યું નથી, અને આ પદ પાછલા બે ટર્મમાં ખુલ્લું રહ્યું હતું. આ વાંધાના જવાબમાં, રાજ્યના એક મંત્રીએ કહ્યું કે ચિંતા નોંધવામાં આવી છે અને તેની તપાસ કરવામાં આવશે. બુધવારે, ઉદ્ધવ સેનાએ ૨૦૧૯થી ૨૦૨૨ સુધી મુંબઈના મેયર તરીકે સેવા આપનારા પેડનેકરને નવા ચૂંટાયેલા BMC જનરલ બોડીમાં પાર્ટીના નેતા તરીકે નિયુક્ત કર્યા હતા. લોટરી પછી પત્રકારો સાથે વાત કરતા, ભૂતપૂર્વ મેયરે કહ્યું, "મુંબઈમાં ઘણા વિસ્તારો છે જ્યાં OBC સમુદાય રહે છે. લોટરીમાં તેમના પ્રતિનિધિઓના નામવાળી કોઈ ચિટ મૂકવામાં આવી નથી.

## યુપીમાં ભાઈઓએ બહેન અને તેના મુસ્લિમ પ્રેમીની હત્યા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ઉત્તર પ્રદેશના મુરાદાબાદના જંગલમાં એક આંતરધાર્મિક યુગલ મૃત હાલતમાં મળી આવ્યું હતું, પોલીસે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, તેના ભાઈઓએ અનાદર હત્યાના કેસમાં તેમની હત્યાનું કાવતરૂં ઘડ્યું હતું.

મહિલાની ઓળખ કાજલ ૧૯ વર્ષીય અને પુરૂષ અરમાન ૨૭ વર્ષીય તરીકે થઈ છે. બંને મુરાદાબાદના ઉમરી સબઝીપુર ગામના રહેવાસી હતા, કાજલ એક વિદ્યાર્થી હતી. કાજલના ત્રણ ભાઈઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે અને બેની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, કાજલ અને અરમાન ત્રણ દિવસ પહેલા પોતપોતાના ઘરેથી ગુમ થયા હતા. જ્યારે બંને પાછા ન ફર્યા, ત્યારે તેમના પરિવારોએ ગુમ વ્યક્તિની ફરિયાદ નોંધાવી. વરિષ્ઠ પોલીસ અધિકારી સતપાલ એન્ટિલે જણાવ્યું હતું કે, પુરૂષના પરિવારે બુધવારે રિપોર્ટ નોંધાવ્યો હતો અને મહિલા તરફથી આજે સવારે ફરિયાદ નોંધાઈ હતી. થોડા કલાકો પછી બંનેના મૃતદેહ જંગલમાંથી મળી આવ્યા હતા. બંને પરિવારો તરફથી



ગુમ થયેલા વ્યક્તિઓના રિપોર્ટ બાદ અમે તપાસ શરૂ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે, મહિલાના ભાઈઓએ બંનેની હત્યા કરી હતી. બે ભાઈઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમના નિર્દેશ મુજબ, ગામથી થોડા મીટર દૂર આવેલા મંદિરની પાછળના જંગલમાં દંપતીના મૃતદેહ મળી આવ્યા હતા, એમ એન્ટિલે ઉમેર્યું. તેમણે કહ્યું કે, બંનેના મૃતદેહ મેજિસ્ટ્રેટની હાજરીમાં મળી આવ્યા હતા અને પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે.

## APCRએ ઉત્તરાખંડમાં મુસ્લિમોને આયોજિત રીતે લક્ષ્યાંકિત કરવા અને વિસ્થાપિત કરવા અંગે ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

અગ્રણી નાગરિક સ્વતંત્રતા સંગઠન, એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ (APCR)એ બુધવારે એક વિગતવાર અહેવાલ બહાર પાડ્યો જેમાં ભાજપ શાસિત ઉત્તરાખંડમાં મુસ્લિમ સમુદાયો વિરૂદ્ધ કરવામાં આવતી હિંસા, વિસ્થાપન અને બાકાતની વધતી જતી અને ચિંતાજનક પેટર્ન તરીકે વર્ણન કરવામાં આવ્યું છે.

"બાકાત, લક્ષ્યાંકિત અને વિસ્થાપિત : ઉત્તરાખંડમાં સાંપ્રદાયિક વાર્તાઓ અને હિંસા" શીર્ષક ધરાવતા ૫૬ પાનાના અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે આ પહાડી રાજ્યમાં નફરતથી ચાલતી રાજનીતિ ગંભીર માનવ અધિકાર ઉલ્લંઘનો અને બંધારણીય રક્ષણો નષ્ટ થઈ રહ્યા છે.

આ અહેવાલ પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે એક પત્રકાર પરિષદમાં રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં કાનૂની નિષ્ણાતો, પત્રકારો, ભૂતપૂર્વ અમલદારો અને માનવ અધિકાર કાર્યકરો હાજર રહ્યા હતા. મીડિયાને સંબોધનારાઓમાં દિલ્હીના પૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર નજીબ જંગ; વરિષ્ઠ વકીલ અને અધિકાર રક્ષક પ્રશાંત ભૂષણ; કાર્યકર્તા અને પૂર્વ IAS અધિકારી હર્ષ મંડેર; વરિષ્ઠ પત્રકાર સબા નકવી; ઉત્તરાખંડના પૂર્વ મંત્રી યાકુબ સિદ્દીકી; પત્રકારો અને સંશોધકો કૌશિક રાજ, સૃષ્ટિ જસ્વાલ અને શાદાબ આલમ; અને કાર્યકર્તાઓ ખુર્શીદ અહેમદ, લતાફત હુસૈન અને ફવાઝશાહીનનો સમાવેશ થાય છે.

માનવ અધિકાર કાર્યકર્તા હર્ષ મંડેર ઉત્તરાખંડમાં શાસનના વર્તમાન મોડેલને 'બંધારણ વિરોધી' ગણાવ્યું. તેમણે રાજ્યને 'દેવભૂમિ' તરીકે રજૂ કરવા સામે ચેતવણી આપી જ્યાં બિન-હિન્દુઓ ગર્ભિત અથવા સ્પષ્ટ રીતે અનિચ્છનીય છે. તેમણે કહ્યું કે, આ બંધારણ સાથે અસંગત છે, તેનો પ્રતિકાર કરવો અને બંધારણીય નૈતિકતાને પુનઃસ્થાપિત કરવી એ દરેક ભારતીયની જવાબદારી છે.

દિલ્હીના પૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર નજીબ જંગે મુસ્લિમ વસાહતો અને વ્યવસાયો સામે તોડી પાડવા અને લક્ષિત કાર્યવાહી પાછળના હેતુ પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, 'શું આ ખરેખર કાયદો અને વ્યવસ્થા વિશે છે, કે પછી વંશીય વિવાદ વિશે છે ? જંગે મહિલાઓ, બાળકો અને વૃદ્ધોનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, અને યુવાનોને સરકાર અને પોલીસને જવાબદાર ઠેરવવા વિનંતી કરી. તેમણે ચેતવણી આપી કે બેરોજગારી અને અવિરત પ્રચાર યુવાનોને નફરત અને હિંસા તરફ ધકેલી રહ્યા છે.

વરિષ્ઠ પત્રકાર સબા નકવીએ કહ્યું કે, 'શું દરેક વ્યક્તિ એક ધર્મસંસદ દ્વારા કટ્ટરપંથી બન્યો હતો ?. શિક્ષણ અને સંવાદની ભૂમિકા પર ભાર મૂકતા, તેમણે નોંધ્યું કે ઘણા લોકો હવે ફક્ત કામ કરવા, ઘર ભાડે લેવા અથવા શાંતિથી અભ્યાસ કરવા માટે પોતાની ઓળખ છુપાવે છે.

APCRની તથ્ય-શોધ મુલાકાતો અને ગ્રાઉન્ડ-લેવલ દસ્તાવેજોના તારણો રજૂ કરતા, પત્રકાર કૌશિક રાજે ડિસેમ્બર ૨૦૨૧માં હરિદ્વારમાં યોજાયેલી ધર્મસંસદમાં હિંસા અને ધાકધમકીમાં થયેલા તાજેતરના વધારા અંગે કહ્યું કે, ઘણા જિલ્લાઓમાં મુસ્લિમ રહેવાસીઓના ધમકીઓ, આર્થિક બહિષ્કાર અને લક્ષિત ઉત્પીડનમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજે કહ્યું કે ઘણા અસરગ્રસ્ત પરિવારો ૨૦૦૦માં ઉત્તરાખંડ અલગ રાજ્ય બન્યા તે પહેલાં, પાંચ કે છ દાયકાથી વધુ સમયથી આ પ્રદેશમાં રહે છે. આ લોકો બહારના નથી, આ નાના વેપારીઓ, કામદારો અને સેવા પ્રદાતાઓ તરીકે તેમનું યોગદાન સ્થાનિક અર્થતંત્રનો અભિન્ન ભાગ છે.

પત્રકાર સૃષ્ટિ જસ્વાલે જણાવ્યું હતું કે હિંસા અને ધાકધમકી હવે ફક્ત અમુક વિસ્તારો સુધી મર્યાદિત નથી રહી. ઉત્તરકાશીમાં જે શરૂ થયું તે હવે ચમોલી અને અન્ય જિલ્લાઓમાં ફેલાઈ ગયું છે. સાચા નાગરિકો સામાજિક બહિષ્કાર, શારીરિક હિંસા અને આર્થિક વિનાશનો સામનો કરી રહ્યા છે. એક હિન્દુ અને ભારતીય તરીકે, મને શરમ આવે છે કે આ થઈ રહ્યું છે.

ઉત્તરાખંડના રહેવાસી શાદાબ આલમે રાજ્ય સરકારની પ્રાથમિકતાઓની ટીકા કરતા દલીલ કરી હતી કે ધાર્મિક ધ્રુવીકરણે શાસનનું સ્થાન લીધું છે. બેરોજગારી, સ્થળાંતર અને વિકાસનો અભાવ એ ઉત્તરાખંડના વાસ્તવિક મુદ્દાઓ છે, આનો ઉકેલ લાવવાને બદલે, સરકારે મુસ્લિમો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું છે. ખુર્શીદ અહેમદે મુસ્લિમ પરિવારોમાં વધતી જતી અસલામતીની ભાવના વિશે વાત કરતા કહ્યું કે, લોકો તેમના નામ જાહેર કરવામાં ડરે છે, તેમની દુકાનો ચલાવવાથી ડરે છે, જાહેર સ્થળોએ રહેવાથી ડરે છે.

વર્તમાન કટોકટીને ઐતિહાસિક સંદર્ભમાં રજૂ કરતાં, ઉત્તરાખંડ આંદોલનના લતાફત હુસૈને શ્રોતાઓને યાદ અપાવ્યું કે રાજ્યની રચના બધા સમુદાયોના સામૂહિક બલિદાન દ્વારા થઈ હતી. તેમણે દલીલ કરી હતી કે અપૂરતી આરોગ્યસંભાળ, રોજગારીની તકોનો અભાવ અને પહાડીઓમાંથી મોટા પાયે સ્થળાંતર જેવા મુદ્દાઓ પરથી લોકોના ગુસ્સાને દૂર કરવા માટે નફરત અભિયાનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઉત્તરાખંડ એક સમયે તેના સામાજિક સંવાદિતા અને સહિયારા સંઘર્ષ માટે જાણીતું હતું.

ઉત્તરાખંડના પૂર્વ મંત્રી યાકુબ સિદ્દીકીએ ૨૦૧૯માં ખોટા આરોપો પર વોરંટ વિના તેમની ધરપકડનો ઉલ્લેખ કર્યો. તેમણે પૂછ્યું કે, 'લોકોને રોકવા અને તેમના નામ પૂછવાનો અધિકાર તેમને કોણે આપ્યો છે ?

આ કોન્ફરન્સના સમાપન દરમિયાન, વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે આરોપ લગાવ્યો કે ઉત્તરાખંડમાં હિંસા રાજકીય સંગઠનો દ્વારા રાજ્ય મશીનરી, મીડિયાના કેટલાક ભાગો અને તપાસ એજન્સીઓના સમર્થનથી આયોજિત કરવામાં આવી રહી છે. તેમણે દરેક જિલ્લામાં સાંપ્રદાયિક શાંતિ સમિતિઓની રચના કરવાની હાકલ કરી અને નાગરિકોને સંગઠિત નફરત અને ખોટી માહિતીનો સામનો કરવા માટે 'સ્વયંસેવક સત્ય સેના' બનાવવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે ન્યાયતંત્ર, મોટાભાગે, અસરગ્રસ્ત સમુદાયોના અધિકારોનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયું છે.

APCR રિપોર્ટના તારણ કહે છે કે ઉત્તરાખંડમાં ઘણા મુસ્લિમો માટે ભય, ધાકધમકી અને વિસ્થાપન નિયમિત બની ગયું છે, અને બંધારણીય સુરક્ષાને વધુને વધુ અવગણવામાં આવી રહી છે. આ કોન્ફરન્સના અંતમાં ભારતના બંધારણ દ્વારા ગેરંટી આપવામાં આવેલા સમાનતા, ગૌરવ અને અધિકાર મૂલ્યોનું રક્ષણ કરવા માટે સામૂહિક આહ્વાન કરવામાં આવ્યું હતું.

## દક્ષિણ કોરિયાની એક મહિલા મુસાફરની જાતીય સતામણી કરવાના આરોપસર બેંગ્લોર એરપોર્ટ પરના એક કર્મચારીની ધરપકડ

### મહિલાની બેગમાંથી શંકાસ્પદ વસ્તુના સંકેત મશીન બતાવી રહ્યાનું કહીને એ કર્મચારી દક્ષિણ કોરિયાની મહિલા મુસાફરને પુરૂષોના રેસ્ટ રૂમમાં લઈ ગયો અને અભદ્ર વર્તન કરતા મહિલાએ તુરંત જ સિક્યુરિટી સ્ટાફમાં ફરિયાદ નોંધાવી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૨

બેંગ્લુરૂના કેમ્પેગાવડા ઈન્ટરનેશનલ એરપોર્ટના એક કર્મચારીની પોલીસે દક્ષિણ કોરિયાની મહિલા મુસાફરની જાતીય સતામણી કરવાના આરોપસર ધરપકડ કરી હતી. સામાનમાં શંકાસ્પદ હોવાનું કહીને મહિલાને અલગ લઈ જઈ સામાનની ચકાસણી કરવાને બદલે તેના શરીરને ખોટી રીતે સ્પર્શ કરી જાતીય સતામણી કરી હોવાની મહિલાએ તુરંત જ સિક્યુરિટીમાં ફરિયાદ નોંધાવતા આ કર્મચારીની ધરપકડ કરી લેવામાં આવી હતી. દક્ષિણ કોરિયાની આ મહિલા પોતાના દેશ જવા માટે એરપોર્ટ આવી હતી અને ટિકિટની ચકાસણી થઈ રહી હતી ત્યારે સ્ટાફના એક કર્મચારીએ મહિલાને કહ્યું હતું કે તમારી બેગમાંથી શંકાસ્પદ વસ્તુ હોવાના સંકેત આપતા અવાજ મશીનને મળી રહ્યા છે એટલે અલગ રીતે ચેકિંગ કરવું પડશે.




એવું કહી દે તે પુરૂષોના રેસ્ટ રૂમમાં મહિલા ઉતારૂંને લઈ ગયો હતો અને તેની છેડતી કરવા લાગ્યો હતો અને તેને ભેટવાની કોશિશ કરી હતી. મહિલાએ વિરોધ કરતા ઓકે થેંક્યુ કહીને એ સતામણી કરીને ચાલ્યો ગયો હતો. મહિલાએ તરત જ સિક્યુરિટી સ્ટાફમાં જાણ કરી હતી અને કર્મચારીની ધરપકડ કરી લેવામાં આવી હતી અને તેને એરપોર્ટ પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો.

# JEE મેન્સ ૨૦૨૬નું પેપર લીક થયું નથી; NTAએ દાવાને નકારી કાઢ્યો

### NTAએ સોશિયલ મીડિયા પર JEE મેન્સ ૨૦૨૬ સત્ર ૧ પેપર લીકના દાવાઓને ખોટા ગણાવ્યા છે, આ રહ્યું સત્તાવાર નિવેદન

(એજન્સી) તા.૨૨

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન, JEE મેન્સ સત્ર ૧ પેપર લીકના દાવાઓને નકારી કાઢ્યા છે. NTAએ ઉમેદવારોને 'X' સહિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઓનલાઈન ફરતા JEE મેન્સ પેપર લીકના ખોટા દાવાઓ સામે ચેતવણી આપી છે. આ સત્ર ૧ પરીક્ષા શરૂ થવાના દિવસે આવે છે. JEE મેન્સ ૨૦૨૬ સત્ર ૧ની પરીક્ષાઓ ૨૧થી ૨૯ જાન્યુઆરી દરમિયાન સુનિશ્ચિત થયેલ છે અને દરરોજ બે શિફ્ટમાં લેવામાં આવી રહી છે. ૨૧ જાન્યુઆરીએ, પ્રથમ શિફ્ટ સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી હતી, ત્યારબાદ બીજી શિફ્ટ બપોરે ૩ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી હતી.

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે, "આવા દાવાઓ કપટભર્યા છે અને વિદ્યાર્થીઓને છેતરવાનો હેતુ ધરાવે છે; તેઓ ઘણીવાર પૈસા અથવા વ્યક્તિગત માહિતીની માંગ કરે છે. આ કૌભાંડોમાં સામેલ થવાથી નાણાકીય નુકસાન અને ખોટી માહિતી મળી શકે છે".

નોટિસમાં જણાવાયું છે કે, 'આવી છેતરપિંડી યોજનાઓનો ભોગ ન બને તે માટે, NTAએ વિદ્યાર્થીઓને ફક્ત NTAની સત્તાવાર વેબસાઈટ્સ અને વિશ્વસનીય માહિતી માટે જાહેરાતો પર આધાર રાખવાની સલાહ આપવામાં આવે છે'.

**NTA દ્વારા વિદ્યાર્થીઓ માટે સલાહ જારી**

- આવા દાવા ખોટા, કપટપૂર્ણ અને વિદ્યાર્થીઓને છેતરવાનો હેતુ ધરાવે છે
- આ જાહેરાતો ઘણીવાર ચુકવણી અથવા વ્યક્તિગત ડેટાની માંગ કરે છે
- તેમની સાથે જોડાવાથી નાણાકીય નુકસાન અને ખોટી માહિતી મળી શકે છે
- વિદ્યાર્થીઓને અધિકૃત માહિતી માટે ફક્ત NTAની સત્તાવાર વેબસાઈટ્સ અને સૂચનાઓ પર આધાર રાખવાની સલાહ આપવામાં આવે છે.

JEE મુખ્ય દિવસ ૧ સત્ર ૧ વિશ્લેષણ : ગણિત સૌથી મુશ્કેલ

ભૌતિકશાસ્ત્ર વિભાગ મધ્યમ મુશ્કેલીનો હતો, જેમાં મોટાભાગના પ્રશ્નો આધુનિક ભૌતિકશાસ્ત્ર અને વેવ મોશનમાંથી લેવામાં આવ્યા હતા. ધ્યાન મુશ્કેલ સમસ્યા-નિરાકરણ કરતાં વૈચારિક સમજણ અને માનક એપ્લિકેશનો પર હતું. રસાયણશાસ્ત્ર સરળ અને ઉચ્ચ સ્કોરિંગ ધરાવતું હતું, જેમાં ભૌતિક રસાયણશાસ્ત્રનું પ્રભુત્વ હતું જેમાં ચાર પ્રશ્નો હતા અને એક ઓર્ગેનિક રસાયણશાસ્ત્રનો હતો. મોટાભાગના પ્રશ્નો સીધા અને મોટાભાગે ફોર્મ્યુલા-આધારિત હતા, જે તેમને સારી રીતે તૈયાર વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થાપિત બનાવતા હતા. ગણિત પેપરનો સૌથી મુશ્કેલ વિભાગ બન્યો. પ્રશ્નો મુખ્યત્વે વેક્ટર અને 3D ભૂમિતિમાંથી પૂછવામાં આવ્યા હતા અને મજબૂત અવકાશી વિઝ્યુલાઈઝેશન કુશળતાની જરૂર હતી. ઘણી સમસ્યાઓમાં લાંબી ગણતરીઓ શામેલ હતી, જેના કારણે ઉમેદવારો માટે સમય વ્યવસ્થાપન એક મુખ્ય પડકાર બની ગયું હતું.

**બાકીની પરીક્ષાઓ માટે પ્રવેશ કાર્ડ ટૂંક સમયમાં**

NTA ટૂંક સમયમાં ૨૮ જાન્યુઆરી અને ૨૯ જાન્યુઆરીની પરીક્ષાઓ માટે હોલ ટિકિટ બહાર પાડશે. આમાંથી કોઈપણ તારીખે બેસવાના ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમના નોંધણી નંબર અને પાસવર્ડ/જન્મ તારીખ સાથે તૈયાર રહે અને તે તપાસે અને ડાઉનલોડ કરે. તેમણે જાણવું જોઈએ કે હોલ ટિકિટનું પ્રિન્ટઆઉટ અને માન્ય ID પ્રૂફ પરીક્ષા હોલમાં લઈ જવું ફરજિયાત છે. જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જાય, તો તેમને પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વધુ વિગતો માટે કોઈ પણ વ્યક્તિ સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

# પશ્ચિમ બંગાળમાં હયાત મતદારોના નામો કાઢી નાખવાનો પ્રયાસ કરવાના આરોપસર ભાજપના એક સ્થાનિક નેતાની ધરપકડ

## SIR કવાયતનો ઉપયોગ કરીને કેવી રીતે ખરેખર આ સાચા મતદારોના નામો કાઢવામાં આવી રહ્યા છે તેવા TMCના દાવાને સમર્થન આપતી વધુ એક ચોંકાવી દેનારી ગેરરીતિની ઘટના

(એજન્સી) કોલકાતા, તા.૨૨

પશ્ચિમ બંગાળમાં એસઆઈઆરનો દુરૂપયોગ કરીને કેવી રીતે ખરેખર આ સાચા મતદારોના નામો કાઢવામાં આવી રહ્યા છે એવા રાજ્યના શાસક પક્ષ TMC દ્વારા કરવામાં આવેલા દાવાને સમર્થન આપતી વધુ એક ઘટના બહાર આવી છે. ફોર્મ નંબર સાતમાં ઘાલમેલ કરીને ૩૪૩ જેટલા હયાત મતદારોના નામો



હેઠળ આ ખૂબ જ ઊંડું અને વ્યાપક કાવતરૂં કરવામાં આવી રહ્યું છે. જીવતા અને હયાત મતદારોને મૃતક ગણાવી દેવાનું કાવતરૂં થઈ રહ્યું છે અને એ લક્ષ્ય નક્કી કરીને તેની દિશામાં કામ કરવામાં આવ્યું છે. એક બીએલઓને અને એમના આખા પરિવારને પણ છોડવામાં આવ્યા નથી જે દર્શાવે છે કે કાવતરૂં બહુ વ્યાપક અને મોટું છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા વિરોધ પક્ષના

### ફોર્મ નંબર સાતમાં ઘાલમેલ કરીને મતદારોના નામો ઉડાવી દેવા માટેનો હીણપતભર્યો પ્રયાસ કર્યો હતો તેના કારણે તમલુક પંચાયતના ભાજપના એક સભ્ય સામે FIR દાખલ કરવામાં આવી છે અને અદાલતે સાત દિવસના પોલીસ રિમાન્ડ પર આરોપીને સોંપવાનો હુકમ કર્યો છે

યાદીમાંથી કાઢી નાખવાનો પ્રયાસ કરવા બદલ તમલુક પંચાયતના ભાજપના એક સભ્યની પોલીસે ધરપકડ કરી લીધી હતી અને એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. અદાલતે ભાજપના સ્થાનિક નેતાને સાત દિવસની પોલીસ રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો હતો. આથી ભારે ખળભળાટ મચી ગયો છે અને એસઆઈઆરના નામે કેવી રીતે સાચા અને હયાત મતદારોના નામો ઉડાવી દેવામાં આવી રહ્યા છે તેનો એક વધુ પુરાવો બહાર આવતા ખૂબ જ ચર્ચા જાગી છે. આ ઘટના અંગે પોલીસ પાસેથી મળેલી વિગતો મુજબ તમલુક પંચાયતના ભાજપના સભ્ય અને સ્થાનિક નેતા અમિત મંડલે ફોર્મ નંબર સાતમાં સાવ ખોટી રીતે ૩૪૩ જેટલા હયાત મતદારોના નામો કાઢી નાખવાની કોશિશ કરી હતી અને તેમના નામો ઉડાડીને ફોર્મ રજૂ કર્યું હતું અને એ હકીકત બહાર આવતા જ પોલીસ ફરિયાદ થઈ હતી. પોલીસે ધરપકડ કરી લીધી છે અને અમિત મંડલ સામે FIR દાખલ કરી દીધી છે. જાણવા મળ્યા મુજબ તમલુક પંચાયતના પદુમાસન વિસ્તારમાં બુથ નંબર ૨૪૨ પર આ ગરબડી થઈ હોવાનું બહાર આવ્યું હતું જ્યાં આરોપી અમિત મંડલે ફોર્મ નંબર ૭ની અરજીઓ દાખલ કરી હતી અને એક બીએલઓ અને એમના પરિવારના સભ્યો સહિત ૩૪૩ સાજા નરવા અને હયાત મતદારોને તેણે મૃત દર્શાવી દીધા હતા. BLO અશફાક અલી બેગ જણાવે છે કે મારા આખા પરિવારની સામે ફોર્મ નંબર ૭ રજૂ કરી દેવામાં આવ્યું એ જોઈને હું તો એકદમ ચોંકી ગયો હતો અને સ્તબ્ધ બની ગયો હતો. મારા માતુશ્રી જેમને પ્રતિષ્ઠિત શિક્ષા રત્ન એવોર્ડ મળ્યો છે એવા મારા માતાજી અંજુમન લૈલાનું નામ પણ મૃતક મતદાર તરીકે અથવા તો વાંચી શકાતું નથી એવી રીતે ફોર્મ નંબર સાતમાં દર્શાવી દીધું હતું એટલે મેં પોલીસ સ્ટેશનમાં જઈને મારી અને અન્ય મતદારોની સલામતી અને સુરક્ષા ખાતર એફઆઈઆર દાખલ કરાવી હતી. પોલીસે તપાસ શરૂ કરી અને અમિત મંડલની ધરપકડ કરી હતી અને એ જાણવાની કોશિશ કરી રહી છે કે ૧૨ કિલોમીટર દૂર રહેતા અમિત મંડલને આટલા બધા મતદારોના નામો કેવી રીતે મળ્યા એટલે આ પદ્ધતિ સરના કૌભાંડ પાછળ કોણ કોણ છે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. ટીએમસીનું પ્રતિનિધિત્વ કરતા ધારાશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે રાજ્યભરમાં એસઆઈઆરના બહાના નેતા સુવેંદુ અધિકારીએ વળી એવો દાવો કર્યો છે કે એક નિર્દોષ નાગરિક અને એક પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિ સામે માત્ર ફોર્મ નંબર ૭ ભરવા જેવી સામાન્ય બાબતમાં ફરિયાદ દાખલ કરવામાં આવે એવું પશ્ચિમ બંગાળની પોલીસ કઈ રીતે કરી શકે? આ ફોર્મ ભરવું એ એસઆઈઆરની કવાયતનો સંપૂર્ણપણે અવિભાજ્ય અને કાનૂની હિસ્સો છે અને આ કવાયતનો જ એક ભાગ છે. આવી રીતે પંચાયત સભ્ય સામે કાર્યવાહી કરી ધરપકડ કરવામાં આવી એ તો લોકશાહી ઉપરનું આક્રમણ છે અને ચૂંટણી પંચની સત્તાનો ઉપહાસ કરવા જેવું છે. રાષ્ટ્રદ્રોહના ગુના જેવી કડક અને રાક્ષસી કલમો લગાડવામાં આવી છે જે રાજકીય કિન્નાખોરીનો પુરાવો છે. જ્યારે TMCના પ્રવક્તા કુણાલ ઘોષ જણાવે છે કે ફોર્મ નંબર ૭ ભાજપ માટેનો આખરી ઉપાય છે અને છેલ્લો આશરો છે. એટલે જ ખરેખરા સાચા મતદારોના નામો કાઢી નાખવા માટે આ ફોર્મનો હથિયાર બનાવીને ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પરાજય થવાનો છે એનો ખ્યાલ આવી ગયો હોવાથી ભાજપ TMCને મત આપતા હોય એવા મતદારોના નામો ઉડાવી દેવા માટેની કોશિશો કરી રહ્યો છે.

### ભૂલ નથી પરંતુ મતદાર યાદીમાં ગોટાળા કરવાનું પદ્ધતિસરનું કાવતરૂં છે : અભિષેક બેનરજીનો આક્રોશ

કોલકાતા : ટીએમસીના અગ્રણી અને સાંસદ અભિષેક બેનરજીએ સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ મૂકીને ફોર્મ નંબર સાતમાં ઘાલમેલ કરવાની કોશિશની સખત ટીકા કરી હતી અને કહ્યું હતું કે આ પ્રકારે સાચા મતદારોના નામો કાઢી નાખવાનું કૌભાંડ ચાલી રહ્યું છે એ દેખાઈ આવે છે. તેમણે દર્શાવ્યું હતું કે ભાજપનો એક પંચાયતનો સભ્ય ૩૪૩ મતદારોને મૃતક ગણાવીને ફોર્મ નંબર સાત રજૂ કરે છે અને આવા હયાત મતદારોને તેમાં મૃતક ગણાવી દેવામાં આવ્યા છે. એ તમામ નાનો નામોમાં એક શિક્ષા રત્ન એવોર્ડ વિજેતા મહિલા મતદાર અને એમના પરિવારનું પણ નામ છે જે મહિલા ખુદ બીએલઓના માતૃશ્રી છે અને એ બીલો ના આખા પરિવારને મૃતક ગણાવી દેવામાં આવ્યો છે. અભિષેક બેનરજીએ સ્પષ્ટ કહ્યું હતું કે આ ભૂલ નથી કે અકસ્માતે થયેલી ક્ષતિ નથી પરંતુ મતદારોના નામો ને ઉડાવી દેવા માટેનું પદ્ધતિસરનું કાવતરૂં છે. અહીં મહત્ત્વનો સવાલ એ છે કે આ જે બુથ છે તેનાથી 12 km દૂર રહેતા એક વ્યક્તિને કઈ રીતે સેકડો મતદારોનો ડેટા મળી ગયો ? આ કાવતરામાં કોણ કોણ બીજું સંડોવાયેલું છે ? એટલે જ અમે કહીએ છીએ એ મુજબ એસઆઈઆર શા માટે લોકશાહી માટે ભયજનક છે એ સમજવા જેવું છે કેમકે સામૂહિક રીતે મતદારો જે સાચા છે એમના નામો ઉડાવી દેવામાં આવી રહ્યા છે અને ફોર્મ નંબર સાતનો એ માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

# ‘દમનકારી શાસન, VB-G RAMG કામદારોના અધિકારોને નષ્ટ કરી રહ્યા છે’ : કર્ણાટકના રાજ્યપાલે જે ભાષણ વાંચવાનો ઈનકાર કર્યો હતો તેમાં શું છે ?

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૨

પહેલા તમિલનાડુમાં આવું બન્યું હતું, પછી કેરળ અને હવે, કર્ણાટકમાં પણ આ બન્યું છે, આ રાજ્યોના રાજ્યપાલો કેન્દ્રના વિપક્ષ શાસિત રાજ્યો સાથે સંઘર્ષમાં ઉતર્યા છે. કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ ભાષણ વાંચવાનો ઈનકાર કર્યો હતો જેમાં સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન યુગની મુખ્ય ગ્રામીણ રોજગાર યોજનાને રદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયની ટીકા કરવામાં આવી હતી, જેનાથી કોંગ્રેસ સરકાર અને લોકભવન વચ્ચે તણાવ વધ્યો હતો. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA)ને રદ કરવા અને તેને વિકસિત ભારત-ગેરંટી ફોર રોજગાર એન્ડ અજીવિકા મિશન (ગ્રામીણ) બિલ, ૨૦૨૫, અથવા VB-G RAMG બિલ સાથે બદલવાના કેન્દ્રના નિર્ણયની પ્રતિકૂળ અસરની ચર્ચા કરવા માટે બોલાવવામાં આવેલા ખાસ સંયુક્ત સત્રને સવારે ૧૧ વાગ્યે સંબોધિત કરવાના તેમના નિર્ધારિત સંબોધન પહેલાં રાજ્યપાલ વિધાનસભા પહોંચ્યા હતા. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, વિધાનસભા અધ્યક્ષ યુ.ટી. ખાદર, કાઉન્સિલ ચેરમેન બસવરાજ હોરાટ્ટી અને અન્ય લોકો દ્વારા સ્વાગત કર્યા પછી, ગેહલોત સ્પીકરના પોડિયમ પર ગયા અને ટૂંકું ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, હું રાજ્ય વિધાનસભાના સંયુક્ત સત્રમાં બધાનું સ્વાગત કરૂં છું. રાજ્ય વિધાનસભાના બીજા સંયુક્ત સત્રને સંબોધવાનો મને ખૂબ આનંદ થાય છે. મારી સરકાર આર્થિક, સામાજિક અને બૌદ્ધિક પ્રગતિને બમણી કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે,’ ગેહલોતે ‘જય હિંદ અને જય કર્ણાટક’ સાથે પોતાનું ભાષણ પૂર્ણ કર્યું. તે પછી કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા તેમના કાર્યોનો વિરોધ કરવામાં આવતા નારાઓ વચ્ચે તેઓ વોકઆઉટ કરી ગયા. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ધારાસભ્યોએ ‘ભારત માતા કી જય’ના નારા લગાવીને વળતો પ્રહાર કર્યો હતો. કોંગ્રેસના ઘણા નેતાઓએ ગેહલોતને રોકવાનો અને તેમનું ભાષણ પૂર્ણ કરવા કહેવાનો પ્રયાસ કર્યો ત્યારે ભારે




નાટક થયું હતું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા બી.કે. હરિપ્રસાદે રાજ્યપાલની સુરક્ષામાંથી પસાર થઈને તેમને સંપૂર્ણ ભાષણ વાંચવા માટે સમજાવ્યા હતા. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ગુરૂવારે પત્રકારોને જણાવ્યું કે, આજે, કેબિનેટ દ્વારા તૈયાર કરાયેલ ભાષણ બોલવાને બદલે, ગેહલોતે પોતે તૈયાર કરેલું ભાષણ આપ્યું. તે ભારતીય બંધારણની જોગવાઈઓ વિરૂદ્ધ છે. રાજ્યપાલે બંધારણનું ઉલ્લંઘન કર્યું છે, લોકપ્રતિનિધિઓના ગૃહનું અપમાન કર્યું છે, અને કેન્દ્ર સરકારની કઠપૂતળી જેવું વર્તન કર્યું છે. સિદ્ધારમૈયાએ કહ્યું કે, રાજ્યપાલે આ નવા કાયદાને ન્યાયી ઠેરવવાનું પસંદ કર્યું છે અને એવું વર્તન કર્યું છે કે જાણે તેમની પાસે સ્વતંત્રતાનો અભાવ હોય, કેન્દ્ર સરકારની સ્થિતિ સાથે પોતાને જોડતા હોય. તમિલનાડુમાં, રાજ્યપાલ આર.એન. રવિ મંગળવારે તેમનું પરંપરાગત ભાષણ વાંચ્યા વિના વિધાનસભામાંથી બહાર નીકળી ગયા. કેરળના રાજ્યપાલ રાજેન્દ્રવિશ્વનાથ આર્લેકરે આ અઠવાડિયાની શરૂઆતમાં પિનરાયી વિજયનની આગેવાની હેઠળની સરકાર દ્વારા મંજૂર કરાયેલ ભાષણના કેટલાક ભાગોને છોડી દીધા હતા. કર્ણાટકમાં, બુધવારે બપોરે આ વિવાદ શરૂ થયો જ્યારે લોકભવને મુખ્ય સચિવને કેબિનેટ દ્વારા તૈયાર કરાયેલ ભાષણ વાંચવા અંગે રાજ્યપાલના “આરક્ષણો”ની જાણ કરી હતી.

# ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો સંબંધિત કેસમાં સજ્જન કુમારનો નિર્દોષ છૂટકારો તેઓ આ રમખાણોના બીજા કેસમાં સજા થઈ હોવાને લીધે જેલમાં જ રહેશે

(એજન્સી) તા.૨૨

દિલ્હીની એક કોર્ટે ગુરૂવારે કોંગ્રેસના પૂર્વ સાંસદ સજ્જન કુમારને ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો દરમિયાન હિંસા ભડકાવવાના કથિત કેસમાં નિર્દોષ છોડી દીધા છે અને આ નિર્ણય દાયકાઓ જૂના કેસોમાં પીડિતો અને ન્યાય મેળવવા માંગતા પરિવારો માટે આઘાત તરીકે જોવામાં આવે છે. સ્પેશિયલ જજ ડીઆઈજી વિનય સિંહે પશ્ચિમ દિલ્હીના જનકપુરી અને વિકાસપુરી વિસ્તારોમાં રમખાણો અને સાંપ્રદાયિક હિંસા સાથે જોડાયેલા આરોપોમાંથી કુમારને મુક્ત કરતો સંક્ષિપ્ત મૌખિક આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે, વિગતવાર તર્કસંગત ચુકાદો પછીથી જારી કરવામાં આવશે.



### તેઓ આ કેસમાં નિર્દોષ છૂટ્યા હોવા છતાં સજ્જન કુમાર જેલમાં જ રહેશે; તેઓ ગયા વર્ષે ૨૫ ફેબ્રુઆરીએ ૧૯૮૪ના રમખાણોના એક અલગ કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલી આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે

આદેશની નકલની રાહ જોવાઈ રહી છે.

નવેમ્બર ૧૯૮૪માં પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા પછી થયેલી હિંસા દરમિયાન કુમારે ટોળાને ઉશ્કેર્યા હોવાના આરોપો સાથે આ કેસ સંબંધિત હતો. સરકારી વકીલોએ દાવો કર્યો હતો કે તેમની ભૂમિકાને કારણે પશ્ચિમ દિલ્હીના કેટલાક ભાગોમાં શીખ સમુદાયના સભ્યો પર લક્ષિત હુમલા થયા હતા. ઓગસ્ટ ૨૦૨૩માં ટ્રાયલ કોર્ટે કુમાર વિરૂદ્ધ રમખાણો અને સમુદાયો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાના આરોપો ઘડ્યા હતા. તેમને તે જ કાર્યવાહીમાં હત્યા અને ગુનાહિત કાવતરાના ગંભીર આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૧૫માં એક ખાસ તપાસ ટીમ દ્વારા નોંધાયેલા બે પ્રથમ માહિતી અહેવાલોમાંથી આ ફરિયાદ થઈ હતી. એક એફઆઈઆર ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ જનકપુરીમાં સોહન સિંહ અને તેમના જમાઈ અવતાર સિંહની હત્યા સંબંધિત હતી. બીજી એફઆઈઆર ગુરચરણ સિંહના મૃત્યુ સંબંધિત હતી, જેમને વિકાસપુરીમાં કથિત રીતે આગ લગાવી દેવામાં આવી હતી.

# ‘મારા પિતાને નજર સમક્ષ સળગતા જોયા હતા, ન્યાયની રાહ જોઈ રહ્યા હતા’ : ૧૯૮૪ના રમખાણોના પીડિતોના પરિવારજનોએ સજ્જન કુમારને નિર્દોષ જાહેર કરવા અંગે પ્રતિક્રિયા આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

એક પુત્રી જેણે તેના પિતાને અગ્નિમાં બળતા જોયા હતા, એક પત્ની જે તેની યુવાનીમાં વિધવા થઈ ગઈ, અને એક માણસ જેણે ૧૯૮૪ના રમખાણોમાં પોતાના પ્રિયજનો ગુમાવ્યા... તે બધા ગુરૂવારે દિલ્હી કોર્ટની બહાર ઉભા હતા, અને ચાર દાયકાથી તેમના દુઃખ માટે ન્યાયની રાહ જોઈ રહ્યા હતા. ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો દરમિયાન જનકપુરી અને વિકાસપુરી વિસ્તારોમાં હિંસા ભડકાવવાના કથિત કેસમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ સજ્જન કુમારને નિર્દોષ

**આ કેસમાં નિર્દોષ જાહેર થયા છતાં, કુમાર જેલમાં છે, રમખાણો સંબંધિત અન્ય હત્યાના કેસોમાં તેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે**

જાહેર કરવામાં આવ્યા બાદ પરિવારોએ જણાવ્યું હતું કે ન્યાયનો માર્ગ લાંબો, થકવી નાખનાર અને ક્રૂરતાપૂર્વક અપૂર્ણ રહ્યો છે. આ કેસમાં નિર્દોષ જાહેર થયા છતાં, કુમાર જેલમાં છે, કારણ કે તેમને રમખાણો સંબંધિત અન્ય હત્યાના કેસોમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટરૂમની બહાર ઉભા રહીને, નિર્મલ કૌરે બાળપણની યાદો કહી હતી. તેમણે કહ્યું કે, મારા પિતાને મારી નજર સમક્ષ જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા, અને હું ૪૨ વર્ષ એક કોર્ટથી બીજી કોર્ટમાં ફરતો રહ્યો છું અને એ વિશ્વાસ છે કે એક દિવસ ન્યાય મળશે. તે દિવસે મારો પરિવાર નાશ પામ્યો હતો, હું પોતે પણ નાશ પામી હતી, અને મારા જીવનની દરેક સારી વસ્તુ છીનવાઈ ગઈ હતી.

# ૧૯૮૪ શીખ વિરોધી રમખાણો : લુધિયાણામાં બચી ગયેલા લોકોએ સજ્જન કુમારને નિર્દોષ જાહેર કરવા પર દુઃખ વ્યક્ત કર્યું

(એજન્સી) તા.૨૨

૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો દરમિયાન હિંસા ભડકાવવાના કથિત કેસમાં કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ સજ્જન કુમારને નિર્દોષ જાહેર કરવાનો દિલ્હી કોર્ટનો નિર્ણય ન્યાય માટે દાયકાઓથી રાહ જોતા બચી ગયેલા લોકો અને પરિવારો માટે ઊંડો આઘાત છે. લુધિયાણામાં, રમખાણોના પીડિતોના પરિવારો આ ચુકાદા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરવા માટે ભેગા થયા, અને

**પીડિતોના પરિવારોએ ચુકાદા સામે સૂત્રોચ્ચાર કર્યા અને આરોપ લગાવ્યો કે ફરી એકવાર તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે**

આરોપ લગાવ્યો કે તેઓની સાથે ફરી એકવાર અન્યાય કરવામાં આવ્યો છે. તેમણે આગામી દિવસોમાં દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરવાની યોજના જાહેર કરી હતી. ગુરદેવ કૌર, જેમણે રમખાણોમાં પોતાના પતિને ગુમાવ્યો હતો, તે ચુકાદો સાંભળીને રડી પડી. તેણીએ કહ્યું કે, ‘આજે મારા માટે કાળો દિવસ છે. મેં રમખાણોમાં મારા પતિને ગુમાવ્યો અને પછી મારૂં આખું જીવન બદલાઈ ગયું. પીડા હજુ પણ છે, પરંતુ દુઃખદ વાત એ છે કે આટલા વર્ષો પછી પણ, સરકાર અમને ન્યાય આપવામાં નિષ્ફળ ગઈ છે.

# સાવધાન : ભાજપ શાસિત રાજસ્થાનમાં લઘુમતીઓ માટે ધમકી અને ભેદભાવ કરતો કાયદો આવી રહ્યો છે

(એજન્સી) તા.૨૨

રાજસ્થાન સરકાર એવો કાયદો લાવવા જઈ રહી છે જે લઘુમતી અને આદિવાસીઓના દૃષ્ટિકોણથી ખતરનાક છે. આ પ્રસ્તાવિત બિલમાં કોઈપણ વિસ્તારને અશાંત જાહેર કરવા, સાંપ્રદાયિક તણાવ અને રમખાણો દરમિયાન મિલકતોના વેચાણ પર પ્રતિબંધ જેવી જોગવાઈઓ છે. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી ભજન લાલ શર્માની અધ્યક્ષતામાં



ગુનાઓ કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર હશે, ૩થી ૫ વર્ષની જેલ અને દંડની સજાને પાત્ર હશે. આ કાયદો મુખ્યત્વે એવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે લાવવામાં આવી રહ્યો છે કે જ્યાં કાયમી રહેવાસીઓને રમખાણો અથવા સાંપ્રદાયિક અશાંતિ દરમિયાન તેમની મિલકતો ખૂબ જ ઓછી કિંમતે વેચવાની ફરજ પડે છે. ઉપરાંત, કેટલાક વિસ્તારોમાં ચોક્કસ સમુદાયની વસ્તીમાં ઝડપી વૃદ્ધિ વસ્તી અસંતુલન તરફ દોરી જાય છે, જેનાથી

### સાંપ્રદાયિક તણાવ અને વસ્તી પરિવર્તનને ધ્યાનમાં રાખીને રાજસ્થાન સરકારે ‘અશાંત વિસ્તારોમાં’ સ્થાવર મિલકતના ટ્રાન્સફર અથવા વેચાણને રોકવા માટેના બિલના ડ્રાફ્ટને મંજૂરી આપી છે, ભાજપ શાસિત રાજસ્થાનમાં આ પ્રસ્તાવિત લઘુમતી વિરોધી કાયદા પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે

મળેલી કેબિનેટની બેઠકમાં ’રાજસ્થાન પ્રોહિબિશન ઓફ ઈમમૂવેબલ પ્રોપર્ટી ઓફ ટ્રાન્સફર ઈન ડિસ્ટર્બ્ડ એરિયા અને પ્રોટેક્શન ઓફ ટેનન્ટ્સ ફ્રોમ ઈવિક્શન ફ્રોમ પ્રિમિસીસ બિલ, ૨૦૨૬ના ડ્રાફ્ટને મંજૂરી આપવામાં આવી છે. આ બિલ રાજ્ય વિધાનસભાના આગામી બજેટ સત્રમાં રજૂ કરવામાં આવશે. આ વિધેયકની મુખ્ય જોગવાઈઓ અનુસાર, રાજ્ય સરકારને એવા વિસ્તારો જાહેર કરવાની સત્તા આપવામાં આવશે જ્યાં હિંસા, ટોળાની અશાંતિ અથવા ‘અયોગ્ય ક્લસ્ટરિંગ’ને કારણે વસ્તીમાં ફેરફાર થાય છે તેને ‘વિક્ષેપિત વિસ્તારો’ તરીકે જાહેર કરવામાં આવશે. આવા વિસ્તારોમાં, સક્ષમ અધિકારી (જેમ કે જિલ્લા મેજિસ્ટ્રેટ)ની પૂર્વ પરવાનગી વિના કોઈપણ સ્થાવર મિલકતનું ટ્રાન્સફર રદબાતલ ગણવામાં આવશે. ઉલ્લંઘન કરનારાઓ સામેના સમુદાય સંવાદિતા બગડે છે અને સ્થાનિક રહેવાસીઓને મુશ્કેલીઓ ઊભી થાય છે. આ કાયદા દ્વારા સરકારને લઘુમતીઓ અને આદિવાસીઓની જમીનો પર પરોક્ષ અસરકારક નિયંત્રણ મળશે. કેબિનેટની બેઠક બાદ સંસદીય બાબતોના પ્રધાન જોગારામ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે, ‘અમે જોયું છે કે અમુક વિસ્તારોમાં ચોક્કસ સમુદાયની વસ્તી ઝડપથી વધી રહી છે.

# પિતા ગુમાવ્યા, ૫૦૦ રૂપિયાથી તેના પરિવારનું ભરણપોષણ કર્યું, પોતાનું ઘર ગુમાવ્યું પણ ક્યારેય હાર માની નહીં; કોટાની પ્રેરણા NEET ટોપર બની...

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

NEETને દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે. વિદ્યાર્થીઓ NEET પરીક્ષા પાસ કરવા માટે મોંઘા કોચિંગનો ઉપયોગ કરે છે. જોકે, કોટાની રહેવાસી પ્રેરણાએ જીવનના પડકારોને પાર કરીને NEET પરીક્ષા પાસ કરી. રાજસ્થાનના કોટા, સામાન્ય રીતે IIT માટેનું કેન્દ્ર માનવામાં આવે છે. પરંતુ કોટાની રહેવાસી પ્રેરણા સિંહની વાર્તા પણ ઓછી આશ્ચર્યજનક નથી. શાળા પૂર્ણ કર્યા પછી, પ્રેરણાએ NEET પરીક્ષા આપવાનું નક્કી કર્યું. જોકે, આ દરમિયાન તેના પિતાના મૃત્યુથી તેણીને ખૂબ જ આઘાત લાગ્યો. તેણીએ તેના પિતા ગુમાવ્યા, જેના કારણે તેણી ફક્ત તેની માતા અને નાના ભાઈ-બહેનો સાથે રહી ગઈ. પ્રેરણા તેના



ભાઈ-બહેનોમાં સૌથી મોટી હતી. તેથી, તેના ભાઈ-બહેનોની સંભાળ રાખવાની જવાબદારી તેના પર આવી. તેના પિતાના મૃત્યુ પછી, ખબર પડી કે પરિવાર પર ૨૭ લાખ રૂપિયાનું દેવું હતું. તેની માતાને માસિક ૫૦૦ રૂપિયાનું પેન્શન મળતું હતું, જે ઘરના ખર્ચને પહોંચી વળવા માટે પૂરતું હતું. તે ૨૭ લાખ રૂપિયાની લોન કેવી રીતે ચૂકવી શકે, પરિણામે, પ્રેરણાએ પોતાનું ઘર કાયમ માટે ગુમાવ્યું. આ બધું હોવા છતાં, પડકારો તેની કસોટી કરતા રહ્યા. પ્રેરણાનો પરિવાર રસ્તાઓ પર છોડી દેવામાં આવ્યો. તે દરમિયાન, દેશમાં કોરોના રોગચાળો આવ્યો. જો કે, બધી મુશ્કેલીઓને અવગણીને, પ્રેરણાએ ફક્ત તેના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું. પ્રેરણા તેના આખા પરિવાર સાથે એક નાના ઘરમાં રહેતી હતી. તેની માતા તરફથી મળેલા ૫૦૦ રૂપિયાના પેન્શનથી ઘરનો ખર્ચો પૂરો કરતા. પ્રેરણા જે રૂમમાં અભ્યાસ કરતી હતી ત્યાં ફક્ત બેસવાની જગ્યા હતી. પ્રેરણાએ તે રૂમમાં દરરોજ ૧૦-૧૨ કલાક અભ્યાસ કરવાનું શરૂ કર્યું.

# કારકિર્દી દાવ પર લાગી, પણ છોકરી અડગ રહી; સુપ્રીમ કોર્ટના ચુકાદામાં એક ખેડૂતની પુત્રી તેના પહેલા જ પ્રયાસમાં જજ બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

બુલંદશહેરના એક ગરીબ ખેડૂતની પુત્રી પોતાના પહેલા પ્રયાસમાં જજ બની ગઈ છે. PCS (J) પરીક્ષા આપનાર સદફ ઈમરાન પોતાના પહેલા પ્રયાસમાં જ પાસ થઈ ગઈ અને તેનું ગામ હવે ખુશીની લહેરથી છલકાઈ ગયું છે. પરંતુ શું તમે જાણો છો કે સદફને UPPSC દ્વારા પરીક્ષા આપવાથી રોકી દેવામાં આવી હતી. સદફે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો અને જ્યારે તેને પરીક્ષા આપવાની તક આપવામાં આવી, ત્યારે તેણીએ તેના પહેલા પ્રયાસમાં જ સફળતા મેળવી. ખરેખર, આ વાર્તા ૨૦૨૨માં શરૂ થઈ હતી. UPSCએ ન્યાયિક સેવા પરીક્ષા લીધી અને સદફ ઈમરાને પ્રથમ તબક્કો સરળતાથી પાસ કર્યો. સદફે પરીક્ષાના બીજા તબક્કા માટે



સમયસર ઓનલાઈન અરજી કરી અને પોસ્ટલ સેવા દ્વારા UPSC મુખ્યાલયમાં બધા જરૂરી દસ્તાવેજો મોકલ્યા. જો કે, સદફના દસ્તાવેજો સમયસર UPSC ઓફિસ પહોંચ્યા ન હતા અને તેની અરજી નામંજૂર કરવામાં આવી હતી. સદફે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો, અને સુપ્રીમ કોર્ટે તેના પક્ષમાં ચુકાદો આપ્યો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, દસ્તાવેજો સમયસર ન પહોંચવા માટે સદફને બદલે પોસ્ટલ સર્વિસ દોષિત હતી. પોસ્ટલ સર્વિસે દસ્તાવેજોની ડિલિવરીમાં વિલંબ કર્યો હતો અને તેથી, સદફને પરીક્ષા આપતા અટકાવવા જોઈએ નહીં. કોર્ટના આદેશ પર, UPPSC સદફને પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવા સંમત થયું. સદફે સારા ગુણ સાથે પરીક્ષા પાસ કરી. ત્યારબાદ તેણીએ ઈન્ટરવ્યુ સ્ટેજ પણ પાસ કર્યો. UPPSCએ તાજેતરમાં PCS(J)ના પરિણામો જાહેર કર્યા, જેનાથી બધા સ્તબ્ધ થઈ ગયા. સદફે તેના પહેલા પ્રયાસમાં જ સફળ થવા અને જજ બનવા માટે બધી મુશ્કેલીઓ પાર કરી.

# જૂનાગઢ ખાતે સુન્ની સંધી મુસ્લિમ સમાજના તેજસ્વી તારલા અને સરકારી નોકરી મેળવેલ ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૨૨

સુન્ની સંધી મુસ્લિમ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા સંધી સમાજના તેજસ્વી તારલા અને સરકારી નોકરી મેળવેલ ઉમેદવારોનો સન્માન સમારોહ જૂનાગઢ શહેર સુન્ની સંધી મુસ્લિમ સમાજના મલ્ટી પર્પઝ હોલ ખાતે યોજાયો હતો. આ સમારોહની શરુઆતમાં અપ્નર મહંમદ સમાએ કુર્આને પાકની તિલાવત તરજુમાં સાથે કરી હતી. આ સમારોહમાં ઉચ્ચ ટકાવરીથી ધો.૧૦ અને ૧૨ પાસ કરનાર તથા સ્નાતક અને અનુ સ્નાતકની ડીગ્રી મેળવનાર તેમજ મેડીકલ ક્ષેત્રે અને એન્જીનિયરીંગ ક્ષેત્રે પ્રવેશ મેળવનાર અને ડીગ્રી પ્રાપ્ત કરનાર તેજસ્વી વિધ્યાર્થી/વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ જૂનાગઢ શહેરના સંધી સમાજના સરકારી નોકરી મેળવેલ ૯ ઉમેદવારો નું સન્માન કરવામાં આવ્યું હતું ઈનામ વિતરણમાં શરીફભાઈ હાલા તથા રજાકભાઈ હાલા તેમજ નિહાલ એન્ટરપ્રાઈઝના રેહાના બેન દોણકિયા અને મોહમ્મદ હુસેનભાઈ હાલા અને સમાજના હોદ્દેદારોએ આર્થિક સહયોગ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થી/વિધ્યાર્થીનીઓ સાથે વાલીઓ



(તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મુસ્લિમ સમાજના બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે, ડ્રોપ આઉટ રેસીયો ઘટે, કૌશલ્ય વર્ધક તાલીમ મેળવે, શૈક્ષણિક અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉચ્ચ મેરીટથી પાસ કરે, સિવિલ સર્વિસમાં જોડાય, તો પોતાની સ્કીલ પ્રમાણે ડૉક્ટર, એન્જીનિયર, એડવોકેટ, અધિકારી, શિક્ષક, વેપારી, ઉધ્યોગપતિ બને, તેઓને સન્માન અને પ્રોત્સાહન મળી રહે, સમાજમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિ વધે એવા ઉમદા હેતુથી તેજસ્વી તારલાના સન્માન સમારોહ જેવા શૈક્ષણિક કાર્યક્રમો કરવા જરૂરી છે. તેમ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને અગ્રણી ઉદ્યોગપતિ હુસેનભાઈ લાખા તેમજ અગ્રણી કેળવણી કાર વલીભાઈ દલ, જૂનાગઢ મેડિકલ કોલેજના પ્રોફેસર ડો.નસરીન બેન હાલા એ જણાવ્યું હતું. સુન્ની સંધી મુસ્લીમ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ શહેરના પ્રમુખ ડો. હારૂનભાઈ વિશળ અને જૂનાગઢ શહેર સુન્ની સંધી મુસ્લીમ સમાજના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો, જનરલ કારોબારી અને એરિયા પ્રમુખ તથા સમગ્ર ટીમ દ્વારા આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ જિલ્લા સંધી મુસ્લિમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે હુસેનભાઈ લાખા અગ્રણી ઉદ્યોગપતિ, વલીભાઈ સાંધ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, વલીભાઈ દલ અગ્રણી કેળવણીકાર પૂર્વ કોર્પોરેટર રજાકભાઈ હાલા, એડવોકેટ જીશાનભાઈ અને નિહાલભાઈ સમા, હાલેપૌત્રા, ડો.નસરીન બેન હાલા, ડો.ઈમરાન હિગોરા ડો.અર્ષદ જુણેજા, જાનમહંમદભાઈ દલ, મહમદહુસેન હાલા, રાજુભાઈ સાંધ, હુસેનભાઈ સીડા, તોફિકભાઈ સાંધ, ઉપસ્થિત રહ્યા હતા. આયોજક ટીમમાં પ્રમુખ ડો. હારુનભાઈ વિશળ, હનીફભાઈ હાલા, હાસમભાઈ હિંગોરા, શરીફભાઈ હાલા, ઈબ્રાહીમભાઈ સમાં, જુસબભાઈ દલ, ઈસ્માઈલભાઈ દલ, જાફરભાઈ પલેજા, રશીદભાઈ નોયડા, ગુલમામદભાઈ સમા, રહીમભાઈ નાઈ, જુમ્માભાઈ ખેભર, હાસમભાઈ જુણેજા, નુરમામાદભાઈ હાલેપોત્રા, સલીમભાઈ પલેજા, યુનુસભાઈ અબડા, મોહસીનભાઈ સોલંકી વગેરે હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન સમાજના ઉપપ્રમુખ ઈસ્માઈલભાઈ દલએ કર્યું હતું. તેમજ સંસ્થાનો સમગ્ર પરિચય સમાજના મહામંત્રી હાસમ ભાઈ હિંગોરાએ આપ્યો હતો મહેમાનોનું આયોજકો તરફથી બુકે આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનો એડવોકેટ જીશાનભાઈ હાલેપૌત્રા, હુસેનભાઈ લાખા, ડો.નર્સરીનબેન હાલા, વલીમહમદભાઈ દલ, અધ્યક્ષીય પ્રવચન જિલ્લા સંધી મુસ્લીમ સમાજના જૂનાગઢના પ્રમુખ હુસેનભાઈ દલે જણાવ્યું હતું કે સંધિ મુસ્લિમ સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે અને ખૂબ જ સારું પરિણામ મેળવી રહ્યા છે તેનો આ ઉત્તમ ઉદાહરણ છે સ્ટેજ પર બેઠેલા સફળ ઉદ્યોગપતિઓ નિવૃત્ત અધિકારીઓને જોઈને ઘણી ખુશી થાય છે નવી પેઢી પણ આગળ ભણી સમાજનું અને દેશનું નામ રોશન કરે તેવી વિદ્યાર્થીઓને તેમજ તેના માતા-પિતાને શુભકામના આપી હતી અને કાર્યક્રમના અંતમાં આભાર વિધિ સમાજના મહામંત્રી શરીફ ભાઈ હાલાએ કરી હતી. મહેમાનો અને આયોજકોના હસ્તે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અને સરકારી નોકરી મેળવેલ ઉમેદવારોને પ્રોત્સાહિત ઈનામરૂપે મહેમાનોના વરદ હસ્તે મોમેન્ટો, સન્માન પત્ર અને ગીફ્ટ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સમાજના હોદ્દેદારો જાફર પલેજા, રસિદભાઈ નોઈડા, રહીમભાઈ નાઈ, હાલેપોત્રા નૂરમહંમદભાઈ, હાસમભાઈ જુણેજા તથા સમાજના યુવાન ભાઈઓ બહેનોએ પોતાની સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમને સંચાલન ડો. હારૂનભાઈ વિશળએ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વાલીઓને આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જૂનાગઢમાં નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશન પાછળ કરોડોના અધિક ખર્ચાઓને મંજૂરી : ભારે વિવાદ

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢવાસીઓ ઘણા લાંબા સમયથી જેની રાહ જોઈ રહ્યા છે તેવા શહેરના નજરાણા સમા નરસિંહ મહેતા સરોવરની બ્યુટીફિકેશનની કામગીરી લગભગ પૂર્ણતાનાં આરે પહોંચી છે પરંતુ આ સાથે જ બ્યુટીફિકેશન પાછળ કરોડોના એક્સ્ટ્રા એકસેસને મંજૂરી અપાવી દેવાનાં તંત્ર વાહકોના નિર્ણયને લઈને ભારે હોબાળો મચી ગયો છે. વધારાના ખર્ચમાં નરસિંહ મહેતાનાં સ્ટેચ્યુનો રૂા.૮૫ લાખ સરોવરમાં સીસી ટીવી માટે રૂા. ૨.૫૦ કરોડ કોટા સ્ટોનના સાંધા ભરવા રૂા. ૬૮ લાખ અને તળાવનો રોડ રૂા.૨.૮૨ કરોડના આ ખર્ચને દલાતરવાડીની માફક વહીવટની કામગીરીને ઓપ અપાતા ભારે ચકચાર જાગી ઊઠી છે.

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા નરસિંહ મહેતા સરોવરનું લોકાર્પણ થાય તે પહેલા જ ફરી એકવાર વિવાદનો મધપુડો છંછેડાયો છે અને જુદા-જુદા બહાના હેઠળ લાખો રૂપિયા ફાળવવામાં આવતા ભારે ચકચાર જાગી ઊઠી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, જૂનાગઢ શહેરમાં આવેલા નરસિંહ મહેતા સરોવરને અમદાવાદના કાંકરિયા તળાવ જેવું બનાવવા માટે અઢી વર્ષ પહેલા કોર્પોરેશન દ્વારા કામગીરી શરૂ કરી હતી. જેમાં નબળી કામગીરી તેમજ ભ્રષ્ટાચાર થતો હોવાની પણ વ્યાપક ફરિયાદો ઊઠી હતી. જેમ તેમ કરીને કામગીરી હાલ પૂર્ણતાનાં આરે પહોંચી છે અને ખર્ચનો આંકડો જોવા જઈએ તો નરસિંહ મહેતા સરોવરને સુંદર બનાવવા માટેના કહેવાતા કામો અંતર્ગત ખર્ચ રૂા.૭૦ કરોડ જેવો પહોંચી જતાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. વિશેષમાં મળેલી વિગત અનુસાર, નિયત સમય મર્યાદામાં અને ટેન્ડરની નિયત રકમમાં જે કામગીરી પૂર્ણ કરવાની હતી. જેમાં રૂા.૯ કરોડનું વધારાનું કામ કરવામાં આવતા આખરે તે કરોડો રૂપિયાના એક્સ્ટ્રા એકસેસને સ્થાયી સમિતિએ મંજૂરી આપી દીધી છે. જે મંજૂરી હાલ શહેરમાં ચર્ચાના ચકડોળે ચડી છે. જૂનાગઢ મનપાની સ્થાયી સમિતિની ગત મંગળવારે બેઠક મળી હતી જેમાં ખાસ કરીને નરસિંહ મહેતા સરોવરનાં બ્યુટીફિકેશન માટે એક્સ્ટ્રા એકસેસ ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. જે ખર્ચ અંગે વાત કરીએ તો સરોવરમાં સીસી ટીવી કેમેરા તથા પી.એ. સીસ્ટમ (પબ્લીક એડ્રેસ સીસ્ટમ) માટે રૂા.૨.૫૦ કરોડ તળાવ ફરતે આરસીસી રોડ (શહીદ સ્માર્ક ગાર્ડનથી લઈ પેટ્રોલ પંપ સુધી) ૭૦૦ મીટર લંબાઈ અને ૧૨ મીટર પહોળાઈનો રોડ બનાવવા રૂા.૨.૮૨ કરોડ છે આઈલેન્ડ પૈકી આઈલેન્ડ-૧માં એમ્ફી થીયેટર માટે રૂા.૭૫ લાખ નરસિંહ મહેતાનું સ્ટેચ્યુ (૧૫ ફૂટ ઉં, પંચધાતુ) માટે રૂા.૮૫ લાખ એપોક્ષી ગુવ ફીલિંગ (કોટા સ્ટોનના સાંધાઓ ભરવા) માટે રૂા.૬૮ લાખ મળીને રૂા.૮.૨૦ કરોડનો અંદાજીત ખર્ચ થયો હતો જેને મંજૂરી આપવામાં આવતા હાલ શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. કોર્પોરેશન તંત્રનાં પદાધિકારીઓ દ્વારા પ્રજાનાં પૈસાનો જે રીતે બેફામ દૂર ઉપયોગ થઈ રહ્યો છે તેની સામે ભારે આક્રોશ ઊઠ્યો છે. તો વિરોધ પક્ષ દ્વારા પણ તીવ્ર પ્રતિક્રિયાઓ સાથે આ બાબતે રજૂઆતો થઈ રહી છે.

# માંગરોળના મદ્રેસા હન્ફિયાહનો વાર્ષિક જલ્સો ઊજવાયો

માંગરોળ, તા.૨૨

માંગરોળના પોરબંદર-બાયપાસ રોડ પર સ્થિત મદ્રેસા હન્ફિયાહનો વાર્ષિક જલસો ઉજવાયો હતો. મૌલાના મુહમ્મદ કરૂડ દાવડા અને મૌલાના ઝકરીયા કરૂડ દ્વારા સંચાલિત મદ્રેસા હન્ફિયાહમાં હાફીઝ થનાર તલબાઓને ખુસુસી મહેમાન દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. મદ્રેસા સ્કૂલના નાના બાળકોએ પ્રાથમિક ઈસ્લામીક માહીતી, સવાલ જવાબો, નાત-નઝમ અને તકરીરનો સુંદર કાર્યક્રમમાં રજૂ કર્યો હતો. કાર્યક્રમમાં માંગરોળના મુફ્તિ અબ્દુલ્લાહ પટની, મૌલાના મુહમ્મદ મઝાહીરી, મોલાના ઈબ્રાહિમ ઉદીયા, મોલાના મુહમ્મદ હુશેન કરુડ, મુફ્તિ અ.ગફુર પટેલ સહિતના દિગ્ગજ ઉલ્માએ કીરામ ઉપરાંત ઘાંચી સમાજના પ્રમુખ મુહમ્મદહુસેન ઝાલા, બૈતુલમાલ પ્રમુખ હનિફ


(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

પટેલ, ડો. ઐયુબ બંમ, તાલુકા પંચાયત સદસ્ય આહમદભાઈ બતક, યુસુફભાઈ કરુડ, ડો સિદ્ધાર્થ લાંબા અને ડો. યાસીન પદા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મૌલાના મુહમ્મદ મઝાહીરીએ ઉપસ્થિત મહેમાનોના આભાર સાથે મદ્રેસા અને સ્કૂલની ઉપલબ્ધીઓ વર્ણવી હતી. આવતા વર્ષથી કે.જી.થી આઠ ધોરણ સુધી અંગ્રેજી માધ્યમ સ્કૂલ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિધાર્થીઓ અને તલબાઓને પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા સ્કૂલ મદ્રેસાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# વેરાવળથી બાન્દ્રા વચ્ચે સ્પે. ટ્રેન દોડશે

(સંવાદદાતા દ્વારા)
વેરાવળ, તા.૨૨

વેરાવળથી બાન્દ્રા ટર્મિન્સ માટે સ્પેશિયલ ટ્રેન શરૂ થનાર છે જેની ટિકિટોનું બુકિંગ આજથી શરૂ થયું છે.

ટ્રેનોમાં વધતી ભીડને ધ્યાનમાં રાખીને મુસાકરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા વેરાવળ એને બાન્દ્રા ટર્મિન્સ સ્ટેશન વચ્ચે વિશેષ ભાડે સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠી એ આપેલી માહિતી મુજબ ટ્રેન નંબર ૦૯૦૧૮/૦૯૦૧૭ વેરાવળ-બાન્દ્રા ૦૯૦૧૭ બાન્દ્રા ટર્મિનસ-વેરાવળ સ્પેશિયલ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી દર રવિવારે બાન્દ્રા ટર્મિનસથી બપોરે ૧૪૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૮:૦૫ કલાકે વેરાવળ પહોંચનાર છે. આ ટ્રેન બાન્દ્રા ટર્મિનસથી ૨૫ જાન્યુઆરી, ૧ ફેબ્રુઆરી, ૦૮ ફેબ્રુઆરી, ૧૫ ફેબ્રુઆરી અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ચલાવવામાં આવશે. ટ્રેન નંબર ૦૯૦૧૮ વેરાવળ-બાદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬થી ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી દર સોમવારે વેરાવળથી સવારે ૧૧:૦૫ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે પ્રાત : ૦૪:૫૫ કલાકે બાન્દ્રા ટર્મિન્સ પહોંચનાર છે. આ ટ્રેન વેરાવળથી ૨૬ જાન્યુઆરી, ૦૨ ફેબ્રુઆરી, ૦૯ ફેબ્રુઆરી, ૧૬ ફેબ્રુઆરી અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ચલાવવામાં આવનાર છે. આ ટ્રેન બંને દિશામાં કેશોદ, જૂનાગઢ, જેતલસર, ગોંડલ, રાજકોટ, સુરેન્દ્રનગર જંકશન, અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એ.સી, થર્ડ એ.સી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ રહેશે. ટ્રેન નંબર ૦૯૦૧૮ અને ૦૯૦૧૭ માટે ટિકિટોની બુકિંગ આજે ૨૨/૦૧/૨૦૨૬ ગુરૂવારથી યાત્રી આરક્ષણ કેન્દ્ર તથા IRCTCની વેબસાઈટ પર શરૂ થશે.

## મહિલાની લાજ લૂંટવાના ઈરાદે હુમલાના કેસમાં

# ડાંગ પોલીસે વેશપલટો કરી રાજસ્થાન, મહારાષ્ટ્ર પહોંચી ચાર આરોપીને દબોચી લીધા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૨

સુરતનો વોન્ટેડ ઈન દક્ષિણ ગુજરાત અને તેમાં પણ મહિલાઓ, બાળકો, સિનિયર સિટીઝન વિરૂદ્ધના ગુન્હાઓના આરોપીઓ કોઈ પણ સંજોગોમાં પોલીસ પકડથી દૂર ન રહેવા જોઈએ તેવા સુરત વિભાગના રેન્જ વડા પ્રેમવીરસિંહના અભિયાંને ડાંગ એસપી પૂજા યાદવના માર્ગદર્શનમાં ડાંગ એલ.સી.બી પોલીસ સબ ઈન્સ્પેક્ટર જયદીપ અનડકટ ટીમ દ્વારા આ કામગીરીમાં હેટ્રિક સર્જી છે. મહિલાની લાજ લૂંટવાના ઈરાદે તેને રસ્તામાં આંતરી જાતીય હુમલો કરી ગુજરાત છોડી રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં છુપાયેલ આરોપીને ડાંગ LCB ટીમ દ્વારા વેશ પલટો કરી, નદી નાળા અને કાચા રસ્તેથી ટાર્ગેટ સુધી પોહચી પ્રથમ બે આરોપીઓ રાજસ્થાન અને તેમની આકરી પૂછપરછ કરી મહારાષ્ટ્રના નાસિક સુધી પોહચી ઝડપી લેવામાં સફળતા મળી છે. પકડાયેલ આરોપીઓ : (૧) માનસિંહ રામગોપાલ બાગરીયા, (ઉં.વ.૩૨), (૨) મુકેશભાઈ સોરજભાઈ બાગરીયા, (ઉં.વ.૨૩), (૩) રણબીર હરીલાલ બાગરીયા, (ઉં.વ.૩૮), (૪) ધનપાલ સોરજભાઈ બાગરીયા, (ઉં.વ.૨૩) ચારેય (રહે.નેનવા, જિ.બુંદી, રાજસ્થાન)ને ઝડપી લેવાયા છે.

## મુજાવરો-ટ્રસ્ટીઓના મુદ્દે ગુજરાત રાજ્ય વકફ બોર્ડનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

# બાલાચડી ખાતે આવેલ યાકુબ પીર દરગાહનો વર્ષો જૂનો વહીવટી વિવાદ સમાપ્ત

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨૨

જોડિયા તાલુકાના બાલચડી ગામમાં આવેલ હિન્દુ-મુસ્લિમ અકેતાના પ્રતિક સમાન યાકુબપીરની દરગાહ (આકુપીર)ના મુંજાવરીને લઈને વર્ષોથી ચાલી રહેલા વિવાદનો અંત લાવતો મહત્વપૂર્ણ નિર્ણય ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ દ્વારા લેવામાં આવ્યો છે. આ દરગાહના મુંજાવરના વારા તેમજ નામો માટે ગુજ. ઈસ્માઈલશા સુલતાનશાના વારસદારો મલુકશા, મામદશા, જુમાશા, ઈસ્માઈલશા, સીદીશા ઈસ્માઈલશા અને ગુલાબશા ઈસ્માઈલશાના વારસદારો વચ્ચે મુંજાવરી માટે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો અને કોર્ટ કેસો દાખલ થયેલા ત્યારબાદ ગુજરાત વક્ફ બોર્ડ સમક્ષ અલગ-અલગ વારસદારો દ્વારા ફેરફાર રીપોર્ટ દાખલ કરવામાં આવેલા જે બાબતે વક્ફ બોર્ડે તમામ અરજદારો-વાંધેદારોને સાંભળ્યા બાદ ઈસ્માઈલશા સુલતાનશાના વારસદારોને દરગાહના મુંજાવરો-ટ્રસ્ટીઓના નામો મંજુર કરી લાંબા સમયથી ચાલતા વિવાદનો અંત લાવ્યો છે. આ કેસમાં ગુજ.ઈસ્માઈલશાના વારસદારો તરફે વકિલ હાજી હસન ભંડેરી રોકાયેલા હતા.

# માંગરોળ ખાતે મદ્રેસા કાશીફૂલ ઉલૂમનો વાર્ષિક જલ્સો ઊજવાયો

(સંવાદદાતા દ્વારા)
માંગરોળ, તા.૨૨

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે મદ્રેસા જામિયા ઈસ્લામિયા અરબિયા કાશીફૂલ ઉલૂમનો બુધવારે રાત્રે વાર્ષિક જલસો ઉજવાયો હતો. જેમા મદ્રેસાના તાલિબે ઈલ્મોએ મધૂર કંઠે કુર્આનની તિલાવત, નાત નઝમ અને તકરીરો રજૂ કરી હતી. આજની વધતી જાતી દેખાદેખીમાં થતા નકામા ખર્ચાઓ, જેમા શાદી પ્રસંગે અને મકાનોમાં જરૂરિયાતથી વધારે ફર્નિચરો અને ડેકોરેશન પાછળ થતા ખોટા ખર્ચાઓ અને તેની પાછળની બરબાદી વિશે સૂંદર નાટક રજૂ કરી ઈસ્લામી શરીયત મૂજબ સાદગી અપનાવવાનો સંદેશ આપ્યો હતો. આ પ્રોગ્રામમાં અતિથિ વિશેષ તરીકે રાંદેરથી મૌલાના કારી અ. રસીદ



અજમેરી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉલ્માઓનું મહત્ત્વ અને તેમની કદર કરવા પર જોર આપ્યું હતું. આ વર્ષે મદ્રેસામાંથી ૩ મૌલવી, ૧૧ કરી, ૧૦ હાફીઝ ફારીગ થયા હતા. તેઓને મહેમાને ખુશુસીના હસ્તે સનદો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તમામ ફારીગ થનાર તાલિબે ઈલ્મ એજ્યુકેશનમાં પણ અગ્રેસર રહ્યા છે. તેઓએ ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ના ચાલુ અભ્યાસ દરમિયાન કુર્આન કંઠસ્થ કરીને હાફીઝે કુર્આનની ડીગ્રી મેળવી હતી. આ પ્રોગ્રામમાં મદ્રેસાના સંચાલક મુફ્તી દાઉદ ફકીરા, જમિયત ઉલમા-એ-હિંદના પ્રમુખ મૌલાના ઈકબાલ બેરા, કારી હસીબ સાહબ, બૈયતુમાલ ફંડના સેક્રેટરી હાફીઝ આહમદ હાજીબા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામનું સંચાલન મુફ્તી હુઝેફા કરૂડે કર્યું હતું. પ્રોગ્રામને સફળ બનાવવા મૌલાના સાદીક ઢેરા અને મદ્રેસાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# વેરાવળમાં સોની વેપારીઓને ત્યાં સીજીએસટી વિભાગ દ્વારા સર્ચ

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૨૨

વેરાવળ શહેરમાં સીજીએસટી વિભાગ દ્વારા સોની વેપારીઓ સામે સર્ચ-ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ટેક્સ ચોરીની આશંકાએ શહેરના ત્રણેક જેટલી સોની પેઢીઓ પર દરોડા પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આ કાર્યવાહીથી વેપારી આલમમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સીજીએસટી વિભાગની ટીમે વહેલી સવારથી તપાસ શરૂ કરેલ તેમાં શહેરના ત્રણેક જેટલી જાણીતી પેઢીઓ પર પણ કાર્યવાહી ચાલી રહી છે. હિસાબી બજાર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો. આ કાર્યવાહીથી અન્ય વેપારીઓમાં પણ ભય અને ચિંતાનો માહોલ છે.દસ્તાવેજો બિલ-બુક સહિતની ચકાસણી આ સમગ્ર કાર્યવાહી સીજીએસટી જૂનાગઢ ડિવિજનની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. સર્ચ/દરમિયાન વેપારી પેઢીઓની દસ્તાવેજો, બિલ-બુક, કમ્પ્યુટર ડેટા અને જીએસટી સંબંધિત રેકોર્ડની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી રહી છે. શહેરમાં આ દરોડાની જાણ થતાં જ જવેલર્સ માંર્કેટમાં હલચલ જોવા મળી હતી. ઘણા વેપારીઓ પોતાના શોરૂમ બંધ કરી દીધા હતા, જેના કારણે હાલમાં સીજીએસટી વિભાગ હિસાબી દ્વારા તપાસ ચાલુ છે તપાસ પૂર્ણ થયા બાદ જ કરચોરીનો આંક બહાર આવશે.

# સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીનું એટીએમ બંધ કરાતા હાલાકી

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૨

સુરેન્દ્રનગરની કલેકટર કચેરીમાં એક માત્ર એટીએમની સુવિધા ઉપલબ્ધ હતી. આજુબાજુના અધિકારીઓ કર્મચારીઓ અને નોકરિયાત વર્ગ દ્વારા આ એટીએમનો ઉપયોગ કરી અને રૂપિયા ઉપાડવામાં આવતા હતા. જોકે, અચાનક આ એટીએમ બંધ કરી




નાખવામાં આવતા આજુબાજુના સ્થાનિક લોકો અને કર્મચારીઓને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો છે, હવે સ્પેશિયલ રૂપિયા ઉપાડવા માટે કલેક્ટર ઓફિસમાં ફરજ બજાવતા કર્મચારીઓને જવાહર ચોક વિસ્તારમાં આવેલા એટીએમનો ઉપયોગ કરવા મજબૂર બનવું પડી રહ્યું છે. તો બેંકમાં આર્થિક લેવડદેવડ માટે જવા માટે પણ મજબૂર બનવું પડી રહ્યું છે ત્યારે બંધ કરવામાં આવેલું એટીએમ તાત્કાલિક પુનઃ રીતે શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## અવસાન નોંધ

### પાલીતાણા

મર્હૂમ કાશમભાઈ અબ્દુલ રેહમાનભાઈના દીકરા જીપુભાઈ (ઇનુસભાઈ) આજરોજ જન્નતનશીન થયેલ છે. તેમની ઝિયારત તા.૨૩/૦૧/૨૦૨૬ને શુક્રવાર મર્દો માટે સવારે ૯ કલાકે પાલીતાણા જુમ્મા મસ્જિદ તેમજ ઓરતો માટે પાલીતાણા જુમ્મા મસ્જિદ ઈફતાર હોલમાં રાખેલ છે.

# સુરેન્દ્રનગરના માલવણ ખાતે રૂા.૧૬ કરોડના ખર્ચે પોલીસ આવાસનું ખાતમુહૂર્ત

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૨

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ ખાતે પોલીસ પરિવારોની સુવિધામાં વધારો કરવાના હેતુથી રૂા.૧૬ કરોડના ખર્ચે નવા પોલીસ આવાસોના બાંધકામનું ખાતમુહૂર્ત નાણાં અને પોલીસ હાઉસિંગ રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાંસદ ચંદુભાઈ શિહોરા, ધારાસભ્ય પી. કે.પરમાર અને જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલું સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પૂર્ણ થયો હતો. નાણાં અને પોલીસ હાઉસિંગ રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, 'મોડર્નાઈઝેશન ઓફ પોલીસ ફોર્સ' અંતર્ગત અંદાજે રૂા.૧૬ કરોડના ખર્ચે કોન્સ્ટેબલ અને પીએસઆઈ કક્ષાના કર્મચારીઓ માટે આધુનિક આવાસ અને નવા પોલીસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગે સાંસદ ચંદુભાઈ શિહોરાએ જણાવ્યું હતું કે, પોલીસ કર્મચારીઓ રાત-દિવસ જનતાની સુરક્ષા માટે તૈનાત રહે છે, ત્યારે તેમને અને તેમના પરિવારને ઘર જેવું સુરક્ષિત વાતાવરણ મળે તે સરકારની પ્રાથમિકતા છે. ધારાસભ્ય પી.કે. પરમારે જણાવ્યું હતું કે, આ ખાતમુર્હુતથી પોલીસ જવાનોના જીવન ધોરણમાં સુધારો આવશે. જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુંએ સ્વાગત પ્રવચન કર્યુ હતું આ પોલીસ સ્ટેશન ભૌગોલિક દષ્ટિએ અત્યંત મહત્વનું છે, કારણ કે તે કચ્છના હાઈવે પર આવેલું છે. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ લતાબેન પટેલ, અગ્રણી સર્વે દિલીપભાઈ પટેલ, રમેશભાઈ ઠાકોર, નાયબ પોલીસ અધિક્ષક જે.ડી.પુરોહિત, નિકુંજ પટેલ, પીઆઈ મહેશ બાંમબા સહિત મોટી સંખ્યામાં પોલીસ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વિસાવદરના મોટી મોણપરી ગામે અકસ્માતે પડી જતાં વૃદ્ધનું મોત

જૂનાગઢ, તા.૨૨

વિસાવદરના મોટી મોણપરી ગામે ટ્રેક્ટરની ટ્રોલી ઉપર મગફળીનો ચારો ભરતા પડી જતા વૃદ્ધનું મોત થયું હતું. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે યોગેશભાઈ રમેશભાઈ બલદાણીયાએ જાહેર કરેલ છે કે, મૃતક દેવશીભાઈ પરબતભાઈ બલદાણીયા (ઉં.વ.૬૩) ટ્રેક્ટરની ટ્રોલી ઉપર મગફળીનો ચારો (ભુકો) ભરતા છે કે, ચારો બાંધતી વખતે નાળો અકસ્માતે તુટી જતા ટ્રેક્ટર પરથી નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જામનગરમાં પણ એસઆઈઆરનો મુદ્દો ગાજ્યો

# આપ પાર્ટી દ્વારા કલેક્ટરને કાનૂની નોટિસ



(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨૨

સમગ્ર ગુજરાત રાજ્યભરમાં આમ આદમી પાર્ટી દ્વારા એસઆઈઆરના મુદ્દે તંત્ર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જે મુદ્દો જામનગરમાં પણ ગાજયો છે અને આપ પાર્ટીના સ્થાનિક કાર્યકરો દ્વારા જિલ્લા કલેક્ટરને નોટિસ પાઠવવામાં આવી છે. આમ આદમી પાર્ટીના રાજ્ય પ્રમુખ ઈશુદાન ગઢવી એ પોતાના એડવોકેટ દ્વારા પાઠવેલી નોટિસની નકલ સાથે જામનગર જિલ્લાના પ્રમુખ રાજેન્દ્રસિંહ સોઢાની રાહબરી હેઠળ આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આજે રેલી યોજીને જામનગર જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી જઈને નોટિસ પાઠવી છે.

# પાલેજની કિસનાડ ફાટકના સમારકામને લઈ વાહનચાલકોને ભારે હાડમારી



(સંવાદદાતા દ્વારા)પાલેજ, તા.૨૨

ગત શનિવારે સવારે ૮વાગ્યાથી રેલવે ફાટક બી.૧૯૭ (કિસનાડ ફાટક) સમારકામ અર્થે બંધ કરવામાં આવી હતી. વાહનોનું ભારણ રેલવે ફાટક બી.૧૯૮ (વલણ ફાટક) ઉપર વધી જવા પામ્યું હતું. કામગીરી શરૂ થયાને ૬ દિવસ થયા અહીં ટ્રેકો ઉપરના મેંટલ ઉખાડી સ્લીપરો કાઢવાનું કામ અને માર્ગ ઉપરના ડામર સપાટીના માર્ગનું ખોદકામ મંથર ગતિ એ ચાલું છે ? અહીં રબરના બ્લોકો બેસાડવાની કામગીરી હાથ ધરવાની બાકી છે ? લાંબા સમય સુધી કામગીરી ચાલશે એમ સૂત્રોમાંથી માહિતી મળી છે. અહીં રેલવે સ્ટેશનેથી અવાર-નવાર ટ્રેનો નીકળતાં ક્રોશીંગની કામગીરી દરમ્યાન સુપર ફાસ્ટ તેમજ અન્ય એક્સપ્રેસ ટ્રેનોની ગતિ પણ મર્યાદિત કરવામાં આવે છે. જેથી અન્ય ફાટક ઉપર ટ્રેનો પસાર થવામાં સમય લાગે છે. બીજું રેલવે સ્ટેશને ઘણી ટ્રેનો થોભે છે. જે રેલવે ફાટક સુધી કોચ આવતાં તેના પસાર થવા સુધી ફાટક ખોલી શકાતી નથી. દરમ્યાન વાહનો નોઅહીં ખડકલો જામી જાય છે. બજારમાં વાહનોની લાઈનો લાગી જાય છે. સતત ચાર દિવસ થઈ વાહનચાલકો અહીં ફાટક બંધ હોય ત્યારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. પાલેજ રેલવે સ્ટેશને ફાટકો મુક્ત કરવામાં અહીં વર્ષોથી મંજૂર થયેલાં ફ્લાય ઓવરબ્રિજનું બાંધકામ અનિવાર્ય બની ગયું છે. રેલવે ફાટક બી ૧૯૭ ફાટકની કામગીરી સબંધે ઝડપી નિકાલ કરવા વાહન ચાલકો તેમજ લોક માંગ ઉઠી રહી છે. પાલેજ રેલવે સ્ટેશને ક્રોશિંગ બંધ હોય ત્યારે સાઈડ ઉપરથી મુસાફરોને બહાર નીકળવા માટેનો યોગ્ય માર્ગનો અભાવ છે. પાલેજ રેલવે સ્ટેશને ફૂટ ઓવરબ્રિજનું બાંધકામ હાલ ગોકળગતિએ ચાલે છે. બીજી તરફ રેલવે ક્રોશીંગ ૧૯૭ ઉપર રિપેરિંગનું કામ ચાલતું હોય ૧૭ તારીખથી કિસનાંડ ફાટક બંધ છે. અહીંથી પેસેન્જરોને સ્ટેશનનાં પ્લેટફોર્મ ઉપર આવવા ક્રોશીન ઉપર થઈ નીકળવાનો માર્ગ યોગ્ય બનાવ્યો નથી. મુસાફરો તકલીફમાં આવજા કરે છે.

# મોટી કોરલ ખાતે જરૂરિયાતમંદોને હાથલારી, સિલાઈ મશીનો, ટ્રાઈસીકલનું વિતરણ



(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૨૨

કરજણ તાલુકાના મોટી કોરલ ખાતે નોર્થ વેસ્ટ રિલીફ ટ્રસ્ટ યુ કે મસ્જિદે ઈરફાન અને મસ્જિદે હિદાયહ, મસ્જિદે તોહિદુલ ઈસ્લામ, મસ્જિદે અનવર, મસ્જિદે સાજીદીન, મસ્જિદે તકવા, મસ્જિદે અનિસુલ ઈસ્લામ, બેલ્કબર્ન યુ.કે.ના સૌજન્યથી તેમજ બાવા અરેબિયા ચેરિટેબલ ટ્રસ્ટ મોટીકોરલના ઉપક્રમે ગરીબ વર્ગના લોકોને નાત જાતનાં ભેદભાવ વિના જીવન નિર્વાહમાં ઉપયોગી વસ્તુઓનું વિતરણ કાર્યક્રમનું આયોજન મંગળવારે મોટીકોરલ મુકામે યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ગરીબ લાભાર્થી ઉપસ્થિત રહી લાભ લીધો હતો. આયોજિત કાર્યક્રમ યુ.કે.થી આવેલા યાકુબ ભાઈ પટેલ મનુબર વાલા, બ્લેકબર્ન/યાકુબ ભાઈ ઝીંગા, સિતપોણ પ્રેસર્ટન/રૂસ્તમ ભાઈ દેરોલવાલા, બ્લેકબર્ન/ શાહનવાઝ ખાન, એડવોકેટ વડોદરાનું અરેબિયા ચેરીટેબલ ટ્રસ્ટ મોટી કોરલનાં ટ્રસ્ટીઓ મેનેજીંગ ટ્રસ્ટી મુબારક ભાઈ આઈ પટેલ/પ્રમુખ મહંમદ હુસેન /ઉપ પ્રમુખ અશરફ ભાઈ રાજ/મંત્રી મહેબૂબ ભાઈ બેગ/ એ ઉપસ્થિત રહી ફુલહારથી સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત લાભાર્થીઓ ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરી સેવાઓ પ્રદાન કરાઈ હતી. આ પ્રસંગે ૫૦ જેટલી હાથ લારીઓ ૧૦ ટ્રાઈસીકલ પનું વિતરણ કર્યું હતું. બાવા અરેબિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી સમયે ૨૦મો સમૂહ શાદીનો કાર્યક્રમ ૨૮ માર્ચના રોજ મોટી કોરલ ખાતે યોજવા જઈ રહ્યાં છે.

# ચોક્કસ જ્ઞાતિ અને ધર્મના મતદારોના નામ યાદીમાંથી કમી કરવા મોટા પાયે ફોર્મ નં.૭ ભરાયા : કોંગ્રેસ

## પંચમહાલ કોંગ્રેસે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ચૂંટણી અધિકારીને પાઠવ્યું આવેદન



(સંવાદદાતા દ્વારા) ગોધરા, તા.૨૨

ગુજરાતમાં આગામી ચૂંટણીઓ પહેલા મતદારયાદી સુધારણા કાર્યક્રમ વિવાદોમાં ઘેરાયો છે. પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારીને એક ગંભીર આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. કોંગ્રેસનો આરોપ છે કે સત્તાધારી પક્ષ દ્વારા ચોક્કસ જ્ઞાતિ અને ધર્મના મતદારોના નામ યાદીમાંથી કમી કરવા માટે છેલ્લી ઘડીએ મોટાપાયે 'ફોર્મ નંબર-૭' ભરવામાં આવ્યા છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ જે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હતી, તેના છેલ્લા ત્રણ દિવસોમાં (૧૬, ૧૭ અને ૧૮ જાન્યુઆરી) અચાનક હજારોની સંખ્યામાં ફોર્મ નંબર-૭ (નામ કમી કરવા માટેના વાંધા ફોર્મ) રજૂ કરવામાં આવ્યા છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે આ એક સુનિયોજિત કાવતરું છે જેથી વિરોધ પક્ષના મતો ઘટાડી શકાય. મુખ્ય મુદ્દાઓ જે આવેદનમાં ઉઠાવાયા છે : ૧૬થી ૧૮ જાન્યુઆરી દરમિયાન જે કચેરીઓમાં જથ્થાબંધ ફોર્મ સ્વીકારવામાં આવ્યા છે, ત્યાંના CCTV ફૂટેજ જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. કાયદા મુજબ ફોર્મ-૭ સાથે જરૂરી પુરાવા (જેમ કે મૃત્યુનું પ્રમાણપત્ર અથવા રહેઠાણ બદલ્યાનો પુરાવો) હોવા ફરજિયાત છે, જેનું અહીં ઉલ્લંઘન થયું હોવાનો આરોપ છે. જે અધિકારીઓએ નિયમો વિરૂદ્ધ જઈને જથ્થાબંધ ફોર્મ સ્વીકાર્યા છે, તેમની સામે ફોજદારી પગલાં લેવાની માંગ કરવામાં આવી છે. જો ચૂંટણીપંચ દ્વારા આ બાબતે યોગ્ય તપાસ નહીં કરવામાં આવે, તો કોંગ્રેસ આગામી સમયમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની અને કોર્ટના દ્વાર ખખડાવવાની તૈયારી દર્શાવી છે. આ આવેદનપત્રમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ, ચેતનસિંહ પરમાર અને અન્ય આગેવાનોની સહીઓ છે. હવે ચૂંટણી પંચ આ ગંભીર આરોપો પર શું કાર્યવાહી કરે છે તેવું જોવું રહ્યું.

# દયાદરા ખાતે દારૂલ ઉલૂમ નુરે મોહમ્મદીના જલ્સ-એ-દસ્તારબંદી યોજાયો



(તસવીર : સૈયદ અમજદ, વાગરા)

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૨૨

ભરૂચ જિલ્લાના દયાદરા સ્થિત દારૂલ ઉલૂમ નુરે મોહમ્મદી ખાતે યોજાયેલ જલ્સ-એ-દસ્તારબંદી કાર્યક્રમમાં આલીમ,ફાઝીલ હાફિઝ,કારી સહિત ઈમામની ડીગ્રી પ્રાપ્ત કરનાર ૫૨ તલબાઓને સાદાત તેમજ ઉલેમાંઓના કર કમલોથી સનદ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે આસ્તાનાએ મૂહદ્દીષે આઝમે હિન્દ કિછોછા શરીફ (યુ.પી)ના નાયબ સજ્જાદા નશીન અલ્લામા વ મૌલાના સૈયદ નુરાનીમિયા અશરફીયુલ જીલાનીએ પોતાની આગવી શૈલી માં ખિતાબ ફરમાવ્યો હતો. તેઓએ ઈસ્લામમાં કુર્આન અને ઈલ્મની મહત્ત્વતા પર પ્રકાશ પાથર્યો હતો. ઉલ્લેખનીય છે કે દસ્તારબંદી કાર્યક્રમમાં ૨૨ હાફિઝ, ૧૨ ઈમામ,૧૦ કારી તેમજ ૮ આલીમ ફાઝીલ મળી કુલ બાવન તાલીબે ઈલ્મને સાદાત અને આલીમોના હસ્તે સનદ એનાયત કરવામાં આવી હતી. ૧૯૮૬થી હાલ ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન દારૂલ ઉલુમથી ૬૯૬ જેટલા છાત્રો ઈસ્લામી શિક્ષણ પ્રાપ્ત કરી ચૂક્યા છે. આ તબક્કે ખાનકાહે પંજતન પાક દયાદરાના હઝરત સૈયદ નુરાની બાવા તેમજ હઝરત સૈયદ ફરીદ બાવા ચિશતી સહિત અનેક મહાનુભાવો તેમજ છાત્રોના પરિજનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દુઆ તેમજ સલાતો સલામ સાથે જલસો સંપન્ન થયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા નાઝીમે આલા સલીમ ચિશતી સહિત દારૂલ ઉલુમ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# ભરૂચ ખાતે મહિલા પોલીસકર્મીના આપઘાતને પગલે પોલીસબેડામાં હડકંપ



(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૨

ભરૂચ પોલીસ હેડક્વાર્ટર ખાતે ફરજ બજાવતી મહિલા પોલીસકર્મીએ ગળેફાંસો લગાવી આપઘાત કરતા પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. મૂળ ભાવનગરની રહેવાસી અને ૨૭ વર્ષીય પ્રીતિ ઉદેસિંહ પરમાર નામની મહિલા પોલીસકર્મીએ પોતાના રૂમમાં પંખા સાથે લટકી જીવન લીલા સંકેલી હતી. ઘટનાની જાણ થતાં તાત્કાલિક પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પ્રાથમિક તપાસમાં આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજી સુધી બહાર આવ્યું નથી, જેના કારણે ઘટનાને લઈને અનેક તર્કવિતર્કો ચાલી રહ્યા છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી વધુ તપાસ શરૂ કરી છે. આપઘાત પાછળના કારણો જાણવા માટે સહકર્મીઓ તથા પરિવારજનોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. ઘટનાએ પોલીસ વિભાગને શોકમાં મૂક્યો છે.

## ટ્રસ્ટોએ કલેક્ટરને આવેદન આપી તપાસની માંગ કરી

# ગોધરામાં મતદાર યાદીમાં ગેરરીતિનો આક્ષેપ



(સંવાદદાતા દ્વારા) ગોધરા, તા.૨૨

ગોધરામાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપો સાથે તનઝીમુલ મુસ્લિમિન ઉલમા-એ-કિરામ ગોધરા અને વિવિધ ટ્રસ્ટોના પ્રતિનિધિઓએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર સુપરત કર્યું છે. આ આવેદનપત્ર ભારત સરકારના રાષ્ટ્રપતિને સંબોધીને રજૂ કરવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં ટ્રસ્ટોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, છેલ્લા કેટલાક દિવસોથી ગોધરા વિધાનસભાના કેટલાક વિસ્તારોમાં મતદારોની જાણ બહાર અને આધાર પુરાવા વિના ફોર્મ-૭ મારફતે નામ કમી કરવાની અરજીઓ કરવામાં આવી રહી છે. આ અરજીઓ BLO એપમાં પણ દેખાઈ રહી છે, જે દર્શાવે છે કે કોઈ અજાણી વ્યક્તિ દ્વારા ખોટી રીતે અને કાવતરાપૂર્વક આ અરજીઓ ભરવામાં આવી છે. આવા કૃત્યોને નાગરિકોના મતદાન અધિકાર છીનવી લેવાનો પ્રયાસ અને પારદર્શક SIR પ્રક્રિયાને કલંકિત કરવાનું કાવતરૂં ગણાવવામાં આવ્યું છે. સંસ્થાઓ દ્વારા માંગ કરવામાં આવી છે કે, મતદારોની જાણ બહાર ખોટી રીતે અરજીઓ કરનાર તત્વોની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ કાર્યવાહી કરી સંબંધિત વ્યક્તિઓ સામે FIR દાખલ કરવામાં આવે. આ ઉપરાંત, ફાઈનલ મતદાર યાદી જાહેર કરતા પહેલા ડ્રાફ્ટ યાદીની જેમ કમી કરવા યોગ્ય નામોની યાદી જાહેર કરી, સામાજિક અને રાજકીય આગેવાનો સાથે ફરીથી ચકાસણી કર્યા બાદ જ નામ કમી કરવામાં આવે તેવી પણ માંગ રજૂ કરવામાં આવી છે. ગોધરા વિધાનસભામાં આધાર પુરાવા વિના ભરાયેલા તમામ ફોર્મ-૭ રદ કરવામાં આવે તેવી સ્પષ્ટ માંગ સાથે આ આવેદનપત્ર સુપરત કરાયું હતું.

# ડીસા અને થરાદમાં ચોરીઓ કરનાર રીઢો ચોર ઝડપાયો



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૨

ડીસા રૂરલ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી ડીસા તથા થરાદ વિસ્તારમાં થયેલી અનેક ચોરીઓના ભેદ ઉકેલી એક રીઢા ચોરને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે ડીસા બનાસ નદીના પટ તરફના રસ્તા પર એક શંકાસ્પદ શખ્સ ચોરીનો મુદ્દામાલ વેચવા ઊભો છે. તાત્કાલિક કાર્યવાહી કરી પોલીસે હિતેશપુરી ઉર્ફે એક્શન બાબુપુરી ગૌસ્વામી (રહે. વંદના બંગ્લોઝ, ડીસા)ને ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન તેણે ગત તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ ભોયણ ગામે પાલનપુર હાઈવે નજીક ખુલ્લા ગોડાઉનમાંથી દરવાજા તથા ફુવારાની પાઈપ-વાલ્વ ચોરી કર્યાની કબૂલાત કરી હતી. ઉપરાંત, વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ડીસાની આકાશવિલા અને સુખદેવ નગર સોસાયટી તેમજ ૨૦૨૩માં થરાદ-વાવ હાઈવે નજીક એક મકાનમાં થયેલી ઘરફોડ ચોરી કબુલી છે. આરોપી પાસેથી પોલીસે સોનાની રણી તથા લોખંડના સામાન સહિત કુલ રૂ.૮૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી વિરૂદ્ધ બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ૨૦ ગુના નોંધાયેલા છે.

# ભરૂચ : પોલીસ ભરતીની દોડ પૂર્ણ કર્યા બાદ તબિયત લથડતાં યુવાનનું મોત



(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૨

ભરૂચ પોલીસ હેડક્વાર્ટર ખાતે ચાલી રહેલી પોલીસ ભરતી પ્રક્રિયા દરમિયાન દોડ પૂર્ણ કર્યા બાદ યુવાનની અચાનક તબિયત લથડી હતી જોકે યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. કચ્છના ૨૫ વર્ષીય રવિરાજ જાડેજા પોલીસ ભરતીની દોડ પૂર્ણ કર્યા બાદ અચાનક બેભાન થઈ ગયા હતા. તાત્કાલિક તેને પહેલા ભરૂચ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, ડોક્ટરોના તમામ પ્રયત્નો છતાં તેનું મોત નિપજયું હતું. મૃત્યુ બાદ યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં પોલીસ દ્વારા મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાથી ભરતી પ્રક્રિયામાં હાજર ઉમેદવારો તેમજ મૃતકના પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# ડીસાના બનાસપુલ પર ચાર વાહનો વચ્ચે અકસ્માત

## દૂધના ટેન્કરની ટક્કરથી શાળાએ જતાં ૪ વિદ્યાર્થી ઘાયલ

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૨૨

બનાસકાંઠાના ડીસા નજીક બનાસ નદીના બ્રિજ પર આજે (૨૨ જાન્યુઆરી) સવારે ચાર વાહન વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં દૂધના ટેન્કરે ઊભેલી બસને ટક્કર મારતાં અન્ય વાહનો પણ તેની ઝપેટમાં આવી ગયા હતા. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાની થઈ ન હતી. બ્રિજ પર સૌથી આગળ અમારી બસ ઊભી હતી, તેની પાછળ એક ઈકો અને ત્યાર પછી બીજી બસ ઊભી હતી. આ સમયે પાછળથીપૂરઝડપે આવી રહેલા દૂધના ટેક્રરે ઉભેલી બસને જોરદાર ટક્કર મારી હતી. ટેન્કરની ટક્કર એટલી પ્રચંડ હતી કે તેના કારણે એકસાથે ચારેય વાહનોને નુકસાન થયું હતું. અકસ્માતને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈકો, ૨ બસ અને ટેન્કર એકસાથે અથડાયાં હતા. આ દુર્ઘટનામાં ઈકો ગાડીમાં બેસી સ્કૂલે જતાં ચારથી વધુ વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને કારણે બનાસ નદીના બ્રિજ ઉપર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ ડીસા તાલુકા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે ટ્રાફિકને નિયંત્રિત કરી માર્ગ ખુલ્લો કરાવ્યો હતો અને અકસ્માત અંગે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

# મતદાર યાદીમાં ખુલ્લી છેડછાડ સામે અરવલ્લી કોંગ્રેસ દ્વારા કાર્યવાહી કરવા માંગ



(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૨

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા-૨૦૨૬ના નામે ચાલતી ખુલ્લી ગેરરીતિ અને લોકશાહી પર થતા હુમલા સામે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણભાઈ પટેલે જણાવ્યું છે કે છેલ્લી ઘડીએ તા.૧૬થી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન હજારોની સંખ્યામાં ફોર્મ નં.૭ જમા કરાવી ચોક્કસ વિસ્તારો અને ચોક્કસ વર્ગના સાચા મતદારોના નામ યાદીમાંથી કમી કરવાની સુનિયોજિત સાજિશ ચાલી રહી છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ અને નોંધણી નિયમો, ૧૯૬૦ની સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં રાજકીય દબાણ હેઠળ આ ફોર્મો જથ્થાબંધ સ્વીકારવામાં આવ્યા હોવાના ગંભીર સંકેતો મળી રહ્યા છે. અરવલ્લી કોંગ્રેસે જણાવ્યું છે કે આ મતદાર યાદીમાં છેડછાડ એટલે લોકશાહીની હત્યા છે અને કોંગ્રેસ આ અન્યાયને કોઈપણ કિંમતે સહન કરશે નહીં.

આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે કે છેલ્લાં દિવસોમાં સ્વીકારાયેલા તમામ ફોર્મ નં.૭ની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, સંબંધિત કચેરીઓના CCTV ફૂટેજ ચકાસવામાં આવે, જવાબદાર અધિકારીઓ તથા દોષિત લોકો સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવે અને તમામ ગેરકાયદેસર વાંધાઓ રદ કરી સાચા મતદારોના નામ યથાવત્ રાખવામાં આવે.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિએ ચેતવણી આપી છે કે જો વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક પગલા નહીં લેવામાં આવે તો કોંગ્રેસ ગાંધીચિંધ્યા માર્ગે રસ્તા પર ઉતરી ઉગ્ર આંદોલન કરશે અને જરૂર પડયે કોર્ટના દ્વાર ખખડાવશે. ગુજરાતના મતદારોના મતાધિકારની રક્ષા માટે કોંગ્રેસ અંતિમ શ્વાસ સુધી લડત આપશે. આ પ્રસંગે પ્રમુખ અરૂણભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય જશુભાઇ પટેલ, રાજેન્દ્રસિંહ ઠાકોર, રાહુલભાઈ, સલીમભાઈ, ખાલકભાઈ, જગતસિંહ ઠાકોર, આશુતોષ રાઠોડ, ઉસ્માન ગની શેખ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરામાં SIRની કામગીરીમાં ફોર્મ નં.૭ના બહાને ભારે ફ્રોડ થયાના આક્ષેપ સાથે કોંગ્રેસનો હોબાળો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૨

ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં મતદાર યાદી સુધારણા અંગે એસઆઈઆરની કામગીરી અંગે બીએલઓ દ્વારા વડોદરામાં થયેલી કામગીરી બાદ ફોર્મ નં.૭ના થયેલા દુરૂપયોગ બાબતે કોંગ્રેસ દ્વારા કલેક્ટર કચેરીએ ભારે સૂત્રોચ્ચાર કરીને કલેકટર કચેરીએ ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, મતદાર યાદી સુધારણા એસઆઈઆર અંગે બીએલઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારબાદ જેમના નામ મતદાર યાદીમાં ન હોય એ માટે ફોર્મ નં.૭ નામ કમી થયા બાબતે ભરવામાં આવે છે. આ અંગે શહેર કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ફોર્મ નં.૭ના બહાને ફ્રોડ થઈ રહ્યો હોવાના આક્ષેપો શરૂ કર્યા હતા. વડોદરા જિલ્લા કલેકટર કચેરીએ મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો સહિત શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશી, પાલિકા વિરોધ પક્ષના ચંદ્રકાંત ભથ્થુ, મહિલા કોર્પોરેટર અમી રાવત તથા જશપાલ પઢીયાર સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરોએ જિલ્લા કલેકટર કચેરી સંકુલ ફોર્મ નં.૭ના ફ્રોડના નારાથી ગજાવી ભારે વિરોધ સાથે કલેક્ટર કચેરીએ ઉગ્ર રજૂઆતો કરી હતી.

# અંકલેશ્વર માનવ જન કલ્યાણ પર્યાવરણ ટ્રસ્ટ અને યુકેના દાતા પંચોલી પરિવારનો સેવાયજ્ઞ, ધાબળા અને ચીકીનું કર્યું વિતરણ



અંકલેશ્વર રામકુમ અને જીઆઈડીસી સ્થિત શ્રી પશુપતિનાથ મહાદેવ મંદિર પાસે અલગઅલગ જગ્યાએ માનવ જન કલ્યાણ પર્યાવરણ ટ્રસ્ટ અને યુકેના દાતા પંચોલી પરિવારે સંયુક્ત રીતે મકરસંક્રાંતિના અવસરે જરૂરિયાતમંદ લોકોને ઠંડી સામે રક્ષણ મળી રહે તે માટે ધાબળા વિતરણ કરીને હૂંફ આપવામાં આવી હતી, જ્યારે ચીકીનું પણ નિઃશુલ્ક વિતરણ કરીને ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. આ પ્રસંગે માનવ જન કલ્યાણ પર્યાવરણ ટ્રસ્ટ પ્રમુખ શૈલેષ પ્રજાપતિ, યોગેશ જોષી, રિદ્ધિ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહીને સેવાની સુવાસ પ્રસરાવી હતી. (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

## મતદાર યાદીમાં ફોર્મ.૭ દ્વારા ખોટી માહિતી આપી નામ કમી કરાવવા અંગે

# બનાસકાંઠા જમિયત ઉલ્મા દ્વારા કલેક્ટરને ફરિયાદ દાખલ કરવા આવેદનપત્ર સુપરત



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૨

જમિયત ઉલમા બનાસકાંઠા જિલ્લા બોડીની એક હંગામી મીટિંગ યોજાઈ હતી. તે મીટિંગ સભ્યોના નિર્ણય મુજબ મિહિર પટેલ જિલ્લા કલેકટર, પાલનપુરને રૂબરૂ રજૂઆત કરી જણાવ્યું કે, એસ.આર.આઇ.ની પાર દર્શિત કામગીરી ને ઉપરવટ જઈ ફોર્મ ૭ ભરી મતદારયાદીમાંથી નામ કમી કરવા માટે ખોટા આધાર પુરાવા રજૂ કરી વાંધો ઉપાડી હકદાર નાગરિકનો હક છીનવી ગુનાહિત કૃત્ય આચરવાનો પ્રયાસ કર્યો છે. આવા ષડયંત્ર યોજનાર ઉપર સખ્તમાં સખ્ત કાનૂની કાર્યવહી કરી તેમના ઉપર એફ.આઇ.આર. દાખલ કરવા ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત બનાસકાંઠા,ન પાલનપુર ડીસા વડગામ દાંતા ધાનેરામાં પણ આવી ફરિયાદો જોવા મળેલ છે તે અંગે મુખ્ય નિર્વાચન અધિકારી ઈલેકશન ડિવિઝન, ગાંધીનગરને પણ લેખિત રજૂઆત કરવામાં આવી હતી જે અંગે વહેલી તકે નિણર્ય નહિ લેવાય તો હાઈકોર્ટેના દ્વાર ખટખટાવવા પડશે. જાણવા મળ્યું છે કે જયારે બી.એલ.ઓ ઘરે ઘર ત્રણ વખત જઈ સર્વે કરી ચકાસણી કરી ફોર્મ ભર્યું હોય તે પછી નામ કમી થતાં હોય તો તે ગંભીર બાબત છે. આવા કૃત્યથી લોકશાહી નાગરિકતા ઉપર હૂમલો છે તે અંગે ગુજરાત ભરના લોકોમાં રોષ અને ગુસ્સાની ભાવના જોવા મળેલ છે. આજના પ્રતિનિધિ મંડળમાં જિલ્લા જમિયતના જનરલ સેક્રેટરી, અતિકુર રેહમાન કુરેશી, મોલવી ફારૂક અલીગંજપુરા,મોલવી ઉમરલાલ બાવલચૂડી,મોલવી નઝીર કાલેડા જાબીર ભાઈ જુણકીયા, મોલવી કમરૂદ્દીન હસનપુર, મોલવી અસદ ઉમતિયા દાંતા, મોલવી અબ્બાસ પુંજપુર, મોલવી અબ્બાસ રતનપુર, મોલવી અબુબકર મુમનવાસ, નફિસભાઈ મુખી કાલેડા, અબ્દુલહક ભાઈ ચોઇસ અલીગંજપુરા, આરીફભાઈ સલાટ પાલનપુર, મોલવી આસિફ પાલનપુર, મોલવી અબૂલહસન ઓર્ગેનાઈઝર, વગેરે ઉપસ્થત રહી વિરોધ વ્યકત કર્યો હતો.

# અરણ્યાના બુટલેગરને પાસામાં ધકેલતી ડભોઈ પોલીસ

ડભોઈ, તા.૨૨

જિલ્લા પોલીસ વડાની સૂચના મુજબ ડભોઇ વિભાગના પોલીસ વડા આકાશ પટેલના માર્ગદર્શન હેઠળ ઓપરેશન પરાક્રમ અંતર્ગત પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરાવી જિલ્લા કલેક્ટર તરફે મોકલી આપેલ જે મંજૂર થઈને આવેલ જેના વોરંટની બજવણી કરવા ડભોઈના પી.આઇ. એમ.જે. ચાવડાની ટીમે ડભોઈના અરણ્યાના દિનેશ ઉર્ફે પકો શનાભાઇ બારિયાને ૧૪-૧૨-૨૦૨૫ના રોજના મકાનમાંથી ભારતીય બનાવટનો વિદેશી શરાબનો જથ્થો ઝડપી પાડેલ જે બાદ પોલીસ દ્વારા પાસાના કાયદાનો કોરડો વિંઝાયો હતો રાજકીય રીતે તાકાત વર મનાતા અને અરણ્યાના માજી સરપંચ સામે જે રીતે વોરંટની બજવણી ડભોઇના પી.આઇ એમ.જે. ચાવડાની ટીમ દ્વારા વોરંટની બજવણી કરી પાલારા (ભૂજ) ખાતે મોકલી આપેલ છે.

### હાઈકોર્ટમાં માત્ર અંગ્રેજીમાં જ દલીલો કરી શકાશે : મહત્ત્વનો ચુકાદો

# હાઈકોર્ટમાં પત્રકાર તરીકે પોતાની રજૂઆતો ગુજરાતીમાં કરવા અંગેની અરજી ફગાવાઈ

## લીગલ સમિતિએ અસમર્થતા જાહેર કરતાં હાઈકોર્ટમાં તેને પડકારાયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા પક્ષકાર તરીકે જાતે દલીલ કરવા માંગતા (પાર્ટી-ઈન-પર્સન) એક વ્યક્તિની અરજી ફગાવી દીધી છે. અરજદારે હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટી (HCLS) દ્વારા આપવામાં આવેલા 'અસમર્થતા' (Incompetent)ના પ્રમાણપત્રને પડકાર્યું હતું. કમિટીએ અરજદારને અંગ્રેજી ભાષામાં નબળા હોવાને કારણે કોર્ટ સમક્ષ દલીલો કરવા માટે અસમર્થ જાહેર કર્યા હતા. અરજદારે હાઈકોર્ટમાં પોતાની રજૂઆત જાતે કરવા માટે પરવાનગી માંગી હતી. જોકે, હાઈકોર્ટની નિયુક્ત કમિટીએ તેમનું નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યું હતું કે અરજદાર માત્ર ૧૦મું પાસ છે અને તેઓ અંગ્રેજી ભાષા સમજવામાં કે તેમાં પોતાના વિચારો વ્યક્ત કરવામાં સક્ષમ નથી. કમિટીના મતે, અરજદાર પાસે કેસની હકીકતોને અંગ્રેજીમાં સમજાવવાની સ્પષ્ટતા ન હોવાથી તેઓ કોર્ટને સહાય કરવા માટે સક્ષમ નથી. અરજદારે આ પ્રમાણપત્રને પડકારતા દલીલ કરી હતી કે હાઈકોર્ટમાં માત્ર અંગ્રેજી ભાષાનો જ આગ્રહ રાખવો તે તેમના અધિકારોનું ઉલ્લંઘન છે અને તેમને માતૃભાષા ગુજરાતીમાં દલીલો કરવાની છૂટ મળવી જોઈએ. જસ્ટિસ અનિરૂદ્ધ પી. માયીની અદાલતે આ મામલે સુનાવણી કરતા જણાવ્યું હતું કે કમિટીના પ્રમાણપત્રમાં કોઈ ખામી જણાતી નથી. કોર્ટે વર્ષ ૨૦૧૫ના 'મનીષ કનૈયાલાલ ગુપ્તા' વિરૂદ્ધ ગુજરાત રાજ્યના કેસનો સંદર્ભ આપ્યો હતો, જેમાં સ્પષ્ટપણે ઠેરવવામાં આવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટની સત્તાવાર ભાષા અંગ્રેજી છે, તેથી કેસની રજૂઆત માત્ર અંગ્રેજીમાં જ થવી જોઈએ. કોઈપણ પક્ષકાર ત્યારે જ જાતે દલીલ કરી શકે જ્યારે કમિટી તેને અંગ્રેજીમાં સમજવા અને રજૂઆત કરવા માટે સક્ષમ હોવાનું પ્રમાણપત્ર આપે. અંગ્રેજી સિવાય અન્ય કોઈપણ ભાષામાં હાઈકોર્ટને સંબોધિત કરવાની પરવાનગી આપી શકાય નહીં. હાઈકોર્ટના પક્ષે દલીલ કરવામાં આવી હતી કે અરજદાર ગુજરાતીમાં દલીલ કરવા માટે આગ્રહ ન કરી શકે, કારણ કે કોર્ટની કાર્યવાહી સમજવા માટે પણ તેમને દુભાષિયા (Interpreter)ની જરૂર પડે તેમ છે. હાઈકોર્ટે નોંધ્યું કે અરજદારને કાયદાકીય સહાય પૂરી પાડવા માટે હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટી દ્વારા પહેલેથી જ વકીલની નિમણૂક કરવામાં આવી છે, જેઓ તેમના વતી દલીલો કરી શકે છે. અંતે, અદાલતે આ અરજીમાં કોઈ મેરિટ ન હોવાનું જણાવીને તેને ફગાવી દીધી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે બંધારણીય જોગવાઈઓ મુજબ હાઈકોર્ટની કાર્યવાહી અંગ્રેજીમાં જ ચાલશે.

# બોપલમાં સીડી ચઢતી વખતે મહિલા પર શ્વાને કર્યો હુમલો

## મહિલા ઈજાગ્રસ્ત થતાં સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરના બોપલ વિસ્તારમાં આવેલા કાવેરી સંગમ ફ્લેટ્સમાં મહિલા પર થયેલા શ્વાનના હુમલા મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) અને બોપલ પોલીસે સંયુક્ત રીતે કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે. આ મામલે શ્વાન માલિકની બેદરકારી બદલ તેમની સામે પોલીસ ગુનો નોંધવામાં આવ્યો છે. સાથે જ શ્વાનને જપ્ત કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત ૨૦ જાન્યુઆરીના રોજ બપોરના સમયે કાવેરી સંગમ એપાર્ટમેન્ટમાં રહેતા હીનાબેન પટેલ જ્યારે પોતાના ફ્લેટની સીડીઓ ચઢી રહ્યા હતા, ત્યારે આ ઘટના બની હતી. સોસાયટીના જ અન્ય એક ફ્લેટમાં રહેતો પરિવાર પોતાના પાલતુ શ્વાનને નીચે લઈ જઈ રહ્યો હતો, ત્યારે અચાનક શ્વાને હીનાબેન પર હિંસક હુમલો કર્યો હતો. આ હુમલામાં હીનાબેન ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની ગંભીરતાને જોતા ગુરૂવારે AMCના CNCD વિભાગની ટીમ, જેમાં વેટરનરી ડોક્ટર, સેનિટરી ઈન્સ્પેક્ટર અને ડોગ કેચરનો સમાવેશ થતો હતો, તેમણે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, હુમલો કરનાર સફેદ લેબ્રાડોર શ્વાન શિવમ ભરતકુમાર સુથારના નામે નોંધાયેલો છે. આ શ્વાનનું રજિસ્ટ્રેશન ૨૬ મેના રોજ AMCમાં કરવામાં આવ્યું હતું અને તેને જરૂરી તમામ રસી (Vaccination) પણ આપવામાં આવી છે.

શ્વાન રજિસ્ટર્ડ હોવા છતાં, અધિકારીઓએ નોંધ્યું કે, જ્યારે માલિકની દીકરી શ્વાનને સીડી પરથી નીચે લઈ જતી હતી, ત્યારે તેને યોગ્ય રીતે કાબૂમાં રાખવામાં આવ્યો નહોતો. આ પ્રકારની બેદરકારીને કારણે જાહેર જગ્યાએ અન્યના જીવને જોખમમાં મૂકવા બદલ AMCના અધિકારીઓએ બોપલ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન ફરિયાદ દાખલ કરી છે.

ભોગ બનનાર મહિલાના પતિ જશવંતકુમાર પટેલે પણ બોપલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, આ શ્વાન અગાઉ પણ અનેકવાર આક્રમક વર્તન કરી ચૂક્યો છે, જેના કારણે સોસાયટીના બાળકો અને વડીલોમાં સતત ડરનો માહોલ રહે છે. ઘટના સમયે જશવંતકુમાર વતનમાં હોવાથી તેમણે મેડિકલ રિપોર્ટ અને સીસીટીવી ફૂટેજ સાથેની અરજી પોલીસને મોકલી આપી હતી. આ બંને ફરિયાદોના આધારે બોપલ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભવિષ્યમાં આવી કોઈ ઘટનાનું પુનરાવર્તન ન થાય અને અન્ય રહીશોની સુરક્ષા જળવાઈ રહે તે માટે, AMCએ લેબ્રાડોર શ્વાનને તેના માલિક પાસેથી જપ્ત કરી લીધો છે. હાલમાં આ શ્વાનને કોર્પોરેશનના ડોગ શેલ્ટર હોમમાં રાખવામાં આવ્યો છે. પોલીસ અને કોર્પોરેશન સંયુક્ત રીતે માલિક સામે કાયદાકીય પ્રક્રિયા ચલાવી રહ્યા છે.

# સુપ્રીમકોર્ટે સરકારને ઠપકાર્યા બાદ પણ સુધરતા નથી : રખડતાં શ્વાનોના ત્રાસને નિયંત્રણમાં લેવા તંત્ર નિષ્ફળ ?



અમદાવાદના લાલદરવાજા વિસ્તારમાં આવેલા સરદારબાગમાં રખડતાં કૂતરાઓની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. ગાર્ડનમાં સવારના સમયે વોકિંગ માટે આવતા નાગરિકો તેમજ સાંજના સમયે રમવા આવતા બાળકો પર કૂતરાઓ હુમલા કરી રહ્યા હોવાના બનાવો સામે આવી રહ્યા છે. આ કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. સ્થાનિકોનું કહેવું છે કે, વહેલી તકે યોગ્ય પગલાં નહી લેવાય તો અકસ્માતની ઘટનાઓ વધવાની શકયતા છે તેથી તંત્રએ તાત્કાલિક ધ્યાન આપી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી બની છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ત્રણથી ચાર લોકોને શ્વાનો કરડયા છે.

### ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન પાસે યુવકની હત્યા

# એક દિવસની અદાવતે MD ડ્રગ્સના નશામાં યુવકની હત્યા કરાઈ હોવાનો આક્ષેપ

## પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

અમદાવાદમાં બુધવારની રાત્રીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન અને ક્રાઈમ બ્રાન્ચ કચેરીથી ૧૦૦ મીટરના અંતરે આકાશ ઓડ નામના યુવકની છરીના ઘા મારી હત્યા કરાઈ હતી. મોડીરાતે બે યુવકો વચ્ચે થયેલી બોલાચાલી બાદ સમાધાન થયું હતું. જો કે, તેની અદાવત રાખીને બીજા જ દિવસે યુવકની હત્યા કરાઈ છે.

ગાયકવાડ હવેલી પોલીસે આ કેસમાં ત્રણ આરોપીની ધરપકડ કરી છે અને મૃતદેહ પીએમ માટે સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવ્યો છે. મૃતકની હત્યા BGMI ગેમ બાબતે નહીં પણ એક દિવસની અદાવતમાં MD ડ્રગ્સના નશામાં હત્યા કરવામાં આવી હોવાનો મૃતકના ભાઈએ આક્ષેપ કર્યો છે.

બે દિવસ પહેલાં આરોપી BGMI (બેટલ ગ્રાઉન્ડ મોબાઈલ ઈન્ડિયા) રમી રહ્યો હતો ત્યારે મૃતક યુવક સાથે તેને બોલાચાલી થઈ હતી, જેની અદાવત રાખીને આ હત્યા કરાઈ હોવાની વિગતો મળી હતી. પરિવારજને જણાવ્યું હતું કે, મારા ભાઈને ન્યાય મળવો જોઈએ તેવી અમારી માંગણી છે. મિત રાઠોડ સહિત ૫ લોકોએ માર માર્યો હતો. ગેમ બાબતે કોઈ હત્યા થઈ નથી, માત્ર એક જ દિવસની અદાવતમાં હુમલો કરીને હત્યા કરી દેવામાં આવી હતી. MD ડ્રગ્સના નશામાં હત્યા કરવામાં આવી છે. ગાડી લઈને ઊભો રહ્યો ત્યારે અન્ય કેટલાક લોકોએ બોલાચાલી કરી હતી. આજીવન કેદની સજા થાય તેવી અમારી માંગણી છે. બીજી વખતે જો કોઈ માણસો બોલાવીને આવશે તો અમે ક્યાં જઈશું?

જમાલપુર પીરભાઈ ધોબીની ચાલીના મકાન નંબર ૩માં રહેતા જયેશ બાબુભાઈ ઓડે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં પાડોશમાં રહેતા લાલો રાઠોડ અને તેના મિત્રો વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, મંગળવારના દિવસે આકાશ અને તેના પાડોશમાં રહેતા લાલા રાઠોડ સાથે ગાળ બોલવાની બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. બોલાચાલી બાદ આકાશ અને લાલાના કોમન મિત્રોએ ભેગા થઈને બન્નેનું સમાધાન કરાવી દીધું હતું. લાલાએ આકાશ સાથે નામ પૂરતું જ સમાધાન કર્યું હતું અને તે તેનું ઢીમ ઢાળી દેવાની ફિરાકમાં હતો. લાલાએ તેના મિત્રો સાથે મળીને આકાશની રેકી કરી હતી. ગઈકાલે આકાશ નોકરી પરથી આવી રહ્યો હતો ત્યારે લાલાએ તેના સાગરીતો સાથે મળીને હુમલો કરી દીધો હતો. લાલા અને તેના સાગરીતોએ આકાશ પર ઉપરાછાપરી છરીના ઘા ઝીંકી દીધા હતા, જ્યા તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. હત્યા કર્યા બાદ આરોપીઓ નાસી ગયા હતા. લાલાએ તેના સાગરીત સાથે મળીને એટલા છરીઓના ઘા ઝીંક્યા કે આકાશના પેટનાં આંતરડાં બહાર આવી ગયાં હતાં. માથાના તેમજ શરીરના અલગ અલગ ભાગમાં છરીઓના ઘા ઝીંકી દીધા હતા. પોલીસે આ ગુનામાં સામેલ ત્રણ આરોપીઓની ધરપકડ કરીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પકડાયેલા આરોપીઓમાં મીત ઉર્ફે લાલો રમેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૦, રહે. બહેરામપુરા, અમદાવાદ), શાહિદ અમજદખાન પઠાણ (ઉ.વ.૨૧, રહે. દાણીલીમડા અમદાવાદ) અને સોહિલ ઈદ્રીશભાઈ નિરાશી (ઉ.વ.૧૯, રહે. દાણીલીમડા અમદાવાદ)નો સમાવેશ થાય છે.

જયેશ ઓડે આ મામલે જણાવ્યું હતું કે લાલો તેમજ તેના સાગરીતો ક્રાઈમ બ્રાંચની કચેરીની પાસે બર્ગમેન લઈને વોચમાં ઊભા હતા. આકાશ તેના બે મિત્રો સાથે નોકરીથી પરત ઘરે આવી રહ્યો હતો. આકાશ બાઈક ઉપર બે મિત્રોની વચ્ચે બેઠો હતો. આકાશ ક્રાઈમ બ્રાંચની કચેરીથી પસાર થયો ત્યારે લાલાએ સાગરીતો સાથે બર્ગમેન ચલાવ્યું હતું. લાલાએ તેનું બર્ગમેન બાઈક સાથે અથડાવ્યું હતું. લાલાને જોઈને આકાશ ભાગવા ગયો હતો અને રિક્ષાઓ પાસે પહોંચી ગયો હતો. લાલાએ તેના સાગરીતો સાથે મળીને ઉપરાછાપરી આકાશને છરીઓના ઘા ઝીંકી દીધા હતા.



આ હત્યાની ઘટનાના વિરોધમાં મૃતકના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશને પહોંચી હતી. રોષે ભરાયેલા લોકોએ આરોપીઓને કડક સજા કરવાની માંગ સાથે પોલીસ સ્ટેશનની બહારનો મુખ્ય રસ્તો બ્લોક કરી દીધો હતો. સ્થિતિને થાળે પાડવા માટે પોલીસના ઉચ્ચ અધિકારી ઘટના સ્થળે પહોંચ્યા હતા અને પરિવારને સમજાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

### પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીના રોજ

# હોમગાર્ડ્ઝ-બોર્ડર વિંગ સહિતના ૪૩ જવાનોને રાજ્યપાલ-CMના ચંદ્રકો અપાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૨

ડાયરેકટર જનરલ, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડઝ-ગુજરાતના નિયંત્રણ હેઠળ હોમગાર્ડઝ-બોર્ડર વિંગ હોમગાર્ડઝ, નાગરિક સંરક્ષણ તેમજ ગ્રામરક્ષક દળ માટે કુલ ૪૩ અધિકારી-સભ્યોની સુદીર્ઘ, પ્રસંશનીય તેમજ વિશિષ્ટ સેવા બદલ તેઓની રાજયપાલના ચંદ્રકો તેમજ મુખ્યમંત્રીના ચંદ્રકો માટે પસંદગી કરાઈ છે. જેમાં ૨૫ હોમગાર્ડઝ, ૦૩ બોર્ડર વિંગ હોમગાર્ડઝ, ૦૫ નાગરિક સંરક્ષણ અને ૧૦ ગ્રામ રક્ષક દળ-સાગર રક્ષક દળના અધિકારી સભ્યોનો સમાવેશ થાય છે. રાજયપાલ ચંદ્રક માટે સભ્યોના નામોની યાદીમાં એક માત્ર ગ્રામ રક્ષક દળ સાગર રક્ષક દળના ગીર સોમનાથ જિલ્લાના વજીરભાઈ ઉમરભાઈ બ્લોચ, (જી.આર.ડી. સભ્ય)ની પસંદગી થઈ છે. જયારે મુખ્યમંત્રીના ચંદ્રક માટે હોમગાર્ડઝના ૨૫ સહિત વિવિધ દળના કુલ ૪૨ની પસંદગી થઈ છે.

# રાજ્યની સ્કૂલોમાં ૮ માર્ચ સુધી સ્વચ્છતા-મરામતની કામગીરી કરવા આદેશ

## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર કરી કાર્યવાહી કરવા માટે તાકીદ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

રાજ્યની તમામ સ્કૂલોમાં સ્વચ્છતાને લઈ ૮ માર્ચ સુધીમાં તમામ કામગીરી પુર્ણ કરવા માટે આદેશ કરાયો છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો છે. જે અનુસાર, સ્કૂલોની સ્વચ્છતા અંગેની જાળવણી અને મરામતની કામગીરી પુર્ણ કરવા તાકીદ કરાઈ છે. રાજ્યની પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તમામ DEO, DPEO અને શાસનાધિકારીને ઉદ્દેશીને પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયુંછે કે, શિક્ષણ વિભાગની સુચના મુજબ તાજેતરમાં મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મળેલી સૂચના અનુસાર ૮ માર્ચ, ૨૦૨૬ સુધીમાં શાળાઓના સ્વચ્છતા સંકુલોની જાળવણી અને સ્વચ્છતા અંગેની કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. જેથી જિલ્લાના DEO, DPEO તથા શાસનાધિકારીના તાબા હેઠળ આવતી તમામ તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સ્વચ્છતા સંકુલોની મરામત અને સ્વચ્છતા જાળવણી જેવી આનુષાંગિક તમામ કામગીરી ૮ માર્ચ સુધીમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવાયું છે. પરિપત્રમાં એમ પણ જણાવાયું છે કે, આ કામગીરી માટે જરૂરી મુદ્દાઓના આધારે કાર્યવાહી કરવાની રહેશે. જેમાં તમામ સ્વચ્છતા સંકુલોની નિયમિત સફાઈ સુનિશ્ચિત કરવાની રહેશે. આ ઉપરાંત, તમામ સ્વચ્છતા સંકુલોમાં પાણીની સુવિધા સુનિશ્ચિત કરવી, તમામ સ્વચ્છતા સંકુલોના દરવાજા બંધ કરી શકાય તેવા હોય તે સુનિશ્ચિત કરવું, તમામ સ્વચ્છતા સંકુલો આસપાસ ઝાડી- ઝાંખરા કે ગંદકી ન હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સ્વચ્છતા સંકુલોમાં મરામતની જરૂરિયાત હોય તો તે પૂર્ણ કરવા માટે પણ જિલ્લાઓમાં સૂચના આપવામાં આવી છે. રાજયમાં આવેલી શાળાઓ પૈકી જો શાળાને સ્કૂલ કંપોઝિટ ગ્રાન્ટ મળતી હોય તો તેનો નિયમોનુસાર ઉપયોગ કરવો અન્યથા શાળાએ પોતાના ભંડોળનો ઉપયોગ કરી કામગીરી પૂર્ણ કરવાની રહેશે તેવી સૂચના અપાઈ છે. તમામ સ્વચ્છતા સંકુલોમાં પાણીના નળ, ઈલેક્ટ્રીક વાયરો કે બારી-બારણાં જોખમ રહિત હોય તે સુનિશ્ચિત કરવા અને સ્વચ્છતા સંકુલોની મરામત અને સ્વચ્છતા જાળવણી અને તે સંબંધે આનુષાંગિક અન્ય તમામ કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

### મુંબઈમાં હ્યુમન ટ્રાફિકિંગ ગેંગની ચૂંગાલમાં ફસાયેલી બાળકીને ક્રાઈમ બ્રાન્ચે છોડાવી

# ૧૨ વર્ષથી ગુમ થયેલી દાણીલીમડાની બાળકી શોધી પરિવારને સુપરત કરાઈ

## ભીક્ષાવૃત્તિ કરતા બાળકોના રેસ્ક્યુમાં પોલીસે શોધી કાઢી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે ૧૨ વર્ષ પહેલા દાણીલીમડામાંથી ગુમ થયેલી એક બાળકીને શોધી તેના પરિવાર સાથે તેનું મિલન કરાવ્યું હતું. હ્યુમન ટ્રાફિકિંગ ગેંગની ચૂંગાલમાં આવી ગયેલી આ બાળકીને શોધવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાંચ છેક મુંબઈ પણ પહોંચી હતી. અમદાવાદ શહેરને ભિક્ષુકમુક્ત બનાવવા માટે ખાસ કવાયત ચાલી રહી છે. જેને પગલે ખુદ પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ ભિક્ષાવૃત્તિ કરતા બાળકોનું રેસ્ક્યૂ કરીને તેમને યોગ્ય રીતે રહેવાની અને ભણવાની વ્યવસ્થા કરી આપવામાં આવી રહી છે ત્યારે ક્રાઈમબ્રાંચના જેસીપી શરદ સિંગલ અને ડીસીપી અજીત રાજીયાનના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. ગઢવીની આગેવાનીમાં ખાસ ટીમ રચવામાં આવી હતી. આ ટીમ દ્વારા હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે લાંબા સમયથી ગુમ થયેલા બાળકોને શોધવા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ભિક્ષાવૃત્તિ, દેહવેપાર, ઓર્ગન ટ્રાફિકિંગ તથા જાતીય શોષણ જેવી ગંભીર બાબતોને ધ્યાનમાં રાખી વિવિધ દિશામાં તપાસ કરવામાં આવી ત્યારે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ૧૨ વર્ષ પહેલા એક બાળકી ગુમ થઈ હોવાની ફરિયાદની પણ તપાસ કરવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે હાલ આ બાળકી મુંબઈમાં છે અને તે હ્યુમન ટ્રાફિકિંગ કરતી ગેંગની ચૂંગાલમાં ફસાઈ છે. જેને પગલે પોલીસે મુંબઈ સુધી તપાસ કરી હતી.ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આખરે ૧૨ વર્ષ બાદ ગુમ થયેલી બાળકી શોધી કાઢવામાં આવી ગેંગની ચૂંગલમાંથી બાળકીને પોલીસ છોડાવી તેનો કબજો લઈ આવી હતી અને તેના પરિવાર સાથે બાળકીનું મિલન કરાવતા પરિવારજનો આનંદવિભોર થઈ ગયા હતા.

### અવસાન નોંધ

શકિતસિંહ ગોહિલના ભત્રીજા યશકુમાર તથા યશકુમારની પત્ની રાજેશ્વરીબા (ભાગ્યશ્રીબા)ના દુઃખદ અવસાનના કારણે મુ. લીમડા (હનુભાના) તા. ઉમરાળા, જિ. ભાવનગર ખાતે તા.૨૩/૨૪/૨૫/૨૬, શુક્રવારથી સોમવાર સવારે ૧૦-૦૦થી ૧-૦૦ તથા સાંજે ૪-૦૦થી ૬-૦૦ સુધી બેસણું રહેશે. તેમ ગુજરાત કોંગ્રેસના પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું છે.

# વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત અને માર્ગદર્શિત કરવા સુંદર કાર્યક્રમ યોજાયો



અમદાવાદ, તા.૨૨

લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ સિટી દ્વારા કન્યાઓના ચારિત્ર્ય ઘડતર, સફળ ભવિષ્ય નિર્માણ તથા એબ્યુઝથી સુરક્ષા અંગે એક મહત્વપૂર્ણ અને સફળ ક્વેસ્ટ કાર્યક્રમ ગાંધીનગર સ્થિત પ્રખ્યાત ગોપાલક કન્યા શાળા ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદના સામાજિક કાર્યો સાથે સંકળાયેલા જાણીતા બિઝનેસમેન નઈમ તિરમીઝીને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં નઈમ તિરમીઝીએ કન્યાઓના શિક્ષણ, વ્યક્તિત્વ ઘડતર અને નૈતિક મૂલ્યોના મહત્ત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. સાથે જ તેમણે હાજર રહેલી વિદ્યાર્થિનીઓને પોતાને સુરક્ષિત રાખવા, સારા અને ખરાબ સ્પર્શની ઓળખ કરવા તથા કોઈપણ અસહજ પરિસ્થિતિમાં તરત જ યોગ્ય વ્યક્તિ અથવા સત્તાધિકારીને જાણ કરવાની સમજ આપીને જાગૃતિ ફેલાવી હતી. આ પ્રસંગે સેંકડો વિદ્યાર્થિનીઓને તેમના માટે તેમજ તેમના વાલીઓ માટે માર્ગદર્શનરૂપ બને તેવી સુરક્ષા સૂચનાઓ અને કન્યા ઘડતર વિષયક માહિતી ધરાવતા બે પુસ્તકોના સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. મીનાબેન વ્યાસ પટેલ, ડિસ્ટ્રીક્ટ ચેરમેન દીપકભાઈ રાવલ, લાયન્સ ક્લબ અમદાવાદ સિટીના પ્રેસિડેન્ટ ડૉ. બીનાબેન પટેલ, ડિસ્ટ્રીક્ટ ચેરમેન (કલ્ચરલ ઈવેન્ટ) મુકેશભાઈ પટેલ, સેક્રેટરી મહેન્દ્રભાઈ વર્મા, ખજાનચી ઉમેશભાઈ દરજી તથા શાળા સંચાલક ડૉ. કેવલ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા કન્યાઓમાં આત્મવિશ્વાસ, સુરક્ષા જાગૃતિ અને સકારાત્મક જીવન મૂલ્યો વિકસાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન મળ્યું હતું.

# નડિયાદમાં ગૌવંશના અવશેષો બાબતે કૂતરાઓ મૃતદેહ ઢસડી લાવ્યા હોવાની પોલીસે શક્યતા દર્શાવી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૨

નડિયાદ નજીક આવેલી પીજ ચોકડી પાસે ગૌવંશના અવશેષો મળી આવતા સ્થાનિક પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે. એક તરફ હિન્દુ સંગઠનો દ્વારા આને સુનિયોજિત કાવતરું ગણાવી કસાઈઓ અને પોલીસની મિલીભગત હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે, તો બીજી તરફ પોલીસ તંત્ર આ ઘટનાને આકસ્મિક ગણાવી કોઈ પ્રાણી દ્વારા અવશેષો ઢસડી લાવવામાં આવ્યા હોવાનો તર્ક રજૂ કરી રહ્યો છે.નડિયાદની પીજ ચોકડીથી વસો તરફ જતા મુખ્ય માર્ગ પર ગૌવંશનું કપાયેલું માથું અને ચાર પગ મળી આવતા ગૌરક્ષકો અને હિન્દુ સમાજના લોકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. હિન્દુ ધર્મ સેનાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષે આક્ષેપ કર્યો છે કે આ વિસ્તારમાં ગેરકાયદેસર કતલખાનાઓ ધમધમી રહ્યા છે અને કસાઈઓ દ્વારા જાણીજોઈને શાંતિ ડહોળવાના હેતુથી ગૌવંશના અવશેષો જાહેર માર્ગ પર ફેંકવામાં આવ્યા છે. સંગઠનો દ્વારા પોલીસની કામગીરી પર સવાલ ઉઠાવતા જણાવાયું છે કે કસાઈઓ સાથેના મેળાપીપણાને કારણે આવી પ્રવૃત્તિઓ પર લગામ કસાતી નથી. બીજી બાજુ, વસો પોલીસના પી.એસ.આઈ. એ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે અત્યાર સુધી આ ઘટના અંગે કોઈ લેખિત અરજી કે ફરિયાદ મળી નથી. પોલીસના મતે આ વિસ્તારમાં આવી ઘટના પ્રથમ વખત બની છે અને પ્રાથમિક દ્રષ્ટિએ કોઈ કૂતરા કે અન્ય હિંસક પ્રાણી દ્વારા મરેલા પશુના અવશેષોને ઢસડીને રોડ પર લાવવામાં આવ્યા હોય તેવી પૂરેપૂરી શક્યતા છે. પોલીસ દ્વારા કતલખાના ચાલતા હોવાના કે ષડયંત્રના આક્ષેપોને નકારી કાઢવામાં આવ્યા છે.

આસપાસના વિસ્તારમાં આ મુદ્દે ચર્ચા જાગી છે કે કેટલાક તત્વો આ સંવેદનશીલ બાબતે રાજકારણ રમી રહ્યા છે અને ખોટા આક્ષેપો ઊભા કરી શહેરની શાંતિમાં પલિતો ચાંપવાનો પ્રયાસ કરી રહ્યા છે. હાલમાં પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

# ટ્રમ્પે દાવોસમાં ગાઝા 'બોર્ડ ઓફ પીસ'ના ચાર્ટર પર હસ્તાક્ષર કર્યા, જણાવ્યું કે તે સંયુક્ત રાષ્ટ્ર સાથે મળીને કામ કરશે

(એજન્સી) તા.૨૨

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે દાવોસમાં તેમના કહેવાતા ''પીસ બોર્ડ''ના ચાર્ટર પર અન્ય સ્થાપક સભ્યો સાથે હસ્તાક્ષર કર્યા, જેને તેમણે આંતરરાષ્ટ્રીય સંઘર્ષોના ઉકેલ માટે એક સંસ્થા તરીકે રજૂ કર્યા છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે હસ્તાક્ષર સમારોહમાં જણાવ્યું કે, ''રાષ્ટ્રપતિ ટ્રમ્પને અભિનંદન, ચાર્ટર હવે સંપૂર્ણપણે અમલમાં છે અને પીસ બોર્ડ હવે એક સત્તાવાર આંતરરાષ્ટ્રીય સંગઠન છે. ટ્રમ્પે ઈરાન પરના હુમલાઓની પ્રશંસા કરી અને તેમના દાવાને પુનરાવર્તિત કર્યો કે તેમણે સત્તામાં પાછા ફર્યા પછી આઠ યુદ્ધો અટકાવ્યા છે. તેમણે ગયા જૂનમાં ઈરાની પરમાણુ સ્થળો પર અમેરિકન હુમલાઓનો ઉલ્લેખ કર્યો, અને જણાવ્યું કે તેઓએ ઈરાનની પરમાણુ ક્ષમતાને સંપૂર્ણપણે નાશ કરી દીધી. તેમણે દાવો કર્યો કે યુરોપ, અમેરિકા અને મધ્ય પૂર્વ પર ઉભેલા જોખમો ''ખરેખર ઓછા થઈ રહ્યા છે.'' સીરિયામાં ISIL સામે અમેરિકન કાર્યવાહીનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે ''ઘણી સારી વસ્તુઓ થઈ રહી છે.'' તેમના પીસ બોર્ડના લોન્ચની પ્રશંસા કરતા તેમના પ્રારંભિક ભાષણમાં, ટ્રમ્પે ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્રનો ઉલ્લેખ કર્યો. તેમણે નોંધ્યું કે ''ઘણા દેશો'' આ સંસ્થાની સ્થાપનામાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે ઉમેર્યું કે, ''અમે સંયુક્ત રાષ્ટ્ર સહિત ઘણા અન્ય દેશો સાથે નજીકથી કામ કરીશું.''

ટ્રમ્પ સંયુક્ત રાષ્ટ્રના કટ્ટર ટીકાકાર રહ્યા છે અને તેમણે અનેક આંતરરાષ્ટ્રીય સંગઠનોમાંથી યુનાઈટેડ સ્ટેટ્સને પાછું ખેંચી લીધું છે. તેમણે તાજેતરમાં એક નવા આંતરરાષ્ટ્રીય બોર્ડની ઈચ્છા વ્યક્ત કરી જે આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી તરીકે યુએનની ભૂમિકાનું પુનરાવર્તન કરે, અથવા તો તેની સાથે સ્પર્ધા પણ



કરે. અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ જણાવ્યું કે ટ્રમ્પ શાંતિના માર્ગ પર કોઈપણ સાથે વાત કરવા તૈયાર છે. રૂબિયોએ જણાવ્યું કે, ''રાષ્ટ્રપતિ ટ્રમ્પના વિઝનને કારણે અમે આજે અહીં છીએ.''

વર્તમાન સંઘર્ષોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, ''થોડા મહિના પહેલા, લોકો માનતા હતા કે તેમને ઉકેલવા અશક્ય છે.'' ''કોઈએ વિચાર્યું ન હતું કે ગાઝામાં બંધક બનાવેલા આ બધા લોકોનો ઉકેલ આવશે.'' તેમણે વધુમાં જણાવ્યું કે હાલની સંસ્થાઓ કાર્ય કરવામાં અસમર્થ હોવા છતાં, ટ્રમ્પ પાસે ''અશક્યનું સ્વપ્ન જોવાની દૃષ્ટિ અને હિંમત'' હતી. ટ્રમ્પે એમ પણ જણાવ્યું કે ગાઝા યુદ્ધવિરામ કરાર હેઠળ હમાસે તેના શસ્ત્રો સોંપવા જોઈએ, નહીં તો પેલેસ્ટિનિયન ચળવળ ''પૂર્ણ'' થઈ જશે. ટ્રમ્પે જણાવ્યું કે, ''તેઓએ તેમના શસ્ત્રો સોંપવા પડશે અને જો તેઓ આમ નહીં કરે, તો તેઓ સમાપ્ત થઈ જશે.'' તેમણે વધુમાં જણાવ્યું કે ઈસ્લામિક સમૂહ ''હાથમાં રાઈફલ્સ સાથે જન્મ્યું હતું.''

## ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'ના હસ્તાક્ષર સમારોહમાં ભારત સહિત અનેક દેશ ગેરહાજર

(એજન્સી) તા.૨૨

ગુરૂવારે જ્યારે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં કાયમી શાંતિ લાવવા અને સંભવત વૈશ્વિક સંઘર્ષોના ઉકેલ માટે કામ કરવાના હેતુથી તેમના "શાંતિ બોર્ડ"નું અનાવરણ કર્યું ત્યારે ભારત એ દેશોમાં હાજર ન હતું જેમાં ભારતનો સમાવેશ થતો ન હતો. ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરારના બીજા તબક્કાના ભાગરૂપે જાહેર કરાયેલા બોર્ડમાં જોડાવા માટે અમેરિકન રાષ્ટ્રપતિ દ્વારા આમંત્રણ આપવામાં આવેલા અનેક વૈશ્વિક નેતાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે. ફ્રાન્સ, યુનાઈટેડ કિંગડમ, ચીન, જર્મની અને અન્ય ઘણા મુખ્ય દેશોએ પણ ટ્રમ્પના "શાંતિ બોર્ડ"ના હસ્તાક્ષર સમારોહમાં હાજરી આપી ન હતી. ટ્રમ્પે સ્વિસ પર્વતીય રિસોર્ટમાં વાર્ષિક વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ટ્રમ્પ દ્વારા વડાપ્રધાન મોદીને આમંત્રણ આપવા અંગે પૂછવામાં આવતા, આ બાબતથી પરિચિત સૂત્રોએ જણાવ્યું કે, ભારતે હજુ સુધી તેના પર કોઈ નિર્ણય લીધો નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી દિલ્હી આ પહેલના વિવિધ પાસાઓ પર વિચાર કરી રહ્યું છે કારણ કે, તેમાં સંવેદનશીલ મુદ્દાઓનો સમાવેશ થાય છે. ભારત પેલેસ્ટીન મુદ્દાના "બે-રાજ્ય ઉકેલ"ને સમર્થન આપી રહ્યું છે, જેમાં ઈઝરાયેલ અને પેલેસ્ટીન માન્ય સરહદોની અંદર શાંતિ અને સલામતી સાથે સાથે રહે છે. પીસ બોર્ડના દેશોમાં આર્જેન્ટિના, આર્મેનિયા, અઝરબૈજાન, બહેરીન, બેલારૂસ, ઈજિપ્ત, હંગેરી, કઝાકિસ્તાન, મોરોક્કો, પાકિસ્તાન, સંયુક્ત અરબ અમીરાત, સઉદી અરેબિયા અને વિયેતનામનો સમાવેશ થાય છે.


# ઈરાને કસમ ખાધી કે જો ટ્રમ્પ ખામેની પર હુમલો કરશે તો ઈરાન 'તેમની દુનિયામાં આગ લગાવી દેશે'

(એજન્સી) તા.૨૨

મંગળવારે ઈરાને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કડક ચેતવણી આપતા જણાવ્યું કે જો સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો તેને આકરો બદલો લેવામાં આવશે. ટ્રમ્પે ઈરાનમાં નવા નેતૃત્વની માંગ કરતા ખામેનીને 'બીમાર વ્યક્તિ' ગણાવ્યા અને જણાવ્યું કે તેમણે લોકોની હત્યા બંધ કરવી જોઈએ અને દેશને યોગ્ય રીતે ચલાવવો જોઈએ.

ઈરાનના સશસ્ત્ર દળોના પ્રવક્તા જનરલ અબોલફઝલ શેકાર્ચીએ જાહેર કર્યું કે 'ટ્રમ્પ જાણે છે કે જો અમારા નેતા તરફ કોઈ પણ આક્રમકતાનો હાથ લંબાવવામાં આવશે, તો અમે ફક્ત તે હાથ કાપી નાખીશું નહીં પરંતુ તેમની દુનિયાને પણ આગ લગાવી દઈશું.'

૨૮ ડિસેમ્બરે ઈરાનની કથળતી અર્થવ્યવસ્થા સામે વ્યાપક વિરોધ પ્રદર્શનો શરૂ થયા પછી તણાવ નાટકીય રીતે વધી ગયો છે. અધિકારીઓએ ક્રૂર કાર્યવાહી શરૂ કરી છે, જેના પરિણામે ઓછામાં ઓછા ૪,૫૧૯ લોકો મૃત્યુ પામ્યા છે. આ આંકડો દાયકાઓમાં અગાઉના કોઈપણ અશાંતિ કરતા વધારે છે અને ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ દરમિયાન થયેલા રક્તપાત સાથે સરખાવી શકાય છે. ૨૬,૩૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ખામેનીએ પોતે શનિવારે સ્વીકાર્યું કે 'ઘણા હજાર' લોકો મૃત્યુ પામ્યા છે અને યુનાઈટેડ સ્ટેટ્સને દોષી ઠેરવ્યા હતા. ૮ જાન્યુઆરીથી ઈન્ટરનેટ બંધ થવાથી માહિતીનો પ્રવાહ ખોરવાઈ ગયો છે, જેના કારણે મૃત્યુઆંક વધુ વધી શકે તેવી આશંકા છે.



ટ્રમ્પે સ્પષ્ટ સીમાઓ નક્કી કરી છે : શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓની હત્યા નહીં અને સામૂહિક ફાંસી નહીં. તેના જવાબમાં, ઈરાનના રાષ્ટ્રીય પોલીસ પ્રમુખ, જનરલ અહમદ રેઝા રાદાન, ધરપકડ કરાયેલા લોકોને ત્રણ દિવસની અંદર આત્મસમર્પણ કરવા વિનંતી કરી અને વિદેશી ગુપ્તચર સેવાઓ દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવેલા લોકો માટે ઉદારતાનું વચન આપ્યું. તેમણે સમયમર્યાદા પછી કાર્યવાહી વિશે કોઈ વિગતો આપી ન હતી. દરમિયાન, યુએસએસ અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ, જે તાજેતરમાં દક્ષિણ ચીન સમુદ્રમાં હતું, તે મલાક્કાની સામુદ્રધુનીમાંથી પસાર થઈ ગયું છે અને પશ્ચિમ તરફ આગળ વધીને હિંદ મહાસાગરમાં પ્રવેશ્યું છે.

# વસાહતીઓ દ્વારા વારંવાર કરવામાં આવેલા હુમલાઓ બાદ જેરીકો નજીક ૨૦ પેલેસ્ટીનની પરિવારોએ ઘર છોડી દીધા

(એજન્સી) તા.૨૨

મંગળવારે બેદુઈન રાઈટ્સના સંરક્ષણ માટે અલ-બૈદરે જણાવ્યું કે, ઈઝરાયેલી વસાહતીઓ દ્વારા વારંવાર કરવામાં આવેલા હુમલાઓને કારણે જેરીકોની ઉત્તરે આવેલા શલાલ અલ-ઔજા સમુદાયમાં ૨૦ પેલેસ્ટીન પરિવારોને તેમના ઘર છોડીને બીજા વિસ્તારમાં જવાની ફરજ પડી છે.

સંગઠને અહેવાલ આપ્યો છે કે, આ પરિવારો અઝ-ઝાયદ જાતિના છે, જે કબજાવાળા વેસ્ટ બેંકમા અને જોર્ડન ખીણમાં બાકી રહેલા થોડા બેદુઈન સમુદાયોમાંનો એક છે. સંગઠને વધુમાં જણાવ્યું કે, વસાહતી નીતિઓ તેમજ પાણી અને જમીનની મર્યાદિત પહોંચને કારણે તેમની આજીવિકા જોખમમાં છે.

પેલેસ્ટીની સમાચાર એજન્સી વાફા અનુસાર, તાજેતરના મહિનાઓમાં વસાહતીઓ દ્વારા આદિજાતિ પર હુમલાઓમાં વધારો થયો છે, જેમાં ધમકીઓ ગોચરમાં પ્રવેશનો ઈનકાર અને મિલકતોની તોડફોડનો સમાવેશ થાય છે.

અલ-બૈદરે જણાવ્યું કે, વસાહતીઓની ક્રિયાઓ "જોર્ડન ખીણમાંથી સ્વદેશી પેલેસ્ટીનીઓને વિસ્થાપિત કરવા અને વસાહતી વસાહત બાંધકામ માટે જગ્યા બનાવવા માટે તેમની



જમીન કબજે કરવાની સુનિયોજિત યોજનાનો અભિન્ન ભાગ છે." પૂર્વ જેરૂસલેમને બાદ કરતાં જેના પર ઈઝરાયેલે ૧૯૬૭માં કબજો કર્યો હતો અને તેને પોતાની સાથે જોડી દીધો હતો, વેસ્ટ બેંક આશરે ૩ મિલિયન પેલેસ્ટીનીઓ અને ૫,૦૦,૦૦૦ ઈઝરાયેલી વસાહતીઓનું ઘર છે.

# ગ્રીનલેન્ડ ફક્ત બરફનો ટુકડો છે, તમે ઈન્કાર કરશો તો અમે યાદ રાખીશું, ટ્રમ્પે યુરોપને ચેતવણી આપી

(એજન્સી) તા.૨૨

બુધવારે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં બોલતા, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ સિવાય અન્ય કોઈ દેશ ગ્રીનલેન્ડને સુરક્ષિત કરવાની ક્ષમતા ધરાવતો નથી અને આર્કટિક ક્ષેત્રને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાવ્યું હતું.

વિશ્વ નેતાઓને સંબોધતા, ટ્રમ્પે જણાવ્યું કે ભૂતકાળમાં ગ્રીનલેન્ડને સોંપવું ''મૂર્ખતાપૂર્ણ'' હતું અને દાવો કર્યો કે ડેનમાર્ક એકલા ટાપુનું રક્ષણ કરવામાં અસમર્થ છે. તેમણે એમ પણ જણાવ્યું કે લીઝ પર લીધેલા ગ્રીનલેન્ડનું રક્ષણ કરવું તેમની શક્તિની બહાર છે. ગ્રીનલેન્ડને ''બરફનો ટુકડો'' ગણાવતા ટ્રમ્પે દલીલ કરી કે તેના વ્યૂહાત્મક મહત્ત્વની તુલનામાં આ પ્રદેશ પર નિયંત્રણની માંગ નજીવી છે.

તેમણે જણાવ્યું કે, ''પરંતુ હવે હું એવી કોઈ વસ્તુ માંગી રહ્યો છું જે બરફીલા અને દૂરના સ્થળે સ્થિત હોય જે વિશ્વ શાંતિ અને વિશ્વ સુરક્ષામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે. દાયકાઓથી અમે તેમને જે આપ્યું છે તેની સરખામણીમાં આ ખૂબ જ નાની વિનંતી છે.'' તેમણે દલીલ કરી કે ગ્રીનલેન્ડની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી લશ્કરી અને લોજિસ્ટિકલ ક્ષમતાઓ ફક્ત



યુનાઈટેડ સ્ટેટ્સ પાસે જ છે. ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના પ્રયાસમાં બળનો ઉપયોગ કરવાની શક્યતાને પણ ફગાવી દીધી હતી, પરંતુ દાવોસમાં એક ભાષણમાં જણાવ્યું કે કોઈ અન્ય દેશ ડેનિશ પ્રદેશને સુરક્ષિત કરી શકશે નહીં.

ટ્રમ્પે સ્વિટ્ઝર્લેન્ડમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠકમાં જણાવ્યું કે, ''લોકોએ વિચાર્યું કે હું બળનો ઉપયોગ કરીશ, પરંતુ મારે બળનો ઉપયોગ કરવાની જરૂર નથી. હું બળનો ઉપયોગ કરવા માંગતો નથી. હું બળનો ઉપયોગ નહીં કરૂં.

# અફઘાન ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, કાબૂલ વિસ્ફોટમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છે

(એજન્સી) તા.૨૨

તાલિબાનના ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, અફઘાનિસ્તાનના કાબૂલમાં થયેલા વિસ્ફોટમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છે.

સોમવારે રાજધાનીના શહેર-એ-નવ વિસ્તારમાં વિસ્ફોટ થયો હતો, જે વિદેશી વસ્તીનું ઘર છે અને કાબૂલના સૌથી સુરક્ષિત વિસ્તારોમાંનો એક માનવામાં આવે છે.

"પ્રારંભિક અહેવાલો અનુસાર, ઘણા લોકો મૃત્યુ પામ્યા છે અને ઘાયલ થયા છે," ગૃહ મંત્રાલયના પ્રવક્તા અબ્દુલ મતીન કાનીએ રોઈટર્સ ન્યૂઝ એજન્સીને જણાવ્યું અને ઉમેર્યું કે, વિગતવાર માહિતી પછીથી જાહેર કરવામાં આવશે.

૨૦૨૧માં અમેરિકા પાછી ખેંચી લીધા પછી તાલિબાન સત્તામાં આવ્યા પછી કાબૂલ અને સમગ્ર અફઘાનિસ્તાનમાં વિસ્ફોટોમાં ઘટાડો થયો છે, પરંતુ ISIL-સંલગ્ન સમુહો દેશમાં સક્રિય રહે છે અને છૂટાછવાયા હુમલાઓ કરે છે.

૨૦૨૫માં, દેશમાં બે આત્મઘાતી હુમલા થયા.

વર્ષોથી સશસ્ત્ર બળવો ચલાવનાર તાલિબાને સત્તા ફરીથી



કબજે કરી અને યુદ્ધગ્રસ્ત દેશમાં સુરક્ષા પુનઃસ્થાપિત કરવાનું વચન આપ્યું. જો કે, હુમલા ચાલુ રહ્યા, જેમાંથી ઘણા ISILની સ્થાનિક શાખા દ્વારા દાવો કરવામાં આવ્યો હતો.

# દાવોસમાં ટ્રમ્પનું ગ્રીનલેન્ડ અંગે અલ્ટીમેટમ 'ના કહો નહીં તો અમે યાદ રાખીશું'

(એજન્સી) તા.૨૨

બુધવારે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ખૂબ જ અપેક્ષિત ભાષણ આપતા, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કોઈને નિરાશ કર્યા નહીં, કારણ કે વિશ્વ ગ્રીનલેન્ડ પર તેમના 'અમેરિકા ફર્સ્ટ' રેટરિક અને વલણને વધુ કડક બનાવવાની તૈયારી કરી રહ્યું હતું.

ગ્રીનલેન્ડને 'આપણો પ્રદેશ' તરીકે વર્ણવતા, ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકન દેશ ઈચ્છે છે પરંતુ તેને મેળવવા માટે બળનો ઉપયોગ કરશે નહીં. તેમણે એક છુપી ધમકી પણ આપી : 'તમે હા કહી શકો છો અને અમે ખૂબ આભારી રહીશું. અથવા તમે ના કહી શકો છો, અને અમે તે યાદ રાખીશું.'

કટાક્ષ સાથે પોતાના ભાષણની શરૂઆત કરતા, ટ્રમ્પે જણાવ્યું કે તેઓ સુંદર દાવોસમાં 'ઘણા વ્યવસાયિક નેતાઓ, ઘણા મિત્રો અને કેટલાક દુશ્મનો' સાથે રહીને ખુશ છે. તે પછી તરત જ, ટ્રમ્પે તેમના નેતૃત્વ હેઠળ અમેરિકામાં થયેલી પ્રગતિની પ્રશંસા કરી, જ્યારે યુરોપની ટીકા કરતા, સ્પષ્ટપણે જણાવ્યું કે તે 'યોગ્ય દિશામાં' આગળ વધી રહ્યું નથી.

ગ્રીનલેન્ડનો ઉલ્લેખ કરતા, જેણે અમેરિકા અને યુરોપિયન યુનિયન વચ્ચે તિરાડ ઊભી કરી છે, ટ્રમ્પે દેશને 'બરફનો મોટો, સુંદર ટુકડો' ગણાવ્યો. યુનાઈટેડ સ્ટેટ્સ સિવાય કોઈ ગ્રીનલેન્ડનું રક્ષણ કરી શકે નહીં તે વાતનો પુનરોચ્ચાર કરતા, તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે બીજા વિશ્વયુદ્ધ પછી તેને ડેનમાર્કને પાછું સોંપવું એ 'મૂર્ખતા' હતું, જેના બદલામાં ફક્ત કૃતજ્ઞતા જ મળી.

'શું તમે ઈચ્છો છો કે હું ગ્રીનલેન્ડ વિશે કંઈક કહું ?' તેમણે મજાકમાં જણાવ્યું કે 'હું તેને ભાષણમાં સામેલ કરવા માંગતો ન હતો, પરંતુ મને લાગે છે કે તે ખૂબ જ નકારાત્મક સમીક્ષા હોત,' તેમણે ઉમેર્યું, વૈશ્વિક ઉચ્ચ વર્ગથી ભરેલા રૂમમાં હાસ્ય ફેલાઈ ગયું. ગ્રીનલેન્ડ અને ડેનમાર્કના લોકો પ્રત્યે પોતાનો 'અપાર આદર' વ્યક્ત કરતા, ટ્રમ્પે જણાવ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ સિવાય કોઈ 'રાષ્ટ્ર અથવા રાષ્ટ્રોનો સમૂહ' તેનું રક્ષણ કરી શકે નહીં. તેમના દેશને



એક મહાન શક્તિ તરીકે વર્ણવતા, 'લોકોની કલ્પના કરતાં ઘણી મોટી,' રિપબ્લિકન નેતાએ આ મહિનાની શરૂઆતમાં વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોની ધરપકડને પુરાવા તરીકે ટાંક્યું. અમેરિકન રાષ્ટ્રપતિએ નોંધ્યું કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, ડેનમાર્કને જર્મની દ્વારા છ કલાકમાં પરાજિત કરવામાં આવ્યો હતો અને તેમનો દેશ તેની મદદ માટે આવ્યો હતો.

તેમણે જણાવ્યું કે, ''અમે ગ્રીનલેન્ડ પ્રદેશના રક્ષણ માટે અમારા સૈનિકો મોકલવાનું અમારૂં કર્તવ્ય માન્યું અને અમે તેને મોટી કિંમત ચૂકવીને જાળવી રાખ્યું. અમે ડેનમાર્ક માટે ગ્રીનલેન્ડમાં લશ્કરી થાણા સ્થાપ્યા અમે ડેનમાર્ક માટે લડ્યા, અમે બીજા કોઈ માટે લડી રહ્યા ન હતા, અમે તેને ડેનમાર્ક માટે બચાવવા માટે લડી રહ્યા હતા. બરફનો તે વિશાળ, સુંદર ટુકડો. તેને જમીન કહેવું મુશ્કેલ છે તે બરફનો એક વિશાળ ટુકડો છે. અમે ગ્રીનલેન્ડ બચાવ્યું અને અમારા દુશ્મનોને અમારા ગોળાર્ધમાં પગ જમાવતા અટકાવ્યા, તેથી અમે તે અમારા માટે પણ કર્યું.'' જ્યારે તેમણે જણાવ્યું કે યુ.એસ.એ યુદ્ધમાં 'મહાન વિજય' મેળવ્યો છે અને 'અમારા વિના, તમે બધા હમણાં જર્મન અને કદાચ થોડા જાપાનીઝ બોલતા હોત,' ત્યારે પ્રેક્ષકોમાંથી નિસાસો આવ્યો.

# ગાઝાના બાળકો ટેન્ટ સ્કૂલોમાં જવા માટે સ્નાઈપરના જોખમનો સામનો કરે છે

(એજન્સી) તા.૨૨

ગોળીબારના અવાજથી ઘેરાયેલા એક નાના તંબુમાં, સાત વર્ષની તુલિન બે વર્ષમાં તેના શાળાના પહેલા દિવસની તૈયારી કરી રહી છે. મોટાભાગના બાળકો માટે, આ ઉત્સાહનો ક્ષણ હશે. પરંતુ તુલિન અને તેની માતા માટે, તે ભયાનકતાનો એક પ્રકરણ છે. ઈઝરાયેલના ચાલી રહેલા યુદ્ધે ગાઝાના શૈક્ષણિક માળખાનો મોટો ભાગ નાશ પામ્યો છે, જેના કારણે પરિવારોને ઈઝરાયેલી દળોની નજીક ખતરનાક રીતે કામચલાઉ 'ટેન્ટ સ્કૂલ' સ્થાપવાની ફરજ પડી છે - આ વિસ્તાર ઈઝરાયલ દ્વારા સરહદ રેખાની પશ્ચિમમાં 'પીળો ઝોન' તરીકે સીમાંકિત કરવામાં આવ્યો છે, જે ઘણીવાર ભયથી માત્ર થોડા મીટર દૂર હોય છે. તુલિનની માતાએ જણાવ્યું કે, 'મારી પુત્રી શાળાએ પહોંચે ત્યાં સુધી હું મારા હાથમાં હૃદય રાખીને ચાલું છું.''કેટલીકવાર, હું અજાણતાં જ તેની પાછળ શાળાએ જાઉં છું. મને લાગે છે કે કંઈક [ખતરો] છે, પરંતુ હું ઈચ્છું છું કે તે અભ્યાસ કરે, જો આ પરિસ્થિતિ ન બની હોત, તો તે હવે બીજા ધોરણમાં હોત. પરંતુ અમે મક્કમ છીએ.' વર્ગમાં જવાનો પ્રવાસ ખતરનાક છે. બેટ લાહિયાના કાટમાળમાંથી પસાર થતી વખતે, તુલિન સ્વીકારે છે કે તે ખુલ્લી જગ્યાઓથી ખૂબ જ ડરે છે. તેણે જણાવ્યું કે, 'જ્યારે હું શાળાએ જાઉં છું, ત્યારે મને ગોળીબારનો ડર લાગે છે,



મને ગોળીબાર અથવા છૂટાછવાયા ગોળીઓથી બચાવવા માટે છુપાવવા માટે કોઈ દિવાલો મળતી નથી.' તંબુઓની અંદર સલામતીનું કોઈ ચિહ્ન નથી. કેનવાસ દિવાલો ગોળીઓને રોકી શકતી નથી, છતાં વિદ્યાર્થીઓ જમીન પર બેસીને શીખવા માટે મક્કમ છે. તેમના શિક્ષક એક ભયાનક દિનચર્યાનું વર્ણન કરે છે જ્યાં શિક્ષણ ઘણીવાર સ્નાઈપર ફાયરના અવાજથી વિક્ષેપિત થાય છે. 'આ વિસ્તાર ખતરનાક છે, કબજાવાળા દળોની નજીક,' શિક્ષકે કહ્યું. 'ગોળીબાર શરૂ થતાંની સાથે જ, અમે બાળકોને કહીએ છીએ: 'સૂઈ જાઓ.' મારા વાળ ખડી થઈ ગયા છે, હું દુવા કરું છું કે કોઈને ઈજા ન થાય. ગોળીબાર બંધ ન થાય ત્યાં સુધી અમે તેમને જમીન પર સૂવડાવીએ છીએ.' તેમણે ઉમેર્યું કે, 'અમારા પર એક કરતા વધુ વખત ગોળીબાર કરવામાં આવ્યો છે. આ હોવા છતાં, અમે મક્કમ છીએ. કબજેદારની નીતિ અજ્ઞાન છે, અને અમારી નીતિ શાણપણ છે.' આ વિદ્યાર્થીઓમાં અહેમદનો પણ સમાવેશ થાય છે, જેમણે યુદ્ધમાં પોતાના પિતા ગુમાવ્યા. તેમણે અલ જણાવ્યું કે, 'અમે ખૂબ જ મુશ્કેલીથી આવીએ છીએ અને ગોળીબારને કારણે ખૂબ જ મુશ્કેલીથી નીકળીએ છીએ. પરંતુ હું મારા શહીદ પિતાનું સ્વપ્ન પૂરું કરવા માંગુ છું, જે મને ડૉક્ટર બનાવવા માંગતા હતા.'

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. ‘ગુજરાત ટુડે’ તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# દેશમાં દરેક ઠેકાણે ‘સર’ અંગે ઉઠેલી ફરિયાદો ચૂંટણીપંચની સરિયામ નિષ્ફળતા સૂચવી જાય છે

ચૂંટણીપંચ, ઈડી, સીબીઆઈ કે એવી કોઈપણ સ્વાયત્ત સંસ્થા કે જેનું સૌથી પહેલું કામ તટસ્થતાપૂર્વક કામગીરી કરવાનું હોય છે પણ એની સામે જ જ્યારે સવાલો ઊભા થાય અને એ પણ એક નહીં અનેક સ્થળે ઊભા થાય તો પછી આવી સંસ્થાઓની વિશ્વસનીયતા પર બટ્ટો લાગે છે અને આજે તો એવી પરિસ્થિતિ છે કે આ પ્રકારની સંસ્થાઓ તટસ્થતાથી નહીં પણ પક્ષપાતપૂર્વક વર્તે છે અને એમાંયે મોટાભાગે શાસક પક્ષના ઈશારે જ ચાલે છે એવી છાપ પ્રજાના એક વર્ગમાં ઊભી થઈ છે.

ચૂંટણીપંચની વાત કરીએ તો દેશની આ એવી સ્વાયત્ત સંસ્થા છે કે જેની પર દેશની લોકશાહીની તંદુરસ્તીનો આધાર છે પરંતુ જ્યારે આ જ સંસ્થા પર પક્ષપાતી હોવાના આરોપો લાગે અને એમાં વજૂદ પણ જણાય તથા દેશની સર્વોચ્ચ અદાલતે પણ તેને વારેઘડીએ ઠમઠોરવી પડે તો એ બાબત ચૂંટણીપંચ માટે તો શરમજનક છે જ પરંતુ દેશની લોકશાહી માટે પણ ભારે ચિંતાની બાબત છે. બીજું ચૂંટણીપંચની આવી વિવાદાસ્પદ કામગીરી સાથે જે રીતે દેશભરમાંથી ફરિયાદો ઊઠી રહી છે તે બતાવે છે કે ચૂંટણીપંચ દેશના તમામ નાગરિકોનો વિશ્વાસ જીતવામાં સાવ નિષ્ફળ ગયું છે.

મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા કામગીરી (SIR) અંગે ચૂંટણી પંચ પાસે સૌથી મહત્ત્વપૂર્ણ અપેક્ષાઓમાંની એક એ રહી છે કે તે સંપૂર્ણપણે પારદર્શક હોવી જોઈએ. અનેક વિવાદો વચ્ચે વિરોધ પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલી આ એક મુખ્ય માંગ પણ રહી છે. આ મુદ્દા પર ચૂંટણીપંચનો તર્ક એવો રહ્યો છે કે મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાનો હેતુ અયોગ્ય વ્યક્તિઓને દૂર કરવાનો છે. આમાં સ્થળાંતર કરનારા અને મૃત્યુ પામેલા લોકોનો સમાવેશ થશે. આ ઉદ્દેશ્ય સામે કોઈને વાંધો નથી, પરંતુ વિવિધ રાજ્યોમાં મતદાર યાદીઓમાંથી કરોડોની મોટી સંખ્યામાં લોકોને બાકાત રાખવામાં આવ્યા હોવાના અહેવાલે ઘણા પ્રશ્નો ઊભા કર્યા છે. આનું મૂળ કારણ સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ હોઈ શકે છે, જેના કારણે સામાન્ય નાગરિકોમાં અનેક ચિંતાઓ ઊભી થઈ છે. જો SIR પ્રક્રિયા શરૂઆતથી અંત સુધી સંપૂર્ણપણે પારદર્શક હોત તો બિનજરૂરી વિવાદો ટાળી શકાયા હોત.

હવે, પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના ખાસ સુધારાના સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ સૂચનાઓ જારી કરી છે કે આ કવાયતમાં વિસંગતતાઓ ધરાવતા મતદારોની ચકાસણી સંપૂર્ણપણે પારદર્શક રીતે હાથ ધરવામાં આવે, જેથી જનતાને બિનજરૂરી તણાવ અને અસુવિધા ન થાય. નોંધનીય છે કે સુધારણા પ્રક્રિયા દરમિયાન, નાગરિકોના નામ મનસ્વી રીતે બાકાત રાખવામાં આવી રહ્યા હોવાની અસંખ્ય ફરિયાદો સામે આવી છે. ઘણા કિસ્સાઓમાં, લોકોને સમયસર જાણ કરવામાં આવી નથી અને તેમના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. સ્પષ્ટપણે, ચૂંટણી પંચ દ્વારા આ પ્રક્રિયાનું સંચાલન મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા લોકોને માહિતી આપવા અને તકો પૂરી પાડવાના સ્તર પર પણ પ્રશ્નો ઊભા કરે છે.

તાજેતરમાં જ પશ્ચિમ બંગાળમાં, ચૂંટણી પંચે ખાસ મતદારયાદી સઘન સુધારા દરમિયાન નામ, અટક અને ઉંમરમાં વિસંગતતાઓને કારણે આશરે ૧.૨૫ કરોડ મતદારોને વિસંગતતા નોટિસ જારી કરી છે. આ સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટે કમિશનને ગ્રામ પંચાયત ઈમારતો, બ્લોક ઓફિસો અને વોર્ડ ઓફિસોમાં કોઈપણ વિસંગતતાઓ ધરાવતી મતદાર યાદી જાહેરમાં પ્રદર્શિત કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેથી જનતા તેનાથી વાકેફ થઈ શકે.

પ્રશ્ન એ છે કે સુપ્રીમ કોર્ટે મતદાર યાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ‘સર’ અંગે વારંવાર નિર્દેશો કેમ જારી કરવા પડે છે? એક ક્વાયત કે જે ચૂંટણીપંચે તેની પ્રક્રિયાના પ્રાથમિક તબક્કે ફરજિયાત કરી હોવી જોઈતી હતી. તાર્કિક વિસંગતતાઓ ધરાવતા બધા નામોને જાહેર કરવા ઉપરાંત, સુપ્રીમ કોર્ટે એવો પણ આદેશ આપ્યો હતો કે આધાર કાર્ડને મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે જરૂરી દસ્તાવેજોમાં સામેલ કરવામાં આવે.

સત્ય એ છે કે બિહાર સહિત દેશભરના રાજ્યોમાં, જ્યાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, ત્યાં પારદર્શિતા બાબતે સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો થયો. કોઈપણ વ્યક્તિ આ વિચાર સાથે અસંમત થશે નહીં કે કોઈએ ચૂંટણી પ્રક્રિયામાં ગેરકાયદેસર રીતે ભાગ લેવો જોઈએ નહીં અને ફક્ત લાયક લોકોને જ મતદાન કરવાની મંજૂરી આપવી જોઈએ. સાથોસાથ એ સુનિશ્ચિત કરવું પણ જરૂરી છે કે બધા લાયક લોકોને તેમની અધિકૃતતા સાબિત કરવા માટે જરૂરી તકો અને સુવિધાઓ મળે, જેથી તેઓ મતદાન કરવાના તેમના લોકશાહી અધિકારથી વંચિત ન રહે. બાકી દેશના જ નાગરિકો અને એમાં પણ ચોક્કસ સમુદાયના લોકોને સૌથી વધારે સંખ્યામાં વંચિત રાખવામાં આવ્યાની ફરિયાદો ઊઠે તો એ બાબત ચૂંટણીપંચની નિષ્ફળતા જ ગણાય.

# ઉત્તરપ્રદેશ પોલીસ નમાઝ પઢવા બદલ લોકોની ધરપકડ શા માટે કરી રહી છે અને તે કાયદાનો દુરૂપયોગ કેવી રીતે છે ?



**પ્રાર્થના કરવી એ ભારતીયોના ધર્મના મૂળભૂત અધિકારનો ભાગ છે. તો ઉત્તરપ્રદેશ કયા કાયદા હેઠળ શાંતિપૂર્ણ નમાઝને ગુનાહિત ગણી રહ્યું છે ? કાનૂની નિષ્ણાતોએ જણાવ્યું હતું કે શુક્રવારે ઉત્તર પ્રદેશના બરેલીમાં ખાલી ઘરમાં નમાઝ પઢવા બદલ ૧૨ મુસ્લિમ પુરૂષોની ધરપકડ કાયદેસર રીતે માન્ય નથી, કારણ કે કોઈને નુકસાન કરવા કે હિંસાનો કોઈ આરોપ ન હતો. ઘરના માલિકે કહ્યું કે નમાઝ તેમની પરવાનગીથી અદા કરવામાં આવી રહી હતી**

આ પહેલી વાર નથી કે ઉત્તરપ્રદેશમાં આદિત્યનાથ સરકારે ફક્ત નમાઝ પઢવા બદલ મુસ્લિમો પર કાર્યવાહી કરી હોય. જો કે, કાનૂની નિષ્ણાતોએ સ્ક્રોલને જણાવ્યું હતું કે, આ પુરૂષોને પકડવા માટે ઉપયોગમાં લેવાતા કાયદાનો દુરુપયોગ થઈ રહ્યો છે. પોલીસે શુક્રવારની નમાઝને ‘ગેરકાયદેસર’ ગણાવી હતી અને ધરપકડને ‘સાવચેતીના પગલાં’ તરીકે ગણાવી હતી. અહેવાલોમાં જણાવાયું છે કે, અધિકારીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૭૦ લાગુ કરી હતી, જે પોલીસને ગંભીર ગુનાની યોજના બનાવતા શંકાસ્પદ કોઈપણ વ્યક્તિને વોરંટ વિના ધરપકડ કરવાની મંજૂરી આપે છે. આવા કિસ્સાઓમાં, અટકાયત ૨૪ કલાકથી વધુ ન હોઈ શકે.

પોલીસે કહ્યું કે, તેઓએ ગ્રામજનોની ફરિયાદો પર કાર્યવાહી કરી અને ૧૨ માણસોને શાંતિ જાળવવા માટે અટકાયતમાં રાખવામાં આવ્યા. એક અજાણ્યા વ્યક્તિ દ્વારા ગુપ્ત રીતે લેવામાં આવેલા પ્રાર્થના કરનારા પુરૂષોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ આ ધરપકડ કરવામાં આવી છે.

**તે ‘કાયદેસર રીતે અયોગ્ય’ છે**

સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ કહ્યું કે કાયદામાં એવું કંઈ નથી કે ‘નમાઝ અથવા કોઈપણ પ્રકારની પ્રાર્થનાને ગુનાહિત ઠેરવી શકાય’. જો માલિક દ્વારા બાંયધરી આપવામાં આવી હોય કે બાંધકામ હેઠળના સ્થળે કોઈ ધાર્મિક પ્રવૃત્તિ નહીં થાય, તો પણ આવા બાંયધરીનો ભંગ કરવાથી માલિકને દંડ જેવા નાગરિક પરિણામો ભોગવવા પડશે, પરંતુ પ્રાર્થના કરનારાઓને કેદ થઈ શકે નહીં, આ કાર્યવાહી કોઈપણ દૃષ્ટિએ કાયદેસર રીતે અયોગ્ય છે.

હેગડેએ કહ્યું કે પોલીસની દલીલ એવી નબળી હતી કે કેસ ટ્રાયલ પણ નહીં થાય. સાવચેતી માટે ધરપકડ એવું કંઈ નથી, ગુનાની અપેક્ષાએ ધરપકડ કરવી એ નિવારક અટકાયત છે જેના માટે એક અલગ માળખું છે. મને શંકા છે કે આ મામલો કોર્ટમાં કાર્યવાહીના તબક્કામાં જશે કે નહીં.

સુપ્રીમ કોર્ટના વકીલ વૃંદા ગ્રોવરે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી ધરપકડો ગેરબંધારણીય છે, કારણ કે નમાઝ અદા કરવી એ મુસ્લિમોના ધર્મનું પાલન કરવાના મૂળભૂત અધિકારનું મુખ્ય લક્ષણ છે, જે બંધારણની કલમ ૨૫ હેઠળ છે. બંધારણની કલમ ૨૫ તમામ વ્યક્તિઓને ધર્મનો સ્વીકાર, આચરણ અને પ્રચાર કરવાની સ્વતંત્રતાની ખાતરી આપે છે. બાંયધરીકૃત મૂળભૂત અધિકારનો ઉપયોગ ગુનો કેવી રીતે બની શકે ?.

ગ્રોવરે કહ્યું કે શાંતિપૂર્ણ મેળાવડા અને ‘એક સમુદાય દ્વારા પ્રાર્થના’ ભારતમાં રિવાજ છે અને બધા ધર્મો નિયમિતપણે જાહેર અને ખાનગી બંને સ્થળોએ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરે છે. દાખલા તરીકે, હિન્દુઓની કાવડિયાયાત્રા જેવા સરઘસો માટે રાજ્ય દ્વારા હિન્દુ કીર્તન, જાગરણ, શીખ પાઠ, રસ્તાઓ અને જાહેર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટના એડવોકેટ ઓન રેકોર્ડ અનસ તન્વીરે જણાવ્યું હતું કે પહેલો પ્રશ્ન એ પૂછવામાં આવે છે કે કયા કાયદા હેઠળ આવા મેળાવડા અથવા મંડળ પર પ્રતિબંધ મૂકી શકાય છે, ખાસ કરીને જ્યારે તે ખાનગી મિલકતમાં થાય છે. આપણને ખાનગી મિલકતનો અધિકાર છે, ભલે તે મૂળભૂત અધિકાર ન હોય, પણ તે બંધારણીય અધિકાર છે. તેથી કોઈ પણ કાર્યવાહી કરવા માટે કારોબારી શાખાએ પહેલા એ સ્થાપિત કરવું પડશે કે આવી અટકાયતને મંજૂરી આપતો કાયદો છે.

બરેલીની ઘટના ઉત્તરપ્રદેશમાં એવા કેસોની શ્રેણીમાં નવીનતમ છે જ્યાં મુસ્લિમોને જાહેર સ્થળોએ નમાઝ અદા કરવા બદલ ફોજદારી અથવા નિવારક કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે. જાન્યુઆરીમાં, ઉત્તરપ્રદેશે અયોધ્યામાં રામ મંદિર સંકુલની અંદર નમાઝ અદા કરવા અને સૂત્રોચ્ચાર કરવા બદલ ૫૫ વર્ષીય કાશ્મીરી વ્યક્તિને અટકાયતમાં લીધો હતો. તેના પરિવારે કહ્યું હતું કે તેને માનસિક બીમારી છે અને આ દાવાને સમર્થન આપવા માટે તબીબી રેકોર્ડ રજૂ કર્યા હતા. પરંતુ પોલીસે કહ્યું હતું કે ‘એજન્સીઓએ તેની ઈરાદાનું મૂલ્યાંકન કરવા અને તેની મુસાફરીની વિગતો ચકાસવા માટે તેની પૂછપરછ કરી હતી’. તેના કબજામાં કંઈપણ શંકાસ્પદ ન મળ્યા બાદ તેને છોડી દેવામાં આવ્યો હતો.

માર્ચ મહિનામાં, હોળીની ઉજવણી દરમિયાન કેમ્પસમાં નમાઝનો એક વીડિયો વાયરલ થયા બાદ અને સ્થાનિક જૂથો દ્વારા વિરોધ પ્રદર્શનો થયા બાદ પોલીસે મેરઠની એક ખાનગી યુનિવર્સિટીના વિદ્યાર્થીની ધરપકડ કરી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ હેઠળ તેની ધરપકડ કરી હતી, જે ‘ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના હેતુથી ઈરાદાપૂર્વક અને દુર્ભાવનાપૂર્ણ કૃત્યો’ સાથે સંબંધિત છે, તેમજ માહિતી ટેકનોલોજી કાયદાની જોગવાઈઓ સાથે સંબંધિત છે. તેને જામીન આપવામાં આવ્યા હતા પરંતુ કોલેજમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને પોલીસ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા.

જૂનમાં, બદાયૂં જિલ્લાના એક મંદિરના મુસ્લિમ રખેવાળને ગુપ્ત રીતે રેકોર્ડ કરાયેલા એક વીડિયો પછી ધરપકડ કરવામાં આવી હતી જેમાં તેને મંદિરના પ્રાંગણમાં નમાઝ અદા કરતો દર્શાવવામાં આવ્યો હતો. મંદિરના મુખ્ય પૂજારીએ જાહેરમાં રખેવાળનો બચાવ કર્યો હતો અને વિડિયો બનાવનાર વ્યક્તિની ટીકા કરી હતી. આમ છતાં, પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૮ હેઠળ તે વ્યક્તિની ધરપકડ કરી હતી, જે ‘ધર્મનું અપમાન કરવાના ઈરાદાથી પૂજા સ્થળ અથવા પવિત્ર વસ્તુને નુકસાન પહોંચાડવા અથવા અપવિત્ર કરવા’ માટે છે. જામીન પર મુક્ત થતાં પહેલા તેણે ૧૪ દિવસ ન્યાયિક કસ્ટડીમાં વિતાવ્યા હતા.

તે જ મહિને, કોલેજના એક પ્રોફેસરનો કોલેજના લોનમાં નમાઝ અદા કરતો વીડિયો વાયરલ થયા બાદ તેમને ફરજિયાત રજા પર ઉતારી દેવામાં આવ્યા હતા અને હિન્દુત્વવાદી જૂથોએ કાર્યવાહીની માંગ કરી હતી. કોલેજે પ્રોફેસર સામે તપાસ શરૂ કરી હતી અને પોલીસે પણ તપાસ શરૂ કરી હતી.

જુલાઈ ૨૦૨૨માં, લખનૌમાં એક મોલમાં નમાઝ અદા કરવા બદલ છ પુરૂષોની ધરપકડ કરવામાં આવી હતી અને જામીન મળતા પહેલા ‘દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા અને ધાર્મિક લાગણીઓને ભડકાવવા’ સહિત અનેક ગંભીર ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ વ્યક્તિઓ પર ભારતીય દંડ સંહિતાની હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. નવેમ્બર ૨૦૨૦માં, ઉત્તરપ્રદેશ પોલીસે મથુરા મંદિરમાં પ્રાર્થના કરવા બદલ સાંપ્રદાયિક સંવાદિતા કાર્યકર્તા ફૈઝલ ખાનની ધરપકડ કરી હતી. તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.

સાંપ્રદાયિક સૌહાર્દના સંકેત તરીકે મંદિરના પ્રાંગણમાં નમાજ અદા કરતો એક વીડિયો વાયરલ થયા બાદ તેમના પર કલમ ૧૫૩છ (દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું) અને ભારતીય દંડ સંહિતાની અન્ય જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જ્યારે ટ્રાયલ કોર્ટે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, ત્યારે હાઈકોર્ટે કલમ ૨૧નો ઉલ્લેખ કરીને જામીન મંજૂર કર્યા હતા, પરંતુ ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી તેમને આવી પ્રવૃત્તિઓ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાથી રોક્યા હતા.

એડવોકેટ વૃંદા ગ્રોવરે કહ્યું કે ચિંતાજનક બાબત એ છે કે આ લઘુમતી સમુદાયને મોકલવામાં આવી રહેલ એક સંકેત છે. આ એક અલગ ઘટના નથી, કારણ કે કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા કાયદાના દુરૂપયોગના વારંવારના કૃત્યો ધાર્મિક લઘુમતીઓ સામે સંસ્થાકીય પૂર્વગ્રહ દર્શાવે છે, કાયદાનો આવો દુરુપયોગ આપણા ધર્મનિરપેક્ષ માળખાને નુકસાન પહોંચાડે છે.

ગ્રોવરે કહ્યું કે જ્યારે ‘મૂળભૂત અધિકારોનું આવા ગેરબંધારણીય દમન રાજકીય માલિકોને ખુશ કરી શકે છે’, ત્યારે અદાલતોએ ‘પોલીસ કર્મચારીઓને જવાબદાર’ ઠેરવવા જોઈએ. આવી કાર્યવાહીનો ઉલ્લેખ કરતા, તનવીરએ કહ્યું કે આ ‘થાનેદાર ન્યાય’ સમાન છે, જ્યાં પોલીસ ધારે છે કે તેઓ શક્તિશાળી છે અને ઈચ્છા મુજબ લોકોને ધરપકડ કરે છે. તેમણે કહ્યું કે આ મૂળભૂત રીતે એક ધમકી આપવા માટે છે. પ્રક્રિયા એ સજા છે; એકવાર તમારી ધરપકડ થઈ જાય, પછી તમારે જામીન માટે જવું પડે છે અને તમારે પૈસા ખર્ચવા પડે છે.

**- રત્ના સિંહ**
**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# પ્રગતિના સમયમાં NSA નાગરિકોમાં પ્રતિશોધની માનસિકતા ઊભી કરી રહ્યું છે

શું ભારત ખરેખર તેના મુસ્લિમ નાગરિકો સામે હિંસા તરફ આગળ વધી રહ્યું છે, જે અંગે લોકપ્રિય અભિનેતા પ્રકાશ રાજે તાજેતરમાં ચેતવણી આપી હતી ? આ ગંભીર પ્રશ્નને હળવાશથી નકારી શકાય નહીં, ખાસ કરીને ત્યારે કે જ્યારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલની તાજેતરની ટિપ્પણીઓ, જે ‘બદલો’ લેવાની ભાવનાને ઉશ્કેરે છે અને સદીઓ પહેલા બનેલી ઘટનાઓ માટે હિન્દુઓને બદલો લેવાનું સૂચન કરે છે.

દેશના સૌથી શક્તિશાળી સુરક્ષા અધિકારીઓ પૈકી એક ડોભાલનું આવું નિવેદન અત્યંત ચિંતાજનક છે અને તેના માટે આપણે ગંભીર આત્મનિરીક્ષણની જરૂર છે.

વ્યક્તિગત સ્તરે જોઈએ તો, ડોભાલના નિવેદનો ખૂબ જ ખલેલજનક છે. હું તેમને ઘણા સમયથી ઓળખું છું, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સત્તામાં આવી તે પહેલાંથી તેઓ ઘણીવાર મારા પિતા મુફ્તી મોહમ્મદ સઈદ સાહેબને મળવા જતા હતા અને બંને કલાકો સુધી રાજકારણ, શાસન અને દેશના ભવિષ્ય અંગે ચર્ચા કરતા હતા.

જે માણસ સાથે મારા પિતાએ આટલા ગાઢ સંબંધો રાખ્યા હતા તે મને ક્યારેય સાંપ્રદાયિક વિચારસરણીથી પ્રેરિત લાગ્યો ન હતો. તેમને દેશના એક એવા વરિષ્ઠ અધિકારી તરીકે આજે જોઈ રહ્યા છીએ જે ઐતિહાસિક દુર્ઘટનાઓની યાદ અપાવીને લોકોને ભડકાવે છે અને વર્તમાન લાગણીઓને ઉશ્કેરે છે. આવા નિવેદનો તેમની પહેલાની છબીનો વિરોધાભાસ છે. સાથે-સાથે એ પણ ચિંતાજનક છે કે જો ડોભાલ જેવી શિક્ષિત, અનુભવી અને કથિત ઉદારવાદી વ્યક્તિ પણ જનતાને એક સમુદાયને ગુસ્સાથી જોવા ઉશ્કેરે છે, તો તેઓ સમાજને શું સંદેશ આપે છે ?

૨૧મી સદીમાં અનેક સદીઓ જૂની ઘટનાઓ માટે ‘બદલો’ વિશે વાત કરવી એ ઐતિહાસિક ચેતનાનું પ્રતિબિંબ નથી, પરંતુ એક ખતરનાક સંકેત છે. તે ગરીબ અને અશિક્ષિત યુવાનો, જે પહેલાથી જ હતાશા અને ગુસ્સાથી સરળતાથી પ્રભાવિત છે, તેઓ વધતા સામાજિક, રાજકીય અને આર્થિક દબાણનો સામનો કરી રહેલા લઘુમતી સમુદાય સામે પોતાનો ગુસ્સો કાઢવા માટે ઉશ્કેરી શકે છે.

ઈતિહાસનો પસંદગીપૂર્વક ઉલ્લેખ કરીને ડોભાલ ભારતના સૌથી તાજેતરના અને વિનાશક પ્રકરણ : બ્રિટીશ રાજને સરળતાથી અવગણે છે. અંગ્રેજોએ ભારત પર શાસન કર્યું, તેના લોકોને ગુલામ બનાવ્યા અને દેશની સંપત્તિ લૂંટી લીધી હતી. તે લૂંટનો લાભ મેળવનારા ઘણા લોકો આજે પણ ખૂબ જ શ્રીમંત છે, છતાં તેમની સામે ‘બદલો’ લેવાની કોઈ માંગ કરવામાં આવતી નથી.


જો તેમની ચર્ચા ફક્ત મુઘલ સમયગાળા પર કેન્દ્રીત હોય, તો બૌદ્ધિક પ્રામાણિકતા મુજબ તેઓએ સંતુલિત અભિગમ લેવો જોઈએ. મુઘલ શાસકોએ, અન્ય કોઈપણ શાસકની જેમ તેમના સમય દરમિયાન અત્યાચારો કર્યા, પરંતુ તેઓ એક અસાધારણ સાંસ્કૃતિક અને સ્થાપત્ય વારસો પણ છોડી ગયા છે. તાજમહેલ, લાલ કિલ્લો અને અસંખ્ય અન્ય સ્મારકો માત્ર ભારતના સમૃદ્ધ ઈતિહાસનું પ્રતીક નથી પરંતુ પ્રવાસન અર્થતંત્રમાં પણ નોંધપાત્ર યોગદાન આપે છે.

વિડંબના એ છે કે આ મુઘલ શાસકોના દૂરના વંશજો આજે પણ ભારે ગરીબીમાં જીવે છે, જ્યારે ઘણા હિન્દુ રજવાડાં પરિવારો, જે ઘણીવાર લગ્ન દ્વારા મુઘલો સાથે જોડાયેલા હતા, તેઓ વૈભવી જીવનશૈલીનો આનંદ માણી રહ્યા છે.

સૌથી અગત્યની વાત એ છે કે, આજના મુસ્લિમોને સદીઓ જૂના શાસકોના સારા કે ખરાબ કાર્યો સાથે કોઈ સંબંધ નથી. માટે આવા બદલાની ભાવના સૂચવવાથી સામૂહિક દોષારોપણની ખતરનાક કલ્પનાને પ્રોત્સાહન મળે છે, જે લોકશાહી, બંધારણીય મૂલ્યો અને ન્યાયના મૂળભૂત સિદ્ધાંતો સાથે અસંગત છે.

આજે જ્યારે ભારત આર્થિક, વૈજ્ઞાનિક, સામાજિક અને નૈતિક પ્રગતિની ચર્ચા કરી રહ્યું છે, ત્યારે એક વરિષ્ઠ સુરક્ષા અધિકારી ‘પ્રતિશોધ’ લેવાની ભાષા બોલી રહ્યા છે તે અત્યંત દુઃખદ છે. NSAની ભૂમિકા દેશને વાસ્તવિક ખતરા સામે એક કરવાની હોવી જોઈએ, નહીં કે ઐતિહાસિક દુર્ઘટનાઓ યાદ અપાવીને ભેળવીને સમાજને વિભાજીત કરવાની. ઈતિહાસનો અભ્યાસ હંમેશા તેમાંથી બોધપાઠ શીખવા માટે અને આગળ વધવા માટે કરવો જોઈએ, ધ્રુવીકરણના સાધન તરીકે નહીં. જ્યારે પણ સત્તામાં રહેલા લોકો આ વાત સમજી શકતા નથી અને નફરતને ઉશ્કેરે છે, ત્યારે તેના પરિણામો ફક્ત એક ચોક્કસ સમુદાય માટે જ નહીં પરંતુ સમગ્ર ભારતના લોકો માટે પણ વિનાશક સાબિત થઈ શકે છે.

લેખક મહેબૂબા મુફ્તી PDP પક્ષના પ્રમુખ અને જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી છે.



**આજે જ્યારે ભારત આર્થિક, વૈજ્ઞાનિક, સામાજિક અને નૈતિક પ્રગતિની ચર્ચા કરી રહ્યું છે ત્યારે એક વરિષ્ઠ સુરક્ષા અધિકારી ‘પ્રતિશોધ’ લેવાની ભાષા બોલી રહ્યા છે તે અત્યંત દુઃખદ છે. NSAની ભૂમિકા દેશને વાસ્તવિક ખતરા સામે એક કરવાની હોવી જોઈએ, નહીં કે ઐતિહાસિક દુર્ઘટનાઓ યાદ અપાવીને ભેળવીને સમાજને વિભાજીત કરવાની**

**- મહેબૂબા મુફ્તી**
**(લેખિકા PDP પક્ષના પ્રમુખ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી છે.)**
**(સૌ. : ધવાયરહિન્દી.કોમ)**

**હદીસ બોધ**

ધીરજ અને નરમાશવાળાને ખુદા બેઈજ્જત અને અપમાનિત કરતો નથી. - હદીસ બોધ

**બોધ વચન**

ભવિષ્યના સામ્રાજ્યો બુદ્ધિના સામ્રાજ્ય હશે. -વિન્સ્ટન ચર્ચિલ

**આજની આરસી**

૨૩ જાન્યુઆરી શુક્રવાર ૨૦૨૬
૩ શાબાન હિજરી ૧૪૪૭
મહા સુદ પાંચમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૫૯
ખત્મે ઝવાલ ૧૨-૫૧
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૨૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૧

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# ભારતમાં નહીં રમે : બાંગ્લાદેશે ટી૨૦ વર્લ્ડ કપનો બહિષ્કાર કર્યો, ICC ટૂંક સમયમાં રિપ્લેસમેન્ટ જાહેર કરશે

નવી દિલ્હી, તા.૨૨

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ ગુરુવારે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ આગામી ટી૨૦ વર્લ્ડ કપ માટે તેમની ટીમ ભારત નહીં મોકલે. સુરક્ષાના કારણોસર લેવાયેલા આ કડક નિર્ણયને પગલે હવે બાંગ્લાદેશ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ જવાની તૈયારીમાં છે. બીજી તરફ, ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બાંગ્લાદેશની વેન્યુ બદલવાની વિનંતીને ફગાવી દીધી છે અને ટૂંક સમયમાં બાંગ્લાદેશના સ્થાને સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સામેલ કરવાની જાહેરાત કરી શકે છે. બાંગ્લાદેશ સરકારના વચગાળાના રમતગમત સલાહકાર આસિફ નઝરૂલે આ નિર્ણય અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, "અમે નમતું નહીં જોખીએ. અમારા ખેલાડીઓની સુરક્ષા સાથે કોઈ સમજૂતી કરી શકાય




નહીં. ICCએ અમારી સાથે ન્યાય કર્યો નથી." તેમણે વધુમાં ઉમેર્યું કે, ભૂતકાળમાં મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલ દરમિયાન કટ્ટરપંથી જૂથોની ધમકીને કારણે ભારત છોડવું પડ્યું હતું, જે દર્શાવે છે કે ત્યાં ખેલાડીઓ માટે સુરક્ષાનો વાસ્તવિક ખતરો છે. બાંગ્લાદેશની માંગ હતી કે તેમની મેચો ભારતને બદલે શ્રીલંકા ખસેડવામાં આવે, પરંતુ ICCએ આ માંગને પાયાવિહોણી ગણાવી છે. ICCના જણાવ્યા અનુસાર, તેઓ છેલ્લા કેટલાક અઠવાડિયાથી બાંગ્લાદેશ બોર્ડ સાથે સતત સંપર્કમાં હતા. સ્વતંત્ર સુરક્ષા એજન્સીઓ અને યજમાન સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવેલા અહેવાલો મુજબ ભારતમાં બાંગ્લાદેશી ખેલાડીઓ માટે કોઈ ખતરો નથી. ICCએ ભારપૂર્વક કહ્યું છે કે ટુર્નામેન્ટ તેના નિર્ધારિત સમયપત્રક મુજબ જ રમાશે. બાંગ્લાદેશને તેમના નિર્ણય પર પુનર્વિચાર કરવા માટે એક દિવસનો સમય આપવામાં આવ્યો હતો, પરંતુ બોર્ડ તેના વલણ પર મક્કમ રહ્યું છે. બાંગ્લાદેશની ટીમ ગ્રુપ-સીમાં ઈંગ્લેન્ડ, ઈટાલી, નેપાળ અને વેસ્ટ ઈન્ડિઝ સાથે હતી, જેમાં તેમની ત્રણ મેચ કોલકાતા અને એક મેચ મુંબઈમાં રમાવાની હતી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના વાઈસ પ્રેસિડેન્ટ અમીનુલ ઈસ્લામ બુલબુલે જણાવ્યું હતું કે, "બાંગ્લાદેશ જેવા ક્રિકેટ પ્રેમી દેશની ગેરહાજરી એ યજમાન અને ટુર્નામેન્ટ બંને માટે નિષ્ફળતા ગણાશે." જોકે, વર્તમાન સ્થિતિ જોતા હવે ટી૨૦ વર્લ્ડ કપ બાંગ્લાદેશ વગર રમાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

# ગૌતમ ગંભીરનો શશી થરૂરને જવાબ : 'કોચ પાસે અમર્યાદિત સત્તા હોવાની વાત સમય આવ્યે સ્પષ્ટ થશે'



નાગપુર, તા.૨૨

ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે તે ધારણાઓને ફગાવી દીધી છે કે ટીમની પસંદગીમાં તેમની પાસે 'અમર્યાદિત સત્તા' (Unlimited Authority) છે. નાગપુરમાં ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ T20 મેચ પહેલા કોંગ્રેસ સાંસદ શશી થરૂર અને ગંભીર વચ્ચે મુલાકાત થઈ હતી, જેના પછી સોશિયલ મીડિયા પર બંને વચ્ચે રસપ્રદ સંવાદ થયો હતો.

**શશી થરૂરે શું કહ્યું ? :** ક્રિકેટના ચાહક એવા શશી થરૂરે ગૌતમ ગંભીર સાથેની સેલ્ફી શેર કરતા લખ્યું, 'નાગપુરમાં મારા જૂના મિત્ર ગૌતમ ગંભીર સાથે મુલાકાત થઈ. ભારતની ટીમનો કોચ બનવું એ વડાપ્રધાન પછીનું સૌથી અઘરું કામ છે! લાખો લોકો રોજ તેમની ટીકા કરે છે, છતાં તેઓ શાંત રહીને મક્કમતાથી કામ કરી રહ્યા છે. તેમના નેતૃત્વ અને મક્કમ નિર્ધારની પ્રશંસા કરું છું.'

**ગૌતમ ગંભીરનો સૂચક જવાબ :** શશી થરૂરની આ પોસ્ટનો જવાબ આપતા ગંભીરે લખ્યું, 'ખૂબ આભાર ડૉ. શશી થરૂર ! જ્યારે બધી ચર્ચાઓ શાંત પડશે (When the dust settles), ત્યારે કોચની કહેવાતી 'અમર્યાદિત સત્તા' પાછળનું સત્ય અને તર્ક આપોઆપ સ્પષ્ટ થઈ જશે. ત્યાં સુધી મને મારા જ લોકો (ટીમના ખેલાડીઓ) સામે લડાવવાની વાત જોઈને આશ્ચર્ય થાય છે, જેઓ ખરેખર સર્વશ્રેષ્ઠ છે !' ગંભીરનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે એવી અફવાઓ ચાલી રહી છે કે સિનિયર ખેલાડીઓ (રોહિત શર્મા અને વિરાટ કોહલી) અને કોચ વચ્ચે બધું બરાબર નથી. જોકે, ગંભીરે આડકતરી રીતે સંકેત આપ્યો છે કે ટીમમાં નિર્ણયો માત્ર તેમના એકલાના નથી હોતા.

**ટીમમાં મોટા ફેરફારો અને દબાણ :** ગૌતમ ગંભીરના કાર્યકાળ દરમિયાન ભારતીય ક્રિકેટમાં ઘણા મોટા ફેરફારો આવ્યા છે:

**સિનિયર ખેલાડીઓની નિવૃત્તિ :** રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.

**નવા કેપ્ટન :** સૂર્યકુમાર યાદવને T20I અને શુભમન ગિલને ટેસ્ટ/ODIના કેપ્ટન તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

**પરિણામોનું દબાણ :** ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે ટેસ્ટ શ્રેણીમાં મળેલી હાર બાદ ગંભીર પર દબાણ વધ્યું છે.

નોંધનીય છે કે, નાગપુરમાં રમાયેલી પ્રથમ T20 મેચમાં ભારતે અભિષેક શર્માની તોફાની ૮૪ રનની ઈનિંગની મદદથી ન્યૂઝીલેન્ડને ૪૮ રને હરાવી શ્રેણીમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે.

# ICCએ કહ્યું : ભારતમાં બાંગ્લાદેશી ખેલાડીઓને સુરક્ષાનો કોઈ ખતરો નથી, T20 વર્લ્ડ કપની મેચો નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ રમાશે

દુબઈ/નવી દિલ્હી, તા.૨૨

આગામી T20 વર્લ્ડ કપને લઈને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) દ્વારા વ્યક્ત કરવામાં આવેલી સુરક્ષા ચિંતાઓને ICCએ પાયાવિહોણી ગણાવી છે. બુધવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલી ICC બોર્ડની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે બાંગ્લાદેશની મેચો ભારતથી શ્રીલંકા ખસેડવામાં આવશે નહીં.

**સુરક્ષા એજન્સીઓના રિપોર્ટના આધારે નિર્ણય :** ICCએ જણાવ્યું હતું કે તેમણે અનેક સ્તરે સુરક્ષાની સમીક્ષા કરી છે, જેમાં સ્વતંત્ર એજન્સીઓના મૂલ્યાંકનનો પણ સમાવેશ થાય છે. આ તમામ રિપોર્ટ્સમાં જાણવા મળ્યું છે કે ભારતના કોઈપણ વેન્યુ (મેદાન) પર બાંગ્લાદેશના ખેલાડીઓ, અધિકારીઓ, મીડિયા કે ચાહકોની સુરક્ષા માટે કોઈ ચોક્કસ કે ગંભીર જોખમ નથી.

**વેન્યુ બદલવું અત્યારે શક્ય નથી :** વર્લ્ડ કપ ખૂબ જ નજીક હોવાથી ICCએ સ્પષ્ટ કર્યું છે કે છેલ્લી ઘડીએ વેન્યુ બદલવું વ્યવહારિક રીતે શક્ય નથી. બોર્ડનું માનવું છે કે જો કોઈ મજબૂત પુરાવા વગર મેચો ખસેડવામાં આવે, તો તે ભવિષ્યની આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટો માટે એક ખોટું ઉદાહરણ પૂરું પાડશે. ICCએ નિવેદનમાં ઉમેર્યું કે, 'વર્તમાન સંજોગોમાં મેચોને રીલોકેટ કરવાથી ICC ઈવેન્ટ્સની ગરિમા જોખમાઈ શકે છે અને વૈશ્વિક સંચાલન મંડળ તરીકે સંસ્થાની તટસ્થતા પર સવાલ ઉઠી શકે છે.'

**ચુસ્ત સુરક્ષાની ખાતરી :** ICC છેલ્લા કેટલાક અઠવાડિયાથી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સાથે સતત સંપર્કમાં છે અને તેમને સુરક્ષા વ્યવસ્થાની વિગતવાર માહિતી પૂરી પાડી છે. સુરક્ષા પ્લાન મુજબ :

- દરેક મેદાન માટે અલગ અને વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.
- કેન્દ્રીય અને રાજ્યની કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે યોગ્ય સંકલન સાધવામાં આવ્યું છે.
- ખેલાડીઓ માટે બહુસ્તરીય (Layered) સુરક્ષા કવચની ખાતરી આપવામાં આવી છે.




આ નિર્ણય સાથે હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે T20 વર્લ્ડ કપની તમામ મેચો પૂર્વનિર્ધારિત સમયપત્રક મુજબ ભારતમાં જ રમાશે, અને બાંગ્લાદેશની ટીમે આ જ વ્યવસ્થા વચ્ચે ભાગ લેવો પડશે.

# દલિત, આદિવાસી ઉદ્યોગસાહસિકો માટે ૨૬૯.૯ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત

(એજન્સી)

વિજયવાડા, તા.૨૨

રાજ્ય સરકારે દલિત અને આદિવાસી ઉદ્યોગસાહસિકોને ટેકો આપવા માટે ઔદ્યોગિક પ્રોત્સાહનોનો બીજો હપ્તો જાહેર કર્યો હોવાનું સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસિકો (MSME) મંત્રી કોંડાપલ્લી શ્રીનિવાસે જણાવ્યું હતું. મંત્રીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન, સરકારે સમાવિષ્ટ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાના ભાગ રૂપે ૧૧,૪૫૧ દલિત અને આદિવાસી ઉદ્યોગસાહસિકોને ૨૬૯.૯૦ કરોડ રૂપિયાના ઔદ્યોગિક પ્રોત્સાહનો આપ્યા છે. મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુના નિર્દેશો પર કાર્ય કરતા, સરકારે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)માં ઉદ્યોગસાહસિકતાને વધુ મજબૂત અને વિસ્તૃત કરવા માટે આ પગલાં લીધાં હોવાનું તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષમાં, દલિત અને આદિવાસી ઉદ્યોગસાહસિકો માટે ઔદ્યોગિક પ્રોત્સાહનો બે તબક્કામાં જાહેર કરવામાં આવી રહ્યા છે. ઓક્ટોબર ૨૦૨૫માં જાહેર કરાયેલા પ્રથમ તબક્કામાં, સરકારે ૬,૬૭૫ SC ઉદ્યોગસાહસિકોને રૂ.૧૭૮.૭૫ કરોડ અને ૧,૧૫૯ ST ઉદ્યોગસાહસિકોને રૂ.૩૦.૯૪ કરોડનું ભંડોળ વિતરિત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગઠબંધન સરકાર દ્વારા આપવામાં આવેલી ખાતરીઓ અનુસાર અને તમામ મંજૂર ઔદ્યોગિક એકમોને આવરી લેવા માટે, બજેટની ઉપલબ્ધતાને આધીન, હવે બીજા તબક્કામાં વધારાના ભંડોળ વિતરિત કરવામાં આવ્યા છે. આ હપ્તા હેઠળ, મંગળવારે, ૩,૧૨૨ SC ઉદ્યોગસાહસિકોને રૂ.૫૩.૦૫ કરોડના પ્રોત્સાહનો વિતરિત કરવામાં આવ્યા હતા, જ્યારે ૪૯૫ ST ઉદ્યોગસાહસિકોને રૂ.૭.૧૬ કરોડનું ભંડોળ વિતરિત કરવામાં આવ્યું હતું. મંત્રીએ માહિતી આપી હતી કે, આ સાથે, ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષ દરમિયાન, બે તબક્કામાં ૯,૭૯૭ SC ઉદ્યોગસાહસિકોને કુલ રૂ.૨૩૧.૮૦ કરોડ અને ૧,૬૫૪ ST ઉદ્યોગસાહસિકોને રૂ.૩૮.૧૦ કરોડનું ભંડોળ વિતરિત કરવામાં આવ્યું છે. શ્રીનિવાસે જણાવ્યું હતું કે, અનેક નાણાકીય અવરોધોનો સામનો કરવા છતાં, રાજ્ય સરકારે બાકી રહેલા પ્રોત્સાહન ચુકવણીઓ ચૂકવવા માટે તબક્કાવાર અભિગમ અપનાવ્યો છે, જે SC અને ST ઉદ્યોગસાહસિકો દ્વારા સામનો કરવામાં આવતા નાણાકીય પડકારોનો સામનો કરવા માટે તેની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

તેમણે નોંધ્યું હતું કે આ પ્રોત્સાહનો લાભાર્થી એકમોને તેમની તાત્કાલિક કાર્યકારી જરૂરિયાતો પૂરી કરવામાં અને તેમના લાંબા ગાળાના વિકાસના ઉદ્દેશ્યોને ટેકો આપવામાં નોંધપાત્ર રીતે મદદ કરશે, જે દલિત અને આદિવાસી ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવા અને તેમને ઔદ્યોગિક વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવાના સરકારના સંકલ્પને મજબૂત બનાવશે.

# હત્યાના પાંચ કેસમાં આરોપીને ગુરૂગ્રામમાં દલિત મહિલાની હત્યા બદલ આજીવન કેદની સજા

**ગુરૂગ્રામ કોર્ટે ૨૦૨૧માં એક દલિત મહિલાનું અપહરણ અને હત્યા કરવા બદલ એક પુરૂષને આજીવન કેદની સજા ફટકારી હતી, તેણે અન્ય હત્યાઓની કબૂલાત કરી હતી, મુખ્ય પુરાવાઓમાં તેની રેકોર્ડ કરેલી કબૂલાતનો સમાવેશ થાય છે**

(એજન્સી) તા.૨૨

ગુરૂગ્રામની એક કોર્ટે ડિસેમ્બર ૨૦૨૧માં પાંચ હત્યાના આરોપી એક પુરૂષને ૨૦ વર્ષીય દલિત મહિલાના અપહરણ અને હત્યા કરવા બદલ આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે તેને આ કેસમાં દોષિત ઠેરવ્યો હતો અને ટ્રાયલ પૂર્ણ થયા બાદ સજા ફટકારી હતી. નાયબ જિલ્લા વકીલ રેખા જેએસ જાંગરાના જણાવ્યા અનુસાર, ૭ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ મહિલાની હત્યાના આરોપમાં દોષિત સિંહ રાજની ધરપકડ થયા પછી, તેણે ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧માં તેના છેડતીના પ્રયાસનો વિરોધ કરવા બદલ ત્રણ વધુ સગીર છોકરીઓની હત્યા કરવાની કબૂલાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "હત્યા પછી સિંહે ત્રણેય સગીરોના મૃતદેહ સેક્ટર ૭ નજીક આગ્રા નહેરમાં ફેંકી દીધા હતા. આ કેસોમાં તેની સામે ટ્રાયલ ચાલી રહી છે. તેણે ૧૯૮૭માં તેના કાકા અને પિતરાઈ ભાઈની હત્યા કર્યાની પણ કબૂલાત કરી હતી, પરંતુ તે કેસોમાં પુરાવાના અભાવે તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો." પોલીસે જણાવ્યું હતું કે રાજ ૨૦૨૧માં સેક્ટર ૧૬માં એક ખાનગી હોસ્પિટલમાં સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરતો હતો જ્યારે તેણે એક દલિત મહિલાનું શોષણ કર્યું હતું. અધિકારીઓએ ઉમેર્યું હતું કે રાજે તેની વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવાની ધમકી આપીને પૈસા પડાવવાનો પ્રયાસ કર્યા બાદ તેની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. જાંગરાએ જણાવ્યું હતું કે તેણે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ મહિલાને સેક્ટર ૧૬માં મળવા કહ્યું હતું, જ્યાં તેણે તેનું ગળું દબાવીને હત્યા કરી હતી. તેમણે જણાવ્યું કે, "ત્યારબાદ તે મૃતદેહને સાયકલ પર કેનાલમાં ફેંકી દેવા માટે લઈ ગયો. ભૂપાનીમાં રહેતા તેના પરિવારે ૨ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ જૂના ફરીદાબાદ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. જોકે, આ વખતે, લાશ લીલમાં ફસાઈ ગઈ હતી અને ૬ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પોલીસે તેને શોધી કાઢ્યો હતો." તપાસકર્તાઓના જણાવ્યા મુજબ, ૫ જાન્યુઆરીના રોજ, રાજે મહિલાના પરિવારને ફોન કર્યો અને તેની હત્યા કર્યાની કબૂલાત કરી હતી. તેના પરિવારે બીજા ફોન પર તેની કબૂલાત રેકોર્ડ કરી હતી અને પોલીસનો સંપર્ક કર્યો હતો. જાંગરાએ જણાવ્યું કે, "હત્યા સમયે મૃતક અને સિંહનું સેલ ટાવર લોકેશન એક જ જગ્યાએ હોવાનું જાણવા મળ્યું હતું. સ્થળ પર તેની કબૂલાતની રેકોર્ડિંગ ૨૯ સાક્ષીઓ સાથે કાર્યવાહી માટે મુખ્ય પુરાવા હતા." એડિશનલ સેશન્સ જજ પુરૂષોત્તમ કુમારની કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા), ૩૬૪ (હત્યા કરવાના ઈરાદાથી અપહરણ) અને ૨૦૧ (પુરાવા ગાયબ કરવા) તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૨)(૬) હેઠળ દોષિત ઠેરવીને દોષિત સિંહ રાજ પર કુલ રૂ.૨.૧ લાખનો દંડ પણ ફટકાર્યો હતો.

# દલિત કાર્યકર્તા સલમાનની હત્યા મુદ્દે YSRCP દ્વારા DGP ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન

(એજન્સી) તાડેપલ્લી, તા.૨૨

દલિત YSRCP કાર્યકર્તા મંદા સલમાનની ક્રૂર હત્યા અંગે ફરિયાદ દાખલ કરવા માટે પોલીસે સમય આપવાનો ઈન્કાર કર્યા બાદ YSR કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ DGP ઓફિસ સામે ધરણા કર્યા હતા. પાર્ટીના નેતાઓએ જણાવ્યું હતું કે તેમને DGPને મળવાની પરવાનગી ન આપવામાં આવી હતી, જેના કારણે તેમને ઓફિસની બહાર વિરોધ કરવાની ફરજ પડી હતી, ત્યારબાદ આખરે એક વધારાના DGP તેમના પ્રતિનિધિઓને મળ્યા હતા. પૂર્વ મંત્રી મેરૂગુ નાગાર્જુને જણાવ્યું હતું કે સલમાનની હત્યા 'સરકાર દ્વારા પ્રાયોજિત હત્યા' હતી અને CBI તપાસની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે પોલીસે માત્ર હત્યા અંગે યોગ્ય FIR નોંધવામાં નિષ્ફળ રહી નથી પરંતુ આઘાતજનક રીતે સલમાન સામે કેસ પણ નોંધ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે શરૂઆતમાં નેતાઓને સલમાનના મૃતદેહને જોવાની પણ મંજૂરી નહોતી અને વાય.એસ. જગન મોહન રેડ્ડીએ કહ્યું કે તેઓ વ્યક્તિગત રીતે આવીને દફનવિધિ કરશે તે પછી જ પોલીસે પ્રતિક્રિયા આપી હતી. તેમણે રાજ્યમાં શું થઈ રહ્યું છે તે અંગે પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, મહિલાઓ અને બાળકો સામેના ગંભીર ગુનાઓ પણ નોંધવામાં આવી રહ્યા નથી અને બંધારણને 'રેડ બુક નિયમ' દ્વારા બદલવામાં આવ્યું છે. પૂર્વ ધારાસભ્ય કાસુ મહેશ રેડ્ડીએ જણાવ્યું હતું કે આંધ્રપ્રદેશમાં અરાજકતા ફેલાઈ ગઈ છે, જ્યાં દલિત કાર્યકર્તાની હત્યા પછી પણ પોલીસે હુમલાખોરો સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહી અને તેના બદલે મૃતક સામે કેસ દાખલ કર્યા છે. તેમણે કહ્યું કે સલમાનના પરિવારને ધાર્મિક રીતરિવાજો અનુસાર અંતિમ સંસ્કાર કરવામાં અવરોધ કરવામાં આવ્યો હતો અને અધિકારીઓએ દફનવિધિ માટે પણ આધાર કાર્ડની માંગણી કરવાની હદ સુધી પહોંચી ગયા હતા. તેમણે જાહેરાત કરી હતી કે YSRCP એક PIL દ્વારા હાઈકોર્ટનો સંપર્ક કરશે અને સલમાનના પરિવારને ન્યાય ન મળે ત્યાં સુધી પોતાનો સંઘર્ષ ચાલુ રાખશે. પૂર્વ મંત્રી ટી.જે.આર. સુધાકર બાબુએ જણાવ્યું હતું કે YSRCP નેતાઓને DGP ઓફિસમાં અપમાનિત કરવામાં આવ્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે DGP લોકો માટે કામ કરી રહ્યા છે કે ચંદ્રબાબુ નાયડુના એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેમણે દલિતો પર થયેલા બેફામ હુમલાઓને યાદ કર્યા, સલમાનના પરિવારને રૂ.૧ કરોડનું વળતર માંગ્યું અને ધારાસભ્ય યારાપથિનેની શ્રીનિવાસ રાવ સામે કાર્યવાહી કરવાની હાકલ કરી હતી. પૂર્વ મંત્રી વિદાદલા રજિનીએ પોલીસ પર તેમની બંધારણીય ફરજ છોડીને ચંદ્રબાબુ નાયડુ અને નારા લોકેશની સેવા કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે SC, ST, BC અને લઘુમતીઓને કોઈ રક્ષણ નથી, TDP ગુંડાઓ હત્યાઓ કરી રહ્યા છે અને સામાન્ય નાગરિકો પણ રાજકીય મંજૂરી વિના પોલીસ સ્ટેશનમાં પ્રવેશી શકતા નથી. MLC મોન્ડીથોકા અરૂણ કુમારે કહ્યું કે દલિત કાર્યકર્તાની હત્યાએ સરકારનો સાચો ચહેરો ઉજાગર કર્યો છે અને દલિતોને 'બર્બર શાસન' તરીકે ઓળખાવેલી વાત સામે એક થવા હાકલ કરી છે. પૂર્વ મંત્રી અંબાતી રામબાબુએ કહ્યું કે આ કેસમાં પોલીસનું વર્તન ખૂબ જ વિવાદાસ્પદ હતું, ફરિયાદ દાખલ કરવાના વારંવાર પ્રયાસોને અવગણવામાં આવ્યા હતા અને વિરોધ તેમના પર દબાણ કરવામાં આવ્યુ હતું. તેમણે ઉચ્ચ સ્તરીય તપાસ અને સલમાનના પરિવારને તાત્કાલિક રાહત આપવાની માંગ કરી હતી.


**ઓન લાઈન ટેન્ડર ટુકી મુદ્દતની જાહેર નિવિદા નં. ૩૩ સને.૨૦૨૫-૨૬**

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, (સ્ટેટ), મુખ્ય પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન નં. ૨૨૩૧૦૦, દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના **રોડ વર્ક / બિલ્ડીંગ વર્ક તથા કન્સલટન્સી વર્કના કામના ઈજારદારશ્રીઓ પાસેથી** ઈ- ટેન્ડર પધ્ધતીથી ટેન્ડરો માંગવામાં આવે છે.આ કામની વિગતવાર નોટીસ માહિતી વિભાગની વેબ સાઈટ **www.statetenders.gujarat.gov.in & nprocure.gov.in** ઉપર જોવા મળશે.

| ક્રમ | વિગત | તારીખ / સમય |
|---|---|---|
| ૧ | કોરા ભાવપત્રકો ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૨/૦૨/૨૦૨૬ ૧૭.૦૦ કલાકે |
| ૨ | ભરેલ ભાવપત્રકો ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ | ૦૨/૦૨/૨૦૨૬ ૧૮:૦૦ કલાકે |
| ૩ | ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ | ૦૩/૦૨/૨૦૨૬ ૧૦:૩૦ કલાકે |
| ૪ | ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી થી સબ મીટ કરવાની તારીખ | ૦૩/૦૨/૨૦૨૬ થી ૦૯/૦૨/૨૦૨૬ |

જિમાક/અમર/૫૩૭/૨૫

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૩૨ સને.૨૦૨૫-૨૬**

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી**

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી. (ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની MMGSY/SCSP/BUJ,DMF નાં પેકેજ-૭, કામો-૮, અંદાજીત રકમ રૂ.૧૨૮૧.૮૮ લાખ ના કામો માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે તેમજ વિગતવાર માહિતી આ કચેરીનાં નોટીસ બોર્ડ તેમજ,www.tender.nprocure.com, તથા www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૦૨/૦૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૦૩/૦૨/૨૬ થી તા.૧૦/૦૨/૨૬ (૩) ટેન્ડર ખોલવાની તા.૦૩/૦૨/૨૬ ૧૧.૦૦ કલાક

માહિતી/અમરે/ ૫૩૮ /૨૫

કાર્યપાલક ઇજનેર
પંચાયત મા.મ. વિભાગ, અમરેલી

# નાટો ભવિષ્યના આર્કટિક સોદા માટે સંમત થયા પછી ટ્રમ્પની ગ્રીનલેન્ડ મુદ્દે પીછેહઠ, ટેરિફ ધમકી પાછી ખેંચી

## આવતા મહિને ટેરિફ ૧૦%થી શરૂ થવાના હતા અને જૂનમાં ૨૫% સુધી વધવાના હતા

(એજન્સી) ડેવોસ, તા.૨૨

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર યુએસ નિયંત્રણ માટે દબાણ કરવા માટે આઠ યુરોપિયન દેશો પર લાદવામાં આવેલી ટેરિફને રદ કરી દીધી હતી અને 'હક, માલિકી અને આધિપત્ય સહિત' ટાપુ મેળવવા માંગતા હોવાનો આગ્રહ રાખ્યા પછી તરત જ નાટકીય રીતે ફેરવી તોળ્યું હતું. તેમની સોશિયલ મીડિયા સાઈટ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે તેઓ આર્કટિક સુરક્ષા પર 'ભવિષ્યના સોદાના માળખા' પર નાટોના વડા સાથે સંમત થયા છે, જે સંભવિત રીતે દૂરગામી ભૂરાજકીય અસરો ધરાવતા તણાવને ઓછો કરશે. તેમણે કહ્યું કે ગ્રીનલેન્ડ પર 'વધારાની ચર્ચાઓ' ગોલ્ડન ડોમ મિસાઈલ સંરક્ષણ કાર્યક્રમ, બહુસ્તરીય, $૧૭૫ બિલિયન સિસ્ટમ જે પ્રથમ વખત અવકાશમાં યુએસ શસ્ત્રો મૂકશે તે અંગે થઈ રહી છે. ટ્રમ્પે થોડી વિગતો આપી, કહ્યું કે તેના પર હજુ પણ કામ ચાલી રહ્યું છે. પરંતુ ટ્રમ્પ સાથેના સમાધાનના ભાગ રૂપે નાટોના સભ્યોએ એક વિચાર પર ચર્ચા કરી છે જે એ હતો કે ડેનમાર્ક અને નાટો સંગઠન ગ્રીનલેન્ડ પર વધુ યુએસ લશ્કરી થાણા બનાવવા માટે યુએસ સાથે કામ કરશે. આ બાબતથી પરિચિત પરંતુ જાહેરમાં ટિપ્પણી કરવા માટે અધિકૃત ન હોય તેવા યુરોપિયન અધિકારીના જણાવ્યા મુજબ, નામ ન આપવાની શરતે બોલતા અધિકારીએ કહ્યું કે ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા માળખામાં આ વિચારનો સમાવેશ થાય છે કે નહીં તે તાત્કાલિક સ્પષ્ટ નથી.

**ટ્રમ્પે પહેલા ટેરિફને પાછી ખેંચી લીધી**

રાષ્ટ્રપતિએ પહેલા ટેરિફની ધમકી આપી હતી અને પછી પીછે હઠ કરી હતી. એપ્રિલમાં, પ્રથમ વખત કહ્યું હતું કે તેઓ વિશ્વભરના રાષ્ટ્રો પર મોટા પાયે આયાત વેરા લાદશે, જેના કારણે બજારની તીવ્ર નકારાત્મક પ્રતિક્રિયા થઈ જેના પગલે ટ્રમ્પ કૂણાં પડ્યા હતા. પરંતુ આ વખતે તેમનો નિર્ણય ત્યારે જ બદલાયો જ્યારે તેમણે સ્વિસ આલ્પ્સમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ગ્રીનલેન્ડ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પોતાના ભાષણનો ઉપયોગ કર્યો અને શીત યુદ્ધના શરૂઆતના દિવસોથી વિશ્વના સૌથી અટલ જોડાણોમાંના એક નાટોને ઉથલાવી દેવાની ધમકી આપી. પોતાના સંબોધનમાં, ટ્રમ્પે કહ્યું કે તેઓ એવા પ્રદેશની માંગ કરી રહ્યા છે જે 'ઠંડા અને ખરાબ રીતે સ્થિત' હોય અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ યુરોપને અસરકારક રીતે બચાવ્યું હતું જ્યારે નાટોની ઘોષણા કરી હતી : 'આપણે ઘણા દાયકાઓથી તેમને જે આપ્યું છે તેની સરખામણીમાં આ ખૂબ જ નાની માંગ છે.' ટ્રમ્પે કહ્યું કે, 'જ્યાં સુધી હું વધુ પડતી તાકાત અને બળનો ઉપયોગ કરવાનો નિર્ણય ન લઉં ત્યાં સુધી આપણને કદાચ કંઈ મળશે નહીં, ત્યારે આપણને કોઈ રોકી શકશે નહીં. પરંતુ હું તે નહીં કરૂં, ઠીક છે ?'. પરંતુ ટ્રમ્પે વારંવાર એમ પણ કહ્યું છે કે, અમેરિકા નાટોનો બચાવ કરશે પરંતુ તેમને ખાતરી નથી કે જો જરૂર પડે તો જોડાણ વોશિંગ્ટનને ટેકો આપશે, અને સૂચવ્યું કે ગ્રીનલેન્ડ પ્રત્યેના તેમના આક્રમક વલણનું કારણ આ જ હતું. તેના કારણે નાટો સેક્રેટરી જનરલ માર્ક રૂટે, ટ્રમ્પ સાથે ભાષણ પછીના કાર્યક્રમમાં, એમ કહેવા માટે પ્રેરિત થયા કે જો અમેરિકા પર હુમલો થશે તો નાટો તેની સાથે રહેશે. ડેવોસમાં, ટ્રમ્પે 'તાત્કાલિક' ગ્રીનલેન્ડ વાટાઘાટોની માંગ કરી, યુરોપને નિશાન બનાવ્યું, ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામનો દાવો પુનરાવર્તિત કર્યો. રૂટેએ કહ્યું કે 'તમે નિશ્ચિત રહી શકો છો, બેશક' થોડા સમય પછી ટ્રમ્પ દ્વારા ટેરિફ રદ કરવાની પોસ્ટ આવી. ડેનિશ વિદેશ પ્રધાન લાર્સ લોક્કે રાસમુસેને કહ્યું કે તેઓ ટ્રમ્પ દ્વારા 'બળજબરીથી ગ્રીનલેન્ડ' લેવાનો ઈન્કાર અને 'યુરોપ સાથેના વેપાર યુદ્ધ'ને થોભાવવાના નિર્ણયનું સ્વાગત કરે છે. તેમણે એક નિવેદનમાં કહ્યું કે, 'હવે, ચાલો સાથે બેસીને શોધીએ કે ડેનમાર્ક રાજ્યની લાલ રેખાઓનું સન્માન કરીને આપણે આર્ક્ટિકમાં અમેરિકન સુરક્ષા ચિંતાઓને કેવી રીતે સંબોધી શકીએ,'.

**રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રીય સુરક્ષાનો ઉલ્લેખ**

ટ્રમ્પની દલીલ છે કે અમેરિકાને રાષ્ટ્રીય સુરક્ષા માટે અને આર્ક્ટિક ક્ષેત્રમાં રશિયા અને ચીનના જોખમોનો સામનો કરવા માટે ગ્રીનલેન્ડની જરૂર છે, જોકે અમેરિકા ત્યાં પહેલેથી જ મોટો લશ્કરી થાણું ધરાવે છે. તેમણે ડેનમાર્ક અને અન્ય સાત સાથી દેશો પર ભારે યુએસ આયાત કર લાદવાની ધમકી આપી હતી જો તેઓ અર્ધ-સ્વાયત્ત પ્રદેશના સ્થાનાંતરણની વાટાઘાટો ન કરે તો. ટેરિફ આવતા મહિને ૧૦%થી શરૂ થવાના હતા અને જૂનમાં ૨૫% સુધી વધવાના હતા. જ્યારે ટ્રમ્પ માને છે કે તેનાથી અનુકૂળ કરાર થઈ શકે છે ત્યારે તેઓ ઘણીવાર બીજી બાજુ દબાણ વધારવાનો પ્રયાસ કરે છે. દાવોસ ખાતેની તેમની ધમકીઓ નાટોમાં ભંગાણના ખતરા વચ્ચે આવી હતી, જેની સ્થાપના અગ્રણી યુરોપિયન દેશો, યુએસ અને કેનેડા દ્વારા સોવિયેત યુનિયનનો સામનો કરવા માટે કરવામાં આવી હતી. ગઠબંધનના અન્ય સભ્યોએ એવું કહેવા પર અડગ રહ્યા કે ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી અને ડેનમાર્ક પાસેથી તેને છીનવી શકાશે નહીં અને ટ્રમ્પના વચન આપેલા ટેરિફને ગુસ્સાથી નકારી કાઢ્યા. ટ્રમ્પના ભાષણ પછી ડેનિશ સરકારી અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે કોપનહેગન યુએસ સુરક્ષા ચિંતાઓ પર ચર્ચા કરવા તૈયાર છે. પરંતુ જાહેરમાં ટિપ્પણી કરવા માટે અધિકૃત ન હોય તેવા અને નામ ન આપવાની શરતે બોલતા



અધિકારીએ સરકારના વલણ પર ભાર મૂક્યો હતો કે 'લાલ રેખાઓ'- એટલે કે ડેનમાર્કની સાર્વભૌમત્વ-નું સન્માન કરવું જોઈએ. ટ્રમ્પ દ્વારા ટેરિફ રદ કરવાથી આવી ગણતરીઓ કેવી રીતે બદલાઈ શકે છે તે તરત જ સ્પષ્ટ થયું ન હતું.

**તેમના શબ્દોમાં : ગ્રીનલેન્ડ પર ટ્રમ્પની ધમકીઓ દાવોસ સમિટમાં ચેતવણીઓ અને અપશબ્દોથી ભરેલી હતી**

**ગ્રીનલેન્ડની નાગરિકોને તૈયારી કરવાની હાકલ**

આ દરમિયાન, ગ્રીનલેન્ડની સરકારે તેના નાગરિકોને તૈયાર રહેવાનું કહીને પ્રતિક્રિયા આપી. તેણે અંગ્રેજી અને ગ્રીનલેન્ડિક ભાષામાં કટોકટીમાં શું કરવું તે અંગે એક હેન્ડબુક પ્રકાશિત કરી છે જે રહેવાસીઓને ખાતરી કરવા વિનંતી કરે છે કે તેમની પાસે ઘરમાં પૂરતો ખોરાક, પાણી, બળતણ અને પુરવઠો છે જેથી તેઓ કમસે કમ ૫ દિવસ જીવન ટકાવી શકે. ગ્રીનલેન્ડની રાજધાની નુયુકમાં ટોની જેકોબસેને જેમાં મીણબત્તીઓ, નાસ્તો અને ટોઈલેટ પેપરનો સમાવેશ થતો હતો તેવી બેગની સામગ્રી બતાવતા કહ્યુ કે, 'અમે હમણાં જ કરિયાણાની દુકાનમાં ગયા અને પુરવઠો ખરીદ્યો,' જેકોબસેને કહ્યું કે તેમને લાગે છે કે ગ્રીનલેન્ડ પ્રત્યે ટ્રમ્પનો વક્તવ્ય 'માત્ર ધમકીઓ જ છે... પરંતુ તૈયાર ન રહેવા કરતાં તૈયાર રહેવું વધુ સારૂં છે.' પીછેહઠ કરતા પહેલા, ટ્રમ્પે ડેનમાર્ક અને બાકીના નાટોને બાજુ પર રહેવા વિનંતી કરી હતી, જેમાં એક અપશુકનિયાળ ચેતવણી ઉમેરી હતી. 'અમે વિશ્વ રક્ષણ માટે બરફનો ટુકડો ઈચ્છીએ છીએ અને તેઓ તે આપશે નહીં,' ટ્રમ્પે કહ્યું 'તમે હા કહેશો તો અમે ખૂબ આભારી રહીશું અથવા તમે ના કહી શકો છો, અને અમે યાદ રાખીશું.' તેમણે યુનાઈટેડ સ્ટેટ્સને ગ્રીનલેન્ડ મેળવવા માટે 'તાત્કાલિક વાટાઘાટો' શરૂ કરવાની પણ હાકલ કરી. પત્રકારોને આપેલી ટિપ્પણીઓમાં, તેમણે એવી કિંમતનું નામ આપવાનો ઈન્કાર કર્યો હતો જે ચૂકવવી પડી શકે છે ફક્ત એટલું જ કહ્યું, 'એક મોટી કિંમત છે અને તે સલામતી અને સુરક્ષા, રાષ્ટ્રીય સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય સુરક્ષાની કિંમત છે.' એરફોર્સ વનમાં નાની વિદ્યુત સમસ્યાને કારણે વોશિંગ્ટન પરત ફરવા માટે એરક્રાફ્ટ બદલવાની ફરજ પડી હતી, જેના કારણે તેમનું દાવોસ આગમન મોડું થયું હતું. ટ્રમ્પનો કાફલો ભાષણ સ્થળ તરફ એક સાંકડા રસ્તા પર જઈ રહ્યો હતો, ત્યારે દર્શકો-જેમાં કેટલાક સ્કીઅર્સ પણ સામેલ હતા-રસ્તા પર લાઈન લગાવી રહ્યા હતા, કેટલાક અશ્લીલ હાવભાવ કરી રહ્યા હતા. ટ્રમ્પના ટેરિફની ધમકીથી ગગડેલા નાણાકીય બજારો બુધવારે પાછા ઉછળ્યા હતા. ઘણા યુ.એસ. અધિકારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો, જેઓ ચિંતા કરતા હતા કે ગ્રીનલેન્ડ, ડેનમાર્ક અને અન્ય નાટો સાથીઓ પ્રત્યે ટ્રમ્પનું કટ્ટર વલણ અને યુદ્ધખોર વાણી અન્ય વિદેશ નીતિના લક્ષ્યોને નુકસાન પહોંચાડી શકે છે. ટ્રમ્પનું દાવોસ ભાષણ મૂળરૂપે યુ.એસ.ના મકાનોના ભાવ કેવી રીતે ઘટાડવા તે પર ધ્યાન કેન્દ્રિત કરવાનું માનવામાં આવતું હતું જે જીવનનિર્વાહના ખર્ચને ઘટાડવાના મોટા પ્રયાસનો ભાગ છે. તેના બદલે ગ્રીનલેન્ડ દિવસભર છવાયેલું રહ્યું, જોકે ટ્રમ્પે તેમના ભાષણ દરમિયાન ભૂલથી તેને ચાર વખત આઈસલેન્ડ તરીકે ઓળખાવ્યો. 'આ વિશાળ અસુરક્ષિત ટાપુ ખરેખર ઉત્તર અમેરિકાનો ભાગ છે,' ટ્રમ્પે કહ્યું 'તે આપણો પ્રદેશ છે.' જ્યારે તેમણે આખરે રહેઠાણનો ઉલ્લેખ કર્યો, ત્યારે ટ્રમ્પે સૂચવ્યું કે તેઓ પોષણક્ષમતાને પ્રોત્સાહન આપવા માટેના પગલાને સમર્થન આપતા નથી. તેમણે કહ્યું કે ઘરની વધતી કિંમતો ઘટાડવાથી મિલકતના મૂલ્યોને નુકસાન થાય છે અને જે ઘરમાલિકો એક સમયે પોતાના ઘરોમાં સમાનતાને કારણે શ્રીમંત લાગતા હતા તેઓ ગરીબ લાગે છે.

**'હવે બીજો ખતરો છે'**

ટ્રમ્પે જાહેરાત કરી કે તેઓ ટેરિફ છોડી રહ્યા છે અને સંભવિત રીતે આંતરરાષ્ટ્રીય દબાણ હળવું કરી રહ્યા છે તે પહેલાં, તેમના ભાષણથી નુઉકમાં લોકો સૌથી ખરાબ પરિસ્થિતિ માટે તૈયારી કરી રહ્યા હતા. નિવાસી જોની હેડેમેને કહ્યું કે તે 'અપમાનજનક' છે કે ટ્રમ્પ 'ગ્રીનલેન્ડિક લોકો અને ગ્રીનલેન્ડિક રાષ્ટ્ર વિશે ફક્ત બરફના ટુકડા તરીકે વાત કરે છે.' કેમ્પિંગ સ્ટોવ અને તાત્કાલિક છૂંદેલા બટાકા ખરીદવા જતા તેઓ બોલ્યા. હેડેમેને કહ્યું કે, 'આ પ્રકૃતિમાં રહેતા, તમારે લગભગ કોઈપણ વસ્તુ માટે તૈયાર રહેવું પડશે અને હવે બીજો ખતરો છે-અને તે ટ્રમ્પ છે'.

# મનરેગા હટાવીને લોકોના અધિકારો છીનવી લેવામાં આવ્યા : કોંગ્રેસ

## સંદીપ દીક્ષિતે એવો દાવો કર્યો હતો કે ભાજપે મનરેગા યોજના દૂર કરીને તેના સ્થાને નવી વીબી જી રામજી નામની યોજના દાખલ કરી છે જેનો કોંગ્રેસ સતત વિરોધ કરી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

મનરેગા યોજનાનું માળખું વિખેરી નાખી ભાજપની કેન્દ્ર સરકારે લોકોના અધિકારોને ખતમ કરી દીધા હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો અને જાહેર કર્યું હતું કે આ મુદ્દા ઉપર રાષ્ટ્રવ્યાપી સંવાદ અને ચર્ચા મંથન કરવામાં આવશે અને જેના પગલે કામદારો અને એમનો અવાજ રાષ્ટ્રની રાજધાની સુધી પ્રતિકાત્મક રૂપે લાવવામાં આવશે. રચનાત્મક કોંગ્રેસ સંગઠનના અધ્યક્ષ સંદીપ દીક્ષિતે પત્રકારો સાથે વાતચીત કરતા દાવો કર્યો હતો કે મનરેગા યોજનાના સ્થાને ભાજપની સરકાર જે નવી વીબી જી રામજી યોજના અને કાયદો લાવ્યો છે તેનો કોંગ્રેસ સતત વિરોધ કરી રહી છે. "મનરેગા બચાવ" સંગ્રામ શરૂ કરી દેવામાં આવ્યો છે અને અનેક રાજ્યો તથા જિલ્લાઓમાં આંદોલન શરૂ થઈ ગયું છે. કોવિડ ૧૯ મહામારી દરમિયાન મનરેગા યોજનાએ ભજવેલી



નિર્ણાયક અને ચાવીરૂપ ભૂમિકાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે એ સમયે આ યોજના કરોડો લોકો માટે આજીવિકાનો આધાર બની હતી અને એમના માટે જીવનનો આધાર બની હતી. જેનાથી મનરેગા યોજના એ ખરેખર અર્થમાં લોકોના હૃદયમાં સ્થાન મેળવ્યું. કોંગ્રેસે દેશભરનાને કિસાનો અને શ્રમિક સંગઠનો સાથે સઘન ચર્ચા મંત્રણા કરી છે અને એક જ સૂર બધા એ વ્યક્ત કર્યો છે કે લોકોના અધિકારો છીનવી લેવામાં આવ્યા છે.

તેમણે જાહેર કર્યું હતું કે ગુરૂવારે દિલ્હીમાં દેશભરના કામદારો ચર્ચા માટે એકઠા થઈ રહ્યા છે અને આ એ જ લોકો છે જેમણે રસ્તા બાંધ્યા છે અને શાળાઓ બાંધી છે, પંચાયતોની ઈમારતો બાંધી છે, તળાવ અને સરોવર બાંધ્યા છે અને પાણીના સંગ્રહ માટેના પાયાના સાધનો તૈયાર કર્યા છે અને આ રીતે રાષ્ટ્રના નિર્માણમાં તથા પાયાના વિકાસમાં એમનું અદભુત યોગદાન રહ્યું છે.

યોજનાના વિકેન્દ્રીકરણનું મહત્ત્વ સમજાવતા દીક્ષિતે કહ્યું હતું કે પંચાયતોને એમની પોતાની સમૃદ્ધિ અને વિકાસ માટે તેમના વિકાસ કામોનું આયોજન કરવાની અને તેનો અમલ કરવાની સત્તા આ યોજનાથી મળી હતી અને સરકાર માત્ર સહાયક હતી પરંતુ મોદી સરકારે પંચાયતોની હિસ્સેદારીને જ ખતમ કરી નાખી છે.

# વિધાનસભા, સંસદીય પ્રણાલીઓમાં રાષ્ટ્રીય વિધાનસભા સૂચકાંક હશે : બિરલા

## બિરલાએ બજેટ સત્ર દરમિયાન કોઈપણ આયોજિત વિક્ષેપો સામે ચેતવણી આપતા કહ્યું કે ૨૦૪૭ સુધીમાં 'વિકસિત-ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં વિધાનસભાની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે


(એજન્સી) લખનૌ, તા.૨૨

ઉદ્દેશ્ય પરિમાણોના આધારે વિધાનસભા સંસ્થાઓના પ્રદર્શનનું મૂલ્યાંકન અને તુલનાત્મક મૂલ્યાંકન માટે 'રાષ્ટ્રીય વિધાનસભા સૂચકાંક' (NLI) બનાવવાની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થશે.

આ અંગેનો ઠરાવ ૮૬મી અખિલ ભારતીય પ્રમુખ અધિકારીઓ પરિષદમાં અપનાવવામાં આવ્યો હતો. બેઠકમાં જાહેર હિતમાં વધુ જવાબદારી સાથે સ્વસ્થ સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે અનુકૂળ વાતાવરણ સ્થાપિત કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

દિવસોની ચર્ચા-વિચારણા પછી, તમામ રાજ્યોની વિધાનસભાઓના પ્રમુખ અધિકારીઓએ પરિષદમાં છ ઠરાવો અપનાવ્યા. આમાં NLIની રચના અને રાજ્ય વિધાનસભાઓની બેઠકોની સંખ્યા દર વર્ષે ઓછામાં ઓછી ૩૦ બેઠકો સુધી વધારવા માટે તમામ રાજકીય પક્ષો વચ્ચે સર્વસંમતિ બનાવવા જેવા મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પોતાના સમાપન ભાષણમાં, સંસદમાં આગામી બજેટ સત્ર પહેલા, તમામ



રાજકીય પક્ષોના નેતાઓ અને સભ્યોને ગૃહની સુગમ કામગીરી સુનિશ્ચિત કરવા માટે સહયોગ કરવાની અપીલ કરી.

બિરલાએ બજેટ સત્ર દરમિયાન કોઈપણ આયોજિત વિક્ષેપો સામે ચેતવણી આપતા કહ્યું કે ૨૦૪૭ સુધીમાં 'વિકસિત-ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં વિધાનસભાની ભૂમિકા મહત્વપૂર્ણ છે.

મુખ્ય ઠરાવોમાંથી એક પર પ્રકાશ પાડતા, બિરલાએ વિધાનસભાઓને વધુ અસરકારક અને લોકોલક્ષી બનાવવા માટે 'રાષ્ટ્રીય વિધાનસભા સૂચકાંક'ની તૈયારીને સમર્થન આપ્યું. તેમણે બીજા મુખ્ય ઠરાવને પણ સમર્થન આપ્યું, જેમાં રાજ્ય વિધાનસભાઓમાં વર્ષમાં ઓછામાં ઓછી ૩૦ બેઠકોની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમણે પ્રમુખ અધિકારીઓને બંધારણના રક્ષક અને લોકશાહીના રક્ષક તરીકે વર્ણવ્યા.

રાષ્ટ્રીય વિધાનસભા સૂચકાંકની જરૂરિયાત સમજાવતા, બિરલાએ કહ્યું કે તે વિધાનસભાઓ વચ્ચે સ્વસ્થ સ્પર્ધાને સરળ બનાવશે અને દેશમાં વિધાનસભા સંસ્થાઓમાં સંવાદ અને કાર્યક્ષમતાની ગુણવત્તામાં વધારો કરશે. તેમણે ઉમેર્યું કે રાષ્ટ્રીય વિધાનસભા સૂચકાંક બનાવવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ, ઉત્તરપ્રદેશ વિધાન પરિષદના અધ્યક્ષ અને ઉત્તરપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષે પણ સત્રને સંબોધિત કર્યું હતું.

**સ્પીકરે પ્રસ્તાવિત જવાબદારી માપદંડને સમર્થન આપ્યું**

મુખ્ય ઠરાવોમાંથી એક પર પ્રકાશ પાડતા, બિરલાએ વિધાનસભાઓને વધુ અસરકારક અને લોકોલક્ષી બનાવવા માટે 'રાષ્ટ્રીય વિધાનસભા સૂચકાંક'ની તૈયારીને સમર્થન આપ્યું. તેમણે બીજા મુખ્ય ઠરાવને પણ સમર્થન આપ્યું, જેમાં વર્ષમાં ઓછામાં ઓછી ૩૦ બેઠકોની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# કાશ્મીર પોલીસ દ્વારા પત્રકારોને સમન્સ પાઠવવા, સહી કરેલા સોગંદનામાઓ પર દબાણ કરવા મુદ્દે વધી રહેલ આક્રોશ

## 'પત્રકારોને મનસ્વી સમન્સ અને તેમની પોલીસ પૂછપરછ અને દબાણ હેઠળ સોગંદનામા મેળવવાના પ્રયાસો, મીડિયા પર બળજબરી અને ધાકધમકી સમાન છે' : એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા

(એજન્સી) તા.૨૨

એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ ખીણમાં પત્રકારોને સમન્સ પાઠવવા બદલ જમ્મુ અને કાશ્મીર પોલીસની ટીકા કરી છે, જે મીડિયાની સ્વતંત્રતા વિરૂદ્ધ બળજબરીભર્યા પગલાં તરીકે જોવામાં આવી રહેલી ટીકામાં વધારો કરે છે.

ગિલ્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પત્રકારોને મનસ્વી સમન્સ અને પોલીસ પૂછપરછ અને દબાણ હેઠળ સોગંદનામા મેળવવાના પ્રયાસો, મીડિયાને તેના કાયદેસર ફરજો પૂર્ણ કરવા માટે બળજબરી અને ધાકધમકી સમાન છે'.

'કાશ્મીર પોલીસ દ્વારા વ્યાવસાયિક પત્રકારો સામે વધુને વધુ ધમકીભર્યા, દબાવી દેતા અને બળજબરીભર્યા પગલાં લેવામાં આવ્યા છે, જેનો આ તાજેતરનો દાખલો છે. ભૂતકાળમાં પત્રકારોને પોલીસ દ્વારા સમન્સ પાઠવવા અને પૂછપરછ કરવાના અસંખ્ય કિસ્સાઓ નોંધાયા છે.'

એક અગ્રણી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે તેના એક પત્રકાર આશિક હુસૈનને શ્રીનગરના સાયબર પોલીસ સ્ટેશનમાં હાજર થવા માટે મૌખિક સમન્સ મળ્યું હતું.

અખબારે સમન્સ લેખિતમાં જારી કરવા જણાવ્યું છે. જ્યારે પત્રકારે સમન્સ પાછળના કારણો વિશે પૂછ્યું, ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે : 'જ્યારે તમે હાજર થશો ત્યારે તમને કારણ જણાવવામાં આવશે.'

એ જ રીતે, અગ્રણી મીડિયાએ કાશ્મીર પોલીસે બોન્ડ પર સહી કરવા માટે કથિત રીતે દબાણ કર્યા પછી સહાયક સંપાદક બશરત મસૂદની ચાર દિવસની તકલીફનું વર્ણન કર્યું.

એક સોશિયલ મીડિયા યુઝરે એક્સપ્રેસ લિંક પર ટિપ્પણી કરી : "કાશ્મીર પોલીસે વરિષ્ઠ પત્રકાર બશરત મસૂદને સાયબર પોલીસ સ્ટેશનમાં ખેંચી ગયા, તેમને ચાર દિવસ અને ૧૫ કલાક માટે અટકાયતમાં રાખ્યા અને મસ્જિદ સર્વે વિશે લખવા



બદલ વફાદારી બોન્ડ પર સહી કરવા માટે મેજિસ્ટ્રેટ સમક્ષ લઈ ગયા. તેમણે ઈન્કાર કર્યો. આ હકીકતોથી ડરતા શાસન હેઠળ પ્રેસને સરેઆમ લુખ્ખી ધાકધમકી છે."

એડિટર્સ ગિલ્ડે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય મીડિયા સાથે જોડાયેલા ઘણા પત્રકારો સહિત અનેક પત્રકારોને વારંવાર શ્રીનગરના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને નિયમિત સમાચાર અહેવાલો વિશે કથિત રીતે પૂછપરછ કરવામાં આવી હતી.

નિવેદનમાં વાંચવામાં આવ્યું છે કે, '... પત્રકારો પર બોન્ડ અથવા સોગંદનામા પર સહી કરવા માટે પણ દબાણ કરવામાં આવ્યું હતું કે તેઓ 'શાંતિને ખલેલ પહોંચાડવા' માટે કોઈપણ પ્રવૃત્તિ નહીં કરે, તેનો અર્થ ગમે તે હોય કે કોઈ પણ હોય. જ્યારે પોલીસ અધિકારીઓએ હજુ સુધી આવી કાર્યવાહીના કારણો સ્પષ્ટ કર્યા નથી, ત્યારે ગિલ્ડે પુનરોચ્ચાર કર્યો છે કે લોકશાહીમાં આવી મનસ્વી કાર્યવાહી માટે કોઈ જગ્યા હોઈ શકે નહીં, જેમાં મીડિયા મુખ્ય આધારસ્તંભ છે'.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'ગિલ્ડ પોલીસ અને અન્ય અધિકારીઓને આવી કાર્યવાહીથી દૂર રહેવા હાકલ કરે છે, જે વાણી સ્વાતંત્ર્યને પ્રતિબંધિત કરે છે અને મીડિયાને તેના મુખ્ય કાર્યો કરવાથી અટકાવે છે. ગિલ્ડ અધિકારીઓને પારદર્શક રીતે કાર્ય કરવા અને મીડિયા સાથેના તેમના વ્યવહારમાં કાનૂની યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવા વિનંતી કરે છે'.

કાશ્મીર ખીણમાં પત્રકારો અને સમાચાર સંગઠનો પર કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા વારંવાર હુમલા કરવામાં આવ્યા છે.

ગયા વર્ષે નવેમ્બરમાં રાજ્ય પોલીસની ગુપ્તચર શાખા, રાજ્ય તપાસ એજન્સી દ્વારા કાશ્મીર ટાઈમ્સના જમ્મુ કાર્યાલય પર દરોડો પાડવામાં આવ્યો હતો.

એસઆઈએએ એક રિવોલ્વર, એકે રાઉન્ડના ૧૪ ખાલી કેસ, ચાર ફાયરિંગ ગોળીઓ, ત્રણ ગ્રેનેડ સેફ્ટી લિવર અને ત્રણ શંકાસ્પદ પિસ્તોલ રાઉન્ડ જપ્ત કરવાનો દાવો કર્યો હતો.

SIAએ કહ્યું હતું કે આ શોધખોળ કાશ્મીરના સૌથી જૂના અંગ્રેજી ભાષાના સમાચાર સંગઠન સામે નોંધાયેલી FIR સાથે જોડાયેલી છે, જે હવે ડિજિટલ સ્પેસમાં અસ્તિત્વ ધરાવે છે. વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ ૨૦૨૫માં, ભારત ૧૮૦ દેશોમાં ૧૫૧મા ક્રમે છે, તેના નબળા પ્રદર્શનનું કારણ રાજકીય હસ્તક્ષેપ, આર્થિક દબાણ અને મીડિયા નિયંત્રણ હતું.

# 'હું મળ્યો છું તે પૈકી એ આર રહેમાન સૌથી સારા માણસ છે' : દિગ્દર્શક રામ ગોપાલ વર્મા

## સોશિયલ મીડિયા પર વર્માના જૂના ઈન્ટરવ્યુની એક ક્લિપ ફરી સામે આવી છે જેમાં તેઓ એવું સૂચન કરે છે કે રહેમાને "જય હો" કંપોઝ કર્યું નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

એઆર રહેમાનને સૌથી સારા માણસ ગણાવતા, રામ ગોપાલ વર્માએ બુધવારે સ્પષ્ટતા કરી કે તેમના જૂના ઈન્ટરવ્યુમાં સંદર્ભની બહાર ટાંકવામાં આવી રહ્યા છે જ્યાં તેઓ ઓસ્કાર વિજેતા "સ્લમડોગ મિલિયોનેર" ટ્રેક "જય હો" કેવી રીતે આવ્યું તે વિશે વાત કરે છે. બીબીસી એશિયન નેટવર્ક સાથેની એક મુલાકાતમાં રહેમાનને એવું કહેવા બદલ ટીકાનો સામનો કરવો પડ્યો છે કે છેલ્લા આઠ વર્ષમાં હિન્દી સિનેમામાં તેમના કામનું પ્રમાણ ઘટ્યું છે. તેમણે તેનું કારણ ઉદ્યોગમાં "પાવર શિફ્ટ" અને સૂચવ્યું કે તે "કોમી" હોઈ શકે છે.

વર્માના જૂના ઈન્ટરવ્યૂની એક ક્લિપ સોશિયલ મીડિયા પર ફરી વાયરલ થઈ છે જેમાં તેઓ એવું સૂચન કરે છે કે રહેમાને "જય હો" ગીત કંપોઝ કર્યું નથી, અને ગાયક સુખવિંદર સિંહ આ સંગીત માટે જવાબદાર હતા અને ટ્રેકને પોતાનો અવાજ પણ આપ્યો હતો. X પર વિડિયો ટ્રેન્ડ થતાં, વર્માએ એક પોસ્ટ શેર કરી, જેમાં કહ્યું કે તેમનું ખોટું અવતરણ ટાંકવામાં આવ્યું છે.

તેમણે ક્લાખ્યું કે, તમામ સંબંધિતોને.. જય હો ગીતના સંદર્ભમાં મને ખોટી રીતે ટાંકવામાં આવી રહ્યો છે અને ખોટી રીતે વાંચવામાં આવી રહ્યો છે... મારા મતે રહેમાન સૌથી મહાન સંગીતકાર અને હું મળ્યો છું તેમાં સૌથી સારા માણસ છે અને તે કોઈની ક્રેડિટ છીનવી લેનાર છેલ્લા વ્યક્તિ નથી. મને આશા છે કે આ મુદ્દાને લગતી નકારાત્મકતાનો અંત લાવશે. આ ફિલ્મ નિર્માતા જેમણે રહેમાન સાથે તેમની ફિલ્મ "રંગીલા" માટે સહયોગ કર્યો હતો.

આ ટૂંકી ક્લિપમાં, RGVએ એક ઘટના વર્ણવી જ્યારે રહેમાને ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈની ૨૦૦૮ની ફિલ્મ "યુવરાજ"માં સલમાન ખાન અને કેટરિના કૈફ અભિનીત ફિલ્મ "યુવરાજ"માં કામ કર્યું હતું. રહેમાન વિલંબ માટે કુખ્યાત છે. સુભાષ ઘાઈએ રહેમાનને મેસેજ કર્યો. તેણે કહ્યું, 'મારી પાસે સલમાન ખાન, કેટરિના કૈફ માટે ડેટ્સ છે. મારી પાસે સેટ છે. જો તમે મને ગીતો નહીં આપો તો શું થશે?' તેણે રહેમાનને ખૂબ જ કઠોર મેઈલ મોકલ્યો, તે સમયે તે લંડનમાં હતો. તેથી રહેમાને ફોન કર્યો અને કહ્યું, હું બોમ્બે આવીશ. બોમ્બેના સુખવિંદર સિંહ સ્ટુડિયોમાં આવો. હું ત્યાં આવીને તમારું ગીત ગાઈશ. આ દિગ્દર્શકે કહ્યું કે પછી



ત્રણેય બે દિવસ પછી સિંહના સ્ટુડિયોમાં મળ્યા હતા.

રહેમાન આવ્યો અને સુભાષ ઘાઈની સામે જ સુખવિંદરને પૂછ્યું, 'શું તમે કંપોઝ કર્યું?' સુખવિંદરે હા પાડી અને એક ગીત વગાડ્યું. રહેમાને કહ્યું કે તેને તે ગમ્યું અને પૂછ્યું કે શું સુભાષને તે ગમ્યું. સુભાષ ગુસ્સે થયા અને રહેમાન પર બૂમ પાડવા લાગ્યા અને કહ્યું કે, 'હું તમને તે કરવા માટે ૩ કરોડ રૂપિયા આપી રહ્યો છું... હું સુખવિંદર પાસેથી તે પણ કરાવી શકું છું, મને તમારી શું જરૂર છે?'

રહેમાને તેને જવાબ આપ્યો, 'તમારી જીભ કાબુમાં રાખો. તમે મારા નામ માટે પૈસા ચૂકવી રહ્યા છો, મારા કામ માટે નહીં. મૂંઝવણમાં ના પડો... રહેમાને આ કહ્યું અને પછી ચેન્નાઈ જવા રવાના થઈ ગયા હતા." વર્માના જણાવ્યા મુજબ, રહેમાને પાછળથી સિંહને ફોન કર્યો અને ગીત પૂર્ણ કરવાનું કહ્યું હતું. એ પછી એક વર્ષ પછી રહેમાનના મેનેજરે સુખવિંદરને ૫ લાખનો ચેક મોકલ્યો અને પછી સુખવિંદરે પૂછ્યું કે કેમ? મેનેજરે કહ્યું, 'તમે રહેમાન માટે એક ગીત બનાવ્યું અને તેણે તે એક પાર્ટીમાં વેચી દીધું અને આ ૫ લાખ રૂપિયા તમારો હિસ્સો છે.' રહેમાને ગીત કોને વેચ્યું હતું? તે ફિલ્મ 'સ્લમડોગ મિલિયોનેર' અને ગીત 'જય હો' હતું.

રહેમાને "જય હો" માટે શ્રેષ્ઠ ગીત માટે એકેડેમી એવોર્ડ જીત્યો હતો, તેને પીઢ ગીતકાર ગુલઝાર સાથે શેર કર્યો. ડેની બોયલ-દિગ્દર્શિત ફિલ્મ પરના તેમના કામ માટે તેમને શ્રેષ્ઠ મૂળ કામ માટે ઓસ્કાર પણ મળ્યો હતો.

નવસારીમાં ૪, બીલીમોરામાં ૧, સુરતમાં ૨, આણંદ-અંકલેશ્વરમાં ૧-૧ ઘરફોડ ચોરી

# દ.ગુજ.માં બાઈક પર ૨૦૩ કિ.મી. આવી ૧૫ મિનિટમાં ચોરી કરી ફરી વિરાર ભાગી જનાર ગેંગના બે ઝબ્બે

## સીસોદ્રા બ્રિજ પાસે LCBએ દબોચ્યા, રૂા.૩.૬૯ લાખના મુદ્દામાલ સાથે ૯ ગુના ઉકેલ્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

દક્ષિણ ગુજરાતમાં દિવસના મધ્યે જ બંધ ઘરોને ટાર્ગેટ કરીને ચોરી કરી ભાગી જતી વિરાર-મુંબઈની ગેંગ સામે એલસીબીને મોટી સફળતા મળી છે. નવસારી એલસીબીએ બે શાતિર ચોરોને સિસોદ્રા ઓવરબ્રિજ પાસે દાગીના વેચવાના પ્રયાસ દરમિયાન દબોચી રૂા.૩.૬૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે કુલ ૯ ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી લીધો છે. આ ગેંગ નવસારીમાં ૪, બીલીમોરામાં ૧ ઉપરાંત સુરતમાં ૨ અને આણંદ-અંકલેશ્વરમાં ૧-૧ ચોરીને અંજામ આપનાર હોવાનું બહાર આવ્યું છે. પોલીસે પકડેલા બે આરોપી શાવેઝ દુલારે અનવર ખાન અને મોન્ટુ ઉર્ફે મોનુ વિભૂતિ ચૌધરી (બન્ને રહે. વસઈ-વિરાર) છે. બન્ને પાસેથી સોનાની લગડી, રોકડા અને મોબાઈલ સહિત મહત્ત્વનો મુદ્દામાલ મળી આવ્યો હતો. બન્ને આરોપી વિરાર-નાલાસોપારાથી ગુજરાત પાસિંગની ખોટી નંબર પ્લેટ લગાડેલી બાઈક પર દક્ષિણ ગુજરાત સુધી ૧૫૦-૨૦૦ કિમીનો અંતર કાપતા. શહેરોમાં પહોંચ્યા બાદ જૂની બિન-સીસીટીવી ઈમારતોની રેકી કરતા. બંધ ઘર મળતા તાળું તોડી માત્ર ૧૫ મિનિટમાં કિંમતી વસ્તુઓ ઉઠાવી મુંબઈ પરત થઈ જતા. ત્યાં જઈ નાલાસોપારા વિસ્તારમાં સોનું-ચાંદીના વેપારીઓને વેંચી દેતા હતા. બન્ને આરોપી સામે અગાઉથી ૨૨ ઘરફોડ ચોરીના ગુના નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. ગેંગના અન્ય બે સાથી સાજીદ અકબરઅલી શેખ અને જતીન રમેશ પાટીલ (રહે. વિરાર) ફરાર જાહેર કરવામાં આવ્યા છે. પીએસઆઈ એમ.બી. ગામીત તથા LCBની ટીમે રેકીની માહિતીના આધારે સફળ ટ્રેપ ગોઠવી આરોપીઓને ઝબ્બે કર્યા હતા. પોલીસે જણાવ્યું કે, આરોપીઓ આર્થિક સંજોગોને કારણે ચોરી કરતા હતા.



# સુરત : રત્નમાલા બ્રિજના ઉદ્‌ઘાટન બાદ વિદ્યાર્થીઓ શાળાએ જવા માટે રેલિંગ ઓળંગવા મજબૂર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૨

શહેરના કતારગામ અને અમરોલી વિસ્તારમાં વાહનચાલકો માટે આજથી રત્નમાલા જંકશન બ્રિજનો પ્રથમ રેમ્પ ખુલ્લો મૂકવામાં આવ્યો છે. વર્ષોથી આ વિસ્તારમાં વાહનચાલકો માટે ટ્રાફિકજામની કાયમી સમસ્યા સિરદર્દ બની ચૂકી હતી.કતારગામના ગજેરા સર્કલથી અમરોલીને જોડતા રત્નમાલા જંકશન બ્રિજ પર ૬૨ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલ રેમ્પનું આજે મેયર દક્ષેશ માવાણીના હસ્તે ભારે વિવાદ બાદ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઘણા સમયથી તૈયાર થઈ ચુકેલ રેમ્પનું મુખ્યમંત્રીના હસ્તે ઉદ્‌ઘાટન માટે કાગડોળે રાહ જોઈ રહેલા સ્થાનિકોની આતુરતાનો આજે અંત આવ્યો હતો. છેલ્લા ત્રણ વર્ષથી કતારગામ અને અમરોલીના વાહનચાલકો માટે પીક અવર્સમાં કલાકો ટ્રાફિકજામની સમસ્યા વિકરાળ બની ચૂકી હતી. અલબત્ત, આજે મહાનગરપાલિકા દ્વારા બ્રિજના ઉદ્‌ઘાટનમાં ભાંગરો વાટ્યો હોવાનું ફલિત થઈ રહ્યું છે. કતારગામ ગામતળમાં વસવાટ કરતાં સેંકડો વિદ્યાર્થીઓ આ બ્રિજના ઉદ્‌ઘાટન બાદ શાળાએ પહોંચવા માટે ભારે હાલાકીનો સામનો કરતાં નજરે પડ્યા હતા. એક તરફ બ્રિજ પર સડસડાટ દોડતાં વાહનો અને બીજી તરફ વહીવટી તંત્ર દ્વારા કોઈ વ્યવસ્થા ન કરાતા બ્રિજની રેલિંગ ઓળંગીને બાળકો શાળાએ પહોંચવા મજબૂર બન્યા હતા. આ સ્થિતિમાં જીવલેણ અકસ્માતની ભીતિ સર્જાતા વિદ્યાર્થીઓની સાથે વાલીઓ અને રસ્તા પર પસાર થનારા વાહનચાલકોમાં પણ ચિંતાની લાગણી જોવા મળી હતી.

# જામનગરની સેન્ટ્રલ બેંક દ્વારા સીલ કરાયેલી ફેક્ટરીમાંથી તેના જ બે સિક્યુરિટી ગાર્ડ રૂા.૭.૫૦ લાખની માલમતા ઉઠાવી ગયા

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૨૨

જામનગરમાં બીડીબંદર રોડ પર આવેલી એક ફેક્ટરી, કે જે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સીલ કરવામાં આવી હતી અને ત્યાં સિક્યુરિટી ગાર્ડને મૂકવામાં આવ્યા હતા, જે બે સિક્યુરિટી ગાર્ડ અંદરથી રૂપિયા સાડા સાત લાખની માલમતા ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે. જામનગરમાં દિગજામ સર્કલ વિસ્તારમાં રહેતા અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની જામનગરની એક બ્રાન્ચમાં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા સુનિલભાઈ બચુ પ્રસાદ કૂર્મી એ જામનગરના સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરી જણાવ્યું છે કે બેડી બંદર રોડ પર આવેલી એક ફેક્ટરી કે જે ફેક્ટરી બેંક દ્વારા સિલ કરાઈ છે, જેમાંથી રૂપિયા સાડા સાત લાખની માલમત્તાની ચોરી કરી લઈ જવા અંગે એક ખાનગી સિક્યુરિટી પેઢીના બે સિક્યુરિટી ગાર્ડ નીતીશકુમાર બદરીપ્રસાદ, તેમજ દિપક શેરસિંઘ સામે ફરિયાદ નોંધાવી છે.જે બંને ગાર્ડ રાજસ્થાનના વતની છે અને ઉપરોક્ત માલ સામાનની એક ટ્રકમાં ચોરી કરી લઈ ગયાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદી બ્રાન્ચ મેનેજર કે જેઓ દ્વારા બેડી બંદર રોડ પર આવેલી સિલ્વર પ્રોટેઈન પ્રાઈવેટ લિમિટેડ કંપનીની ફેક્ટરી કે જે લોન ભરપાઈ કરી ન હોવાથી બેંક દ્વારા સીલ કરવામાં આવી હતી અને તેના ઉપર બે સિક્યુરિટી ગાર્ડને મૂકવામાં આવ્યા હતા. જે સીલ કરેલી ફેક્ટરીમાંથી ગત ૮મી જાન્યુઆરીના રાત્રિના સમયગાળા દરમિયાન ઉપરોક્ત બંને સિક્યુરિટી ગાર્ડ નીતેશ કુમાર તથા દિપક શેરસિંહ કે જેઓ અંદર રાખવામાં આવેલી ૧૨ નંગ ઈલેક્ટ્રીક મોટર, ટ્રાન્સફોર્મર, તેમજ લોખંડનો સ્ક્રેપનો માલ સામાન વગેરે રૂપિયા ૭,૫૨,૦૦૦ની માલમતા કે જે એક ટ્રકમાં ભરીને ચોરી કરી લઈ ગયા હોવાનું સીસીટીવી કેમેરા મારફતે ધ્યાનમાં આવ્યું હતું. તેથી આ મામલો સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે અને રાજસ્થાનના બંને સિક્યુરિટી ગાર્ડ સામે પોલીસે ગુનો નોંધી બંનેની શોધખોળ હાથ ધરી છે.

# કાલાવડ પંથકના ગામડાઓમાં એસ.ટી બસની સુવિધા વધારવા માંગ

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૨૨

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં ૯૦થી વધુ ગામડાઓ આવેલા છે અને જામનગરથી કાલાવડ તરફ જતા ગ્રામ્ય વિસ્તારમાં એસટીની સુવિધા નહિવત મળી રહી છે. અગાઉ જામનગરથી કાલાવડ તરફના ગ્રામ્ય વિસ્તારોમાં જવા અનેક બસો ચાલતી હતી, પરંતુ છાશવારે આ એસટીની બસો બંધ કરી દેવામાં આવી છે. ઘણા લાંબા સમયથી આ વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો અવરજવર માટે મુશ્કેલી અનુભવતા એસટી તંત્ર સમક્ષ બસ વધારવા અને હાઈવે પરના ગ્રામ્ય વિસ્તારોમાં સ્ટોપ આપવાની માગણી કરી છે પરંતુ એસટી ડિવિઝનના નિંભર તંત્રના સત્તાધિશો લોકોનું તો ઠીક પરંતુ ચૂંટાયેલા પ્રતિનિધિઓનું પણ ગાંઠતા ન હોય તે પ્રકારે આ વિસ્તારમાં બસોના સ્ટોપ નથી આપી રહ્યા અને નવી બસો પણ નથી મૂકી રહ્યા, ત્યારે તાજેતરમાં જ આણંદમાં ખુદ નાયબ મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર ખાતું સંભાળતા હર્ષભાઈ સંઘવી પહોંચ્યા હતા અને ત્યાંની સમસ્યા જોઈ ચાર નવી એસટી બસો ફાળવવા તાત્કાલિક આદેશ કર્યો હતો. તેમ જામનગર પણ કાલાવડના હાઈવે પરના ગ્રામ્ય વિસ્તારોમાં હર્ષભાઈ આવે તો સ્થાનિકોની તકલીફો જાણી આ પ્રકારના આદેશ આપે તો વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને વાહનવ્યવહારની સુવિધા સુપેરે મળી રહે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.અવારનવાર સ્થાનિકો, વિદ્યાર્થીઓ અને તાલુકા મથક એવા કાલાવડમાં નોકરી ધંધો કરતા લોકોને એસ.ટીમાં સમયસર અપડાઉન કરે તે માટે બસો મૂકવાની રજૂઆત લોકો અને ધારાસભ્યો ઉપરાંત કેટલાક હાઈસ્કૂલ તેમજ સરપંચોએ પણ રજૂઆત કરી છે.

# સુરેન્દ્રનગર ખાતે નવો બનેલ રોડ તોડી ભૂગર્ભ ગટરની કામગીરી !

## રોડ બનાવતા પહેલા ગટરનું કામ કરવાનું જ મહાનગરપાલિકા ભૂલી ગઈ ?

સુરેન્દ્રનગર, તા.૨૨

સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા બની ત્યારબાદ રોડ રસ્તા ભૂગર્ભ ગટર અને નવી પાણીની પાઈપલાઈનઓના કામ શરૂ કરવામાં આવ્યા છે પરંતુ સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે. નવા રોડ રસ્તાઓ બને ત્યારબાદ તેનું ફરી ખોદકામ કરી અને ત્યારબાદ ભૂગર્ભ ગટરના કામ કરવામાં આવે અથવા તો પીજીવીસીએલ વિભાગની અંડર ગ્રાઉન્ડ વાયરિંગની કામગીરી કરવામાં આવે. જેને લઈને નવા બનેલા રોડ રસ્તાની હાલત અત્યંત ખરાબ બની જાય છે અને લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે તે પણ વેડફાય છે.સુરેન્દ્રનગરના માઈ મંદિરથી લઈ અને સુરેન્દ્રનગરના જેલ ચોક સુધીનો નવો ડામર રસ્તો બનાવવામાં આવ્યો પરંતુ ભૂગર્ભ ગટરોના ઢાંકણા ઉપર જ કોન્ટ્રાક્ટર દ્વારા આ ડામર પાથરી અને આખો રસ્તો પૂરો કરી નાખવામાં આવ્યો અને તેની કામગીરી પણ પૂરી કરી નાખવામાં આવી એટલું જ નહીં મહાનગરપાલિકા દ્વારા આ નવા બનાવવામાં આવેલા રસ્તા ઉપર રીસરફેસિંગનું કામ પણ પૂરૂં કરી નાખવામાં આવ્યું ત્યાર પછી ખબર પડી કે નીચેથી ભૂગર્ભ ગટર પસાર થઈ રહી છે. ત્યારે નવા બનેલા રસ્તાનું મહાનગરપાલિકા દ્વારા ખોદકામ શરૂ કરવામાં આવ્યું તેને લઈને નવા બનેલા રસ્તાની હાલત અત્યંત ખરાબ બની ગઈ અને વાહનચાલકોને ફરી હાલાકીનો સામનો ભોગવવો પડે તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે શહેરમાં નવા રોડ રસ્તા બનાવતા પહેલા ભૂગર્ભ ગટર પાણીની પાઈપલાઈન અને અન્ય કામગીરીઓ પૂરી કરવામાં આવે ત્યારબાદ જ નવા રસ્તાઓ બનાવવામાં આવે તેવી લોક માંગ છે.

# ભાવનગર મહાનગરપાલિકા દ્વારા રીડિંગ રૂમ ખુલ્લો મૂકાયો

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૨૨

ભાવનગર મહાનગર પાલિકા દ્વારા બનાવવામાં આવેલ પાનવાડી રીડિંગ રૂમનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે થયેલ છે. પાનવાડી ચોક, પીલગાર્ડન પાસે આવેલ રીડિંગ રૂમનો સવારના ૬થી રાત્રીના ૧૦ દરમિયાન ભાવનગર નગરજનો તથા વિદ્યાર્થીઓ માટે ખુલ્લા મુકવામાં આવે છે. જેનો બહોળી સંખ્યામાં લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

**જર્જરિત બિલ્ડિંગનું ડિમોલેશન**

શહેરમાં પ્રધાનમંત્રી ઈ-બસ સેવા અંતર્ગત કુલ ૧૭ રૂટો પર બસો દોડવાની તૈયારીઓ ચાલી રહી છે, તેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તળાવ વિસ્તાર જર્જરિત બિલ્ડિંગ ઉતારી લેવાઈ હતી. રૂપાળી ગેસ્ટ હાઉસ વાળુ બિલ્ડિંગ લાંબા સમયથી જર્જરિત અવસ્થામાં હોવા છતાં તેને દૂર નહીં કરતા આખરે કોપોરેશન તંત્ર દ્વારા ડીમોલેશન કરાયું હતું. તેમજ આસપાસ વિસ્તારમાં ટ્રાફિક અને દબાણ હટાવવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી અને આગામી સમયમાં બીજા રૂટ પર દબાણો હટાવવામાં આવશે.

# બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા) નવસારી, તા.૨૨



આજ રોજ મુખ્ય જિલ્લા અધિકારી ડો. રંગૂનવાલા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મયંક, જિલ્લા RCH અધિકારી ડો. રાજેશ, જિલ્લા ક્ષય અધિકારી ડો. પિનાકીન, જિલ્લા રોગચાળા અધિકારી ડો. ભાવેશ તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંજના બેનના માર્ગદર્શન હેઠળ બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે તાલુકા હેલ્થ કચેરી ગણદેવી અને અર્બન હેલ્થ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ૨૬મી જાન્યુઆરી ૨૦૨૬ના પ્રજાસત્તાક દિન નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં મુખ્ય મહેમાન તરીકે તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંજના બેન, ડો. ભૂમિ બેન, ડો. રાજેન્દ્ર એમ. ગઢવી, તાલુકા સુપરવાઈઝર ભરતભાઈ તથા શિલ્પાબેન ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાન કેમ્પ અંતર્ગત કુલ ૪૩ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું, જે જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપયોગી બનશે. સમગ્ર કાર્યક્રમના અંતે ડો. રાજેન્દ્ર એમ. ગઢવીએ અર્બન હેલ્થ સેન્ટરના તમામ સ્ટાફ તથા સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરની અદાલતે તમિલનાડુની પેઢી સામે લેંણી રકમનો દાવો વ્યાજ સાથે મંજૂર કર્યો

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૨૨

જામનગરમાં આવેલી જાણીતી પેઢી પરી એન્ટ્રરપ્રાઈઝનાં પાર્ટનર, ભાવિન દિલીપ બામનિયાએ વિલુપુરમ-તમિલનાડુની પેઢી નાકોસી ગ્લોબલ પ્રાઈવેટ લીમીટેડને તેના ઓર્ડર તથા જરૂરિયાત મુજબ અલગ-અલગ તારીખે ઈલેક્ટ્રીકલ બ્રાસપાર્ટની અલગ-અલગ વસ્તુઓ પ્રતિવાદીની જરૂરિયાત મુજબ ટ્રાન્સપોર્ટ મારફત મોકલવામાં આવેલ હતી અને તે માલ મોકલાવ્યા સબબ તમિલનાડુની પેઢી પાસેથી રૂા.૫,૨૧,૫૯૨ લેવાના બાકી નીકળતા હતા. જે સબબ પેઢીને અનેક વખત રકમ ચુકવી આપવા જાણ કરવા છતા તમિલનાડુની પેઢી તરફ થી થોડો સમય ખોભરી જવાનું કહેવામાં આવતું અને ત્યારબાદ રકમની ચુકવણી માટે ઘણો સમય આપવા છતા, રકમ ન ચુકવતા પરી એન્ટ્રરપ્રાઈઝનાં પાર્ટનર, ભાવિન દિલીપ બામનિયાએ પોતાના વકિલ મારફતે જામનગરનાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટમાં કોર્મશીયલ સ્યુટ લેણી રકમનો દાવો દાખલ કર્યો હતો. જે દાવો જામનગરની અદાલતમાં ચાલી જતા, તમિલનાડુની પેઢી નાકોસી ગ્લોબલ પ્રાઈવેટ લીમીટેડના ડાઈરેકટર, ડી. કાર્થીકીયનને વાદીને રૂા.૫,૨૧,૫૯૨ વાર્ષિક ૬ ટકા વ્યાજ સહિતની રકમ ચુકવી આપવા તથા દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી કંપનીએ ચુકવી આપવાનો હુકમ કર્યો છે.

# નવસારીમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિવિધ માર્ગની કામગીરી પ્રગતિ હેઠળ



(સંવાદદાતા દ્વારા) નવસારી, તા.૨૨

નવસારી જિલ્લાના ખેરગામ–બહેજ–વડપાડા પાર્ટી રોડ પર ચેઈનેજ ૧૦/૦થી ૧૦/૨ દરમિયાન સીસી રોડની કામગીરી તથા સણવલ્લા ટાંકલ–રાનકુવા–રૂમાલ–કરંજવેરી રોડ પર ડામર વર્કની કામગીરી પ્રગતિ હેઠળ છે. ઉપરાંત બામણવેલ–હરણગામ–દોણજા રોડ પર ચેઈનેજ કિમી ૯/૨થી ૯/૪ દરમિયાન કોંક્રિટ વર્કનું કામ ચાલી રહ્યું છે. માનકુનિયા–અંકલાછ રોડ પર ચેઈનેજ ૪/૨થી ૪/૪ દરમિયાન બોક્સ કલ્વર્ટના કોંક્રિટ નિર્માણની અને કણભઇ કોઝવેથી ગોડથલ–કાકડવેલ–સુખાબારી રોડ પર ચેઈનેજ ૩/૮થી ૪/૦ દરમિયાન બોક્સ કલ્વર્ટના કોંક્રિટનું કામ પ્રગતિમાં છે. આ તમામ માર્ગ વિકાસ કામગીરી પૂર્ણ થવાથી વિસ્તારના નાગરિકોને સુવ્યવસ્થિત, સુરક્ષિત અને સુગમ માર્ગ સુવિધા પ્રાપ્ત થશે, જેનાથી પરિવહન વ્યવસ્થા વધુ સુદૃઢ બનશે.

# જામનગરમાં પેટ શોપમાં અકસ્માતે આગ લાગી જતાં દોડધામ

## દુકાનમાં પિંજરામાં રાખેલા એક ડોગ અને ચાર પક્ષીઓના ગૂંગણામણના કારણે મૃત્યુ

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૨૨

જામનગરમાં ગોકુલ નગર જકાતનાકા વિસ્તારમાં આવેલી પેટ પેલેસ નામની દુકાનમાં રાત્રિના ૯.૪૫ વાગ્યાના અરસામાં અકસ્માતે શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, જેને કારણે ભારે દોડધામ થઈ હતી. દુકાનના માલિક હરેશ ગોસ્વામી કે જેઓ દુકાન બંધ કરીને ઘરે ગયા હતા, ત્યારબાદ દુકાનમાં શોર્ટ સર્કિટ થઈ હોવાના કારણે આગ લાગી ગઈ હોવાથી તરત જ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર શાખાની ટુકડી કે જેમાં ફાયર સ્ટેશન ઓફિસર કામિલ મહેતા, રાકેશ ગોકાણી તથા અન્ય ફાયરના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા અને સૌ પ્રથમ પાણીનો મારો ચલાવી આગને બુજાવી દીધી હતી. ત્યારબાદ અંદર જઈને નિરીક્ષણ કરતાં કેટલાક પક્ષીઓ અને પ્રાણી વગેરેને પિંજરામાં રાખવામાં આવ્યા હતા, જે પિંજરા વગેરેને તાત્કાલિક બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ આગના ધુમાડા અને ગૂંગળામણ ના કારણે બજરીગર અને લવબર્ડ પ્રજાતિના ચાર પક્ષીઓના સ્થળ પર જ મૃત્યુ નીપજ્યા હતા, જ્યારે એક ડોગ નું સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હતું. પિંજરામાં રહેલા અન્ય સાત ડોગને બચાવી લઈ અન્ય જગ્યાએ ખસેડવામાં આવ્યા છે અને પશુચિકિત્સક દ્વારા તેઓને તાત્કાલિક સારવાર કરવામાં આવી રહી છે. સાથો સાથ અંદર રહેલા ૧૨ પક્ષીઓને પણ બચાવી લેવામાં આવ્યા છે અને તેની પણ સારવાર ચાલી રહી છે. દુકાનમાં ઈલેક્ટ્રીક વાયરીંગમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે.

ભાવનગરમાં "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના અંતર્ગત

# POCSO એક્ટ અંગે ગુડ ટચ–બેડ ટચ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૨૨

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ભાવનગર દ્વારા "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના અંતર્ગત તા.૧૭/૦૧/૨૦૨૬ના રોજ શાહ ખી.લ. બહેરા મુંગા શાળા, ભાવનગર ખાતે POCSO એક્ટ અંતર્ગત ગુડ ટચ–બેડ ટચ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન BBBP યોજનાનું મહત્ત્વ, POCSO એક્ટ અંગે કાનૂની જાગૃતિ તેમજ મહિલા અને બાળ કલ્યાણ સંબંધિત વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેન્ડર સ્પેશ્યાલિસ્ટ અજયભાઈ ધોપાળ દ્વારા POCSO એક્ટ તથા દીકરીઓને લગતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનના કાઉન્સેલર દ્વારા વિડિયો પ્રસ્તુતિના માધ્યમથી ગુડ ટચ–બેડ ટચ વિષે સમજ આપવામાં આવી તેમજ POCSO એક્ટનું મહત્ત્વ અને ૧૦૯૮ હેલ્પલાઈન દ્વારા આપવામાં આવતી સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત SHE ટીમના મહિલા પોલીસ કોન્સ્ટેબલ દ્વારા SHE ટીમની કામગીરી તથા વિવિધ હેલ્પલાઈનો અંગે માહિતી આપી દીકરીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન DHEW યોજનાના જેન્ડર સ્પેશ્યાલિસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ જાગૃતિ કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ, DHEWના મિશન કો-ઓર્ડિનેટર સંજયભાઈ ઘાઘરેટીયા, જેન્ડર સ્પેશ્યાલિસ્ટ અજયભાઈ ધોપાળ, SHE ટીમના પોલીસ કર્મચારીઓ, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનના કાઉન્સેલર તેમજ ધોરણ ૮થી ૧૨ની વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# ભાવનગરમાંથી થયેલ ચોરીના મામલે બે મહિલા સહિત ત્રણની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) ભાવનગર,તા.૨૨

ભાવનગર શહેરના શિશુવિહાર વિસ્તારમાં આવેલા ઈનાયા બિલ્ડિંગમાં રહેતા અને સ્ક્રેપનો વેપાર કરતા મહમદ આસીફ અબ્દુલગની ફતાણીએ ફરિયાદ નોંધાવી હતી તેઓના ઘરે લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતા બે બુરખાવાળી મહિલા ફુટેજમાં જોવા મળી હતી. ઉક્ત મામલે ઘોઘારોડ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ સ્ટાફ શહેર વિસ્તારમાં વણશોધાયેલ મિલકત સંબંધી ગુનાઓના શકદારોની તપાસમાં હતાં. તે દરમ્યાન બાતમી મળેલ કે, ક્રેસન્ટ, વનિતા વિશ્રામની પાછળના ભાગે ડોન ચોક તરફ જવાના રોડ પાસે એક્ટિવા સ્કૂટર સાથે એક પુરૂષ તથા બે મહિલાઓ કાળા કલરના બુરખા પહેરીને ઉભા છે. જે ત્રણેય જણાં પાસે સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ છે. જે તેઓ કયાંકથી ચોરી અગર તો છળ કપટથી લાવેલ હોવાની શંકા છે.

મળેલી બાતમી આધારે તપાસ કરતાં તૌશીફ શમસીરભાઈ હમીદાણી (ઉં.વ.૩૧), રૂકસારબેન તૌશીકભાઈ શમસીરભાઈ હમીદાણી (ઉં.વ.૨૨ રહે.બંને રાણીકા, ભાંગના કારખાના પાસે, ભાવનગર. હાલ-સંચીત નિવાસ, ઈન્ડિયા ટ્રાવેલ્સની સામે, રૂવાપરી રોડ,ભાવનગર), આયશાબેન તોફીકભાઈ શમસીરભાઈ હમીદાણી (ઉં.વ.૩૨ રહે. રાણીકા, પાસે, ભાવનગર)મળી આવતા અટક કરી તેના કબજામાં રહેલા મુદ્દામાલ બાબતે પૂછપરછ કરી હતી. આજથી આશરે પંદરેક દિવસ પહેલાં તૌશિફે અગાઉ તેના બા તથા આયશાબેન શિશુવિહાર સર્કલ, નવી માણેકવાડીમાં આવેલ ઈનાયા બિલ્ડિંગમાં રહેતાં આશિકભાઈ ફતાણીના ઘરે કામ કરવા જતાં હતાં. તેના ફલેટની લાઈટો બંધ હોવાની બે દિવસ રેકી કરીને તેઓ બહારગામ ગયેલ હોવાની ખબર પડતાં બારેક દિવસ પહેલાં ચોરી કરવા જવાનો પ્લાન બનાવી આયશાબેન તથા રૂકસારબેન બંનેએ કાળા કલરના બુરખાઓ પહેરીને નકાબ બાંધીને કોઈ ઓળખી ન શકે તે રીતે રાત્રિના સાડા નવેક વાગ્યાની આસપાસ ભાડે રિક્ષા કરીને તથા તૌશીફે ઉપરોકત સ્કૂટરમાં ભાવનગર, શિશુવિહાર સર્કલ, નવી માણેકવાડીમાં આવેલ ઈનાયા બિલ્ડીંગમાં બંને મહિલાઓએ લીફ્ટથી ઉપર જઈ આશિકભાઈના ફ્લેટના દરવાજે રૂખસારબેન ઉભા રહેલ અને ફ્લેટની નીચેના ભાગે સામે રોડ ઉપર તૌશિક એક્ટિવા લઈને ધ્યાન રાખવા માટે ઉભા રહેલ અને આયશાબેન અગાશીમાંથી ગેલેરીમાં થઈ સ્લાઈડીંગ બારી ખોલી ફ્લેટનો દરવાજો ખોલી રૂકસારબેનને ફ્લેટમાં બોલાવી કબાટની ચાવી કયાં રાખતા હોવાની ખબર હોવાથી ચાવીથી કબાટ ખોલી તેમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી. જે પૈકી સોનાના દાગીના વોરાબજાર પાસે ગુંજન જ્વેલર્સ ધરાવતા ભુપેનભાઈ કુકડીયાને રૂા.૨.૦૪ લાખમાં વેંચી દીધાની કબૂલાત આપી હતી. જ્યારે રોકડ, એક મોબાઈલ, ચાંદીનો ચેઈન, ઈમિટેશનની બંગડી જોડ-૦૧, બ્રેસલેટ-૦૧, વીંટી-૧ કિ.રૂા.૧૦૦, પેન્ડન્ટ સહિતની બુટ્ટી જોડ-૦૧, પેન્ડન્ટ સહિતનો ચેઈન-૦૧ (ઈ. મિટેશનનો પાતળો ચેઈન-૦૧ મળી કુલ રૂા.૫,૬૩,૫૦૦નો મુદ્દામાલ કબજે લઈ તમામ સામે કાયદેસર કાર્યવાહી કરી ઘોઘારોડ પોલીસ મથકમાં સોંપી આપ્યા હતા.

# ભાવનગર : ખુંટવડાના PSI અને GRD જવાન ઉપર જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૨૨

ભાવનગર રેન્જ આઈજી દ્વારા ભાવનગર ખાતે કરાયેલ પોલીસ ઈન્સ્પેક્શન પરેડમાંથી પરત ફરી રહેલા ખુંટવડાના PSI અને GRD જવાન ઉપર રોજકી ડેમના નાળા પાસે બોરડી રોડ ઉપર રસ્તા વચ્ચે માલ ઢોર લઈને જતા શખ્સે હુમલો કરી લાકડીઓ વડે માર મારતા બંનેને ઈજા થતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. તેવા પ્રકારની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને આરોપીને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે. જોકે એક વીડિયો વાયરલ થયો છે જેમાં ફરિયાદથી વિપરીત દશ્યો જોવા મળી રહ્યા છે જેમાં પોલીસની છબી પર પણ છાંટા ઉડે તેમ છે અને લોકોમાં તરેહ તરેહની ચર્ચા થઈ રહ્યાનું સૂત્રો જણાવી રહ્યા છે. ત્યારે ખરેખર હકીકત શું છે ? વાયરલ વીડિયો આ બનાવનો જ છે કે કેમ ? તે સહિતની બાબતો અંગે પોલીસના જવાબદાર ઉચ્ચ અધિકારી તપાસ કરે અને હકીકત ઉજાગર કરે તે જરૂરી છે.

ખુંટવડા પોલીસ મથકમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા રાજેશ જગરામભાઈ યાદવ (ઉં.વ.૪૭)એ ભાવેશ રાઘવભાઈ સોસલા (રહે.મોટા ખુંટવડા) સામે ફરિયાદ નોંધાવી છે કે બુધવારે ભાવનગર રેન્જ આઈજી દ્વારા ભાવનગર ખાતે કરાયેલ પોલીસ ઈન્સ્પેક્શન પરેડમાં આવ્યા હતા અને સાંજે પરેડ બાદ પરત ફરતા હતા ત્યારે રોજકી ડેમના નાળા પાસે બોરડી રોડ મોટા ખુંટવડા પહોચતા પોતાની ગાડી આગળ એક ઈસમ હાથમાં લાકડી લઈને ભેસોના ટોળા સાથે રોડની વચ્ચોવચ વાહન વ્યવહારને અડચણ રૂપ થાય તે રીતે હંકારીને જતો હોય જેથી હોર્ન મારવા છતાં દૂરના જતા ગાડીમાંથી નીચે ઉતરી તેને દૂર જવાનું કહેતા તે એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને જીભાજોડી કરી બેફામ વર્તન કરવા લાગેલ જેથી પોતાની સાથે આવેલા જીઆરડી જવાન નાગજીભાઈ માધાભાઈ ગીલાતર તેમને સમજાવવા જતા ઉશ્કેરાઈ જઈને અચાનક GRD જવાન ઉપર લાકડીનો ઘા કરીને હુમલો કરતા તેમને બચાવવા જતા PSI ઉપર પણ હુમલો કર્યો હતો. આથી પોતાના સ્વબચાવમાં બળ પ્રયોગ કરી ઈસમને તાબે કરેલ. આ બનાવ અંગે ખુંટવડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે. દરમિયાન આ બનાવમાં ઈજા થતા પીએસઆઈ રાજેશ યાદવ, જીઆરડી જવાન નાગજી માધાભાઈ ગીલાતર તથા આરોપી ભાવેશ રાઘવભાઈ સોસલાને સરકારી ગાડીમાંજ સારવાર માટે સીએચસી ખાતે ખસેડાયેલ. આ બનાવથી પોલીસના ધાડા ઉતર્યા હતા અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયેલ આ બનાવથી ચકચાર મચી જવા પામી છે.

# જૂનાગઢ મનપાના કોર્પોરેટર સેનિલાબેન થઈમનું મતદાર યાદીમાંથી નામ રદ કરવા યોગી પઢિયારે ફોર્મ નં.૭ ભર્યું

જૂનાગઢ, તા.૨૨

હાલમાં ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં મતદાર યાદી સુધારણા એસઆઈઆર (સ્પેશ્યલ ઈન્ટેન્સીવ રીવીઝન)ની કાર્યવાહી થઈ રહી છે. જે અંતર્ગત પ્રથમ તબક્કાની કાર્યવાહી બાદ હવે બીજા તબક્કામાં ફાઈનલ મતદાર યાદી પ્રસિદ્ધ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં સમગ્ર રાજયમાં મતદાર યાદીમાં નોંધાયેલા મતદારોના નામ રદ કરવા માટે ત્રાહિત વ્યક્તિઓ, રાજકીય પક્ષોના કાર્યકરો દ્વારા જેની સાથે કાંઈ લાગતું વળગતું નથી તેવા લોકોના નામ મતદાર યાદીમાંથી રદ કરવા માટે ફોર્મ નં.૭ ભરવામાં આવી રહ્યા હોવાની વિગતો જાહેર થતાં ખળભળાટ મચી ગયો છે. આ મામલે રાજ્ય ચૂંટણી પંચ તેમજ મુખ્ય ચૂંટણી કમિશ્નર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સમક્ષ રજૂઆતોનો ધોધ વહી રહ્યો છે. આવા જ એક પ્રકરણમાં જૂનાગઢ શહેરના વોર્ડ નં.૮માંથી ચૂંટાયેલા કોર્પોરેટર સેનીલાબેન થઈમનું નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે ભાજપના કાર્યકર યોગેન્દ્રસિંહ નારસીંભાઈ પઢિયાર દ્વારા ફોર્મ નં.૭ રજૂ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. કોંગ્રેસના ચાલુ કોર્પોરેટરનું નામ મતદારયાદીમાંથી રદ કરવા માટે ભાજપના કાર્યકરે ફોર્મ નં.૭ ભરતા આ બાબતે જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ૮૬-જૂનાગઢ મત વિસ્તારમાંથી મતદાર યાદીમાંથી ૧૦,૦૦૦થી વધુ લોકોના નામ રદ કરવા માટે ફોર્મ નં.૭ ભરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. તેઓએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, અમો છેલ્લા ૪૦ વર્ષ ઉપરાંતથી મુલ્લાવાડા, નવાપુરા લાઈન ખાતે રહીએ છીએ અને નગરપાલિકા તેમજ મહાનગરપાલિકામાં અમારો આખો પરિવાર મતદાન કરે છે તેમજ અમો છેલ્લી ૩ ટર્મથી મહાનગરપાલિકા જૂનાગઢના કોર્પોરેટર તરીકે કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટાઈને આવીએ છીએ. જેથી ભાજપ દ્વારા અમો આ વિસ્તારમાંથી ચૂંટણી લડી ન શકીએ તે માટે આવી રાજકીય કિન્નાખોરી રાખીને આવું કૃત્ય કરેલ હોય તેવું જણાય છે. આ અગાઉ અદ્રેમાનભાઈ પંજા કે જેઓ છેલ્લા ૪ ટર્મથી મહાનગરપાલિકાના કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટાઈને આવે છે તેમજ અમારા જ વિસ્તારમાં લતીફબાપુ કાદરીના માતાજી જેબુનીશાબેન કાદરી કે જેઓ આ અગાઉ કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા હતા તેમ છતાં ભાજપ એક ચોક્કસ વ્યક્તિઓને ટારગેટ કરી શું સાબિત કરવા માંગે છે તે પ્રશ્ન છે.


**સુશ્રી જે.એમ.મકવાણા મામલતદાર માલપુરની કોર્ટ**

જન્મ-મરણ કેસ નં.૦૩/૨૦૨૬

(૧) પાંડોર ડાહ્યાભાઈ હજુરભાઈ ........અરજદાર
ધર્મે- હિન્દુ, રહે.નાથાવાસ, તા.માલપુર જિ.અરવલ્લી

વિરૂદ્ધ

(૨) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને .......સામાવાળા
ત.ક.મંત્રીશ્રી નાથાવાસ, તા.માલપુર, જિ.અરવલ્લી

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત**

મહાશય,

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૧૮/૧૨/૨૦૨૫વાળી અરજીથી તેઓના પુત્રી નામે (૧) પાંડોર ગીતાબેન ડાહ્યાભાઈની જન્મ તારીખ ૦૧/૦૬/૨૦૦૭ તથા (૨) પાંડોર સંગીતાબેન ડાહ્યાભાઈની જન્મ તારીખ ૦૧/૦૬/૨૦૦૭ના રોજ નાથાવાસ ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેની મુદત તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે હાજર રહેવાનું રહેશે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો કે હરકત હોય તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી

(સુશ્રી જે.એમ.મકવાણા)
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ માલપુર

૧૨ વર્ષથી શહેરીજનોને પાણી પૂરૂં પાડતી આ ટાંકીનું કામ કઈ રીતે તકલાદી ગણાય ?

# આમોદ પાલિકાના માજી પ્રમુખ સામેનો દંડનીય હુકમ એ બદનામ કરવાનું ષડયંત્ર : સમીમ પટેલ

## પાલિકાના ઈજનેર, કન્સલ્ટન્ટ કે અન્ય જવાબદાર કર્મીઓ સામે કોઈ કાર્યવાહી કેમ નહીં ?

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૨

આમોદ નગરમાં સવા ચાર કરોડની પાણીની ટાંકીનો ગેરરીતિનો મામલો બહાર આવતાં આ મામલેપ્રાદેશિક કમિશનરે આમોદ નગરપાલિકાના કોંગ્રેસના માજી પ્રમુખ સમીમબેન પટેલને ૩૯ લાખ ૯૯ હજારનો દંડ ફટકાર્યો છે. જે બાબતને લઈને આમોદ નગરનું રાજકારણ ગરમાયું છે. પ્રાદેશિક કમિશ્નરનો હુકમને અન્યાયી ગણાવી બદનામ કરવાનું ષડયંત્ર હોવાનું માજી પ્રમુખ સમીમબેને જણાવ્યું છે.



આમોદ નગરપાલિકા માજી પ્રમુખ - સમીમ એમ. પટેલે, મીડિયા સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે તા.૧૯-૦૧-૨૦૨૬ના રોજ પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી દ્વારા અમને પાઠવવામાં આવેલ હુકમ સંપૂર્ણપણે અન્યાયપૂર્ણ, એકતરફી અને રાજકીય દુભાવનાથી પ્રેરિત છે. આ હુકમનો હેતુ ન્યાય નહીં પરંતુ મને રાજકીય રીતે બદનામ કરવાનો છે, જે વાત હવે છુપાવી શકાય એવી નથી.

જે પીવાના પાણીની ટાંકી, પાઈપલાઈન તથા અન્ય સંબંધિત કામો વર્ષ ૨૦૧૦માં વર્ક ઓર્ડર દ્વારા મંજૂર થયા હતા, તેને આજ દિન સુધી આશરે ૧૬ વર્ષ જેટલો સમય વીતી ગયો છે. આટલા લાંબા સમય બાદ અચાનક એક જ વ્યક્તિને નિશાન બનાવી હુકમ કરવો એ શંકાસ્પદ છે.

આ સમગ્ર કામકાજ નગરપાલિકાના સીટી એન્જિનિયર, કન્સલ્ટન્ટ, TPI તથા મુખ્ય અધિકારીની દેખરેખ હેઠળ થયું હતું.છતાં પણ મારા સિવાય કોઈપણ અધિકારી, ઈજનેર કે જવાબદાર કર્મચારી સામે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી નથી.

તો પ્રશ્ન એ થાય છે કે, ફક્ત ટાંકી અને સમ્પ બનાવવામાં પ્રમુખને જ દોષિત બતાવવાની પાછળ કોનો એજન્ડા છે ? તેવા પ્રશ્નો તમને મીડિયા સમક્ષ કર્યા હતા વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો આ ટાંકીનું કામ વાસ્તવમાં "તકલાદી" હોત, તો છેલ્લા ૧૨ વર્ષથી આજ દિન સુધી આ જ ટાંકી દ્વારા શહેરમાં નિયમિત રીતે પાણી વિતરણ કેવી રીતે થઈ રહ્યું છે ?

આજે પણ આ ટાંકી અને સમ્પ કાર્યરત છે. નવી ટાંકીનું નિર્માણ છ મહિના પહેલા થયું અને આ કાર્યરત ટાંકી અને સમ્પ માટે પાણી બંધ કરવામાં આવ્યું. તો પછી કામ ખોટું હોવાનું કથન માત્ર બદનામી માટેનું ષડયંત્ર નથી તો બીજું શુ છે ? મને બિલનું ચુકવણું ન કરવા અંગે કોઈપણ શાખામાંથી ક્યારેય લેખિત કે મૌખિક સૂચના આપવામાં આવી નથી.

આ બાબત છુપાવીને મારી સામે કાર્યવાહી કરવી એ ન્યાયના મૂળ સિદ્ધાંતોનો ભંગ છે.

નગરપાલિકાની સામાન્ય સભામાં જે કોઈ ઠરાવ થાય, તેની દેખરેખ અને નાણાકીય જવાબદારી મુખ્ય અધિકારીની હોય છે. તો પછી નાણાકીય વ્યવહારો માટે માત્ર પ્રમુખને જ દંડિત કરવો - શું એ કાયદો છે કે રાજકીય વેરભાવ ? તેવો સવાલ ઉઠાવ્યો છે.

આ હુકમ દ્વારા મારી જાહેર છબી ખરાબ કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો છે, જેને હું કડક શબ્દોમાં નકારી કાઢુ છું. ટૂંક સમયમાં આ અન્યાય સામે જિલ્લા કોર્ટમાં અપીલ કરી ન્યાય મેળવવાનો માર્ગ અપનાવીશ ખોટી રીતે તેમના રાજ્ય રીતે બદનામ કરવા માટે અને તેમની સામેના આક્ષેપો ખોટા અને પાયા વિહોણા છે જો ભ્રષ્ટાચાર થયો હોત તો ૧૨ વર્ષ પહેલા જ જે તે સમયના અધિકારીઓ આ કામ અંગે એનઓસી આપતા નહીં પરંતુ આમાં કોઈ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો નથી જેને લઈને હવે હું આ મામલે કોર્ટમાં જઈને ફરિયાદી સહિતના તમામ લોકો સામે કાયદાકીય કાર્યવાહી કરી તેવું તેમણે જણાવ્યું હતું.

અંકલેશ્વર : SIRની કામગીરીમાં ગેરરીતિના આક્ષેપ સાથે

# વિરોધ કરી રહેલા કોંગ્રેસ અને આપના કાર્યકરોની અટકાયત કરાતા પોલીસ સ્ટેશન ખાતે હોબાળો

## શાસક પક્ષના દબાણ હેઠળ પોલીસ તંત્રનો દુરૂપયોગ કરીને વિરોધના અવાજોને દબાવવાનો પ્રયાસ : કોંગ્રેસ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે SIR-મતદાર યાદી સુધારાના મુદ્દે રજૂઆત કરનાર કોંગ્રેસના અને આપના કાર્યકરોની ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. કોંગ્રેસ પાર્ટીના આગેવાનો એ સ્પષ્ટપણે જણાવ્યુ હતું કે લોકશાહી બચાવવા માટે અવાજ ઉઠાવવો અપરાધ નથી. શાસક પક્ષના દબાણ હેઠળ પોલીસ તંત્રનો દુરુપયોગ કરીને વિરોધના અવાજોને દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેને કોંગ્રેસ ક્યારેય સ્વીકારશે નહીં.

પોલીસ તંત્રને વિનંતી કરવામાં આવી છે કે, તે તાત્કાલિક તમામ અટકાયતીઓને મુક્ત કરે અને બંધારણ અનુસાર પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવે. જો આ ગેરરીતિ ચાલુ રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીઓ અને તંત્ર પર રહેશે. તેમ કોંગ્રેસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ કાર્યવાહી સામે પોલીસ સ્ટેશન પર કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા ધરણા પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

આગેવાનોનો આરોપ છે કે લોકશાહી હક માટે અવાજ ઉઠાવનાર કાર્યકરોને દબાવવા માટે શાસક પક્ષના દબાણ હેઠળ પોલીસ તંત્રનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે, જે બંધારણીય અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. અટકાયતના વિરોધમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી સંદીપ માંગરોલા જિલ્લા યુવા કોંગ્રેસના મહામંત્રી વસીમ ફડવાલા, શેરખાન પઠાણ, શકીલ અકુજી, ધનરાજ વસાવા, વિપુલ વસાવા, શરીફ કાનુગા, તારિક શેખ સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો પોલીસ સ્ટેશન ખાતે ધરણા પર બેઠા હતા. કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે જ્યાં સુધી અટકાયત કરાયેલા કાર્યકરોને મુક્ત કરવામાં નહીં આવે ત્યાં સુધી પ્રદર્શનો ચાલુ રહેશે.

કોંગ્રેસના અગ્રણી સોએબ ઝગડિયાવાલા, શાહીલ શેખ તથા આપ પાર્ટીના વિનય વસાવાની રાત્રે ૧૨:૩૦ કલાકે એક વ્યક્તિ દ્વારા અરજી કરાતાં અટકાયત કરાઇ હતી. જેઓએ જામીન લેવા અંગેના પાડતા પોતાના જાત જામીન પર મુક્ત કરાયા હતા.

### અંકલેશ્વર ખાતે SIRના ફોર્મમાં થયેલ ગેરરીતિઓનો વિરોધ કરનાર સામે ફરિયાદ કરાઈ

અંકલેશ્વરમાં ખોટી રીતે ફોર્મ નંબર ૭ સાથે વાંધા અરજીઓ રજૂ કરી નામો કમી કરવા અરજીઓ કરાઈ હતી જેની જાણ સ્થાનિક અગ્રણીઓને થતા તેઓ મામલતદાર કચેરી પહોંચી જઈને કેટલી સંખ્યામાં નામો કમી કરવા અરજીઓ થઇ છે એની માહિતી લઇ જયારે આંકડો ચોંકાવનારો સામે આવતા અંકલેશ્વર શહેરના અગ્રણીઓ દ્વારા પ્રાંત અધિકારી ને આવેદનપત્ર આપી ખોટી અરજીઓ રદ કરવા રજૂઆત કરાઈ હતી, જેની રીસ રાખી વોર્ડ નંબર ૪ના ભાજપ દ્વારા નિમાયેલ બીએલએ ૨ યશ કુલકર્ણીને ત્યાંના સ્થાનિક સભ્ય રફીક ઝગડિયાવાળાના પુત્ર સાહિલ શેખ દ્વારા પૂછવામાં આવ્યું કે આ અરજી તમે કરી છે શું આ અરજીમાં તમારી સહી છે એટલું પૂછતાં એમણે અંકલેશ્વર પોલીસ સ્ટેશન ખાતે સ્થાનિક અગ્રણીઓ સાહિલ ઝગડિયાવાળા, સોયેબ ઝગડિયાવાળા, વિનય વસાવા અને વસીમ ફડવાલા વિરૂદ્ધ હેરાનગતિ અને ધાકધમકી કરેલ હોય આ લોકો વિરૂદ્ધ કાર્યવાહી કરવા યશ કુલકર્ણી દ્વારા અરજી કરાઈ હતી જે બાદ પોલીસ દ્વારા અગ્રણીઓની અટકાયત કરાઇ હતી અને મોડી રાતે વસીમ ફડવાલાને તપાસ કરી એ એમાં સામેલ ના હોય એમને છોડી દેવામાં આવ્યા હતા જયારે બાકીના ત્રણ અગ્રણીઓની અટકાયત કરવામાં આવી હતી, જેની જાણ કોંગ્રેસ મોવડી મંડળને થતા બીજા દિવસે સવારે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલા, શેરખાન પઠાણની આગેવાનીમાં અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન ખાતે ખોટી ફરિયાદ કરવા અને કોંગ્રેસ આગેવાનોને ખોટી રીતે હેરાન કરવા બદલ ધરણા પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

# ભાલેજમાં મલંગશા બાબાની દરગાહમાં સોના-ચાંદીના તાજિયાના મિનારા અને ગુંબજની ચોરી કરી તસ્કરો ફરાર

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૨

ભાલેજમાં મલંગશા બાબાની દરગાહમાં સોના ચાંદીના તાજિયાના મિનારા અને ગુંબજની ચોરી કરી તસ્કરો ફરાર થઇ ગયા હતા સીસીટીવી ફૂટેજમાં ત્રણ તસ્કરો ચોરી કરતા નજરે પડ્યા હતા, બનાવની જાણવા મળતી વિગતો અનુસાર ગત તારીખ ૨૦/૦૧/૨૦૨૬ના રોજ રાત્રીના તસ્કરોએ આ દહગાહને નિશાન બનાવીને મલંગબાવાની દરગાહના કમ્પાઉન્ડમાં આવેલ આસ્તાના-એ-હુસેન (તાજિયાની પ્રતિકૃતિ)ની કાચથી જડેલ પથ્થરની જાળી તોડી અંદર પ્રવેશ કરી આસ્તાના-એ-ન્યુસૈનની ચોકીની મુખ્ય જગ્યાએ આવેલ ચાંદીના બે મિનાર જે સોનાના પતરાથી મઢેલ હતા જે એક મીનાર સાડા ચાર (૪.૫) કિલો વજન લેખે બે મીનારની આશરે નવ (૦૯) કિલો જેટલી ચાંદીના કિંમત રૂપિયા ૧,૩૫,૦૦૦,



ચાંદીનો સોનાના પતરાથી મઢેલ ગુંબજ નંગ-૦૧ વજન સાડા આઠ (૮.૫) કિલો કિંમત રૂપીયા-૧,૨૭,૫૦૦ તથા કબર જેવી નાની લાકડાની ચાંદીના પતરાથી મઢેલ આશરે પાંચસો (૫૦૦) ગ્રામ ચાંદીના પતરાથી મઢેલ હતી. કિંમત રૂપીયા-૭, ૫૦૦ મળી કુલે કિંમત રૂપિયા ૨.૭૦ લાખની ચાંદી તથા ઉપરોક્ત બે મિનાર તથા ગુંબજ દાન ધર્માદામાં મળેલ સોનાના પતરાથી મઢેલ હતા તે સોનાની ચોરી કરી લઇ નાસી ગયા હતા સવારના સમયે આ બાબતની જાણ થતાં જ સાદિક્મીયા સિકંદરમીયા મલેકે ભાલેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ભાલેજ પોલીસે ચોરીનો ગુનો નોધી સીસીટીવી કેમેરાના આધારે તપાસ હાથ ધરતાં સીસીટીવીના ફૂટેજમાં રાત્રિના સમયે ત્રણ અજાણ્યા ઈસમોએ ચોરી કરતાં નજરે પડ્યા હતાં જે ફૂટેજના આધારે પોલીસે આગળની તપાસ કરી છે.

વિપક્ષે લોકશાહીની હત્યા ગણાવી

# અંકલેશ્વર નગરપાલિકાની સભા એક મિનિટમાં પૂર્ણ ભ્રષ્ટાચારના આરોપો વચ્ચે ૬૭ કામોને મંજૂરી



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર નગરપાલિકાની સામાન્ય સભા ભ્રષ્ટાચારના આરોપો વચ્ચે માત્ર એક મિનિટમાં પૂર્ણ થઈ ગઈ હતી. આ સભામાં ૬૭ વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી હતી. સભા ઝડપથી પૂરી થતાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ભાજપના સત્તાધીશો પર આકરા પ્રહારો કર્યા હતા. નગરપાલિકા પ્રમુખ લલિતા રાજપુરોહિત અને તેમના પતિ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કરતી એક ઓડિયો ક્લિપ વાયરલ થયા બાદ આ સભા યોજાઈ હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા આ મુદ્દે પ્રશ્નો ઉઠાવવામાં આવે તે પહેલાં જ બહુમતીના જોરે કાર્યોને મંજૂરી આપી સભા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી. વિપક્ષને પોતાની વાત રજૂ કરવાની પણ તક મળી ન હતી.

કોંગ્રેસના નેતા રફીક ઝઘડિયાવાલાએ આ ઘટનાને "લોકશાહીની હત્યા" ગણાવી હતી. તેમણે જણાવ્યું કે, ED, IT અને પોલીસના દબાણથી સત્તાનો દુરૂપયોગ થઈ રહ્યો છે. વિપક્ષી નેતા જહાંગીર પઠાણે ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે, ભ્રષ્ટાચાર અંગેની વાતો સાંભળ્યા વિના જ સભ્યોને રવાના કરી દેવામાં આવ્યા, જે ગુંડાગર્દી સમાન છે. તેમણે આ મુદ્દે હાઈકોર્ટનો દરવાજો ખખડાવવાની ચીમકી ઉચ્ચારી હતી. વાયરલ ઓડિયો ક્લિપ બાદથી નગરપાલિકામાં રાજકીય તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સમગ્ર મામલો હવે કાનૂની લડાઈ સુધી પહોંચે તેવી શક્યતા છે.

### નગરપાલિકાની સામાન્ય સભાના એજન્ડાના ૧થી ૬૭ કામોની મિનિટ્સ બૂક આપવા માંગ

અંકલેશ્વર નગરપાલિકાની આજરોજ મળેલી સામાન્ય સભામાં શાસક પક્ષે ૧ મિનિટમાં ૧થી ૬૭ કામો મંજૂર કરી સભા ઝડપથી પૂર્ણ જાહેર કરી હતી જે અંગે વિપક્ષના સભ્યો જહાંગીરખાન પઠાણ, રફીક ઝઘડિયાવાલા તથા બખ્તીયાર પટેલે મુખ્ય અધિકારીને પત્ર લખી મિનિસ્ટ બુક આપવા જણાવ્યુ હતું.

જેમાં તેઓએ જણાવ્યુ હતું કે, તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ મળેલ સામાન્ય સભામાં એજન્ડાના કામો ૧થી ૬૭ સુધીના કામોમાં બોર્ડ મિટિંગ સામે વિચાર દરખાસ્તના કામોમાં ભ્રષ્ટાચાર તેની સત્તા પક્ષને ખબર પડી જવાના કારણે વિરોધ પક્ષને બોલવાનો મોકો ન આપવા માટે બહુમતિના જોરે ૧ મિનિટના અંદર ૧થી ૬૭ કામો મંજૂર કરી દીધા અને સરકારના મુકાયેલ મુખ્ય અધિકારી પણ આ બાબતે મુખ્ય પ્રેક્ષક બનીને તેમની હામાં હા મેળવી ૧૯૬૩ની કલમ ૩૭/૪૫/૪૬નો ભંગ કરેલ છે. જેઓ અમે આર.સી.એમ.ની કોર્ટમાં ૧૯૬૩ની કલમ ૨૫૮ હેઠળ રજૂઆત કરી કાર્યવાહી કરવાના છે. જેથી અમોને ૨૪ કલાકની અંદર મિનિટ્સ બૂકની કોપી મળવા પાત્ર છે. જે બાબતે અંકલેશ્વર નગરપાલિકાના મુખ્ય અધિકારી ૨૨/૦૧/૨૦૨૬ના રોજ મળેલી સામાન્ય સભામાં મળેલી કોઈ પણ કામો ન કરવા માટે મુખ્ય અધિકારીને વિનંતી કરીએ છે કે જયા સુધી આ બોર્ડનો કાયદાકીય ચુકાદો ન આવે ત્યાં સુધી ૨૨/૦૧/૨૦૨૬ના રોજ થયેલ બોર્ડના એજન્ડા ૧થી ૬૭ સુધીના કામો બોર્ડમાં જબર જસ્તીથી થાય તેવા કામોનો વહીવટી કામે કોઈપણ જાતનો ખર્ચ કરવા દેવા નહીં. જેથી સરકારના મુખ્ય અધિકારી, તેમજ એકાઉન્ટને ચેકો આપવાની સત્તા આપેલ છે. જેથી આવું કોઈ કૃત્ય થશે તો આપ પણ જવાબદાર ગણાશે. જેની નોંધ લેશો તેમ જણાવ્યું હતું.

# નડિયાદમાં ગૌવંશના અવશેષો બાબતે કૂતરાઓ મૃતદેહ ઢસડી લાવ્યા હોવાની પોલીસે શક્યતા દર્શાવી

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૨

નડિયાદ નજીક આવેલી પીજ ચોકડી પાસે ગૌવંશના અવશેષો મળી આવતા સ્થાનિક પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે. એક તરફ હિન્દુ સંગઠનો દ્વારા આને સુનિયોજિત કાવતરું ગણાવી કસાઈઓ અને પોલીસની મિલીભગત હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે, તો બીજી તરફ પોલીસ તંત્ર આ ઘટનાને આકસ્મિક ગણાવી કોઈ પ્રાણી દ્વારા અવશેષો ઢસડી લાવવામાં આવ્યા હોવાનો તર્ક રજૂ કરી રહ્યો છે.નડિયાદની પીજ ચોકડીથી વસો તરફ જતા મુખ્ય માર્ગ પર ગૌવંશનું કપાયેલું માથું અને ચાર પગ મળી આવતા ગૌરક્ષકો અને હિન્દુ સમાજના લોકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. હિન્દુ ધર્મ સેનાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષે આક્ષેપ કર્યો છે કે આ વિસ્તારમાં ગેરકાયદેસર કતલખાનાઓ ધમધમી રહ્યા છે અને કસાઈઓ દ્વારા જાણીજોઈને શાંતિ ડહોળવાના હેતુથી ગૌવંશના અવશેષો જાહેર માર્ગ પર ફેંકવામાં આવ્યા છે. સંગઠનો દ્વારા પોલીસની કામગીરી પર સવાલ ઉઠાવતા જણાવાયું છે કે કસાઈઓ સાથેના મેળાપીપણાને કારણે આવી પ્રવૃત્તિઓ પર લગામ કસાતી નથી.

બીજી બાજુ, વસો પોલીસના પી.એસ.આઈ. એ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે અત્યાર સુધી આ ઘટના અંગે કોઈ લેખિત અરજી કે ફરિયાદ મળી નથી. પોલીસના મતે આ વિસ્તારમાં આવી ઘટના પ્રથમ વખત બની છે અને પ્રાથમિક દ્રષ્ટિએ કોઈ કૂતરા કે અન્ય હિંસક પ્રાણી દ્વારા મરેલા પશુના અવશેષોને ઢસડીને રોડ પર લાવવામાં આવ્યા હોય તેવી પૂરેપૂરી શક્યતા છે. પોલીસ દ્વારા કતલખાના ચાલતા હોવાના કે ષડયંત્રના આક્ષેપોને નકારી કાઢવામાં આવ્યા છે.

આસપાસના વિસ્તારમાં આ મુદ્દે ચર્ચા જાગી છે કે કેટલાક તત્વો આ સંવેદનશીલ બાબતે રાજકારણ રમી રહ્યા છે અને ખોટા આક્ષેપો ઊભા કરી શહેરની શાંતિમાં પલિતો ચાંપવાનો પ્રયાસ કરી રહ્યા છે. હાલમાં પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

# રાધનપુરમાં મુસ્લિમ સમાજના ૮૦૦૦ મતો રદ કરવા ફોર્મ નં-૭ આપી દેવાયા !

## ખોટી રીતે ફોર્મ રજૂ કરનાર વ્યક્તિ સામે કાર્યવાહી કરવા માંગ

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૨૨

રાધનપુર ૧૬-વિધાનસભામાંથી મુસ્લિમ સમાજના ૮૦૦૦ મતો રદ કરવા માટે કહેવાતા અમુક રાજકીય પક્ષો દ્વારા ફોર્મ નં-૭ ભરવામાં આવ્યા હોવાનો આક્ષેપ થયો છે. જેની સામે સાંતલપુર અને રાધનપુર વિધાનસભાના નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને માંગણી કરી હતી કે ફોર્મ-૭ રજૂ કરનાર વ્યક્તિઓએ ફોર્મ અધૂરી વિગતોથી રજૂ કરેલ છે અને જે વ્યક્તિઓએ વાંધો રજૂ કરેલ છે તેમના ચૂંટણી કાર્ડ નંબર ખોટા છે જેથી તાત્કાલિક અસરથી ફોર્મ રદ કરવું જોઈએ અને ફોર્મ રદ કર્યા બાદ સરકારે જે ખોટી માહિતી



આપ્યા બદલ વાંધો આપનાર વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગણી કરી હતી.

આ પ્રસંગે મુસ્લિમ સમાજના આગેવાનો ઉસ્માનભાઈ વોરા, રફીકભાઈ ઘાંચી, જાબીરભાઈ ભાટી, ઈમરાન શેઠ, એકરમખાન પઠાણ, બાબાભાઈ સિપાઈ, આદમભાઈ રાઉમા, સલીમભાઈ રાઉમા, જમાલભાઈ ઘાંચી, યુસુફભાઈ ઘાંચી, મહેબુબખાન મલેક, હાજીખાન મલેક, ફારૂકભાઈ મેમણ, આરીફભાઈ મેમણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતાએ કર્યા પ્રહારો

# પહેલા વોટ ચોરી ને હવે ૧૦ લાખ જેટલા ખોટા ફોર્મ-૭ ભરીને મતનો અધિકાર છીનવવાનું ષડ્યંત્ર

## જરૂરી કાર્યવાહી કરવા સાબરકાંઠા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૨

પહેલા વોટ ચોરી કરી હવે ૧૦ લાખ જેટલા ખોટા ફોર્મ-૭ ભરીને મતદારોનો મતનો અધિકાર છીનવવાનું ષડ્યંત્ર રચવામાં આવી રહ્યું છે. તેમ જણાવતા ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરી અને સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામ સોલંકીની આગેવાનીમાં ચૂંટણી પંચની એસ.આઈ.આર. (SIR)ની કામગીરીમાં થઈ રહેલ ગેરરીતિ સામે આક્રોશ વ્યક્ત કરતા સાબરકાંઠા જિલ્લા કલેક્ટરને ગુરૂવારના રોજ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમા પૂર્વ પ્રમુખ અશોકભાઈ એન. પટેલ, ચન્દ્રસિહ ઝાલા, સંગઠન મહામંત્રી પ્રિયવદન પટેલ, ટી.વી.પટેલ, રમણભાઈ પરમાર, મનોજ બારોટ, સંજયભાઇ, અમિતભાઈ શમા, હર્ષદભાઇ, પ્રકાશભાઈ, ઈશ્વરભાઈ, મુકેશભાઈ, કાતિભાઈ, અકિલ, ઈશાકભાઈ શેખ, કુમાર ભાટ સહિત કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ આવેદનપત્રમાં મુખ્ય માંગણીઓ કરી હતી કે, રાતોરાત લાખોની સંખ્યામાં ફોર્મ-૭ કોણે જમા કરાવ્યાની માહિતી અને સી.સી.ટી.વી. ફુટેજ જાહેર કરો, કોંગ્રેસ પક્ષ એકપણ મતદારના મતદાનનો અધિકાર છીનવવા નહીં દે, ખોટી વિગત દ્વારા ફોર્મ-



૭ના વાંધા મુકનારા સામે એફ.આઈ.આર. કરી, જેલ ભેગા કરો, ચોક્કસ પક્ષને લાભ અપાવવા અધિકારી ગેરકાયદેસર કામ કરશે તો જેલના સળીયા પાછળ જવા તૈયાર રહે, મતદાન અધિકાર છીનવવાના સુનિયોજીત ષડ્યંત્ર વિરૂદ્ધ કોંગ્રેસ પક્ષ ધરણા-પ્રદર્શન, મામલતદાત કચેરી, કલેક્ટર કચેરીનો ઘેરાવો કરશે, જરૂર પડશે તો કોર્ટમાં જઈશું, કોંગ્રેસે દેશના રાષ્ટ્રપતિ હોય કે છેવાડામાં વસનાર ગરીબ મજદૂર હોય તેમને સમાન મતનો અધિકાર આપ્યો તેને કોંગ્રેસ છીનવવા નહીં દે, દરેક નાગરિકને તેમના મતદાનનો અધિકાર છીનવવાનો પ્રયાસ કરનાર કોણ છે તે જાણવાનો હક્ક છે. બંધારણે મતનો અધિકાર આપ્યો છે જે ભાજપ ચૂંટણી પંચના મેળાપીપળાથી અધિકાર ખતમ કરવા માંગે છે તેવો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

# દાહોદ : આંતરરાજ્ય ચેકપોસ્ટ પરથી રૂા.૧.૯૨ કરોડનો દારૂનો જંગી જથ્થો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

દાહોદ, તા.૨૨

દાહોદ જિલ્લા પોલીસે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સ્થિત મધ્ય પ્રદેશ ગુજરાતને જોડતી આંતરરાજ્ય ચેકપોસ્ટ પર બે અલગઅલગ બનાવોમાં આઈસર ગાડીમાં સંતાડેલા ૧.૯૨ કરોડ ઉપરાંતના વિદેશી દારૂ તેમજ ૩૫ લાખ રૂપિયા કિંમતની બે આઈસર ગાડીઓ મળી કુલ ૨.૨૭ કરોડ ઉપરાંતનો પ્રોહિબિશન સાથેનો મુદ્દામાલ કબજે લીધો છે. સાથે વિદેશી દારૂ લાવનાર બંને ગાડીઓના ચાલકોની ધરપકડ કરી છે.દાહોદ પોલીસે ગઈકાલે વિદેશી દારૂનો વિપુલ પ્રમાણમાં જથ્થો આંતરરાજ્ય ચેકપોસ્ટ ઉપરથી ઝડપી પાડ્યો છે. જેમાં બાતમીના આધારે વાહન ચેકિંગ દરમિયાન એક આઈસર ગાડીને ઝડપી હતી જેમાં ટ્રકના ચાલક છોગારામ રામલાલ બિશ્નોઈ (થોરી) (રહે. રાજસ્થાન)ની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે ટ્રકની તલાસી લેતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી. ટ્રકમાં ડાંગરના ભુસાની આડમાં સંતાડી રાખેલ વિદેશી દારૂ તથા બિયરની પેટીઓ નંગ.૧,૧૭૬ જેમાં બોટલો નંગ.૨૬,૭૮૪ જેની કિંમત રૂા.૧,૮૪,૩૦,૦૮૦ ઉપરાંતનો વિદેશી દારૂ પોલીસે કબજે કર્યો હતો. ટ્રકની કિંમત મળી પોલીસે કુલ ૨,૦૪,૫૩,૯૮૦ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ઝડપાયેલ ચાલકની પોલીસે પૂછપરછ કરતા આ વિદેશી દારૂનો જથ્થો પંજાબથી ભરી લાવી વેરાવળ પાસે કોઈક ઈસમને પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું.

તેવી જ રીતે ખગેલા ચેકપોસ્ટ પર Rj-17-GB-2278 ટ્રકને રોકી તલાસી લેતા તેમાંથી સડેલા બટાકાની આડમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૫૨ પેટીઓ મળી રૂા.૮.૦૨ લાખનો બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો સાથે જ પોલીસે ૧૫ લાખ રૂપિયા કિંમતની આઈસર ગાડી તેમજ ચાલક રાજસ્થાન ભવાની મંડીના ઈશ્વર મદનલાલ ગેલોતની ધરપકડ કરી કુલ રૂા.૨૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# પાવીજેતપુરના ત્રણ રસ્તા પાસે રૂા. ૨.૬૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૨૨

પાવીજેતપુર પોલીસે વાહન ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ કારમાંથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પાવીજેતપુર પોલીસ સ્ટાફના માણસો વનકુટીર ત્રણ રસ્તા પાસે રોડ ઉપર વાહન ચેકિંગની કામગીરીમાં હતા. તે દરમિયાન એક ગ્રે કલરની કાર શંકાસ્પદ રીતે આવતા પોલીસે તેને ઉભી રાખવાનો ઈશારો કર્યો હતો. પોલીસને જોઈને ગાડીનો ચાલક પોતાની કાર રોડ પર જ મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. પોલીસે બિનવારસી હાલતમાં પડેલી કારની તલાશી લેતા તેમાંથી વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારૂની કાચની બોટલો, બીયરના ટીન અને પ્લાસ્ટિકના ક્વાટરિયા મળી આવ્યા હતા. દારૂ/બીયરની કુલ નંગ: ૭૬૬ કિંમત રૂા.૨,૬૩,૦૮૭/-, કારની કિંમત રૂા.૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂા.૬,૬૩,૦૮૭/- મુદ્દામાલ પાવીજેતપુર પોલીસે કબજે કરી, નાસી છૂટેલા કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સુશ્રી જે.એમ.મકવાણા મામલતદાર માલપુરની કોર્ટ

જન્મ-મરણ કેસ નં.૦૩/૨૦૨૬

(૧) પાંડોર ડાહ્યાભાઈ હજુરભાઈ ........અરજદાર
ધર્મે- હિન્દુ, રહે.નાથાવાસ, તા.માલપુર જિ.અરવલ્લી

વિરૂદ્ધ

(૨) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને ......સામાવાળા
ત.ક.મંત્રીશ્રી નાથાવાસ, તા.માલપુર, જિ.અરવલ્લી

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત**

મહાશય,

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૧૮/૧૨/૨૦૨૫વાળી અરજીથી તેઓના પુત્રી નામે (૧) પાંડોર ગીતાબેન ડાહ્યાભાઈની જન્મ તારીખ ૦૧/૦૬/૨૦૦૭ તથા (૨) પાંડોર સંગીતાબેન ડાહ્યાભાઈની જન્મ તારીખ ૦૧/૦૬/૨૦૦૭ના રોજ નાથાવાસ ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેની મુદ્દત તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે હાજર રહેવાનું રહેશે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો કે હરકત હોય તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી

**(સુશ્રી જે.એમ.મકવાણા)**
**એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ માલપુર**

### એક તરફ સરકાર કડક દારૂ બંધીની તેમજ તેની સાથે રાષ્ટ્રભક્તિના પણ મોટા દાવા કરે છે!

# ભાજપના ધારાસભ્યની ઓફિસ પાસે જ રાષ્ટ્રધ્વજનું અપમાન : વીડિયો વાયરલ

## રાષ્ટ્રધ્વજ સાથે ઝાડું અને તેની પાસે પૂતળા પર દારૂની બોટલો લટકાવાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં એક તરફ સરકાર કડક દારૂબંધીની બીજી તરફ અને રાષ્ટ્રભક્તિના મોટા દાવા કરે છે, પરંતુ અમદાવાદના બાપુનગર વિસ્તારમાં આ બંને દાવાઓના લીરેલીરા ઉડાવતી એક શરમજનક ઘટના સામે આવી છે. બાપુનગરના ભાજપના ધારાસભ્ય દિનેશ કુશવાહની ઓફિસની સાવ નજીક આવેલા સર્કલ પર અપમાનજનક સ્થિતિમાં રાષ્ટ્રધ્વજ સાથે ઝાડુ અને તેની પાસેના પુતળા પર દારૂની બોટલો લટકાવવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરસપુર વિસ્તારમાં આવેલા એક જાહેર સર્કલ પર સ્થાપિત પ્રતિમા પાસે રાષ્ટ્રધ્વજ લહેરાય છે. આ



પવિત્ર સ્થળ પર અજાણ્યા તત્વો દ્વારા દારૂની ખાલી બોટલો અને ઝાડુ લટકાવી દેવામાં આવ્યા હતા. આ ઘટના ધોળા દિવસે જાહેર માર્ગ પર બની હોવા છતાં, કલાકો સુધી પોલીસ કે કોર્પોરેશનના અધિકારીઓનું ધ્યાન ગયું નહોતું. ધારાસભ્યની ઓફિસ પણ નજીકમાં જ હોવા છતાં આ પ્રકારે રાષ્ટ્રધ્વજનું અપમાન થવું તે તંત્રની ઘોર નિષ્ક્રિયતા દર્શાવે છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેના પગલે પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠ્યા હતા. આ મામલો ઉત્તર ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના ધ્યાને આવતા જ તંત્ર હરકતમાં આવ્યું હતું. તાત્કાલિક અસરથી મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમને સ્થળ પર મોકલીને અપમાનજનક વસ્તુઓ દૂર કરવામાં આવી હતી. સ્થાનિક રહીશોમાં આક્રોશ છે કે જો ભાજપના ધારાસભ્યની ઓફિસ પાસે જ તિરંગાનું આ પ્રકારે અપમાન થતું હોય અને દારૂની બોટલો મળી આવતી હોય, તો અન્ય વિસ્તારોની શું સ્થિતિ હશે? લોકોની માંગ છે કે આ હરકત કરનાર અસામાજિક તત્વોને તાત્કાલિક પકડી પાડવામાં આવે અને તેમની સામે દેશદ્રોહનો ગુનો નોંધવામાં આવે. હાલમાં આ ઘટનાને પગલે બાપુનગર પોલીસ દ્વારા અજાણ્યા શખ્સો સામે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### 'તું મારી સાથે વાત કેમ નથી કરતી' કહીને

# દાણીલીમડામાં બેકરીની અંદર યુવકે પરિણીતાને છરીના ઘા ઝીંક્યા

## યુવકે અગાઉ પણ પરિણીતાના સંબંધીઓ પર તલવાર વડે હુમલો કર્યો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

શહેરના દાણીલીમડા વિસ્તારમાં મોડીરાતે એક પરિણીતા પર છરી વડે હુમલો થતાં ચકચાર મચી ગઈ છે. તું એકલી ક્યાં ફરે છે, મારી સાથે વાત કેમ નથી કરતી, એમ કહીને યુવકે પરિણીતાને બેકરીમાં એક બાદ એક છરીના ચાર ઘા ઝીંકી દીધા હતા. જેથી બન્ને હાથ લોહી લુહાણ થયા હતા. યુવકે અગાઉ પણ પરિણીતાના સંબંધીઓ પર તલવાર વડે હુમલો કર્યો હતો, જે કેસ હજુ કોર્ટમાં ચાલે છે. પરિણીતાએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

બેહરામપુરા વિસ્તારમાં આવેલી રસૂલ કડિયાની ચાલીમાં રહેતી પરિણીતાએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં રહીમ ઉર્ફે નોમાન લતીફ શેખ (રહે, કસાઈ જમાની ચાલી, બહેરામપુરા) વિરૂદ્ધ હુમલાની ફરિયાદ કરી છે.

પરિણીતાનું સાસરૂં સરખેજ વિસ્તારમાં છે. ગઈકાલે તે સરખેજથી બહેરામપુરા તેના પિયર આવી હતી ત્યારે તેના ઉપર હુમલો થયો છે.

છ મહિના પહેલાં પીડિત પરિણીતા તેના નાનીના ઘરે જતી હતી ત્યારે તેને રહીમ ઉર્ફે નોમાન શેખ સાથે મુલાકાત થઈ હતી. રહીમે પરિણીતા સાથે વાતચીત કરવાનો પ્રયાસ કરતાં તેણે વાત કરવાનો ઈનકાર કરી દીધો હતો. ગઈકાલે રાતે પરિણીતા તેની માસીના ઘરે જઈ રહી હતી ત્યારે રાજા બેકરીમાં બન લેવા માટે ઊભી હતી.

પીડિતા બન ખરીદી રહી હતી ત્યારે રહીમ ત્યાં આવી કહેવા લાગ્યો હતો કે તું એકલી ક્યાં ફરે છે, મારી સાથે વાત નથી કરતી, જોકે તેણે કોઈ જવાબ નહીં આપતાં રહીમ વધુ ગિન્નાયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. જેથી પીડિતાએ તેની માસીને ફોન કર્યો તો રહીમ વધુ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે પોતાની પાસે છરી કાઢી હતી. પરિણીતા કંઈ વિચારે એ પહેલાં રહીમે તેના બન્ને હાથ પર છરી ના ઘા ઝીંકી દીધા હતા. પરિણીતાએ બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. જ્યારે રહીમ ત્યાંથી ભાગી ગયો હતો. પરિણીતાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યારે દાણીલીમડા પોલીસે રહીમ વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

### રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈ તૈયારીઓનો ધમધમાટ

# થરાદમાં ધ્વજવંદન સાથે પ્રભાત ફેરી તથા વિકાસકાર્યોનું લોકાર્પણ પણ કરાશે

## રાજ્યપાલ-મુખ્યમંત્રી જનમેદનીને સંબોધશે; સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નવીન વાવ-થરાદ જિલ્લામાં યોજાનાર છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ મહત્વપૂર્ણ ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક આયોજન અને વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. આ અંગે આયોજન અને કાર્યક્રમોની સંપૂર્ણ માહિતી આપવા માટે આજે જિલ્લા કલેક્ટર જે.એસ. પ્રજાપતિએ થરાદ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી જેમાં તેમણે જણાવ્યું હતું કે, "આપણો જિલ્લો ભાગ્યશાળી છે કે તેને રાજ્યકક્ષાની પ્રજાસત્તાક પર્વ ઉજવણીનું આયોજન મળ્યું છે. નવીન જિલ્લા માટે આ એક ઉત્તમ તક છે અને આ ઉજવણી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે." તા.૨૬ જાન્યુઆરીના રોજ સવારે ૯.૦૦ વાગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. બંને મહાનુભાવો જન મેદનીને પણ સંબોધશે ત્યારબાદ પોલીસ વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા વિવિધ પરેડ અને કાર્યક્રમો યોજાશે. આ અગાઉ એટલે કે, તા.૨૫ જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૦૦ વાગે મુખ્યમંત્રીનું આગમન થશે. આ દિવસે સેવા સદનનું ભૂમિપૂજન સહિતના કાર્યક્રમો યોજાશે. ઉપરાંત તા.૨૫મી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં થરાદના મલુપુર ખાતે "એટ હોમ" કાર્યક્રમ સાથે સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક ગામમાં શાળા અને ગ્રામ પંચાયત કક્ષાએ ઉજવણી થાય તે માટે વહીવટીતંત્ર તથા પદાધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. ઉજવણી દરમિયાન સ્વચ્છતા અને રોશની માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. આં અંતર્ગત આજે તા.૨૨મીએ ચેતક કમાન્ડોની મોકડ્રીલ યોજાઈ હતી. જ્યારે તા.૨૩ અને ૨૪મીના રોજ સવારે ૫.૦૦ વાગે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં દેશભક્તિનો માહોલ સર્જાય અને વધુમાં વધુ નાગરિકો આ રાષ્ટ્રીય પર્વમાં સહભાગી બને તેવી જિલ્લા કલેક્ટરે અપીલ કરી હતી.

### તાલુકા-જિલ્લા સહિત કુલ ૪૦૫૭ રજૂઆતો અંગે કાર્યવાહી

# રાજ્ય સ્વાગત ફરિયાદ કાર્યક્રમમાં ૧૧૦ રજૂઆતો નિવારણ માટે આવી

## મુખ્યમંત્રીએ સમસ્યાના નિવારણ માટે વહીવટી તંત્રને આપી સૂચના

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાન્યુઆરી-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં આવેલી રજૂઆતો રૂબરૂ સાંભળીને જાહેર રસ્તા પરના ગેર કાયદેસર બાંધકામ અને દબાણ, ડ્રેનેજ અને કાંસમાં થયેલ ગેર કાયદેસર દબાણ તેમજ એક ગામથી બીજા ગામને જોડતા રસ્તા પર કરવામાં આવેલા દબાણ જેવી રાજ્ય સ્વાગતમાં આવેલી રજૂઆતો અંગે નાગરિકલક્ષી નિર્ણય લઈને સમસ્યાના ત્વરિત ઉકેલ માટે જિલ્લા તંત્ર વાહકોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણના ઉપક્રમમાં જાન્યુઆરી-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં રાજ્યભરમાંથી ૧૧૦થી વધુ રજૂઆતકર્તાઓ પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહીં, જિલ્લા સ્વાગતની ૧૪૯૨ અને તાલુકા સ્વાગતની ૨૫૬૫ રજૂઆતો-પ્રશ્નો સંદર્ભમાં પણ જિલ્લા તાલુકા કક્ષાએ ઉકેલની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ રાજ્ય સ્વાગતમાં ડભોઈ અને બોટાદ જિલ્લાના ધરતી પુત્રોએ કરેલી રજૂઆતનો તેમજ સુરત જિલ્લામાં ગુજરાત હાઉસીંગ બોર્ડના જર્જરિત મકાનોના સ્થાને નવા મકાનોના બાંધકામ અંગેના લાંબાગાળાથી પડતર પ્રશ્નની રજૂઆતનો તેમણે ત્વરિત અને સંવેદના સ્પર્શી પ્રતિસાદ આપ્યો હતો. ડભોઈ પાલિકાના ગટરના પાણીને કારણે ૩૩ ખેડૂતોની ૧૫૦ વીઘા જેટલી ખેતીલાયક જમીનના ખેતી પાકોને નુકસાન ન થાય તેમજ જમીન બગડે નહીં તે માટે તાત્કાલિક ધોરણે સાઈફન બનાવવા અને પાલિકાનો એસ.ટી.પી. વ્યવસ્થિત કામ કરે તથા ખેડૂતોના લાંબાગાળાની આ સમસ્યાનો ઉકેલ આવે તે માટે મુખ્યમંત્રીએ સ્થાનિક તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. જ્યારે બોટાદ જિલ્લાના ખેડૂતોએ ગામના તળાવના પાળાની ઊંચાઈ વધારવાના પરિણામે ૪૨ ખેડૂતોની આશરે ૫૦૦ વીઘા જેટલી જમીન ડુબમાં જાય છે અને ખેતરમાં અવર-જવર માટેનો રસ્તો બંધ છે તેવી રજૂઆતો કરી હતી. મુખ્યમંત્રીએ આ અંગે નિવારણ લાવવા માટે સંબંધિત વિભાગ અને સ્થાનિક તંત્રને સૂચના આપી હતી. આ સાથે સુરતના હાઉસિંગ બોર્ડના જર્જરિત ઉતારી લેવાયેલા મકાનો સામે ઝડપથી નવા આવાસોના બાંધકામની કાર્યવાહી કરવાના નિર્દેશો પણ તેમણે આપ્યા હતા.

# હવે, શહેરોમાં CBSE બોર્ડની સ્કૂલો શરૂ કરવા ઓછી જમીનની જરૂર પડશે

## બોર્ડ દ્વારા સ્કૂલની મંજૂરી માટે જરૂરી જમીનના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો

## સ્કૂલોની મંજૂરી માટે જરૂરી જમીન માટે જુદા-જુદા ત્રણ ક્રાઈટેરિયા નક્કી કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા શાળાની મંજુરી માટે જરૂરી જમીનના નિયમોમાં ધરખમ ફેરફાર કર્યો છે. અત્યાર સુધી ઓછામાં ઓછી ૬ હજાર ચો.મી. જગ્યા હોય તેમને જ સ્કૂલ માટે મંજુરી આપવામાં આવતી હતી. પરંતુ હવે તેમાં ફેરફાર કરી જુદીજુદી ૩ કેટેગરી પ્રમાણે જમીનનો ક્રાઈટેરિયા નક્કી કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા તાજેતરમાં એફિલિએશન બાયલોઝમાં સુધારો કર્યો છે. જેમાં CBSE બોર્ડ સંલગ્ન સ્કૂલ શરૂ કરવા માટે જરૂરી જમીનના નિયમોમાં ફેરફાર કરાયો છે. આ ફેરફારના પગલે હવે ઓછી જગ્યામાં પણ સ્કૂલો શરૂ કરી શકાશે. હાલના નિયમ પ્રમાણે દેશમાં કોઈ પણ જગ્યાએ સ્કૂલ શરૂ કરવા માટે ૮ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી હતો, પરંતુ જો સ્કૂલ આ ક્રાઈટેરિયા પરિપુર્ણ ન કરે તો ઓછામાં ઓછા ૬ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હોય તો પણ તેને મંજુરી આપવામાં આવતી હતી. આ ઉપરાંત ૧૦ લાખ કરતા વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સ્કૂલો શરૂ કરવા માટે ૪ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હતો. જ્યારે નાના શહેરોમાં સ્કૂલો શરૂ કરવા માટે સેકન્ડરી લેવલ માટે ૨ હજાર ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલ માટે ૩થી ૪ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હતો. જોકે, હવે બોર્ડ દ્વારા બાયલોઝમાં સુધારો કર્યા બાદ સ્કૂલની મંજુરી માટે ૩ ક્રાઈટેરિયા નક્કી કર્યા છે. જેમાં કેટેગરી-છમાં દેશમાં કોઈ પણ જગ્યાએ શરૂઆતથી લઈને સિનિયર સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ શરૂ કરવા માટે ૬ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરાયો છે. જ્યારે કેટેગરી-મ્માં રાજ્યની રાજધાની અથવા ખાસ શહેરોમાં સ્કૂલોની મંજુરી માટે સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૨૪૦૦ ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલની સ્કૂલ માટે ૩૨૦૦ ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરાયો છે. જ્યારે કેટેગરી- Cમાં નાના શહેરો અને પ્રાદેશિક ક્ષેત્રોમાં સ્કૂલો શરૂ કરવાની હોય ત્યાં સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૧૬૦૦ ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૨૪૦૦ ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરવામાં આવ્યો છે. CBSE બોર્ડ દ્વારા બાયલોઝમાં સુધારો કર્યા બાદ રમતગમતના મેદાન માટે તમામ સ્કૂલોએ ૨ હજાર ચો.મી. જગ્યા રાખવાની રહેશે. જોકે, સ્કૂલ કેમ્પસમાં રમત ગમતના મેદાન માટેની સુવિધા ન હોય તો સ્કૂલની નજીકમાં આવેલા પ્લેગ્રાઉન્ડ સાથે ૧૫ વર્ષનો કરાર કરી તેનો ઉપયોગ કરવાનો રહેશે.

### દેશ માટે શહીદ થનારા શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અપાશે

# રાજ્યમાં 'શહીદ દિન' ૩૦ જાન્યુઆરીએ બે મિનિટ મૌન પાળવા નાગરિકોને અપીલ

## દેશની સ્વતંત્રતા અંગેના વક્તવ્ય, સંવાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૨

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે, તેમની સ્મૃતિમાં દરવર્ષે તા. ૩૦ જાન્યુઆરીના રોજ "શહીદ દિન" ઉજવવામાં આવે છે. ચાલુ વર્ષે તા. ૩૦મી જાન્યુઆરી, શુક્રવારના રોજ "શહીદ દિન" નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અપાશે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે. વધુમાં, તા. ૩૦મી જાન્યુઆરીના, રોજ જે સ્થળે સાયરન કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦:૫૯ થી ૧૧:૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળવામાં આવશે. સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળશે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં જ થોભે તે જોવા નાગરિકોને વિનંતી કરવામાં આવી છે. બે મિનિટ બાદ મૌનનો સમય પૂરો થાય એટલે ૧૧:૦૨ થી ૧૧:૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવાનું રહેશે. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરવામાં આવશે. દેશના ગૃહ મંત્રાલય દ્વારા શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે આ દિવસ મનાવાય તે માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વક્તવ્ય, સંવાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવાયું છે.

### એએમસી દ્વારા કાર્યવાહી

# બહેરામપુરામાં કુખ્યાત આરોપીના ગેરકાયદે બાંધકામને તોડી પડાયું

## રફીક વેપારીએ ગેરકાયદેસર રીતે ત્રણ માળનું મકાન બનાવ્યું હતું

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ગેરકાયદે બાંધકામો અને દબાણો સામે ઝુંબેશ તેજ કરવામાં આવી છે. આ કડીમાં આજે શહેરના બહેરામપુરા વિસ્તારમાં મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બહેરામપુરાના ફૈઝલનગર પાસે કુખ્યાત આરોપી રફીક વેપારી દ્વારા બનાવવામાં આવેલા ત્રણ માળના ગેરકાયદે મકાન પર તંત્રએ ડિમોલિશનની કામગીરી કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, રફીક વેપારીએ કોઈપણ પ્રકારની મંજૂરી વગર ફૈઝલનગર વિસ્તારમાં આ રહેણાંક મકાન ઊભું કરી દીધું હતું. આ બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અગાઉ પણ આરોપીને અનેકવાર નોટિસ પાઠવવામાં આવી હતી અને ગેરકાયદે બાંધકામ દૂર કરવા માટે તાકીદ કરવામાં આવી હતી. તેમ છતાં, આરોપી દ્વારા મનપાની નોટિસને અવગણીને બાંધકામ યથાવત રાખવામાં આવ્યું હતું. આખરે, મનપાના અધિકારીઓએ પોલીસ કાફલાને સાથે રાખીને ગુરૂવારે સવારથી જ ડિમોલિશનની કાર્યવાહી આરંભી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના



બુલડોઝરોએ ગણતરીના કલાકોમાં જ આ ત્રણ માળનું મકાન જમીનદોસ્ત કરી નાખ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો.

### રાજ્યના જંગલોમાંથી ખેરના લાકડાની તસ્કરીનું રેકેટ

# ખેરના લાકડાના કટિંગ અને તસ્કરી મામલે EDની એન્ટ્રી : મિલકતો જપ્ત

## ગોધરા વિસ્તારના ત્રણ સામે તપાસ : ૧.૧૩ કરોડની ૧૪ મિલકત જપ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

દેશમાં સામાન્ય રીતે પૈસાના વ્યવહારો અને કર ચોરીને લઈને ઈડીની કાર્યવાહી સામે આવતી હોય છે પરંતુ હવે ગુજરાતમાં ખેર લાકડાના કટિંગ અને તસ્કરીના કેસમાં EDની મોટી કાર્યવાહી સામે આવી છે. ઈડીએ આરોપીઓની ૧.૧૩ કરોડની ૧૪ મિલકતો જપ્ત કરી છે. આ સિવાય દક્ષિણ ગુજરાતના જંગલોમાં પણ કિમતી લાકડાની તસ્કરીના બનાવો સામે આવ્યા છે.

ગોધરા જિલ્લામાં ખેરના લાકડાના કટિંગ અને તસ્કરીના કેસમાં EDએ મોટી કાર્યવાહી કરી છે. આરિફ અલી ખાન, મુસ્તાક તસિયા અને મોહમ્મદ હુસેન સામે તપાસ શરૂ કરવામાં આવી છે. ઈડીએ આરોપીઓની ૧.૧૩ કરોડની ૧૪ મિલકતો જપ્ત કરી છે. આ ઉપરાંત વ્યારા, તાપી, સુરત, વલસાડ, નવસારી અને નર્મદા જિલ્લાના વન્યજીવ અભયારણ્યોમાંથી ખેરના વૃક્ષોનું ગેરકાયદે કટિંગ અને વેચાણ કરવાની ઘટના પણ સામે આવી છે. આમ રાજ્યમાં થઈ રહેલ ખેર સહિતના અન્ય લાકડા તથા વન્ય સંપત્તિના ગેરકાયદે વેપેલા સામે EDએ કાર્યવાહી કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# મતદારોના નામ કમી કરવા ખોટા ફોર્મ નં.૭ ભરનારાઓ સામે કાર્યવાહી કરવા માંગ



અમદાવાદ, તા.૨૨

આજરોજ નિકોલ વિધાનસભાના અંબિકા નગર ઓઢવમાં આવેલ ઓફિસ ખાતે ઈ.આર.ઓ.ને ગોમતીપુરના કાઉન્સિલરો ઈકબાલ શેખ ઝુલ્ફી ખાન કમલાબેન ચૌહાણમાં આગેવાનો અહેસાન શેખ, નાસીર ખાન, પઠાણ ગોમતીપુર વોડ પ્રમુખ શિબુખાન સાજીદ ખત્રી મોન્ટુ ઘાંચી અમુભાઈ નદીમ શેખ વગેરે મળીને લેખિતમાં આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી કે, સમગ્ર વિધાનસભામાંથી આધારભૂત માહિતી પ્રમાણે અંદાજે ૧૭,૦૦૦ મતદારોના નામ કમી કરવા માટે ફોર્મ નંબર ૭ અમુક રાજકીય ઈસમો દ્વારા ખોટી રજૂઆતો કરી ગેરમાર્ગે દોરી નામ કમી કરવા માટેનું ષડયંત્ર રચાયેલું છે જે પણ લોકો ખોટી ફરિયાદ કરતા હોય એમની સામે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ની ૪૩ અને ૩૧ કલમ હેઠળ સજાપાત્ર ગુનો બનતો હોય તો આવા ઈસમો સામે કાયદેસરની ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. ઈ.આર.ઓ.એ તમામ રજૂઆતો સાંભળી આ બાબતમાં ઈલેક્શન કમિશનરની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવશે જે પણ કાર્યવાહી કરીશું એ તટસ્થતાથી કરીશું એવી મૌખિક બાહેંધરી આપી હતી.

### એફ.ડી.હાઈસ્કૂલ, મકતમપુરની વિદ્યાર્થિનીની હિન્દી નિબંધ સ્પર્ધામાં સિદ્ધિ



અમદાવાદ, તા.૨૨

ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝમા રિસર્ચ (IPR), અમદાવાદ ખાતે તારીખ ૯ અને ૧૦ જાન્યુઆરી દરમિયાન વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાની વિદ્યાર્થિની શેખ અકશાએ હિન્દી નિબંધ સ્પર્ધામાં બીજો ક્રમ પ્રાપ્ત કરીને શાળાનું નામ રાજ્યભરમાં ઉજ્જવળ કર્યું હતું. આ વિદ્યાર્થિનીને માર્ગદર્શન શાળાના શિક્ષક શકીલ મણિયાર અને શોએબ તિરમીઝી આપ્યું હતું. સાથે-સાથે શાળાના ધોરણ ૧૧ સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓએ પણ IPR ખાતે મુલાકાત લઈ વૈજ્ઞાનિક સંશોધન, પ્લાઝમા ટેક્નોલોજી અને આધુનિક વિજ્ઞાન સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત કરી. વિદ્યાર્થીઓની સાથે શાળાના શિક્ષક શેખ ફુઝૈલ તથા અન્સારી અકશાબેન પણ ઉપસ્થિત શાળાના ઈન્ચાર્જ આચાર્ય વાય.એ.ખટુંબરા અખબારી યાદીમાં જણાવ્યું હતું.

**નામ બદલેલ છે**

જૂનું નામ :- પઠાણ ઈમ્તિયાઝ સઈદખાન

નવું નામ :- પઠાણ ઈમ્તિયાઝખાન સઈદખાન

સરનામું :- ૯૬-બી મૌલાના આઝાદ પાર્ક સોસાયટી, એગ્રો પેટ્રોલ સામે, સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ-૩૮૦૦૫૫

# દિલ્હી-ન્યૂયોર્ક ફ્લાઈટ દરમ્યાન સેવામાં 'ભયંકર બેદરકારી' બદલ એર ઈન્ડિયાને ૧.૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ

## એરલાઈને દાવો કર્યો હતો કે ફરિયાદીઓએ એર ઈન્ડિયા પાસેથી 'ગેરકાયદેસર રીતે લાભ મેળવવા' માટે 'નિરાધાર આરોપો' લગાવ્યા હતા

(એજન્સી) તા.૨૨

દિલ્હીની ગ્રાહક અદાલતે ૨૦૨૩માં એર ઈન્ડિયા દિલ્હી-ન્યૂયોર્ક ફ્લાઈટમાં ખરાબ પરિસ્થિતિની ફરિયાદ કરનારા પિતા અને પુત્રીને ૧.૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે, જેમાં તેમની મુસાફરી દરમિયાન થયેલી 'માનસિક યાતના અને ઉત્પીડન'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ પંચ (નવી દિલ્હી), જેમાં પ્રમુખ પૂનમ ચૌધરી અને ન્યાયિક સભ્ય શેખર ચંદ્રનો સમાવેશ થાય છે, શૈલેન્દ્ર ભટનાગર અને તેમની પુત્રી દ્વારા એરલાઈન સામે દાખલ કરાયેલી ફરિયાદની સુનાવણી કરી રહ્યું હતું. ફરિયાદીઓએ આરોપ લગાવ્યો હતો કે તેઓ જે વિમાનમાં મુસાફરી કરી રહ્યા હતા તે 'ભયાનક' અને 'ઘૃણાસ્પદ' હતું, જેમાં તૂટેલી બેઠકો, અસ્વચ્છ શૌચાલય અને હલકી ગુણવત્તાવાળા ખોરાકની સેવા હતી. ૧૪ જાન્યુઆરીના રોજ આપેલા આદેશમાં, કમિશને જણાવ્યું હતું કે, 'હાલના કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, આ કમિશનનો મત છે કે ફરિયાદી વિરૂદ્ધ પક્ષ ૧, એર ઈન્ડિયા દ્વારા નોંધપાત્ર રકમ વસૂલવામાં આવી હતી તે સુવિધાઓ પૂરી ન પાડવા બદલ માનસિક યાતના અને હેરાનગતિ માટે વળતર મેળવવા માટે હકદાર રહેશે'. ભટનાગરે સપ્ટેમ્બર ૨૦૨૩માં એર ઈન્ડિયાની દિલ્હી-ન્યૂ યોર્ક-દિલ્હી ફ્લાઈટમાં ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા બુક કરાયેલ ઈકોનોમી ક્લાસ ટિકિટ પર તેમની પુત્રી સાથે મુસાફરી કરી હતી. ફરિયાદમાં તૂટેલી સીટો, ફ્લાઈટમાં બિનકાર્યક્ષમ મનોરંજન પ્રણાલી, અસ્વચ્છ શૌચાલય, ખરાબ ખોરાક સેવા અને બિનજવાબદાર કેબિન ક્રૂનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ફરિયાદ મુજબ, ફ્લાઈટમાં શૌચાલય ગંદા હતા અને ભયંકર ગંધ ફેલાવતા હતા. એવો પણ આરોપ



મૂકવામાં આવ્યો હતો કે ખોરાકની ગુણવત્તા અત્યંત નબળી હતી અને સ્ટાફ અત્યંત અસંસ્કારી હતો અને મુસાફર દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનું નિરાકરણ આપવામાં નિષ્ફળ ગયો હતો. કમિશનએ એરલાઈનને કુલ ૧.૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. ફોરમે જણાવ્યું હતું કે, 'તેથી, આ કમિશન વિરૂદ્ધ પક્ષ ૧ને ફરિયાદી અને તેની પુત્રીને વળતર તરીકે રૂા.૫૦,૦૦૦ અને ફરિયાદીને મુકદમાના ખર્ચ તરીકે રૂા.૫૦,૦૦૦ ચૂકવવાનો નિર્દેશ આપે છે'. જો કે, એર ઈન્ડિયાએ આરોપોને નકારી કાઢ્યા હતા, કોર્ટને જણાવ્યું હતું કે પ્રસ્થાન પહેલાં વિમાનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી અને એન્જિનિયરિંગ વિભાગ દ્વારા તેનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં કોઈ 'સ્પષ્ટ મુદ્દાઓ' મળ્યા નથી. એરલાઈનના વકીલે કોર્ટમાં જણાવ્યું હતું કે, 'ફરિયાદી એર ઈન્ડિયા પાસેથી ગેરકાયદેસર રીતે લાભ મેળવવાના હેતુથી પાયાવિહોણા આરોપો મૂકી રહ્યા છે'.

# ભારતની નજર હવે આકાશમાં : ઓપરેશન સિંદૂરમાંથી બોધપાઠ લઈને ભારત ૫૦થી વધુ જાસૂસી ઉપગ્રહો લોન્ચ કરશે

## દિલ્હીના ઉપગ્રહો રાત્રે અથવા વાદળછાયા વાતાવરણમાં મોટે ભાગે બિનઅસરકારક હતા; બ્લૂમબર્ગના જણાવ્યા અનુસાર પાકિસ્તાનને ચીન તરફથી મદદ મળી હતી જેના ઉપગ્રહો પાસે પહેલેથી જ તે ક્ષમતાઓ છે

(એજન્સી) તા.૨૨

ઓપરેશન સિંદૂર અને ગયા વર્ષે પાકિસ્તાન સાથેના ચાર દિવસના સંઘર્ષ દરમિયાન સર્વેલન્સ બ્લાઈન્ડ સ્પોટ્સનો પર્દાફાશ થયા પછી ભારત રાતના સમયની ઈમેજિંગ ક્ષમતાઓ સાથે ૫૦થી વધુ નવા જાસૂસી ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે. ગયા વર્ષે ૭થી ૧૦ મે દરમિયાન પાકિસ્તાન સાથેના ચાર દિવસીય સ્ટેન્ડઓફ દરમિયાન, લક્ષ્યોને ઓળખવા અને મોનિટર કરવા માટે ઉપગ્રહોનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો હતો.

દિલ્હીના ઉપગ્રહો રાત્રે અથવા વાદળછાયા વાતાવરણમાં મોટે ભાગે બિનઅસરકારક હતા; બ્લૂમબર્ગના જણાવ્યા અનુસાર પાકિસ્તાનને ચીન તરફથી મદદ મળી હતી જેના ઉપગ્રહો પાસે પહેલેથી જ તે ક્ષમતાઓ છે ભારતની સરખામણીમાં પાકિસ્તાનની પાસે અવકાશમાં ઘણા ઓછા ઉપગ્રહો છે, તેને ચીનની મદદ મળી હતી. બ્લૂમબર્ગના જણાવ્યા મુજબ, આપેલ વિસ્તાર પર ભારતની દેખરેખ દિવસો સુધી લંબાઈ શકે છે અને તેથી દિલ્હીને હુમલાની યોજના બનાવવા માટે યુએસ સ્થિત કંપનીઓ પાસેથી સેટેલાઈટ ઈમેજ ખરીદવી પડી હતી. ભારત ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ ઈમેજિંગથી સિન્થેટિક એપર્ચર રડાર તરફ જવા માગે છે, જે ઉપગ્રહોને રાત્રે અને ક્લાઉડ કવર દ્વારા સ્પષ્ટ છબીઓ મેળવવાની મંજૂરી આપે છે. સેટેલાઈટ-ટુ-સેટેલાઈટ ડેટા ટ્રાન્સફર, ગ્રાઉન્ડ સ્ટેશનો પર નિર્ભરતા ઘટાડવા અને સંઘર્ષની પરિસ્થિતિઓ દરમિયાન માહિતીના પ્રવાહને ઝડપી બનાવવા માટે પણ કામ ચાલી રહ્યું છે. પ્રથમ તબક્કામાં અવકાશ-આધારિત સર્વેલન્સ-૩ પ્રોગ્રામ હેઠળ ૫૦થી વધુ ઉપગ્રહોના પ્રક્ષેપણને ઝડપી ટ્રેકિંગનો સમાવેશ થાય છે. ઈસરોના ચેરમેન વી. નારાયણને ગયા વર્ષે એપ્રિલમાં જણાવ્યું હતું કે, અમને અમારી સરહદોની સુરક્ષા માટે નોંધપાત્ર સંખ્યામાં ઉપગ્રહોની જરૂર છે. વર્તમાન કાફલો અપૂરતો છે. અમારો લક્ષ્યાંક આગામી ત્રણ વર્ષમાં ૧૦૦થી ૧૫૦ ઉપગ્રહો ઉમેરવાનો છે. આનાથી અમે સમગ્ર દેશ પર વ્યાપકપણે દેખરેખ રાખી શકીશું. બ્લૂમબર્ગના અહેવાલમાં જણાવાયું છે કે, ૧૫૦



ઉપગ્રહો મૂકવાનો અંદાજિત ખર્ચ રૂા.૨૬૦ બિલિયન ($૨.૮ બિલિયન) છે. સરકાર આ પ્રોજેક્ટને વેગ આપી રહી છે અને પ્રથમ બેચ એપ્રિલ ૨૦૨૬ની શરૂઆતમાં શરૂ થઈ શકે છે.

સ્પેસ-બેઝ્ડ સર્વેલન્સ (SBS) પ્રોગ્રામના રૂા.૨૬,૯૬૮ કરોડના તબક્કો ૩, જેને ગયા વર્ષે ઓક્ટોબરમાં વડાપ્રધાનની આગેવાની હેઠળની કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી, તેમાં ૫૦થી વધુ ઉપગ્રહોના પ્રક્ષેપણનો સમાવેશ થાય છે-તે પૈકી કેટલાક ઈસરો દ્વારા બનાવવામાં આવશે અને કેટલાકને ત્રણ ખાનગી ભારતીય કંપનીઓ દ્વારા લોન્ચ કરવામાં આવશે.

ભારત ભ્રમણકક્ષામાં તેના અવકાશયાન માટેના જોખમોને શોધવા અને તેનો સામનો કરવા માટે "બોડીગાર્ડ સેટેલાઈટ" પણ વિકસાવી રહ્યું છે. નરેન્દ્ર મોદી સરકાર ગુપ્ત માહિતીને ઝડપી અને વ્યાપક કવરેજ સાથે રિલે કરવા માટે વિદેશી ગ્રાઉન્ડ સ્ટેશનો બનાવવાની પણ શોધ કરી રહી છે. આ ગ્રાઉન્ડ સ્ટેશનોના સૂચિત સ્થાનો મધ્ય પૂર્વ, દક્ષિણપૂર્વ એશિયા અને સ્કેન્ડિનેવિયામાં હોઈ શકે છે અને તે યજમાન સરકારોની મંજૂરીને આધિન છે.

# આગ્રામાં ખેડૂતને કસ્ટડીમાં ત્રાસ આપવા બદલ SHO સહિત ત્રણ પોલીસ દોષિત

(એજન્સી) તા.૨૨

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, વિભાગીય તપાસ બાદ આગ્રાના કિરાવલી પોલીસ સ્ટેશનમાં એક ખેડૂતને કસ્ટડીમાં ત્રાસ આપવા માટે સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ) સહિત ત્રણ પોલીસ અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (એસીપી) રામબદન સિંહે તપાસ હાથ ધરી હતી અને જણાવ્યું હતું કે, કિરાવલી એસએચઓ નીરજ સિંહ, સબ-ઈન્સ્પેક્ટર ધર્મવીર સિંહ અને કોન્સ્ટેબલ રવિ મલિક દોષિત છે. આ કેસ ગયા વર્ષે ૨૧ ડિસેમ્બરની એક ઘટના સાથે સંબંધિત છે, જ્યારે ૪૨ વર્ષીય ખેડૂત રાજુ શર્માને કથિત રીતે તેના ગામ કરહારામાંથી લઈ જવામાં આવ્યો હતો અને એક નિવૃત્ત આર્મી કર્મચારીને સંડોવતા ચાર મહિના જૂના હત્યા કેસના સંબંધમાં કિરાવલી પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યો હતો.

શર્માના પરિવારનો આરોપ છે કે, પૂછપરછ દરમિયાન તેને ઊંધો લટકાવી દેવામાં આવ્યો હતો અને ગંભીર રીતે માર મારવામાં આવ્યો હતો, જેના કારણે તેને બંને પગમાં વ્યાપક ઉઝરડા અને અસ્થિબંધનને નુકસાન સહિત ઘણી ઈજાઓ થઈ હતી. શરૂઆતમાં પોલીસે કથિત રીતે ઘાયલ ખેડૂતને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરીને અને તેના પરિવારને જાણ કરીને ઘટનાને દબાવવાનો પ્રયાસ કર્યો હતો કે, તેને માત્ર "નાના ઉઝરડા" હતા. પરિવારે સ્થાનિક રાજકીય નેતાઓનો સંપર્ક કર્યો અને સત્તાવાળાઓ પર એકતરફી તપાસ અહેવાલ તૈયાર કરવાનો



આરોપ લગાવ્યા પછી મામલો સામે આવ્યો હતો.

ઔપચારિક ફરિયાદ બાદ નાયબ પોલીસ કમિશનર (આગ્રા પશ્ચિમ) અતુલ શર્માએ હોસ્પિટલની મુલાકાત લીધી અને શર્માના મેડિકલ રેકોર્ડની સમીક્ષા કરી. ત્યારબાદ પોલીસ કમિશનર દીપક કુમારે એસીપી અછનેરા રામપ્રવેશ ગુપ્તાની ટ્રાફિક વિંગમાં બદલી કરી હતી અને આ કેસમાં આરોપી ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા હતા. તેમના પિતાએ કહ્યું હતું કે, "મારા પુત્રને પોલીસ સ્ટેશનની છત પર લઈ જવામાં આવ્યો હતો અને તેને થર્ડ ડિગ્રી ટોર્ચર કરવામાં આવ્યો હતો. જ્યારે રાજુ બેભાન થઈ ગયો, ત્યારે તેઓ તેને નીચે લાવ્યા અને તેને હોસ્પિટલમાં લઈ ગયા. હું એસએચઓને પૂછતો રહ્યો, પરંતુ તેણે કહ્યું કે, તેને લપસી જવાથી નાની ઈજા થઈ છે. પોલીસે અમને ૧૦,૦૦૦ રૂપિયાની ઑફર કરી હતી.

# હાઈકોર્ટે ઉત્તર પ્રદેશ સરકાર પાસેથી ૧૪ વર્ષથી વધુ સમયથી જેલમાં બંધ કેદીઓ અને માફીની અરજીઓનો ડેટા આપવા નિર્દેશ આપ્યો

## કોર્ટે રાજ્યને જેલમાં ૧૪ વર્ષ પૂરા કરી ચૂકેલા કેદીઓ, માફીની અરજીઓની વિગતો અને કેદીઓને વહેલી મુક્તિ મેળવવાના તેમના કાનૂની અધિકાર વિશે જાણ કરવામાં આવે છે કે કેમ તે અંગેનો ડેટા સબમિટ કરવા જણાવ્યું છે

(એજન્સી) લખનૌ, તા.૨૨

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે ઉત્તર પ્રદેશ સરકારને તેની સમક્ષ રાજ્યની વિવિધ જેલોમાં ૧૪ વર્ષ કે તેથી વધુ સમયથી બંધ કેદીઓની વિગતો રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. બેન્ચે આવા કેદીઓ દ્વારા કાયદા મુજબ સજાની માફી માંગતી અરજીઓની વિગતો પણ માંગી છે. ખંડપીઠે સરકારને કહ્યું છે કે, તે આ વિગતો તેની સમક્ષ મૂકે જેમાં સંબંધિત સત્તાવાળાઓ જેલમાં ૧૪ વર્ષ પૂરા કરી ચૂકેલા કેદીઓની માફીની અરજી પર વિચાર કરી રહ્યા છે. ખંડપીઠે રાજ્યને એ સ્પષ્ટતા કરવા પણ કહ્યું હતું કે, જેલમાં ૧૪ વર્ષ પૂરા કરનારા કેદીઓને માફી મેળવવાના તેમના અધિકાર વિશે જાણ કરવામાં આવે છે અને જેલમાં તેમના વર્તન અને અન્ય પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને તેમને માફી આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવે છે. બેન્ચે આ મામલે સુનાવણીની આગામી તારીખ ૨૩ ફેબ્રુઆરી નક્કી કરી છે.

જસ્ટિસ રાજન રોય અને જસ્ટિસ એકે ચૌધરીની ખંડપીઠે ૨૦૨૦માં બીકે સિંહ પરમાર દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલ પર મંગળવારે આ આદેશ આપ્યો હતો. અરજીમાં એવી દલીલ કરવામાં આવી છે કે કાયદાકીય



જોગવાઈઓ મુજબ, દરેક કેદીને ૧૪ વર્ષ જેલમાં તેમના સારા વર્તનના આધારે માફી પર અકાળે મુક્તિ માટે વિચારવાનો અધિકાર છે અને જેલ સત્તાવાળાઓની કાયદાકીય ફરજ છે કે તે જેલમાંનો સમયગાળો પૂર્ણ કરે કે તરત જ દરેક કેદીના કેસ પર વિચારણા કરે. અરજદારે કહ્યું કે, જેલ સત્તાવાળાઓ તેમની કાનૂની જવાબદારી નિભાવી રહ્યાં નથી.

પીઆઈએલની સુનાવણી કરતા ખંડપીઠે કહ્યું કે, "આ અરજી વિવિધ કાયદાકીય જોગવાઈઓ હેઠળ જેલ સત્તાવાળાઓ વગેરે દ્વારા જવાબદારીઓનું પાલન ન કરવા અંગેના જાહેર હિતના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવે છે જેથી કરીને ઉત્તર પ્રદેશ રાજ્યની જેલમાં બંધ કેદીઓની સજાની માફી માટે તેમના કેસની વિચારણાને સરળ બનાવી શકાય. ૨૦૨૨માં રાજ્ય સરકાર દ્વારા દાખલ કરાયેલ એફિડેવિટને ધ્યાનમાં લેતા બેન્ચે કહ્યું કે, તેમાં ૧૪ વર્ષની જેલની મુદત પૂરી કરી ચૂકેલા કેદીઓ સંબંધિત ડેટા શામેલ નથી. ખંડપીઠે અધિક મુખ્ય સચિવ, ગૃહને આ મામલે સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે અને આગામી તારીખ સુધીમાં અરજીમાં નિર્દેશિત વિગતો રેકોર્ડ પર મૂકવા કહ્યું છે.

# રાજસ્થાન હાઈકોર્ટે આરોપીઓ સાથે પોલીસ પરેડને 'સંસ્થાકીય અપમાન' ગણાવતા ૨૪ કલાકમાં સોશિયલ મીડિયા પરથી તસવીરો દૂર કરવાનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૨૨

રાજસ્થાન હાઈકોર્ટે મંગળવારે જેસલમેર પોલીસ દ્વારા એક કેસમાં તેમની ધરપકડ પછી જાહેરમાં પરેડ કરવાની અને અપરાધના ચુકાદા પહેલાં જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેમના ફોટોગ્રાફ્સ મૂકવાની પ્રથાને 'સંસ્થાકીય અપમાન' ગણાવી હતી. જસ્ટિસ ફરજંદ અલીએ ૨૪ કલાકની અંદર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોલીસ દ્વારા પ્રકાશિત કરાયેલી તસવીરો હટાવવાનો આદેશ આપ્યો છે. આ પ્રથાને પડકારતી જેસલમેરના ૧૦ રહેવાસીઓએ દાખલ કરેલી અરજી પર આ આદેશ જારી કરવામાં આવ્યો હતો.

કોર્ટે કહ્યું કે બંધારણની કલમ ૨૧ માત્ર જીવનનો અધિકાર જ નહીં પરંતુ ગૌરવ, સન્માન અને સ્વાભિમાન સાથે જીવવાના અધિકારની ખાતરી આપે છે. ન્યાયાધીશ ફરજંદ અલીએ નોંધ્યું હતું કે વ્યક્તિઓની ધરપકડ થયા પછી તેઓ તેમના ગૌરવનો અધિકાર ગુમાવતા નથી.

કોર્ટે નોંધ્યું હતું કે ધરપકડ કરાયેલ વ્યક્તિઓને ફ્લોર પર બેસવા માટે દબાણ કરવું, તેમને કપડાં ઉતારવા અથવા આંશિક કપડા પહેરવા, અપમાનજનક સંજોગોમાં તેમના ફોટોગ્રાફ્સ કેપ્ચર કરવા અને પછી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અથવા અખબારોમાં તે છબીઓ પ્રકાશિત અથવા પ્રસારિત કરવા એ સંસ્થાકીય અપમાન અને માનવ ગૌરવ પર સીધો હુમલો છે.

જસ્ટિસ અલીએ કહ્યું કે, ગુનાનો આરોપ લગાવનાર વ્યક્તિ પણ મૂળભૂત માનવ અધિકારોથી સજ્જ છે. અવિવાહિત મહિલાઓના કિસ્સામાં, પરિણામો વિનાશક હોઈ શકે છે, જે તેમના લગ્નની સંભાવનાઓ, સામાજિક સ્વીકૃતિ અને મનોવૈજ્ઞાનિક સુખાકારીને અસર કરે છે.




ન્યાયાધીશ અલીએ કહ્યું કે આ પ્રકારનું વર્તન અમાનવીય, અપમાનજનક અને પ્રત્યેક વ્યક્તિ માટે બાંયધરી આપેલ ન્યૂનતમ માનવ અધિકારોનું ઉલ્લંઘન છે, પછી ભલે તેની સામે આક્ષેપો હોય. આવી ક્રિયાઓ કાયદામાં સમાવિષ્ટ બંધારણીય ગેરંટીનું સ્પષ્ટપણે ઉલ્લંઘન કરે છે.

ન્યાયાધીશે અવલોકન કર્યું હતું કે ગુનાના આરોપી વ્યક્તિઓની છબીઓ, ખાસ કરીને સોશિયલ મીડિયા પર મૂકવાના પરિણામો કાયમી હોઈ શકે છે, કારણ કે આવી સામગ્રી જાહેર ડોમેનમાં ઉપલબ્ધ રહે છે. તેમણે નોંધ્યું હતું કે એવા કેસોમાં પણ કે જ્યાં આરોપી વ્યક્તિ પછીથી નિર્દોષ છૂટી જાય છે, ત્યારે તેમની પ્રતિષ્ઠા અને સામાજિક સ્થિતિને જે નુકસાન પહોંચે છે તે ક્યારેય સંપૂર્ણપણે સુધારી શકાતું નથી. ન્યાયમૂર્તિ અલીએ એ પણ ધ્યાન દોર્યું હતું કે કોઈપણ કાયદો પોલીસને આવા વર્તનની સત્તા આપતો નથી અને આ પ્રથાઓ અન્યાયી, ગેરવાજબી અને તેમની કાયદેસરની સત્તાના અવકાશની બહાર હોવાનું જણાયું હતું.

અરજદારોએ રજૂઆત કરી હતી કે પોલીસ કર્મચારીઓ ગુનાહિત કેસોમાં આરોપીઓને પોલીસ સ્ટેશનના પ્રવેશદ્વાર પર બેસવા માટે દબાણ કરે છે અને તે પછી આ આરોપીઓની તસવીરો લેવામાં આવે છે, તેમની છબીઓ જાહેરમાં પ્રસારિત કરવામાં આવે છે અને વ્યાપકપણે શેર કરવામાં આવે છે. અરજદારોએ આક્ષેપ કર્યો હતો કે આ પ્રથા મહિલાઓ સાથે પણ કરવામાં આવે છે. પિટિશન અનુસાર, સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલી અને સ્થાનિક અખબારોમાં પ્રકાશિત થયેલી તસવીરોએ અપરાધની જાહેર ધારણા ઊભી કરી છે. અરજદારોએ નોંધ્યું હતું કે ધરપકડ કરાયેલા વ્યક્તિઓને સેલમાં રાખતા પહેલા તેમના અન્ડરગાર્મેન્ટ્સ ઉતારી દેવાયા હતા. કોર્ટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પાસેથી અરજી પર જવાબો માંગ્યા હતા, પોલીસ કમિશનરને આ પ્રકારની ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવા માટે સલામતી પગલાંની રૂપરેખા દર્શાવતો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# કોર્ટે સાંઈ બાબાની યાદમાં મેળાવડો યોજવા બદલ નામ આપવામાં આવેલા વિદ્યાર્થીઓને કહ્યું, 'તમારી કારકિર્દી બરબાદ થઈ ગઈ'

## મુંબઈની એક કોર્ટ ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સના વિદ્યાર્થીઓ સામે દાખલ કરાયેલા કેસની સુનાવણી કરી રહી છે. તેમના પર સ્વર્ગસ્થ પ્રોફેસર જીએન સાંઈ બાબાની પ્રથમ પુણ્યતિથિ પર એક કાર્યક્રમ ભેગા કરવાનો અને તેનું આયોજન કરવાનો આરોપ છે. કોર્ટે અગાઉ આપવામાં આવેલી વચગાળાની સુરક્ષા લંબાવી, તેમની આગોતરા જામીન અરજીઓ પર સુનાવણી આ મહિનાના અંત સુધી મુલતવી રાખી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

મુંબઈ સેશન્સ કોર્ટના ન્યાયાધીશે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સના નવ વિદ્યાર્થીઓને ઠપકો આપ્યો, જેમના પર દિલ્હી યુનિવર્સિટીના પૂર્વ પ્રોફેસર જીએન સાંઈ બાબાની પુણ્યતિથિ પર એક કાર્યક્રમ ભેગા કરવા અને તેનું આયોજન કરવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. મીડિયા અનુસાર, ન્યાયાધીશે ચેતવણી આપી હતી કે તેમની સામે દાખલ કરાયેલો કેસ તેમની ભાવિ રોજગાર સંભાવનાઓને પ્રતિકૂળ અસર કરી શકે છે. ન્યાયાધીશે નવ વિદ્યાર્થીઓને ધરપકડથી વચગાળાની સુરક્ષા પણ આપી હતી. આ કેસની સુનાવણી કરતા, એડિશનલ સેશન્સ જજ મનોજ બી. ઓઝાએ કહ્યું, 'હવે તમારો ગુનાહિત રેકોર્ડ પોલીસ પાસે છે, ફક્ત અહીં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં. તમે જાણો છો કે તમે તમારી કારકિર્દી શરૂ થાય તે પહેલાં જ મોટી ભૂલ કરી છે. તમારી કારકિર્દી બરબાદ થઈ ગઈ છે.' નોંધનીય છે કે ટ્રોમ્બે પોલીસે દાખલ કરેલી FIRમાં નવ વિદ્યાર્થીઓના નામ છે અને તેમની આગોતરા જામીન અરજીઓ સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે. સોમવાર (૧૯ જાન્યુઆરી)ના રોજ, કોર્ટે આ વિદ્યાર્થીઓને ઠપકો આપતા પૂછ્યું, 'તમારામાંથી કેટલા મહારાષ્ટ્રની બહારના છો? તમે બધા મહારાષ્ટ્રમાં ભણવા માટે આવ્યા હતા. તમારા પિતાને આ કેસ વિશે ખબર છે. હવે, આ કારણે, તમને સરકારી નોકરી મળશે નહીં.' કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે જો તેઓ ખાનગી ક્ષેત્રમાં કામ કરશે, તો પણ તેમણે આ પેન્ડિંગ ફોજદારી કેસ જાહેર કરવો પડશે. ત્યારબાદ ન્યાયાધીશે વિદ્યાર્થીઓના વકીલને તેઓ કયા કોર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે તે વિશે પૂછ્યું. જ્યારે તેમને કહેવામાં આવ્યું કે વિદ્યાર્થીઓ સામાજિક કાર્યમાં અનુસ્નાતક કાર્યક્રમોમાં નોંધાયેલા છે, ત્યારે ન્યાયાધીશે ટિપ્પણી કરી કે તેમની ડિગ્રી તેમને રોજગાર શોધવામાં મદદ કરશે નહીં. તેમણે ટિપ્પણી કરી, 'તમે તમારી જાતને વૈજ્ઞાનિક કે એન્જિનિયર માનો છો, એન્જિનિયરોને પણ નોકરી મળતી નથી.' નોંધનીય છે કે ૨૩ ડિસેમ્બરે થયેલી અગાઉની સુનાવણી દરમિયાન, ખાસ સરકારી વકીલે કોર્ટને જાણ કરી હતી કે




વિદ્યાર્થીઓ કોર્ટમાં હાજર નથી. ત્યારબાદ તેમના વકીલે કોર્ટને ખાતરી આપી હતી કે તેઓ આગામી સુનાવણીમાં હાજર રહેશે. વિદ્યાર્થીઓને સંબોધ્યા પછી, ન્યાયાધીશે તેમની આગોતરા જામીન અરજીઓ પરની સુનાવણી વધુ સુનાવણી માટે આ મહિનાના અંત સુધી મુલતવી રાખી હતી. તેમણે અગાઉ આપવામાં આવેલી વચગાળાની સુરક્ષા પણ લંબાવી હતી. નોંધનીય છે કે આગોતરા જામીન અરજીઓ ઓકટોબર ૨૦૨૫માં દાખલ કરવામાં આવી હતી, જ્યારે ટ્રોમ્બે પોલીસે સંસ્થાના એક એસોસિયેટ ડીનની ફરિયાદના આધારે FIR નોંધી હતી. તપાસના ભાગ રૂપે વિદ્યાર્થીઓના મોબાઈલ ફોન અને લેપટોપ સહિતના ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. FIR ૧૨ ઓકટોબર, ૨૦૨૫ના રોજ દેવનારના TISS કેમ્પસમાં સાંઈ બાબાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમ સાથે સંબંધિત છે. ઉલ્લેખનીય છે કે ૫૭ વર્ષીય સાઈબાબાને ૫ માર્ચ, ૨૦૨૪ના રોજ બોમ્બે હાઈકોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા, જેમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ તેમની સામે કેસ ચલાવવાની મંજૂરી અમાન્ય હોવાનું ઠરાવ્યું હતું. હાઈકોર્ટે પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી)ના સક્રિય સભ્ય હોવા બદલ સાઈબાબાને આજીવન કેદની સજા ફટકારતા ૨૦૧૭ના સેશન્સ કોર્ટના આદેશને રદ કર્યો હતો.

પાટણમાં વિશાળ રેલી યોજાઈ : કલેક્ટરને રજૂઆત બાદ ધારાસભ્યે કર્યા આક્ષેપો

# મુસ્લિમ, દલિત અને કોંગ્રેસ સમર્થિત મતદારોના મતો રદ કરવા ભાજપના હોદ્દેદારોએ પાટણ APMCની બેઠકમાં સૂચના આપી

## ૫૦ હજારથી વધુ મતદારોના નામ કમી કરવા ફોર્મ-નં.૭ ભરવાનું ષડયંત્ર



(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૨૨

પાટણ જિલ્લામાં વિધાનસભા વિસ્તારોમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ૫૦ હજારથી વધુ મતદારોને મતાધિકારથી વંચિત રાખી તેઓના નામ મતદારયાદીમાંથીકમી કરવા ફોર્મ નં.૭ ભરી સંખ્યાબંધ વાંધા અરજીઓ એકાએક રજુ કરવામાં આવતા અને તેમાંય ખાસ કરીને મુસ્લિમ મતદારોને નિશાન બનાવવામાં આવતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને મતદારોના મતાધિકાર છીનવવાના પ્રયાસના ભાગરૂપે આવા વાંધા દાવાઓ રજૂ કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માગ સાથે પાટણના ધારાસભ્ય ડો.કિરીટ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમર દેસાઈ સહિત કોંગ્રેસના આગેવાનો કાર્યકરો તેમજ અરજદારોએ આજે પાટણ ખાતે વિશાળ રેલી યોજી જિલ્લા કલેકટર કચેરી ખાતે ધરણા કરી સરકાર સામે વિરોધ નોંધાવી જિલ્લા કલેકટરને આવેદન આપી રોષ વ્યકત કરી ખોટી રીતે વાંધા રજુ કરનારાઓ સામે કાનૂની પગલાં નહી ભરાય તો હાઈકોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારી હતી. પાટણ જિલ્લામાં પાટણ જિલ્લામાં ૫૦ હજારથી વધુ મતદારો સામે વાંધા રજૂ થતા ચોંકી ઉઠેલા સમાજના રાજકીય અને સામાજિક આગેવાનોમાં ભારે રોષ ફેલાયો છે. જેને વાંચા આપવા આજે પાટણ ખાતે વિશાળ રેલી યોજી જિલ્લા કલેકટરને રજૂઆત કરી પાટણના ધારાસભ્ય ડો. કિરીટ પટેલે જણાવ્યું હતું કે રાજયમાં મતદારોને જે મતાધિકાર મળ્યા છે તેને કોઈને કોઈ રીતે દુષિત કરવાનો પ્રયાસ ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યો છે. એક મહિના અગાઉ પાટણ એપીએમસીમાં બેઠક મળી હતી જેમાં ભાજપના હોદ્દેદારો દ્વારા એવી સૂચના અપાઈ હતી કે જે બુથમાં મુસ્લિમ, દલિત તેમજ કોંગ્રેસ સમર્થિત મતદારો હોય તેવા મતદારોના વોર્ડ દીઠ ૧૦૦થી વધુમતો રદ કરવા જણાવ્યું હતું જે અંગે વહીવટતંત્રને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી તેમ છતાં તંત્ર દ્વારા કોઈ જ કામગીરી નહી કરાતા પાટણ વિધાનસભા મત વિસ્તારમાંથી ૬ હજારથી વધુ અને સિદ્ધપુર વિધાનસભા બેઠક પરથી ૨૫ હજાર મળી જિલ્લામાં કુલ ૫૦ હજાર જેટલા ખોટા વાંધાઓ રજુ કરાયા છે. ત્યારે આવા વાંધા રજુ કરનારાઓ સામે તંત્રએ એફઆઈઆર નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. જો વહીવટીતંત્ર દ્વારા આવા લોકો સામે ફરિયાદ કરવામાં નહીં આવે તો હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવશે.

# સાયબર ફ્રોડમાં સંડોવાયેલ નાઈજીરિયન મહિલાને સાત વર્ષની સજાનો હુકમ કરતી અમરેલી ચીફ કોર્ટ

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૨૨

અમરેલીના સાયબર ફ્રોડ કેસમાં નાઈજીરીયન મહિલા આરોપીને અમરેલી ચીફ કોર્ટે સાત વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે કરતી નામદાર ચીફ કોર્ટ અમરેલી અમરેલી જિલ્લા સાયબર ફ્રોડના ગુનાઓમાં સંડોવાયેલ તમામ આરોપીઓને પકડી પાડવા અને સચોટ તપાસ કરવામાં આવી હતી. ગઈ તા.૨૯/૦૬/૨૦૨૩થી તા.૨૦/૦૭/૨૦૨૩ના દરમિયાન પિયુષભાઈ જયંતીભાઈ ઠુમ્મર (રહે. નંદીગ્રામ સોસાયટી, સાવરકુંડલા અમરેલી)ને કોઇ અજાણ્યા મહિલા ઈસમે અવાર નવાર મેસેજમા વાતો કરી વિશ્વાસમા લઇ, મોટી રકમની ગીફ્ટની લાલચ આપી, બાદ આ ગીફ્ટ દિલ્હી એરપોર્ટ ઉપર આવી ગયેલ છે જે છોડાવવા માટે તેનો ચાર્જ ચુકવવો પડશે તેમ અવાર-નવાર ફોન તથા ટેક્સ મેસેજીસ કરી તેમજ કુરીયર કંપનીનાઓએ ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટનો ટેક્સ તેમજ કસ્ટમ ડ્યુટીનો ચાર્જ ભરવો પડશે તેમ જણાવી આ ગીફ્ટનુ પાર્સલ છોડવવા માટે એકાઉન્ટમાથી અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂા.૧૪,૦૯,૦૦૦/- મેળવી ઠગાઈ કરી હતી. જે અંગે પિયુષભાઈ પોતાની ફરીયાદ સાયબર ક્રાઈમ અમરેલીમાં કરતા આ સાયબર ફ્રોડ ગુનાની તપાસ દરમિયાન સંડોવાયેલ મહિલા આરોપી ગુરૂગ્રામ, હરીયાણા ખાતેથી પકડી જેલ હવાલે કર્યા હતા. સજજડ ડીજીટલ પુરાવા એકત્ર કરી ચીફ કોર્ટ અમરેલીમાં આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવામાં આવી છે. જે ચીફ કોર્ટ અમરેલીમાં ફોજદારી પ્રોસિક્યુશન ચાલતુ હોય જેમાં આજ રોજ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ આર.વકાલિયાએ અમરેલી ચર્ચાસ્પદ વેરોનિકા એન્ડ્ર સાયબર ફ્રોડ કેસમાં મહિલા આરોપી વેરોનીકા IPC કલમ ૪૨૦માં ૭ (સાત) વર્ષની સાદી કેદની સજા અને રૂા.૩૦૦૦/-નો દંડ કરવામાં આવ્યો છે.

# આગામી ૪-૫ વર્ષમાં વ્હાઈટ કોલર જોબ પર જોખમ છે : બિલ ગેટ્સની ચેતવણી

## તેમણે કહ્યું કે, 'શું તમે લોકોને ફરીથી તાલીમ આપો છો ? શું તમે તમારી ટેક્સ સિસ્ટમમાં ફેરફાર કરો છો ? અત્યાર સુધી, આ અસર ખૂબ જ સામાન્ય રહી છે, પરંતુ તે લાંબુ ટકશે નહીં'

(એજન્સી) તા.૨૨

બિલ ગેટ્સે ચેતવણી આપી હતી કે જો યોગ્ય વ્યવસ્થાપન કરવામાં ન આવે તો કર્મચારીઓમાં વિક્ષેપ ગંભીર બની શકે છે. વ્હાઈટ-કોલર કામદારો માટે કંઈક નવીન વાત સામે આવી રહી છે અને બિલ ગેટ્સ કહે છે કે, સરકારો આ માટે તૈયાર નથી. દાવોસ ખાતે એનડીટીવીના વિષ્ણુ સોમ સાથે વાત કરતા માઈક્રોસોફ્ટના સ્થાપકે ચેતવણી આપી હતી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જોબ માર્કેટને અપેક્ષા કરતા વધુ ઝડપથી આકાર આપશે અને લોકોને તૈયાર કરવાની વિન્ડો ઝડપથી બંધ થઈ રહી છે. ગેટ્સે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં એક વિશિષ્ટ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, "હું આગામી ચારથી પાંચ વર્ષમાં વ્હાઈટ કોલર અને બ્લુ કોલર જોબમાં પણ જોખમ જોઈ રહ્યો છું અને સરકારોએ આગળ વધવું પડશે અને ઈક્વિટી મુદ્દાઓ સાથે વ્યવહાર કરવો પડશે. AIની સારી સંભાવનાઓને સ્વીકારતા (જેમાં રોગની પ્રગતિથી લઈને શિક્ષણ) ગેટ્સે ચેતવણી આપી હતી કે જો વ્યવસ્થાપિત ન રાખવામાં ન આવે તો કર્મચારીઓની ભરતી, નોકરીની પદ્ધતિ અને આર્થિક ઔચિત્યનો વિક્ષેપ ગંભીર બની શકે છે. તેમણે કહ્યું કે, "શું તમે લોકોને ફરીથી તાલીમ આપો છો ? શું તમે તમારી ટેક્સ સિસ્ટમમાં ફેરફાર કરો છો ? અત્યાર સુધી આ અસર ખૂબ જ સામાન્ય રહી છે, પરંતુ તે લાંબુ ટકશે નહીં." આ ટિપ્પણી ગેટ્સના તાજેતરના વાર્ષિક પત્ર ધ યર અહેડની રૂપરેખા દર્શાવી છે. તેઓ કહે છે કે, AIએ ભૂતકાળની ટેક ક્રાંતિ કરતાં માત્ર ઝડપી જ નથી, પણ તે વધુ ઊંડું છે, સમાજના વધુ ખૂણે પહોંચે છે અને અભૂતપૂર્વ ઝડપે પરિવર્તનને વેગ આપે છે. ગેટ્સએ તરફ નિર્દેશ કરે છે કે, કેવી રીતે AI ટૂલ્સ સોફ્ટવેર ડેવલપમેન્ટમાં ઉત્પાદકતામાં વધારો કરી રહ્યાં છે અને લોજિસ્ટિક્સ અને કોલ સેન્ટર્સમાં નિમ્ન-કૌશલ્યની ભૂમિકાઓને બદલે છે. જો તેને સંબોધવામાં ન આવે તો, આ અસમાનતાને પ્રેરિત કરી શકે છે, અને માત્ર અમુક લોકોના હાથમાં જ સંપત્તિ અને તકોને કેન્દ્રીત કરી શકે છે. તેમણે કહ્યું કે, આ પડકારો માટે તાત્કાલિક સ્થાનિક સંકલિત નીતિ અને આંતરરાષ્ટ્રીય સહયોગની જરૂર છે. ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે ગેટ્સે કહ્યું કે, "મને લાગે છે કે યુ.એસ. અને ભારતના મજબૂત સંબંધોનો તર્ક સફળ થશે. ગેટ્સે ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઝડપી AI અપનાવવાને મુખ્ય ફાયદાઓ પણ દર્શાવ્યા હતા.

# 'હેન્ડશેક ભૂલી ગયા આપ..' : પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગા, PCBએ વાયરલ ઓસ્ટ્રેલિયા સિરીઝ પ્રોમોમાં ભારત પર કર્યો કટાક્ષ

નવી દિલ્હી, તા.૨૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટના મેદાન પર તણાવ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ આ તણાવને મેદાનની બહાર પણ વધાર્યો છે. ઓસ્ટ્રેલિયા સામેની આગામી સિરીઝ માટેના એક પ્રોમો વીડિયોમાં PCBએ ભારતીય ક્રિકેટ ટીમ અને BCCI પર 'હેન્ડશેક' ન કરવાના મુદ્દે કટાક્ષ કર્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝ માટે બનાવવામાં આવેલા આ પ્રોમોમાં પાકિસ્તાનની મહેમાનગતિની પ્રશંસા કરવામાં આવી છે. વીડિયોમાં એક ઓસ્ટ્રેલિયન પ્રવાસી ટેક્સી ડ્રાઈવર સાથે હાથ મિલાવવાનું ચૂકી જાય છે, ત્યારે એ અભિનેતા કટાક્ષભર્યા અંદાજમાં કહે છે, 'લાગે છે કે તમે પાડોશીને ત્યાં પણ રોકાયા હતા'. આ વીડિયોમાં પાકિસ્તાનના T20 કેપ્ટન સલમાન અલી આગા પણ જોવા મળે છે. આ ઉપરાંત, વીડિયોમાં 'હેન્ડશેક'ને કેન્દ્રિત એક વ્યંગાત્મક ગીતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે સ્પષ્ટપણે ભારતને ટ્રોલ કરવાના પ્રયાસરૂપે જોવામાં



આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૫ની શરૂઆતમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતીય ક્રિકેટ ટીમોએ પાકિસ્તાન સાથેના સંબંધોમાં કડક વલણ અપનાવ્યું છે. એશિયા કપ ૨૦૨૫ દરમિયાન ત્રણેય મેચોમાં સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા ન હતા. આ જ પરંપરા યુવા અને મહિલા ટીમો દ્વારા પણ ભારત-પાકિસ્તાન મેચોમાં અનુસરવામાં આવી હતી. હવે જ્યારે ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬ નજીક છે, ત્યારે PCB દ્વારા આ મુદ્દાને ફરીથી ઉઠાવવામાં આવ્યો છે. આ પ્રોમો દ્વારા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બંને દેશો વચ્ચેની મેચ પહેલા માહોલ ગરમ કરવાનો પ્રયાસ કર્યો છે.

પીએસઆઈએ પાસાની કાર્યવાહી ન કરવા ત્રણ લાખની માંગ કરી

# અમરેલી : પીએસઆઈ વતી ત્રણ લાખની લાંચ લેતાં વચેટિયો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લાના જાફરાબાદ મરીન પોલીસના પીએસઆઇ વતી ૩ લાખની લાંચ લેતા અમરેલી ACBએ વચેટિયાને રંગે હાથ ઝડપી લીધો હતો. પીએસઆઇ એ પાસા કાર્યવાહીથી બચવા ૩ લાખની લાંચની માંગ કરી હતી જેમાં મરીન પોલીસના જમાદારની પણ સંડોવણી હોવાનું ખુલ્યું હતું એસીબી માં પીએસઆઈ તેમજ પોલીસ જમાદાર અને વચેટિયા સામે ગુન્હો નોંધાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલી જિલ્લાના જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઇ આર એમ રાંધણપુરાએ ઉના ખાતે રહેતા મહંમદ સાબિર ઉર્ફે ભૂરો ઈકબાલભાઈ ચોરવાડ નામના શખ્સ રાજપર ગામે માછી મારીનો વ્યવસાય કરે છે. જેને આ જાફરાબાદ મરીન પોલીસના પીએસઆઇ રાધનપુરા તેમજ જમાદાર આશિષસિંહ ઝાલા આવેલ અને આર્ટિગા ગાડીમાં બેસાડી દીધેલ જેમાં તેમના મિત્ર યુસુફ બાબુભાઈ ગભોળ બેસેલ હતા અને તેમની પાસેથી ચિટિંગ કરેલ બૂમલા



ખરીદ કરેલ હોવાનું જણાવી જાફરાબાદ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા અને કહ્યું હતું કે, જો તમારી ઉપર પાસા ના કરવી હોય તો ૧૦ લાખ આપવા પડશે જેથી પાસાની કાર્યવાહીથી બચવા ધમકી આપી હતી જેથી અરજદારે અમરેલી એસીબીનો સંપર્ક કરતા છટકું ગોઠવતા જાફરાબાદ મરીન પોલીસના પીએસઆઇ વતી વચેટિયા આરીફ અકબર અલી રવજાણી ૩ લાખ લેતા એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ ગયેલ હતો એસીબી પોલીસે પીએસઆઇ આર એમ રાધનપુર તેમજ જમાદાર આશિષ સિંહ ઝાલા તેમજ વચેટિયા આરીફ સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરેલ છે.

# પ્રયાગરાજ ઘટનાને પગલે પાંડેસરા ખાતે વિરોધ પ્રદર્શન કરી રહેલા આમ આદમી પાર્ટી નેતા-કાર્યકરોની અટકાયત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૨


સુરત આમ આદમી પાર્ટી દ્વારા આજે સવારે નિલગીરી સર્કલ લીંબાયત ખાતે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ મહારાજના સમર્થનમાં જોરદાર વિરોધ પ્રદર્શન કર્યુ હતું. વિરોધ પ્રદર્શન પૂર્વે આમ આદમી પાર્ટી દ્વારા જણાવાયું હતું કે, પ્રયાગરાજમાં યોગી સરકાર દ્વારા જગદ્ગુરૂ શંકરાચાર્ય મહારાજ અને સંતો ઉપર કરવામાં આવેલા હુમલાના વિરોધમાં સુરત શહેરમાં આમ આદમી પાર્ટીના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. પાંડેસરા ખાતે આમ આદમી પાર્ટી દ્વારા આયોજીત કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ઉમેટલા નેતા-કાર્યકરોએ આ હિચકારા કૃત્યને વિશ્વના તમામ હિંદુઓની આસ્થા પર થયેલો હુમલો ગણાવ્યો હતો. આમ આદમી પાર્ટીએ આ ઘટનાનો સખત શબ્દોમાં વિરોધ કરતા સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જ્યાં સુધી ભાજપના નેતાઓ જગદ્ગુરૂ શંકરાચાર્ય મહારાજ અને સંતો પાસે જાહેરમાં માફી નહી માંગે ત્યાં સુધી આ લડાઈ ચાલુ રાખવામાં આવશે. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી, રજનીકાંત વાઘાણી, પંકજ તાયડે, સુરત શહેર મહામંત્રી તુલસી લાલૈયા, પરિમલ કાનાણી, યુવા મોરચા પ્રમુખ પંકજ ધામેલિયા તેમજ કોર્પોરેટરો મહેશ અણઘણ, વિપુલ સુહાગીયા, શોભના કેવડિયા, દિપ્તી સાકરિયા, મનીષા કુકડીયા, શહેર ઉપપ્રમુખ શોભના વાઘાણી સહિત શહેર અને પ્રદેશ સંગઠનના અનેક હોદ્દેદારો હાજર રહ્યા હતા. પોલીસે આ તમામ નેતાઓ અને કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

**પોલીસને અંધારામાં રાખવા આપે વહેલી સવારે સ્થળ બદલ્યું :** આમ આદમી પાર્ટી દ્વારા સૌ પ્રથમ લિંબાયતમાં નિલગીરી સર્કલ પાસે વિરોધ પ્રદર્શનનો તખ્તો તૈયાર કરવામાં આવ્યો હતો. સ્થાનિક ધારાસભ્ય સંગીતા પાટિલનાં ગઢ ગણાતાં નિલગીરી વિસ્તારમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શનનાં આયોજનને પગલે પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હતી. જો કે, વહેલી સવારે આમ આદમી પાર્ટી દ્વારા પોલીસને અંધારામાં રાખીને કાર્યક્રમનું સ્થળ બદલીને પાંડેસરા ખાતે કરી દેવામાં આવ્યું હતું.

# મોદી સરકાર ૧૪ મહિનાથી સમન્સ અટકાવી રહી છે-યુએસ કમિશને કોર્ટમાં અદાણીને સીધા સમન્સ બજાવવા વિનંતી કરી

(એજન્સી) તા.૨૨

મોદી સરકાર પર દેશમાં અદાણીને રક્ષણ આપવાનો આરોપ મૂકવામાં આવતો રહે છે, પરંતુ હવે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ કમિશને પણ કોર્ટમાં ખુલ્લેઆમ આ વાત કહી છે. એક અહેવાલ મુજબ, તેણે કહ્યું છે કે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણીને કાનૂની નોટિસ મોકલવા છતાં, મોદી સરકાર ૧૪ મહિનાથી આ નોટિસ મોકલી નથી. કમિશને હવે યુએસ ફેડરલ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં જણાવ્યું છે કે ભારત સરકારનો માર્ગ, હેગ કન્વેન્શન, આ મુદ્દે કામ કરી રહ્યું



## ૧૪ મહિનાથી સમન્સ બજાવવામાં આવ્યા ન હોવાથી યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને કોર્ટનો સંપર્ક કર્યો છે. શું મોદી સરકારને બાયપાસ કરીને અદાણીને સમન્સ બજાવવાની મંજૂરી આપવામાં આવશે ?

નથી. તેથી તેણે કોર્ટ પાસેથી અદાણીને તેમના યુએસ વકીલો દ્વારા અને ઈમેઈલ દ્વારા સીધા બોલાવવાની પરવાનગી માંગી છે.

આ કેસ નવેમ્બર ૨૦૨૪માં શરૂ થયો હતો, જ્યારે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ કમિશન (SEC)એ ગૌતમ અદાણી અને સાગર અદાણી પર સોલાર પાવર પ્રોજેક્ટ મેળવવા માટે અદાણી ગ્રીન એનર્જી કંપની દ્વારા ભારતીય અધિકારીઓને કરોડો રૂપિયાની લાંચ ચૂકવવાનો અથવા આપવાનું વચન આપવાનો આરોપ મૂક્યો હતો. કંપનીએ ૨૦૨૧માં બોન્ડમાં $૭૫૦ મિલિયન જારી કર્યા હતા, જેનાથી યુએસ રોકાણકારો પાસેથી આશરે $૧૭૫ મિલિયન એકત્ર થયા હતા. SECનો આરોપ છે કે કંપનીએ બોન્ડ વેચતી વખતે તેની ભ્રષ્ટાચાર વિરોધી નીતિઓ વિશે ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી પૂરી પાડી હતી.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે ફોજદારી કેસ પણ દાખલ કર્યો હતો, જેમાં સિક્યોરિટીઝ છેતરપિંડી સહિતના ગંભીર આરોપો શામેલ છે. અદાણી ગ્રુપે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તેઓ કાયદેસર રીતે લડશે.

**હેગ કન્વેન્શન દ્વારા પ્રયાસો નિષ્ફળ ગયા**

યુએસ અને ભારત બંને હેગ સર્વિસ કન્વેન્શનના સભ્યો છે, જે વિદેશમાં કાનૂની દસ્તાવેજો સેવા આપવા માટેની આંતરરાષ્ટ્રીય પ્રક્રિયા છે. ધ વાયરના એક અહેવાલ મુજબ, SECએ ફેબ્રુઆરી ૨૦૨૫માં ભારતીય કાયદા મંત્રાલયને સમન્સ વિનંતી સબમિટ કરી હતી. કાયદા મંત્રાલયે SEC સમન્સ અમદાવાદ સેશન્સ કોર્ટને મોકલ્યો હતો, પરંતુ તે એપ્રિલ ૨૦૨૫માં પાછો ફર્યો હતો. કારણ એ હતું કે કવર લેટરમાં સીલ અને સહીનો અભાવ હતો. SECએ જણાવ્યું હતું કે હેગ કન્વેન્શન હેઠળ આ જરૂરી નથી.

SECએ ત્યારબાદ મે ૨૦૨૫માં બીજી વિનંતી મોકલી, પરંતુ તેનો કોઈ જવાબ મળ્યો નહીં. અહેવાલો સૂચવે છે કે ઘણા ફોલો-અપ ઈમેઈલ્સનો પણ જવાબ મળ્યો ન હતો. ડિસેમ્બર ૨૦૨૫માં, મંત્રાલયે એક નવો વાંધો ઉઠાવ્યો, જેમાં કહેવામાં આવ્યું કે, SECના પોતાના નિયમ ૫(b)ના આધારે, કેસ તે શ્રેણીઓમાં આવતો નથી જ્યાં સમન્સ બજાવવામાં આવી શકે છે. SECએ આને પાયાવિહોણા ગણાવ્યા અને કહ્યું કે આ નિયમ કન્વેન્શન સાથે સંબંધિત નથી, પરંતુ SECની આંતરિક પ્રક્રિયા સાથે સંબંધિત છે.

SECએ કોર્ટને કહ્યું કે, 'મંત્રાલયની સ્થિતિ અને પસાર થઈ ગયેલા સમયને જોતાં, અમને આશા નથી કે હેગ કન્વેન્શન આ હાંસલ કરવા માટે પૂરતું હશે. ભારતીય કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ અમને બીજો કોઈ અભિગમ દેખાતો નથી.'

યુએસ કમિશને ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ન્યૂ યોર્કમાં ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ ફેડરલ કોર્ટમાં અરજી દાખલ કરી. ધ વાયર અનુસાર, તેણે જજ નિકોલસ જી. ગેરૌફિસને ફેડરલ રૂલ્સ ઓફ સિવિલ પ્રોસિજર હેઠળ વૈકલ્પિક અભિગમને મંજૂરી આપવા વિનંતી કરી છે. સાગર અદાણીએ કાયદાકીય પેઢી હેકર ફિંક LLPને નોકરી પર રાખી છે, જેના વકીલે ડિસેમ્બર ૨૦૨૪માં નિર્ણયની પુષ્ટિ કરી છે. ગૌતમ અદાણીએ કિર્કલેન્ડ અને એલિસ LLP અને ક્વિન ઈમેન્યુઅલ ઉર્કહાર્ટ અને સુલિવાન LLPને જાળવી રાખ્યા છે. તેમના વકીલોએ ફેબ્રુઆરી ૨૦૨૫માં SECનો સંપર્ક કર્યો હતો. SEC દલીલ કરે છે કે તે 'લગભગ ચોક્કસ' છે કે તેમને આ વકીલો દ્વારા નોટિસ મળશે કારણ કે તેઓ અદાણી કેસથી વાકેફ છે.

ઈમેલ દ્વારા કાનૂની નોટિસ અંગે, SECએ જણાવ્યું હતું કે તેની તપાસમાં ૧૦૦થી વધુ દસ્તાવેજો મળી આવ્યા છે જે દર્શાવે છે કે બંને અદાણીઓ તેમના કોર્પોરેટ ઈમેલનો ઉપયોગ કરે છે. આ ઈમેલ વ્યવસાય સંબંધિત છે, બોન્ડ ઓફરિંગ સાથે સંબંધિત છે અને માર્ચ ૨૦૨૪ના છે. SEC માને છે કે આ ઈમેલ હજુ પણ સક્રિય છે અને તેનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. અદાણીના જાહેર નિવેદનો, નિયમનકારી ફાઈલિંગ અને વકીલોની ભરતી સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ કેસથી સંપૂર્ણપણે વાકેફ છે. કોર્ટ હવે નક્કી કરશે કે ઈમેલ અને વકીલો દ્વારા કાનૂની નોટિસ માન્ય છે કે નહીં. જો એમ હોય, તો કેસ આગળ વધી શકે છે. આ મામલો ભારત-અમેરિકા સંબંધો અને મુખ્ય વ્યવસાયોને અસર કરી શકે છે. અદાણી ગ્રુપે હજુ સુધી SECની નવી અરજી પર કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ અગાઉ આરોપોને નકારી કાઢ્યા છે.

હાઈકોર્ટમાં માત્ર અંગ્રેજીમાં જ દલીલો કરી શકાશે : મહત્ત્વનો ચુકાદો

# હાઈકોર્ટમાં પત્રકાર તરીકે પોતાની રજૂઆતો ગુજરાતીમાં કરવા અંગેની અરજી ફગાવાઈ

## લીગલ સમિતિએ અસમર્થ જાહેર કરતાં હાઈકોર્ટમાં તેને પડકારાયો હતો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા પક્ષકાર તરીકે જાતે દલીલ કરવા માંગતા (પાર્ટી-ઈન-પર્સન) એક વ્યક્તિની અરજી ફગાવી દીધી છે. અરજદારે હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટી (HCLS) દ્વારા આપવામાં આવેલા 'અસમર્થતા' (Incompetent)ના પ્રમાણપત્રને પડકાર્યું હતું. કમિટીએ અરજદારને અંગ્રેજી ભાષામાં નબળા હોવાને કારણે કોર્ટ સમક્ષ દલીલો કરવા માટે અસમર્થ જાહેર કર્યા હતા. અરજદારે હાઈકોર્ટમાં પોતાની રજૂઆત જાતે કરવા માટે પરવાનગી માંગી હતી. જોકે, હાઈકોર્ટની નિયુક્ત કમિટીએ તેમનું નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યું હતું કે અરજદાર માત્ર ૧૦મું પાસ છે અને તેઓ અંગ્રેજી ભાષા સમજવામાં કે તેમાં પોતાના વિચારો વ્યક્ત કરવામાં સક્ષમ નથી. કમિટીના મતે, અરજદાર પાસે કેસની હકીકતોને અંગ્રેજીમાં સમજાવવાની સ્પષ્ટતા ન હોવાથી તેઓ કોર્ટને સહાય કરવા માટે સક્ષમ નથી. અરજદારે આ પ્રમાણપત્રને પડકારતા દલીલ કરી હતી કે હાઈકોર્ટમાં માત્ર અંગ્રેજી ભાષાનો જ આગ્રહ રાખવો તે તેમના અધિકારોનું ઉલ્લંઘન છે અને તેમને માતૃભાષા ગુજરાતીમાં દલીલો કરવાની છૂટ મળવી જોઈએ. જસ્ટિસ અનિરૂદ્ધ પી. માયીની અદાલતે આ મામલે સુનાવણી કરતા જણાવ્યું હતું કે કમિટીના પ્રમાણપત્રમાં કોઈ ખામી જણાતી નથી. કોર્ટે વર્ષ ૨૦૧૫ના 'મનીષ કનૈયાલાલ ગુપ્તા' વિરૂદ્ધ ગુજરાત રાજ્યના કેસનો સંદર્ભ આપ્યો હતો, જેમાં સ્પષ્ટપણે ઠેરવવામાં આવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટની સત્તાવાર ભાષા અંગ્રેજી છે, તેથી કેસની રજૂઆત માત્ર અંગ્રેજીમાં જ થવી જોઈએ. કોઈપણ પક્ષકાર ત્યારે જ જાતે દલીલ કરી શકે જ્યારે કમિટી તેને અંગ્રેજીમાં સમજવા અને રજૂઆત કરવા માટે સક્ષમ હોવાનું પ્રમાણપત્ર આપે. અંગ્રેજી સિવાય અન્ય કોઈપણ ભાષામાં હાઈકોર્ટને સંબોધિત કરવાની પરવાનગી આપી શકાય નહીં. હાઈકોર્ટના પક્ષે દલીલ કરવામાં આવી હતી કે અરજદાર ગુજરાતીમાં દલીલ કરવા માટે આગ્રહ ન કરી શકે, કારણ કે કોર્ટની કાર્યવાહી સમજવા માટે પણ તેમને દુભાષિયા (Interpreter)ની જરૂર પડે તેમ છે. હાઈકોર્ટે નોંધ્યું કે અરજદારને કાયદાકીય સહાય પૂરી પાડવા માટે હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટી દ્વારા પહેલેથી જ વકીલની નિમણૂક કરવામાં આવી છે, જેઓ તેમના વતી દલીલો કરી શકે છે. અંતે, અદાલતે આ અરજીમાં કોઈ મેરિટ ન હોવાનું જણાવીને તેને ફગાવી દીધી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે બંધારણીય જોગવાઈઓ મુજબ હાઈકોર્ટની કાર્યવાહી અંગ્રેજીમાં જ ચાલશે.

રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈ તૈયારીઓનો ધમધમાટ

# થરાદમાં ધ્વજવંદન સાથે પ્રભાત ફેરી તથા વિકાસ કાર્યોનું લોકાર્પણ પણ કરાશે

## રાજ્યપાલ-મુખ્યમંત્રી જનમેદનીને સંબોધશે; સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૨

તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નવીન વાવ-થરાદ જિલ્લામાં યોજાનાર છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ મહત્વપૂર્ણ ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક આયોજન અને વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. આ અંગે આયોજન અને કાર્યક્રમોની સંપૂર્ણ માહિતી આપવા માટે આજે જિલ્લા કલેક્ટર જે.એસ. પ્રજાપતિએ થરાદ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી જેમાં તેમણે જણાવ્યું હતું કે, "આપણો જિલ્લો ભાગ્યશાળી છે કે તેને રાજ્યકક્ષાની પ્રજાસત્તાક પર્વ ઉજવણીનું આયોજન મળ્યું છે. નવીન જિલ્લા માટે આ એક ઉત્તમ તક છે અને આ ઉજવણી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે." તા.૨૬ જાન્યુઆરીના રોજ સવારે ૯.૦૦ વાગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. બંને મહાનુભાવો જન મેદનીને પણ સંબોધશે ત્યારબાદ પોલીસ વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા વિવિધ પરેડ અને કાર્યક્રમો યોજાશે. આ અગાઉ એટલે કે, તા.૨૫ જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૦૦ વાગે મુખ્યમંત્રીનું આગમન થશે. આ દિવસે સેવા સદનનું ભૂમિપૂજન સહિતના કાર્યક્રમો યોજાશે. ઉપરાંત તા.૨૫મી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં થરાદના મલુપુર ખાતે "એટ હોમ" કાર્યક્રમ સાથે સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક ગામમાં શાળા અને ગ્રામ પંચાયત કક્ષાએ ઉજવણી થાય તે માટે વહીવટીતંત્ર તથા પદાધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. ઉજવણી દરમિયાન સ્વચ્છતા અને રોશની માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. આં અંતર્ગત આજે તા.૨૨મીએ ચેતક કમાન્ડોની મોક્ડ્રીલ યોજાઈ હતી. જ્યારે તા.૨૩ અને ૨૪મીના રોજ સવારે ૫.૦૦ વાગે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં દેશભક્તિનો માહોલ સર્જાય અને વધુમાં વધુ નાગરિકો આ રાષ્ટ્રીય પર્વમાં સહભાગી બને તેવી જિલ્લા કલેક્ટરે અપીલ કરી હતી.

# રાજ્યની સ્કૂલોમાં ૮ માર્ચ સુધી સ્વચ્છતા-મરામતની કામગીરી કરવા આદેશ

## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર કરી કાર્યવાહી કરવા માટે તાકીદ કરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

રાજ્યની તમામ સ્કૂલોમાં સ્વચ્છતાને લઈ ૮ માર્ચ સુધીમાં તમામ કામગીરી પુર્ણ કરવા માટે આદેશ કરાયો છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો છે. જે અનુસાર, સ્કૂલોની સ્વચ્છતા અંગેની જાળવણી અને મરામતની કામગીરી પુર્ણ કરવા તાકીદ કરાઈ છે. રાજ્યની પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તમામ DEO, DPEO અને શાસનાધિકારીને ઉદ્દેશીને પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, શિક્ષણ વિભાગની સુચના મુજબ તાજેતરમાં મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મળેલી સૂચના અનુસાર ૮ માર્ચ, ૨૦૨૬ સુધીમાં શાળાઓના સ્વચ્છતા સંકુલોની જાળવણી અને સ્વચ્છતા અંગેની કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. જેથી જિલ્લાના DEO, DPEO તથા શાસનાધિકારીના તાબા હેઠળ આવતી તમામ તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સ્વચ્છતા સંકુલોની મરામત અને સ્વચ્છતા જાળવણી જેવી આનુષાંગિક તમામ કામગીરી ૮ માર્ચ સુધીમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવાયું છે. પરિપત્રમાં એમ પણ જણાવાયું છે કે, આ કામગીરી માટે જરૂરી મુદ્દાઓના આધારે કાર્યવાહી કરવાની રહેશે. જેમાં તમામ સ્વચ્છતા સંકુલોની નિયમિત સફાઈ સુનિશ્ચિત કરવાની રહેશે. આ ઉપરાંત, તમામ સ્વચ્છતા સંકુલોમાં પાણીની સુવિધા સુનિશ્ચિત કરવી, તમામ સ્વચ્છતા સંકુલોના દરવાજા બંધ કરી શકાય તેવા હોય તે સુનિશ્ચિત કરવું, તમામ સ્વચ્છતા સંકુલો આસપાસ ઝાડી-ઝાંખરા કે ગંદકી ન હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સ્વચ્છતા સંકુલોમાં મરામતની જરૂરિયાત હોય તો તે પૂર્ણ કરવા માટે પણ જિલ્લાઓમાં સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં આવેલી શાળાઓ પૈકી જો શાળાને સ્કૂલ કંપોઝિટ ગ્રાન્ટ મળતી હોય તો તેનો નિયમોનુસાર ઉપયોગ કરવો અન્યથા શાળાએ પોતાના ભંડોળનો ઉપયોગ કરી કામગીરી પૂર્ણ કરવાની રહેશે તેવી સૂચના અપાઈ છે. તમામ સ્વચ્છતાસંકુલોમાંપાણીના નળ, ઈલેક્ટ્રીક વાયરો કે બારી-બારણાં જોખમ રહિત હોય તે સુનિશ્ચિત કરવા અને સ્વચ્છતા સંકુલોની મરામત અને સ્વચ્છતા જાળવણી અને તે સંબંધે આનુષાંગિક અન્ય તમામ કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

# હવે, શહેરોમાં CBSE બોર્ડની સ્કૂલો શરૂ કરવા ઓછી જમીનની જરૂર પડશે

## બોર્ડ દ્વારા સ્કૂલની મંજૂરી માટે જરૂરી જમીનના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો

## સ્કૂલોની મંજૂરી માટે જરૂરી જમીન માટે જુદા-જુદા ત્રણ ક્રાઈટેરિયા નક્કી કરાયા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા શાળાની મંજુરી માટે જરૂરી જમીનના નિયમોમાં ધરખમ ફેરફાર કર્યો છે. અત્યાર સુધી ઓછામાં ઓછી ૬ હજાર ચો.મી. જગ્યા હોય તેમને જ સ્કૂલ માટે મંજુરી આપવામાં આવતી હતી. પરંતુ હવે તેમાં ફેરફાર કરી જુદીજુદી ૩ કેટેગરી પ્રમાણે જમીનનો ક્રાઈટેરિયા નક્કી કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા તાજેતરમાં એફિલિએશન બાયલોઝમાં સુધારો કર્યો છે. જેમાં CBSE બોર્ડ સંલગ્ન સ્કૂલ શરૂ કરવા માટે જરૂરી જમીનના નિયમોમાં ફેરફાર કરાયો છે. આ ફેરફારના પગલે હવે ઓછી જગ્યામાં પણ સ્કૂલો શરૂ કરી શકાશે. હાલના નિયમ પ્રમાણે દેશમાં કોઈ પણ જગ્યાએ સ્કૂલ શરૂ કરવા માટે ૮ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી હતો, પરંતુ જો સ્કૂલ આ ક્રાઈટેરિયા પરિપુર્ણ ન કરે તો ઓછામાં ઓછા ૬ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હોય તો પણ તેને મંજુરી આપવામાં આવતી હતી. આ ઉપરાંત ૧૦ લાખ કરતા વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સ્કૂલો શરૂ કરવા માટે ૪ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હતો. જ્યારે નાના શહેરોમાં સ્કૂલો શરૂ કરવા માટે સેકન્ડરી લેવલ માટે ૨ હજાર ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલ માટે ૩થી ૪ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હતો. જોકે, હવે બોર્ડ દ્વારા બાયલોઝમાં સુધારો કર્યા બાદ સ્કૂલની મંજુરી માટે ૩ ક્રાઈટેરિયા નક્કી કર્યા છે. જેમાં કેટેગરી-છમાં દેશમાં કોઈ પણ જગ્યાએ શરૂઆતથી લઈને સિનિયર સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ શરૂ કરવા માટે ૬ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરાયો છે. જ્યારે કેટેગરી-મ્માં રાજ્યની રાજધાની અથવા ખાસ શહેરોમાં સ્કૂલોની મંજુરી માટે સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૨૪૦૦ ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલની સ્કૂલ માટે ૩૨૦૦ ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરાયો છે. જ્યારે કેટેગરી-ઝમાં નાના શહેરો અને પ્રાદેશિક ક્ષેત્રોમાં સ્કૂલો શરૂ કરવાની હોય ત્યાં સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૧૬૦૦ ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૨૪૦૦ ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરવામાં આવ્યો છે. CBSE બોર્ડ દ્વારા બાયલોઝમાં સુધારો કર્યા બાદ રમતગમતના મેદાન માટે તમામ સ્કૂલોએ ૨ હજાર ચો.મી. જગ્યા રાખવાની રહેશે. જોકે, સ્કૂલ કેમ્પસમાં રમત ગમતના મેદાન માટેની સુવિધા ન હોય તો સ્કૂલની નજીકમાં આવેલા પ્લેગ્રાઉન્ડ સાથે ૧૫ વર્ષનો કરાર કરી તેનો ઉપયોગ કરવાનો રહેશે.

પાટણમાં વિશાળ રેલી યોજાઈ : કલેક્ટરને રજૂઆત બાદ ધારાસભ્યે કર્યા આક્ષેપો

# મુસ્લિમ, દલિત અને કોંગ્રેસ સમર્થિત મતદારોના મતો રદ કરવા ભાજપના હોદ્દેદારોએ પાટણ APMCની બેઠકમાં સૂચના આપી

## ૫૦ હજારથી વધુ મતદારોના નામ કમી કરવા ફોર્મ-નં.૭ ભરવાનું ષડયંત્ર



(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૨૨
પાટણ જિલ્લામાં વિધાનસભા વિસ્તારોમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ૫૦ હજારથી વધુ મતદારોને મતાધિકારથી વંચિત રાખી તેઓના નામ મતદારયાદીમાંથીકમી કરવા ફોર્મ નં.૭ ભરી સંખ્યાબંધ વાંધા અરજીઓ એકાએક રજુ કરવામાં આવતા અને તેમાંય ખાસ કરીને મુસ્લિમ મતદારોને નિશાન બનાવવામાં આવતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને મતદારોના મતાધિકાર છીનવવાના પ્રયાસના ભાગરૂપે આવા વાંધા દાવાઓ રજૂ કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માગ સાથે પાટણના ધારાસભ્ય ડો.કિરીટ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમર દેસાઈ સહિત કોંગ્રેસના આગેવાનો કાર્યકરો તેમજ અરજદારોએ આજે પાટણ ખાતે વિશાળ રેલી યોજી જિલ્લા કલેકટર કચેરી ખાતે ધરણા કરી સરકાર સામે વિરોધ નોંધાવી જિલ્લા કલેકટરને આવેદન આપી રોષ વ્યકત કરી ખોટી રીતે વાંધા રજુ કરનારાઓ સામે કાનૂની પગલાં નહી ભરાય તો હાઈકોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારી હતી. પાટણ જિલ્લામાં પાટણ જિલ્લામાં ૫૦ હજારથી વધુ મતદારો સામે વાંધા રજૂ થતા ચોંકી ઉઠેલા સમાજના રાજકીય અને સામાજિક આગેવાનોમાં ભારે રોષ ફેલાયો છે. જેને વાંચા આપવા આજે પાટણ ખાતે વિશાળ રેલી યોજી જિલ્લા કલેકટરને રજૂઆત કરી પાટણના ધારાસભ્ય ડો. કિરીટ પટેલે જણાવ્યું હતું કે રાજયમાં મતદારોને જે મતાધિકાર મળ્યા છે તેને કોઈને કોઈ રીતે દુષિત કરવાનો પ્રયાસ ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યો છે. એક મહિના અગાઉ પાટણ એપીમસીમાં બેઠક મળી હતી જેમાં ભાજપના હોદ્દેદારો દ્વારા એવી સૂચના અપાઈ હતી કે જે બુથમાં મુસ્લિમ, દલિત તેમજ કોંગ્રેસ સમર્થિત મતદારો હોય તેવા મતદારોના વોર્ડ દીઠ ૧૦૦થી વધુમતો રદ કરવા જણાવ્યું હતું જે અંગે વહીવટતંત્રને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી તેમ છતાં તંત્ર દ્વારા કોઈ જ કામગીરી નહી કરાતા પાટણ વિધાનસભા મત વિસ્તારમાંથી ૬ હજારથી વધુ અને સિદ્ધપુર વિધાનસભા બેઠક પરથી ૨૫ હજાર મળી જિલ્લામાં કુલ ૫૦ હજાર જેટલા ખોટા વાંધાઓ રજુ કરાયા છે. ત્યારે આવા વાંધા રજુ કરનારાઓ સામે તંત્રએ એફઆઈઆર નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. જો વહીવટીતંત્ર દ્વારા આવા લોકો સામે ફરિયાદ કરવામાં નહીં આવે તો હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવશે.

તાલુકા-જિલ્લા સહિત કુલ ૪૦૫૭ રજૂઆતો અંગે કાર્યવાહી

# રાજ્ય સ્વાગત ફરિયાદ કાર્યક્રમમાં ૧૧૦ રજૂઆતો નિવારણ માટે આવી

## મુખ્યમંત્રીએ સમસ્યાના નિવારણ માટે વહીવટી તંત્રને આપી સૂચના

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૨
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાન્યુઆરી-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં આવેલી રજૂઆતો રૂબરૂ સાંભળીને જાહેર રસ્તા પરના ગેર કાયદેસર બાંધકામ અને દબાણ, ડ્રેનેજ અને કાંસમાં થયેલ ગેર કાયદેસર દબાણ તેમજ એક ગામથી બીજા ગામને જોડતા રસ્તા પર કરવામાં આવેલા દબાણ જેવી રાજ્ય સ્વાગતમાં આવેલી રજૂઆતો અંગે નાગરિકલક્ષી નિર્ણય લઈને સમસ્યાના ત્વરિત ઉકેલ માટે જિલ્લા તંત્ર વાહકોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણના ઉપક્રમમાં જાન્યુઆરી-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં રાજ્યભરમાંથી ૧૧૦થી વધુ રજૂઆતકર્તાઓ પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહીં, જિલ્લા સ્વાગતની ૧૪૯૨ અને તાલુકા સ્વાગતની ૨૫૬૫ રજૂઆતો-પ્રશ્નો સંદર્ભમાં પણ જિલ્લા તાલુકા કક્ષાએ ઉકેલની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ રાજ્ય સ્વાગતમાં ડભોઈ અને બોટાદ જિલ્લાના ધરતી પુત્રોએ કરેલી રજૂઆતનો તેમજ સુરત જિલ્લામાં ગુજરાત હાઉસીંગ બોર્ડના જર્જરિત મકાનોના સ્થાને નવા મકાનોના બાંધકામ અંગેના લાંબાગાળાથી પડતર પ્રશ્નની રજૂઆતનો તેમણે ત્વરિત અને સંવેદના સ્પર્શી પ્રતિસાદ આપ્યો હતો. ડભોઈ પાલિકાના ગટરના પાણીને કારણે ૩૩ ખેડૂતોની ૧૫૦ વીઘા જેટલી ખેતીલાયક જમીનના ખેતી પાકોને નુકસાન ન થાય તેમજ જમીન બગડે નહીં તે માટે તાત્કાલિક ધોરણે સાઈફન બનાવવા અને પાલિકાનો એસ.ટી.પી. વ્યવસ્થિત કામ કરે તથા ખેડૂતોના લાંબાગાળાની આ સમસ્યાનો ઉકેલ આવે તે માટે મુખ્યમંત્રીએ સ્થાનિક તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. જ્યારે બોટાદ જિલ્લાના ખેડૂતોએ ગામના તળાવના પાળાની ઊંચાઈ વધારવાના પરિણામે ૪૨ ખેડૂતોની આશરે ૫૦૦ વીઘા જેટલી જમીન ડુબમાં જાય છે અને ખેતરમાં અવર-જવર માટેનો રસ્તો બંધ છે તેવી રજૂઆતો કરી હતી. મુખ્યમંત્રીએ આ અંગે નિવારણ લાવવા માટે સંબંધિત વિભાગ અને સ્થાનિક તંત્રને સૂચના આપી હતી. આ સાથે સુરતના હાઉસિંગ બોર્ડના જર્જરિત ઉતારી લેવાયેલા મકાનો સામે ઝડપથી નવા આવાસોના બાંધકામની કાર્યવાહી કરવાના નિર્દેશો પણ તેમણે આપ્યા હતા.

હાઈકોર્ટમાં માત્ર અંગ્રેજીમાં જ દલીલો કરી શકાશે : મહત્ત્વનો ચુકાદો

# હાઈકોર્ટમાં પત્રકાર તરીકે પોતાની રજૂઆતો ગુજરાતીમાં કરવા અંગેની અરજી ફગાવાઈ

## લીગલ સમિતિએ અસમર્થ જાહેર કરતાં હાઈકોર્ટમાં તેને પડકારાયો હતો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨
ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા પક્ષકાર તરીકે જાતે દલીલ કરવા માંગતા (પાર્ટી-ઈન-પર્સન) એક વ્યક્તિની અરજી ફગાવી દીધી છે. અરજદારે હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટી (HCLS) દ્વારા આપવામાં આવેલા 'અસમર્થતા' (Incompetent)ના પ્રમાણપત્રને પડકાર્યું હતું. કમિટીએ અરજદારને અંગ્રેજી ભાષામાં નબળા હોવાને કારણે કોર્ટ સમક્ષ દલીલો કરવા માટે અસમર્થ જાહેર કર્યા હતા. અરજદારે હાઈકોર્ટમાં પોતાની રજૂઆત જાતે કરવા માટે પરવાનગી માંગી હતી. જોકે, હાઈકોર્ટની નિયુક્ત કમિટીએ તેમનું નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યું હતું કે અરજદાર માત્ર ૧૦મું પાસ છે અને તેઓ અંગ્રેજી ભાષા સમજવામાં કે તેમાં પોતાના વિચારો વ્યક્ત કરવામાં સક્ષમ નથી. કમિટીના મતે, અરજદાર પાસે કેસની હકીકતોને અંગ્રેજીમાં સમજાવવાની સ્પષ્ટતા ન હોવાથી તેઓ કોર્ટને સહાય કરવા માટે સક્ષમ નથી. અરજદારે આ પ્રમાણપત્રને પડકારતા દલીલ કરી હતી કે હાઈકોર્ટમાં માત્ર અંગ્રેજી ભાષાનો જ આગ્રહ રાખવો તે તેમના અધિકારોનું ઉલ્લંઘન છે અને તેમને માતૃભાષા ગુજરાતીમાં દલીલો કરવાની છૂટ મળવી જોઈએ. જસ્ટિસ અનિરૂદ્ધ પી. માયીની અદાલતે આ મામલે સુનાવણી કરતા જણાવ્યું હતું કે કમિટીના પ્રમાણપત્રમાં કોઈ ખામી જણાતી નથી. કોર્ટે વર્ષ ૨૦૧૫ના 'મનીષ કનૈયાલાલ ગુપ્તા' વિરૂદ્ધ ગુજરાત રાજ્યના કેસનો સંદર્ભ આપ્યો હતો, જેમાં સ્પષ્ટપણે ઠેરવવામાં આવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટની સત્તાવાર ભાષા અંગ્રેજી છે, તેથી કેસની રજૂઆત માત્ર અંગ્રેજીમાં જ થવી જોઈએ. કોઈપણ પક્ષકાર ત્યારે જ જાતે દલીલ કરી શકે જ્યારે કમિટી તેને અંગ્રેજીમાં સમજવા અને રજૂઆત કરવા માટે સક્ષમ હોવાનું પ્રમાણપત્ર આપે. અંગ્રેજી સિવાય અન્ય કોઈપણ ભાષામાં હાઈકોર્ટને સંબોધિત કરવાની પરવાનગી આપી શકાય નહીં. હાઈકોર્ટના પક્ષે દલીલ કરવામાં આવી હતી કે અરજદાર ગુજરાતીમાં દલીલ કરવા માટે આગ્રહ ન કરી શકે, કારણ કે કોર્ટની કાર્યવાહી સમજવા માટે પણ તેમને દુભાષિયા (Interpreter)ની જરૂર પડે તેમ છે. હાઈકોર્ટે નોંધ્યું કે અરજદારને કાયદાકીય સહાય પૂરી પાડવા માટે હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટી દ્વારા પહેલેથી જ વકીલની નિમણૂક કરવામાં આવી છે, જેઓ તેમના વતી દલીલો કરી શકે છે. અંતે, અદાલતે આ અરજીમાં કોઈ મેરિટ ન હોવાનું જણાવીને તેને ફગાવી દીધી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે બંધારણીય જોગવાઈઓ મુજબ હાઈકોર્ટની કાર્યવાહી અંગ્રેજીમાં જ ચાલશે.

રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈ તૈયારીઓનો ધમધમાટ

# થરાદમાં ધ્વજવંદન સાથે પ્રભાત ફેરી તથા વિકાસ કાર્યોનું લોકાર્પણ પણ કરાશે

## રાજ્યપાલ-મુખ્યમંત્રી જનમેદનીને સંબોધશે; સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૨
તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નવીન વાવ-થરાદ જિલ્લામાં યોજાનાર છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ મહત્વપૂર્ણ ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક આયોજન અને વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. આ અંગે આયોજન અને કાર્યક્રમોની સંપૂર્ણ માહિતી આપવા માટે આજે જિલ્લા કલેક્ટર જે.એસ. પ્રજાપતિએ થરાદ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી જેમાં તેમણે જણાવ્યું હતું કે, "આપણો જિલ્લો ભાગ્યશાળી છે કે તેને રાજ્યકક્ષાની પ્રજાસત્તાક પર્વ ઉજવણીનું આયોજન મળ્યું છે. નવીન જિલ્લા માટે આ એક ઉત્તમ તક છે અને આ ઉજવણી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે." તા.૨૬ જાન્યુઆરીના રોજ સવારે ૯.૦૦ વાગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. બંને મહાનુભાવો જન મેદનીને પણ સંબોધશે ત્યારબાદ પોલીસ વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા વિવિધ પરેડ અને કાર્યક્રમો યોજાશે. આ અગાઉ એટલે કે, તા.૨૫ જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૦૦ વાગે મુખ્યમંત્રીનું આગમન થશે. આ દિવસે સેવા સદનનું ભૂમિપૂજન સહિતના કાર્યક્રમો યોજાશે. ઉપરાંત તા.૨૫મી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં થરાદના મલુપુર ખાતે "એટ હોમ" કાર્યક્રમ સાથે સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક ગામમાં શાળા અને ગ્રામ પંચાયત કક્ષાએ ઉજવણી થાય તે માટે વહીવટીતંત્ર તથા પદાધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. ઉજવણી દરમિયાન સ્વચ્છતા અને રોશની માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. આં અંતર્ગત આજે તા.૨૨મીએ ચેતક કમાન્ડોની મોકડ્રીલ યોજાઈ હતી. જ્યારે તા.૨૩ અને ૨૪મીના રોજ સવારે ૫.૦૦ વાગે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં દેશભક્તિનો માહોલ સર્જાય અને વધુમાં વધુ નાગરિકો આ રાષ્ટ્રીય પર્વમાં સહભાગી બને તેવી જિલ્લા કલેક્ટરે અપીલ કરી હતી.

# SIRની કામગીરીમાં ગેરરીતિના આક્ષેપ સાથે કલેક્ટર કચેરી બહાર ભરૂચ કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

## કોંગ્રેસના આગેવાનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૨
ભરૂચ જિલ્લા મતદાર યાદી સુધારણા બાદ હવે ભાજપના લોકો ચોક્કસ સમાજના લોકો અને કોંગ્રેસના આગેવાનોના નામો મતદારયાદીમાંથી કમી કરવા માટે ફોર્મ નંબર ૭ ભરતા હોવાના આક્ષેપ સાથે આજે કોંગ્રેસ દ્વારા સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું હતું. આ દરમિયાન કચેરીમાં કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જિલ્લા કોંગ્રેસના આગેવાનોને પોલીસ ટીંગા ટોડી કરીને કચેરી બહાર લઈ ગઈ હતી તો મહિલા કોંગ્રેસના આગેવાનોને પણ ટીંગા ટોળી કરીને કચેરી બહાર લઈ જતા ઘર્ષણ થયું હતું. સદર કાર્યક્રમમાં જિલ્લા



કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા, શહેર પ્રમુખ સલીમ અમદાવાદી, પ્રવકતા નાઝુ ફડવાલા, વિપક્ષના નેતા સમસાદ સૈયદ, સુલેમાન પટેલ, શૈલેષભાઈ પરમાર, જુબેર પટેલ, અરવિંદ દોરાવાલા, હબીબ પટેલ, ઈકબાલગોરી, હેમેન્દ્ર કોઠીવાલા, મકબુલ અભલી, મોહસીન પટેલ, મનહર પટેલ, કેતન મકવાણા, જ્યોતિબેન તડવી, હુસેના બાનું, હાફેઝી રાબીયાબેન, સાહીન શેખ, ફરહાના શેખ, ઈબ્રાહીમભાઈ, કલકલ દેવેન્દ્ર રાણા, સુરેશ પરમાર, દિનેશ ખુમાણ, અમીન પારખેતી સહિતના અસંખ્ય કોંગ્રેસી કાર્યકર્તા અને આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. ભરૂચ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રાજેન્દ્રસિંહ રણાએ હાજર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીને લેખિતમાં આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી કે અમે આ મામલે જે તે અરજી કરનાર સહિત સરકારી અધિકારી સામે પગલા ભરીશું કાનૂની કાર્યવાહી કરીશું અને જો સરકારી અધિકારીઓ આ અરજી કરનાર લોકો સામે પગલાં નહીં ભરે તો કોંગ્રેસે પણ બંગડીઓ નથી પહેરી અમે જે તે સરકારી અધિકારીઓને પણ ઘર ભેગા કરવા માટે આ વખતે કડકથી કડક કાનૂની કાર્યવાહી કરી કોર્ટમાં ફરિયાદ દાખલ કરીશું તેવી ચીમકી પણ તેમને ઉચ્ચારી દીધી હતી.

# આગામી ૪-૫ વર્ષમાં વ્હાઈટ કોલર જોબ પર જોખમ છે : બિલ ગેટ્સની ચેતવણી

## તેમણે કહ્યું કે, 'શું તમે લોકોને ફરીથી તાલીમ આપો છો ? શું તમે તમારી ટેક્સ સિસ્ટમમાં ફેરફાર કરો છો ? અત્યાર સુધી, આ અસર ખૂબ જ સામાન્ય રહી છે, પરંતુ તે લાંબુ ટકશે નહીં'

(એજન્સી) તા.૨૨
બિલ ગેટ્સે ચેતવણી આપી હતી કે જો યોગ્ય વ્યવસ્થાપન કરવામાં ન આવે તો કર્મચારીઓમાં વિક્ષેપ ગંભીર બની શકે છે. વ્હાઈટ-કોલર કામદારો માટે કંઈક નવીન વાત સામે આવી રહી છે અને બિલ ગેટ્સ કહે છે કે, સરકારો આ માટે તૈયાર નથી. દાવોસ ખાતે એનડીટીવીના વિષ્ણુ સોમ સાથે વાત કરતા માઈક્રોસોફ્ટના સ્થાપકે ચેતવણી આપી હતી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જોબ માર્કેટને અપેક્ષા કરતા વધુ ઝડપથી આકાર આપશે અને લોકોને તૈયાર કરવાની વિન્ડો ઝડપથી બંધ થઈ રહી છે. ગેટ્સે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "હું આગામી ચારથી પાંચ વર્ષમાં વ્હાઈટ કોલર અને બ્લુ કોલર જોબમાં પણ જોખમ જોઈ રહ્યો છું અને સરકારોએ આગળ વધવું પડશે અને ઈક્વિટી મુદ્દાઓ સાથે વ્યવહાર કરવો પડશે. AIની સારી સંભાવનાઓને સ્વીકારતા (જેમાં રોગની પ્રગતિથી લઈને શિક્ષણ) ગેટ્સે ચેતવણી આપી હતી કે જો વ્યવસ્થાપિન રાખવામાં ન આવે તો કર્મચારીઓની ભરતી, નોકરીની પદ્ધતિ અને આર્થિક ઔચિત્યનો વિક્ષેપ ગંભીર બની શકે છે. તેમણે કહ્યું કે, "શું તમે લોકોને ફરીથી તાલીમ આપો છો ? શું તમે તમારી ટેક્સ સિસ્ટમમાં ફેરફાર કરો છો ? અત્યાર સુધી આ અસર ખૂબ જ સામાન્ય રહી છે, પરંતુ તે લાંબુ ટકશે નહીં." આ ટિપ્પણી ગેટ્સના તાજેતરના વાર્ષિક પત્ર ધ યર અહેડની રૂપરેખા દર્શાવી છે. તેઓ કહે છે કે, AIએ ભૂતકાળની ટેક ક્રાંતિ કરતાં માત્ર ઝડપી જ નથી, પણ તે વધુ ઊંડું છે, સમાજના વધુ ખૂણે પહોંચે છે અને અભૂતપૂર્વ ઝડપે પરિવર્તનને વેગ આપે છે. ગેટ્સએ તરફ નિર્દેશ કરે છે કે, કેવી રીતે AI ટૂલ્સ સૉફ્ટવેર ડેવલપમેન્ટમાં ઉત્પાદકતામાં વધારો કરી રહ્યાં છે અને લોજિસ્ટિક્સ અને કૉલ સેન્ટર્સમાં નિમ્ન-કૌશલ્યની ભૂમિકાઓને બદલે છે. જો તેને સંબોધવામાં ન આવે તો, આ અસમાનતાને પ્રેરિત કરી શકે છે, અને માત્ર અમુક લોકોના હાથમાં જ સંપત્તિ અને તકોને કેન્દ્રીત કરી શકે છે. તેમણે કહ્યું કે, આ પડકારો માટે તાકીદ સાથે સંકલિત નીતિ અને આંતરરાષ્ટ્રીય સહયોગની જરૂર છે. ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે ગેટ્સે કહ્યું કે, "મને લાગે છે કે યુ.એસ. અને ભારતના મજબૂત સંબંધોનો તર્ક સફળ થશે. ગેટ્સે ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઝડપી AI અપનાવવાને મુખ્ય ફાયદાઓ પણ દર્શાવ્યા હતા.

# 'હેન્ડશેક ભૂલી ગયા આપ..' : પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગા, PCBએ વાયરલ ઓસ્ટ્રેલિયા સિરીઝ પ્રોમોમાં ભારત પર કર્યો કટાક્ષ

નવી દિલ્હી, તા.૨૨
ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટના મેદાન પર તણાવ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ આ તણાવને મેદાનની બહાર પણ વધાર્યો છે. ઓસ્ટ્રેલિયા સામેની આગામી સિરીઝ માટેના એક પ્રોમો વીડિયોમાં PCBએ ભારતીય ક્રિકેટ ટીમ અને BCCI પર 'હેન્ડશેક' ન કરવાના મુદ્દે કટાક્ષ કર્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝ માટે બનાવવામાં આવેલા આ પ્રોમોમાં પાકિસ્તાનની મહેમાનગતિની પ્રશંસા કરવામાં આવી છે. વીડિયોમાં એક ઓસ્ટ્રેલિયન પ્રવાસી ટેક્સી ડ્રાઈવર સાથે હાથ મિલાવવાનું ચૂકી જાય છે, ત્યારે એક અભિનેતા કટાક્ષભર્યા અંદાજમાં કહે છે, 'લાગે છે કે તમે પાડોશીને ત્યાં પણ રોકાયા હતા'. આ વીડિયોમાં પાકિસ્તાનના T20 કેપ્ટન સલમાન અલી આગા પણ જોવા મળે છે. આ ઉપરાંત, વીડિયોમાં 'હેન્ડશેક' પર કેન્દ્રિત એક વ્યંગાત્મક ગીતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે સ્પષ્ટપણે ભારતને ટ્રોલ કરવાના પ્રયાસરૂપે જોવામાં



આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૫ની શરૂઆતમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતીય ક્રિકેટ ટીમોએ પાકિસ્તાન સાથેના સંબંધોમાં કડક વલણ અપનાવ્યું છે. એશિયા કપ ૨૦૨૫ દરમિયાન ત્રણેય મેચોમાં સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા ન હતા. આ જ પરંપરા યુવા અને મહિલા ટીમો દ્વારા પણ ભારત-પાકિસ્તાન મેચોમાં અનુસરવામાં આવી હતી. હવે જ્યારે ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬ નજીક છે, ત્યારે PCB દ્વારા આ મુદ્દાને ફરીથી ઉઠાવવામાં આવ્યો છે. આ પ્રોમો દ્વારા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બંને દેશો વચ્ચેની મેચ પહેલા માહોલ ગરમ કરવાનો પ્રયાસ કર્યો છે.

# મોદી સરકાર ૧૪ મહિનાથી સમન્સ અટકાવી રહી છે-યુએસ કમિશને કોર્ટમાં અદાણીને સીધા સમન્સ બજાવવા વિનંતી કરી

(એજન્સી) તા.૨૨
મોદી સરકાર પર દેશમાં અદાણીને રક્ષણ આપવાનો આરોપ મૂકવામાં આવતો રહે છે, પરંતુ હવે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ કમિશને પણ કોર્ટમાં ખુલ્લેઆમ આ વાત કહી છે. એક અહેવાલ મુજબ, તેણે કહ્યું છે કે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણીને કાનૂની નોટિસ મોકલવા છતાં, મોદી સરકાર ૧૪ મહિનાથી આ નોટિસ મોકલી નથી. કમિશને હવે યુએસ ફેડરલ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં જણાવ્યું છે કે ભારત સરકારનો માર્ગ, હેગ કન્વેન્શન, આ મુદ્દે કામ કરી રહ્યું



## ૧૪ મહિનાથી સમન્સ બજાવવામાં આવ્યા ન હોવાથી યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને કોર્ટનો સંપર્ક કર્યો છે. શું મોદી સરકારને બાયપાસ કરીને અદાણીને સમન્સ બજાવવાની મંજૂરી આપવામાં આવશે ?

નથી. તેથી તેણે કોર્ટ પાસેથી અદાણીને તેમના યુએસ વકીલો દ્વારા અને ઈમેઈલ દ્વારા સીધા બોલાવવાની પરવાનગી માંગી છે.

આ કેસ નવેમ્બર ૨૦૨૪માં શરૂ થયો હતો, જ્યારે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ કમિશન (SEC)એ ગૌતમ અદાણી અને સાગર અદાણી પર સોલાર પાવર પ્રોજેક્ટ મેળવવા માટે અદાણી ગ્રીન એનર્જી કંપની દ્વારા ભારતીય અધિકારીઓને કરોડો રૂપિયાની લાંચ ચૂકવવાનો અથવા આપવાનું વચન આપવાનો આરોપ મૂક્યો હતો. કંપનીએ ૨૦૨૧માં બોન્ડમાં $૭૫૦ મિલિયન જારી કર્યા હતા, જેનાથી યુએસ રોકાણકારો પાસેથી આશરે $૧૭૫ મિલિયન એકત્ર થયા હતા. SECનો આરોપ છે કે કંપનીએ બોન્ડ વેચતી વખતે તેની ભ્રષ્ટાચાર વિરોધી નીતિઓ વિશે ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી પૂરી પાડી હતી.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે ફોજદારી કેસ પણ દાખલ કર્યો હતો, જેમાં સિક્યોરિટીઝ છેતરપિંડી સહિતના ગંભીર આરોપો શામેલ છે. અદાણી ગ્રુપે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તેઓ કાયદેસર રીતે લડશે.

**હેગ કન્વેન્શન દ્વારા પ્રયાસો નિષ્ફળ ગયા**

યુએસ અને ભારત બંને હેગ સર્વિસ કન્વેન્શનના સભ્યો છે, જે વિદેશમાં કાનૂની દસ્તાવેજો સેવા આપવા માટેની આંતરરાષ્ટ્રીય પ્રક્રિયા છે. ધ વાયરના એક અહેવાલ મુજબ, SECએ ફેબ્રુઆરી ૨૦૨૫માં ભારતીય કાયદા મંત્રાલયને સમન્સ વિનંતી સબમિટ કરી હતી. કાયદા મંત્રાલયે SEC સમન્સ અમદાવાદ સેશન્સ કોર્ટને મોકલ્યો હતો, પરંતુ તે એપ્રિલ ૨૦૨૫માં પાછો ફર્યો હતો. કારણ એ હતું કે કવર લેટરમાં સીલ અને સહીનો અભાવ હતો. SECએ જણાવ્યું હતું કે હેગ કન્વેન્શન હેઠળ આ જરૂરી નથી.

SECએ ત્યારબાદ મે ૨૦૨૫માં બીજી વિનંતી મોકલી, પરંતુ તેનો કોઈ જવાબ મળ્યો નહીં. અહેવાલો સૂચવે છે કે ઘણા ફોલો-અપ ઈમેઈલ્સનો પણ જવાબ મળ્યો ન હતો. ડિસેમ્બર ૨૦૨૫માં, મંત્રાલયે એક નવો વાંધો ઉઠાવ્યો, જેમાં કહેવામાં આવ્યું કે, SECના પોતાના નિયમ ૫(b)ના આધારે, કેસ તે શ્રેણીઓમાં આવતો નથી જ્યાં સમન્સ બજાવવામાં આવી શકે છે. SECએ આને પાયાવિહોણા ગણાવ્યા અને કહ્યું કે આ નિયમ કન્વેન્શન સાથે સંબંધિત નથી, પરંતુ SECની આંતરિક પ્રક્રિયા સાથે સંબંધિત છે.

SECએ કોર્ટને કહ્યું કે, 'મંત્રાલયની સ્થિતિ અને પસાર થઈ ગયેલા સમયને જોતાં, અમને આશા નથી કે હેગ કન્વેન્શન આ હાંસલ કરવા માટે પૂરતું હશે. ભારતીય કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ અમને બીજો કોઈ અભિગમ દેખાતો નથી.'

યુએસ કમિશને ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ન્યૂ યોર્કમાં ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ ફેડરલ કોર્ટમાં અરજી દાખલ કરી. ધ વાયર અનુસાર, તેણે જજ નિકોલસ જી. ગેરૌફિસને ફેડરલ રૂલ્સ ઓફ સિવિલ પ્રોસિજર હેઠળ વૈકલ્પિક અભિગમને મંજૂરી આપવા વિનંતી કરી છે. સાગર અદાણીએ કાયદાકીય પેઢી હેકર ફિંક LLPને નોકરી પર રાખી છે, જેના વકીલે ડિસેમ્બર ૨૦૨૪માં નિર્ણયની પુષ્ટિ કરી છે. ગૌતમ અદાણીએ કિર્કલેન્ડ અને એલિસ LLP અને ક્વિન ઈમેન્યુઅલ ઉર્કહાર્ટ અને સુલિવાન LLPને જાળવી રાખ્યા છે. તેમના વકીલોએ ફેબ્રુઆરી ૨૦૨૫માં SECનો સંપર્ક કર્યો હતો. SEC દલીલ કરે છે કે તે 'લગભગ ચોક્કસ' છે કે તેમને આ વકીલો દ્વારા નોટિસ મળશે કારણ કે તેઓ અદાણી કેસથી વાકેફ છે.

ઈમેલ દ્વારા કાનૂની નોટિસ અંગે, SECએ જણાવ્યું હતું કે તેની તપાસમાં ૧૦૦થી વધુ દસ્તાવેજો મળી આવ્યા છે જે દર્શાવે છે કે બંને અદાણીઓ તેમના કોર્પોરેટ ઈમેલનો ઉપયોગ કરે છે. આ ઈમેલ વ્યવસાય સંબંધિત છે, બોન્ડ ઓફરિંગ સાથે સંબંધિત છે અને માર્ચ ૨૦૨૪ના છે. SEC માને છે કે આ ઈમેલ હજુ પણ સક્રિય છે અને તેનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. અદાણીના જાહેર નિવેદનો, નિયમનકારી ફાઈલિંગ અને વકીલોની ભરતી સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ કેસથી સંપૂર્ણપણે વાકેફ છે. કોર્ટ હવે નક્કી કરશે કે ઈમેલ અને વકીલો દ્વારા કાનૂની નોટિસ માન્ય છે કે નહીં. જો એમ હોય, તો કેસ આગળ વધી શકે છે. આ મામલો ભારત-અમેરિકા સંબંધો અને મુખ્ય વ્યવસાયોને અસર કરી શકે છે. અદાણી ગ્રુપે હજુ સુધી SECની નવી અરજી પર કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ અગાઉ આરોપોને નકારી કાઢ્યા છે.

# રાજ્યની સ્કૂલોમાં ૮ માર્ચ સુધી સ્વચ્છતા-મરામતની કામગીરી કરવા આદેશ

## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર કરી કાર્યવાહી કરવા માટે તાકીદ કરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨
રાજ્યની તમામ સ્કૂલોમાં સ્વચ્છતાને લઈ ૮ માર્ચ સુધીમાં તમામ કામગીરી પુર્ણ કરવા માટે આદેશ કરાયો છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો છે. જે અનુસાર, સ્કૂલોની સ્વચ્છતા અંગેની જાળવણી અને મરામતની કામગીરી પુર્ણ કરવા તાકીદ કરાઈ છે. રાજ્યની પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તમામ DEO, DPEO અને શાસનાધિકારીને ઉદ્દેશીને પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, શિક્ષણ વિભાગની સુચના મુજબ તાજેતરમાં મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મળેલી સૂચના અનુસાર ૮ માર્ચ, ૨૦૨૬ સુધીમાં શાળાઓના સ્વચ્છતા સંકુલોની જાળવણી અને સ્વચ્છતા અંગેની કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. જેથી જિલ્લાના DEO, DPEO તથા શાસનાધિકારીના તાબા હેઠળ આવતી તમામ તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સ્વચ્છતા સંકુલોની મરામત અને સ્વચ્છતા જાળવણી જેવી આનુષાંગિક તમામ કામગીરી ૮ માર્ચ સુધીમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવાયું છે. પરિપત્રમાં એમ પણ જણાવાયું છે કે, આ કામગીરી માટે જરૂરી મુદ્દાઓના આધારે કાર્યવાહી કરવાની રહેશે. જેમાં તમામ સ્વચ્છતા સંકુલોની નિયમિત સફાઈ સુનિશ્વિત કરવાની રહેશે. આ ઉપરાંત, તમામ સ્વચ્છતા સંકુલોમાં પાણીની સુવિધા સુનિશ્ચિત કરવી, તમામ સ્વચ્છતા સંકુલોના દરવાજા બંધ કરી શકાય તેવા હોય તે સુનિશ્ચિત કરવું, તમામ સ્વચ્છતા સંકુલો આસપાસ ઝાડી-ઝાંખરા કે ગંદકી ન હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સ્વચ્છતા સંકુલોમાં મરામતની જરૂરિયાત હોય તો તે પૂર્ણ કરવા માટે પણ જિલ્લાઓમાં સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં આવેલી શાળાઓ પૈકી જો શાળાને સ્કૂલ કંપોઝિટ ગ્રાન્ટ મળતી હોય તો તેનો નિયમોનુસાર ઉપયોગ કરવો અન્યથા શાળાએ પોતાના ભંડોળનો ઉપયોગ કરી કામગીરી પૂર્ણ કરવાની રહેશે તેવી સૂચના અપાઈ છે. તમામ સ્વચ્છતાસંકુલોમાંપાણીનાનળ, ઈલેક્ટ્રીકવાયરોકેબારી-બારણાં જોખમ રહિત હોય તે સુનિશ્ચિત કરવા અને સ્વચ્છતા સંકુલોની મરામત અને સ્વચ્છતા જાળવણી અને તે સંબંધે આનુષાંગિક અન્ય તમામ કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

# હવે, શહેરોમાં CBSE બોર્ડની સ્કૂલો શરૂ કરવા ઓછી જમીનની જરૂર પડશે

### બોર્ડ દ્વારા સ્કૂલની મંજૂરી માટે જરૂરી જમીનના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨
સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા શાળાની મંજુરી માટે જરૂરી જમીનના નિયમોમાં ધરખમ ફેરફાર કર્યો છે. અત્યાર સુધી ઓછામાં ઓછી ૬ હજાર ચો.મી. જગ્યા હોય તેમને જ સ્કૂલ માટે મંજુરી આપવામાં આવતી હતી. પરંતુ હવે તેમાં ફેરફાર કરી જુદીજુદી ૩ કેટેગરી પ્રમાણે જમીનનો ક્રાઈટેરિયા નક્કી કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા તાજેતરમાં એફિલિએશન બાયલોઝમાં સુધારો કર્યો છે. જેમાં CBSE બોર્ડ સંલગ્ન સ્કૂલ શરૂ કરવા માટે જરૂરી જમીનના નિયમોમાં ફેરફાર કરાયો છે. આ ફેરફારના પગલે હવે ઓછી જગ્યામાં પણ સ્કૂલો શરૂ કરી શકાશે. હાલના નિયમ પ્રમાણે દેશમાં કોઈ પણ જગ્યાએ સ્કૂલ શરૂ કરવા માટે ૮ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી હતો, પરંતુ જો સ્કૂલ આ ક્રાઈટેરિયા પરિપુર્ણ ન કરે તો ઓછામાં ઓછા ૬ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હોય તો પણ તેને મંજુરી આપવામાં આવતી હતી. આ ઉપરાંત ૧૦ લાખ કરતા વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સ્કૂલો શરૂ કરવા માટે ૪ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હતો. જ્યારે નાના શહેરોમાં સ્કૂલો શરૂ કરવા માટે સેકન્ડરી લેવલ માટે ૨ હજાર

### સ્કૂલોની મંજૂરી માટે જરૂરી જમીન માટે જુદા-જુદા ત્રણ ક્રાઈટેરિયા નક્કી કરાયા

ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલ માટે ૩થી ૪ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા હતો. જોકે, હવે બોર્ડ દ્વારા બાયલોઝમાં સુધારો કર્યા બાદ સ્કૂલની મંજુરી માટે ૩ ક્રાઈટેરિયા નક્કી કર્યા છે. જેમાં કેટેગરી-છમાં દેશમાં કોઈ પણ જગ્યાએ શરૂઆતથી લઈને સિનિયર સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ શરૂ કરવા માટે ૬ હજાર ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરાયો છે. જ્યારે કેટેગરી-મ્માં રાજ્યની રાજધાની અથવા ખાસ શહેરોમાં સ્કૂલોની મંજુરી માટે સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૨૪૦૦ ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલની સ્કૂલ માટે ૩૨૦૦ ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરાયો છે. જ્યારે કેટેગરી-ઝમાં નાના શહેરો અને પ્રાદેશિક ક્ષેત્રોમાં સ્કૂલો શરૂ કરવાની હોય ત્યાં સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૧૬૦૦ ચો.મી. અને સિનિયર સેકન્ડરી લેવલ સુધીની સ્કૂલ માટે ૨૪૦૦ ચો.મી.નો ક્રાઈટેરિયા નક્કી કરવામાં આવ્યો છે. CBSE બોર્ડ દ્વારા બાયલોઝમાં સુધારો કર્યા બાદ રમતગમતના મેદાન માટે તમામ સ્કૂલોએ ૨ હજાર ચો.મી. જગ્યા રાખવાની રહેશે. જોકે, સ્કૂલ કેમ્પસમાં રમત ગમતના મેદાન માટેની સુવિધા ન હોય તો સ્કૂલની નજીકમાં આવેલા પ્લેગ્રાઉન્ડ સાથે ૧૫ વર્ષનો કરાર કરી તેનો ઉપયોગ કરવાનો રહેશે.

# યોગી સરકાર શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને પ્રવેશતા રોકવા અને તેમની પ્રતિષ્ઠા ખરાબ કરવા માટે કામ કરી રહી છે : તેઓને મોકલવામાં આવેલી નોટિસ જૂની તારીખની છે

(એજન્સી) તા.૨૨

જ્યોતિરપીઠના શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર વચ્ચેના વિવાદે એક નવો વળાંક લીધો છે. મૌની અમાવસ્યા (૧૮ જાન્યુઆરી, ૨૦૨૬)ના રોજ થયેલી અંધાધૂંધી બાદ, માઘ મેળા ઓથોરિટીએ તેમને જૂની તારીખની નોટિસ જારી કરી છે, જેમાં તેમના શિબિરને આપવામાં આવેલી જમીન અને સુવિધાઓ રદ કરવાની અને ભવિષ્યમાં મેળામાં પ્રવેશ પર કાયમી પ્રતિબંધ મૂકવાની ધમકી આપવામાં આવી હતી. મૌની અમાવસ્યાના રોજ સવારે લગભગ ૯ વાગ્યે, શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ આશરે ૨૦૦ અનુયાયીઓ અને પાલખી સાથે સંગમ સ્નાન માટે પહોંચ્યા.

**શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદનો વિરોધ**

શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે પ્રયાગરાજમાં તેમના શિબિરની બહાર ધરણા કર્યા, ખોરાક અને પાણીનો ત્યાગ કર્યો, અને આરોપ લગાવ્યો કે પોલીસે તેમના અનુયાયીઓ સાથે દુર્વ્યવહાર કર્યો અને શંકરાચાર્ય પરંપરાનું અપમાન કર્યું છે. તેમના ૮ પાનાના જવાબમાં, તેમણે નોટિસને 'અપમાનજનક' ગણાવી અને કોર્ટની અવમાનના અને માનહાનિનો દાવો દાખલ કરવાની ધમકી આપી. તેમના વકીલ, પી.એન. મિશ્રાએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટનો પ્રતિબંધ પદવીના ઉપયોગ પર નહીં, પરંતુ પવિત્રતા પર લાગુ પડે છે. તેમણે તેમના ગુરૂ અને શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીની ઈચ્છા અને દ્વારકા અને શ્રૃંગેરી પીઠોના સમર્થનનો ઉલ્લેખ કર્યો. તેમણે પ્રશ્ન કર્યો

**શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને પ્રયાગરાજ મેળા ઓથોરિટી તરફથી મૌની અમાવસ્યાની વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવા અને ભક્તોની સલામતીને જોખમમાં મૂકવા બદલ જૂની તારીખની નોટિસ મળી છે, યોગી સરકાર તેમના પ્રવેશને કાયમી ધોરણે રોકવા માટે કામ કરી રહી છે**

વહીવટીતંત્રનો આરોપ છે કે તેઓએ પૂર્વ પરવાનગી વિના 'VIP-શૈલી' શોભાયાત્રા કાઢી, બેરિકેડ તોડી નાખ્યા અને લગભગ ત્રણ કલાક સુધી પરત ફરવાનો માર્ગ અવરોધિત કર્યો હતો. ગાઢ ધુમ્મસ અને ભીડ વચ્ચે આ કાર્યવાહીથી લાખો ભક્તોની સલામતી જોખમાઈ અને વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. પ્રયાગરાજ પોલીસ કમિશનર અને વિભાગીય કમિશનરે સ્પષ્ટતા કરી કે કોઈપણ સંત કે VIPને ખાસ વાહનની પરવાનગી આપવામાં આવી નથી; સમાનતા અને સુરક્ષા જાળવવા માટે દરેકને સામાન્ય ભક્તોની જેમ સ્નાન કરવાનું હતું. જો કે, આ સમય દરમિયાન, પોલીસે શંકરાચાર્યના અનુયાયીઓને ક્રૂરતાથી માર માર્યો અને તેમનો રસ્તો રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી, મેળા ઓથોરિટીએ એક નોટિસ જારી કરી (જે જૂની છે). નોટિસમાં લખ્યું છે કે : 'તમારા કાર્યોથી મૌની અમાવાસ્યા પર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. લાખો ભક્તોની સલામતી જોખમમાં મુકાઈ હતી. કૃપા કરીને ૨૪ કલાકની અંદર સમજાવો કે તમને આપવામાં આવેલી જમીન અને સુવિધાઓ કેમ રદ ન કરવી જોઈએ અને આ કૃત્યને કારણે તમને મેળામાંથી કાયમી ધોરણે પ્રતિબંધિત કેમ ન કરવા જોઈએ.'

બીજી નોટિસ (૧૯ જાન્યુઆરી, ૨૦૨૬) તેમના કેમ્પ બોર્ડ પર પહેલેથી જ પોસ્ટ કરવામાં આવી હતી. આમાં, યોગી સરકારે 'શંકરાચાર્ય' શીર્ષકના ઉપયોગ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, જેમાં સુપ્રીમ કોર્ટની એક પેન્ડિંગ અપીલ (સિવિલ અપીલ નં. ૩૦૧૦/૨૦૨૦)નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જે જ્યોતિરપીઠોના અભિષેક પર પ્રતિબંધ મૂકે છે. સત્તાવાળાઓએ આને કોર્ટનો તિરસ્કાર ગણાવ્યો હતો. જો કે, શંકરાચાર્ય સરકાર દ્વારા નિયુક્ત પદ નથી. તેથી, કોઈ પણ કોર્ટ આ વિવાદનો નિર્ણય કેવી રીતે લેશે તે સમય જ કહેશે.

કે શા માટે બે 'પુરી શંકરાચાર્ય'ને એક જ મેળામાં શિબિર આપવામાં આવી હતી.

અધિકારીઓએ કથિત સુરક્ષા ચિંતાઓના નામે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે અને મેગા ધાર્મિક કાર્યક્રમોમાં VIP સંસ્કૃતિ સામે શૂન્ય-સહિષ્ણુતા નીતિ હોવાનો દાવો કર્યો છે. જો કે, યોગી સરકાર અને અલ્હાબાદ વહીવટીતંત્ર મહાકુંભમાં ભાગદોડને રોકવામાં નિષ્ફળ ગઈ છે. તે કાર્યક્રમ દરમિયાન થયેલ ગેરવહીવટ હજુ પણ સૌની સામે છે. કોંગ્રેસ પક્ષ કહે છે કે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ ક્યારેય RSS અને BJP સાથે ચાલતા નથી, અને તેથી શાસક પક્ષ તેમને પોતાના તરીકે સ્વીકારતો નથી. આ જ કારણ છે કે કેન્દ્ર સરકારથી લઈને ઉત્તર પ્રદેશ રાજ્ય સુધી, સમગ્ર ભાજપ સરકાર શંકરાચાર્ય પાછળ છે. યુપીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે પણ શંકરાચાર્યના અનુયાયીઓ અને સાધુઓને માર મારવા બદલ યોગી સરકારની આકરી ટીકા કરી છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદના અનુયાયીઓ કહે છે કે ભાજપ સરકાર જાણી જોઈને તેમને નિશાન બનાવી રહી છે કારણ કે સ્વામીજી સરકારી નીતિઓ સામે અવાજ ઉઠાવતા રહ્યા છે. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ તેને 'સંતોનું અપમાન' ગણાવ્યું, અખિલેશ યાદવે માફીની માંગ કરી છે અને કોંગ્રેસે 'નકલી હિન્દુત્વ'નો આરોપ લગાવ્યો છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદની કારકિર્દીમાં ધાર્મિક, રાજકીય અને કાનૂની વિવાદો રહ્યા છે. તેની શરૂઆત શંકરાચાર્ય પદવી વિવાદથી થઈ હતી. સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીના મૃત્યુ પછી, તેમણે જ્યોતિર્પીઠ પીઠ પર દાવો કર્યો હતો. તેમના હરીફ સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી સામે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. ૨૦૨૨માં તેમનો અભિષેક અટકાવી દેવામાં આવ્યો હતો, પરંતુ તેમને પહેલાથી જ અભિષેક કરવામાં આવ્યા હતા.

# પ્લેટ પોલીસિંગ : બંગાળ-આસામ વંદે ભારત પર શાકાહારી મેનૂ અંગે તૃણમૂલ કોંગ્રેસે કેન્દ્ર સરકારની ટીકા કરી

**મેનૂમાંથી માછલી અને માંસ દૂર કરવાના જવાબમાં ભારતીય રેલવેએ કહ્યું, અમે માંસાહારી વસ્તુઓનો સમાવેશ ન કરવાનો નિર્ણય લીધો છે કારણ કે, ટ્રેન બે પવિત્ર સ્થળો - મા કામાખ્યા મંદિર અને મા કાલી મંદિરને જોડે છે, જો કે બંગાળીઓ માટે ભાવનાત્મક મુદ્દો છે, આ પગલું હવે રાજકીય વિવાદ બની ગયું છે**

(એજન્સી) તા.૨૨

હાવડા-કામખ્યા વંદે ભારત ટ્રેનમાં નોન-વેજ વિકલ્પ ન હોવાને કારણે વિધાનસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળની શાસક તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર વચ્ચે મોટો વિવાદ થયો છે. બંગાળીઓ માટે ભાવનાત્મક મુદ્દો છે અને, તૃણમૂલ કોંગ્રેસે ઝડપથી આ બાબતને સોશિયલ મીડિયા પર પ્રકાશિત કરી અને ટ્વિટ કર્યું, પહેલા તેઓએ અમારા મતોનું પોલીસિંગ કર્યું. હવે તેઓ અમારી પ્લેટોનું પોલીસિંગ કરી રહ્યા છે. બંગાળ-આસામ ટ્રેનના તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉદ્ઘાટન પર કટાક્ષ કરતા તૃણમૂલ કોંગ્રેસે કહ્યું કે, 'થોડા દિવસો પહેલા, @narendramodi બંગાળને નવી વંદે ભારત સ્લીપર ટ્રેન આપવાની મોટી વાતો કરવાના વ્યસ્ત હતા. જો કે, તેમણે જે ઉલ્લેખ કર્યો ન હતો તે એ છે કે બંગાળથી આસામ જતી વંદે ભારત ટ્રેનમાં માછલી અને માંસને મેનુમાંથી દૂર કરવામાં આવ્યા છે. મેનુમાંથી માછલી અને માંસને દૂર કરવાના જવાબમાં ભારતીય રેલવેએ કહ્યું, 'અમે માંસાહારી વસ્તુઓનો સમાવેશ ન કરવાનો નિર્ણય લીધો છે કારણ કે, ટ્રેન બે શુભ સ્થળો-મા કામાખ્યા મંદિર અને મા કાલી મંદિરને જોડે છે. અમે જે મેનુ પ્રદાન કર્યું છે તેમાં સ્વસ્થ, સ્વચ્છ અને શુદ્ધ શાકાહારી ખોરાકનો સમાવેશ થાય છે.' રસપ્રદ વાત એ છે કે, દેવી કાલી અને અન્ય શક્તિપીઠોની પૂજા, જેમાં મા કામાખ્યા મંદિરનો સમાવેશ થાય છે, ત્યાં ઐતિહાસિક રીતે પ્રાણીઓના બલિદાન ખાસ કરીને બકરા અને ભેંસનું બલિદાન આપવામાં આવે છે અને આ પ્રથા સદીઓથી ચાલુ છે. તૃણમૂલ કોંગ્રેસે અગાઉના બનાવોનો ઉલ્લેખ કર્યો, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કથિત રીતે માછલી ખાનારા બંગાળીઓને 'મુઘલો' તરીકે ગણાવ્યા હતા. પ્રદેશમાં માંસાહારી ખોરાકના સાંસ્કૃતિક મહત્ત્વ પર અને આ પગલાં પર રોષ વ્યક્ત કરતા, તૃણમૂલ કોંગ્રેસે લખ્યું : ' વડાપ્રધાન માછલી ખાનારા બંગાળીઓને 'મુઘલો' તરીકે ગણાવે છે. દિલ્હીમાં માછલી પર પ્રતિબંધ મૂકવાના ફરમાન જારી કરવામાં આવ્યા છે. ચિકન પેટી વેચવા બદલ એક ગરીબ શેરી વિક્રેતા પર ક્રૂર હુમલો કરવામાં આવે છે.' ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસે એવો દાવો કર્યો કે, ભાજપ 'આપણે શું ખાઈએ છીએ'ને નિશાન બનાવી રહી છે. કાલે આપણે શું પહેરીએ છીએ. આપણે કોને પ્રેમ કરીએ છીએ. આપણે કેવી રીતે જીવીએ છીએ તેને નિશાન બનાવશે.

# વૈષ્ણોદેવી મેડિકલ કોલેજ : રાજ્ય બોર્ડે નવું કાઉન્સેલિંગ કરવાનો ઈનકાર કર્યો, અને કહ્યું કે સરકારે જાતે જ પ્રવેશની વ્યવસ્થા કરવી જોઈએ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

જમ્મુ અને કાશ્મીર બોર્ડ ઓફ પ્રોફેશનલ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JKBOPEE)એ ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્ર માટે નવું કાઉન્સેલિંગ કરવાનો ઈનકાર કર્યો છે. બોર્ડે કેન્દ્રશાસિત પ્રદેશ સરકારને કટરા સ્થિત શ્રી માતા વૈષ્ણો દેવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલન્સના વિદ્યાર્થીઓને અન્ય મેડિકલ કોલેજોમાં સુપરન્યુમરરી સીટો પર પ્રવેશ આપવા જણાવ્યું છે.

નોંધનીય છે કે આ મહિનાની શરૂઆતમાં, નેશનલ મેડિકલ કમિશન (NMC)એ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વૈષ્ણો દેવી મેડિકલ કોલેજને MBBS મેડિકલ કોલેજોમાં સુપરન્યુમરરી સીટો હેઠળ પ્રવેશ આપવામાં આવે. આ પછી, જમ્મુ અને કાશ્મીરના આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગે JKBOPEEને પત્ર લખીને અન્ય મેડિકલ કોલેજોમાં સુપરન્યુમરરી બેઠકો ફાળવવાની વિનંતી કરી હતી. ૨૧ જાન્યુઆરીના રોજ આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગના વહીવટી સચિવને મોકલવામાં આવેલા પત્રમાં, JKBOPEEના અંડર સેક્રેટરી નાઝિયા ચૌધરીએ જણાવ્યું હતું કે, 'બોર્ડને જાણવા મળ્યું છે કે તે ૨૦૨૫-૨૬ વર્ષ માટે કોઈ નવું કાઉન્સેલિંગ કરવા માટે બંધાયેલું નથી કારણ કે તે મેડિકલ કાઉન્સેલિંગ

**NMC દ્વારા વૈષ્ણોદેવી મેડિકલ કોલેજની MBBS અભ્યાસક્રમો શરૂ કરવાની પરવાનગી પાછી ખેંચી લીધા પછી, સંસ્થામાં નોંધાયેલા ૫૦ MBBS વિદ્યાર્થીઓ પાસે કોઈ કોલેજ નથી, રાજ્ય બોર્ડે ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષ માટે નવું કાઉન્સેલિંગ કરવાનો ઈનકાર કર્યો છે અને સરકારને અન્ય મેડિકલ કોલેજોમાં વધારાની બેઠકો પર સ્વતંત્ર રીતે આ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા જણાવ્યું છે**

કોર્સમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે આપેલી પરવાનગી પાછી ખેંચી લીધી હતી. આના કારણે સંસ્થામાં નોંધાયેલા ૫૦ MBBS વિદ્યાર્થીઓ પાસે હવે કોઈ કોલેજ નથી. ભાજપ, બજરંગ દળ અને અન્ય જમણેરી સંગઠનોના વિરોધ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો, કારણ કે કોલેજની ૫૦માંથી ૪૮ બેઠકો પર બિન-હિન્દુ વિદ્યાર્થીઓ આવ્યા હતા. જો કે, NMCએ કોલેજના માળખાગત સુવિધાઓ અને કામગીરીમાં ખામીઓનો ઉલ્લેખ કર્યો હતો. એ પણ નોંધનીય છે કે આ નિર્ણય એવા સમયે આવ્યો હતો જ્યારે જમણેરી સંગઠનોએ કોર્સના વિદ્યાર્થી રચનાનો વિરોધ કર્યો હતો કારણ કે ૫૦માંથી ૪૭ વિદ્યાર્થીઓ મુસ્લિમ હતા અને મોટાભાગના કાશ્મીરના હતા. કોર્સ માટેની પરવાનગી પાછી ખેંચતી વખતે, NMCએ જમ્મુ અને કાશ્મીર સરકારને વિનંતી કરી હતી કે આ વિદ્યાર્થીઓને યુનિયન પ્રદેશની અન્ય કમિટી (MCC), આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા જારી કરાયેલ કાઉન્સેલિંગ શેડ્યૂલથી આગળ વધી શકતું નથી.' પત્રમાં કહેવામાં આવ્યું છે કે, 'વધુમાં, MCC સૂચનાઓ અનુસાર, વૈષ્ણો દેવી મેડિકલ કોલેજના ૫૦ વિદ્યાર્થીઓ સહિત ૧,૪૧૦ MBBS વિદ્યાર્થીઓનો ડેટા તેમના પોર્ટલ પર જોડાવાની છેલ્લી તારીખ, એટલે કે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ અપડેટ કરવામાં આવ્યો છે.' બોર્ડે જમ્મુ અને કાશ્મીર સરકારને NMC અને સંબંધિત મેડિકલ કોલેજોમાંથી વૈષ્ણોદેવી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે અન્ય મેડિકલ કોલેજોમાં સુપરન્યુમરરી સીટોની નવેસરથી ફાળવણી કરવા જણાવ્યું છે. આ વર્ષે કોલેજની પ્રથમ બેચની મેરિટ લિસ્ટમાં મુસ્લિમ વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી, ભાજપ સહિત જમણેરી સંગઠનોએ મેરિટ લિસ્ટ રદ કરવાની માંગ કરી હતી.

# છત્તીસગઢ સ્ટીલ પ્લાન્ટમાં વિસ્ફોટમાં ઓછામાં ઓછા છ કામદારોનાં મોત, અનેક લોકો ઘાયલ

**છત્તીસગઢના બાલોદાબજાર-ભાટપારા જિલ્લાના બાકુલાહી ગામમાં ગુરૂવારે એક સ્ટીલ પ્લાન્ટમાં વિસ્ફોટમાં ઓછામાં ઓછા છ કામદારો માર્યા ગયા અને પાંચ ઘાયલ થયા છે, પ્રાથમિક માહિતી અનુસાર, યુનિટના ડસ્ટ સેટલિંગ ચેમ્બરમાં વિસ્ફોટ થયો હતો, જેના કારણે કામદારો પર ગરમ ધૂળ પડી હતી, જેના કારણે કામદારો ગંભીર રીતે દાઝી ગયા હતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

છત્તીસગઢના બાલોદાબજાર-ભાટપારા જિલ્લામાં ગુરૂવારે (૨૨ જાન્યુઆરી) એક સ્ટીલ પ્લાન્ટમાં વિસ્ફોટમાં ઓછામાં ઓછા છ કામદારો માર્યા ગયા અને પાંચ ઘાયલ થયા છે. જિલ્લા કલેક્ટર દીપક સોનીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ભાટપારા ગ્રામીણ વિસ્તારના બાકુલાહી ગામમાં સ્થિત રીઅલ ઈસ્પાત એન્ડ પાવર લિમિટેડમાં આ અકસ્માત થયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, યુનિટના ડસ્ટ સેટલિંગ ચેમ્બર (DSC)માં વિસ્ફોટ થયો હતો, જેના કારણે કામદારો પર ગરમ ધૂળ પડી હતી, જેના કારણે તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. કલેક્ટરે જણાવ્યું હતું કે, છ કામદારોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે પાંચ અન્ય ગંભીર રીતે દાઝી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. પાંચ ઘાયલ કામદારોને સારવાર માટે બિલાસપુર સ્થિત છત્તીસગઢ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (CIMS)માં દાખલ કરવામાં આવ્યા હતા. રાજ્યના આરોગ્ય પ્રધાન શ્યામ બિહારી જયસ્વાલે જણાવ્યું હતું કે, ઘાયલોને શ્રેષ્ઠ શક્ય સારવાર પૂરી પાડવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. મંત્રીએ ઘટનાની સંપૂર્ણ તપાસ અને ગુનેગારો સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવાનો પણ આદેશ આપ્યો છે.

# દિલ્હી એરપોર્ટ પર સામાનમાંથી 'માનવ કંકાલ' મળી આવતા દોડધામ, ફોરેન્સિક તપાસ માટે મોકલાયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-૩ પર ગુરૂવારે તે સમયે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો જ્યારે સુરક્ષા તપાસ દરમિયાન એક મુસાફરની બેગમાંથી માનવ કંકાલ (Skeleton) મળી આવ્યું હતું. આ ઘટનાને પગલે એરપોર્ટ સુરક્ષા કર્મચારીઓ અને દિલ્હી પોલીસ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી અને મામલાની તપાસ શરૂ કરી હતી.

**મેડિકલ વિદ્યાર્થીની બેગમાંથી મળ્યું કંકાલ** : પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ કંકાલ દિલ્હીથી મુસાફરી કરી રહેલા એક મેડિકલ વિદ્યાર્થીની બેગમાં હતું. પ્રાથમિક તપાસ બાદ પોલીસે સ્પષ્ટતા કરી હતી કે, આ કંકાલ કોઈ ગુનાહિત પ્રવૃત્તિ સાથે જોડાયેલું નથી, પરંતુ તે મેડિકલ વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસ માટે ઉપયોગમાં લેવાતું એક 'ડેમો મોડલ' હોવાનું જણાય છે.

**ફોરેન્સિક તપાસ માટે મોકલાયું** : જો કે, સુરક્ષાના પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને અને કોઈ શંકા ન રહે તે માટે પોલીસે આ ડેમો કંકાલને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યું છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ફોરેન્સિક રિપોર્ટ દ્વારા વૈજ્ઞાનિક રીતે પુષ્ટિ કરવામાં આવશે કે આ અવશેષો ખરેખર શૈક્ષણિક હેતુ માટેનું મોડલ જ છે કે નહીં. હાલમાં આ મામલે કોઈ શંકાસ્પદ કે ગુનાહિત પાસું સામે આવ્યું નથી.

# આગામી ૪-૫ વર્ષમાં વ્હાઈટ કોલર જોબ પર જોખમ છે : બિલ ગેટ્સની ચેતવણી

**તેમણે કહ્યું કે, 'શું તમે લોકોને ફરીથી તાલીમ આપો છો ? શું તમે તમારી ટેક્સ સિસ્ટમમાં ફેરફાર કરો છો ? અત્યાર સુધી, આ અસર ખૂબ જ સામાન્ય રહી છે, પરંતુ તે લાંબુ ટકશે નહીં'**

(એજન્સી) તા.૨૨

બિલ ગેટ્સે ચેતવણી આપી હતી કે જો યોગ્ય વ્યવસ્થાપન કરવામાં ન આવે તો કર્મચારીઓમાં વિક્ષેપ ગંભીર બની શકે છે. વ્હાઈટ-કોલર કામદારો માટે કંઈક નવીન વાત સામે આવી રહી છે અને બિલ ગેટ્સ કહે છે કે, સરકારો આ માટે તૈયાર નથી. દાવોસ ખાતે એનડીટીવીના વિષ્ણુ સોમ સાથે વાત કરતા માઈક્રોસોફ્ટના સ્થાપકે ચેતવણી આપી હતી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જોબ માર્કેટને અપેક્ષા કરતા વધુ ઝડપથી આકાર આપશે અને લોકોને તૈયાર કરવાની વિન્ડો ઝડપથી બંધ થઈ રહી છે. ગેટ્સે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "હું આગામી ચારથી પાંચ વર્ષમાં વ્હાઈટ કોલર અને બ્લુ કોલર જોબમાં પણ જોખમ જોઈ રહ્યો છું અને સરકારોએ આગળ વધવું પડશે અને ઈક્વિટી મુદ્દાઓ સાથે વ્યવહાર કરવો પડશે. AIની સારી સંભાવનાઓને સ્વીકારતા (જેમાં રોગની પ્રગતિથી લઈને શિક્ષણ) ગેટ્સે ચેતવણી આપી હતી કે જો વ્યવસ્થાપિન રાખવામાં ન આવે તો કર્મચારીઓની ભરતી, નોકરીની પદ્ધતિ અને આર્થિક ઔચિત્યનો વિક્ષેપ ગંભીર બની શકે છે. તેમણે કહ્યું કે, "શું તમે લોકોને ફરીથી તાલીમ આપો છો ? શું તમે તમારી ટેક્સ સિસ્ટમમાં ફેરફાર કરો છો ? અત્યાર સુધી આ અસર ખૂબ જ સામાન્ય રહી છે, પરંતુ તે લાંબુ ટકશે નહીં." આ ટિપ્પણી ગેટ્સના તાજેતરના વાર્ષિક પત્ર ધ યર અહેડની રૂપરેખા દર્શાવી છે. તેઓ કહે છે કે, AIએ ભૂતકાળની ટેક ક્રાંતિ કરતાં માત્ર ઝડપી જ નથી, પણ તે વધુ ઊંડું છે, સમાજના વધુ ખૂણે પહોંચે છે અને અભૂતપૂર્વ ઝડપે પરિવર્તનને વેગ આપે છે. ગેટ્સએ તરફ નિર્દેશ કરે છે કે, કેવી રીતે AI ટૂલ્સ સૉફ્ટવેર ડેવલપમેન્ટમાં ઉત્પાદકતામાં વધારો કરી રહ્યાં છે અને લોજિસ્ટિક્સ અને કૉલ સેન્ટર્સમાં નિમ્ન-કૌશલ્યની ભૂમિકાઓને બદલે છે. જો તેને સંબોધવામાં ન આવે તો, આ અસમાનતાને પ્રેરિત કરી શકે છે, અને માત્ર અમુક લોકોના હાથમાં જ સંપત્તિ અને તકોને કેન્દ્રીત કરી શકે છે. તેમણે કહ્યું કે, આ પડકારો માટે તાકીદ સાથે સંકલિત નીતિ અને આંતરરાષ્ટ્રીય સહયોગની જરૂર છે. ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે ગેટ્સે કહ્યું કે, "મને લાગે છે કે યુ.એસ. અને ભારતના મજબૂત સંબંધોનો તર્ક સફળ થશે. ગેટ્સે ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઝડપી AI અપનાવવાને મુખ્ય ફાયદાઓ પણ દર્શાવ્યા હતા.

# મોદી સરકાર ૧૪ મહિનાથી સમન્સ અટકાવી રહી છે-યુએસ કમિશને કોર્ટમાં અદાણીને સીધા સમન્સ બજાવવા વિનંતી કરી

(એજન્સી) તા.૨૨



મોદી સરકાર પર દેશમાં અદાણીને રક્ષણ આપવાનો આરોપ મૂકવામાં આવતો રહે છે, પરંતુ હવે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ કમિશને પણ કોર્ટમાં ખુલ્લેઆમ આ વાત કહી છે. એક અહેવાલ મુજબ, તેણે કહ્યું છે કે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણીને કાનૂની નોટિસ મોકલવા છતાં, મોદી સરકાર ૧૪ મહિનાથી આ નોટિસ મોકલી નથી. કમિશને હવે યુએસ ફેડરલ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં જણાવ્યું છે કે ભારત સરકારનો માર્ગ, હેગ કન્વેન્શન, આ મુદ્દે કામ કરી રહ્યું

**૧૪ મહિનાથી સમન્સ બજાવવામાં આવ્યા ન હોવાથી યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને કોર્ટનો સંપર્ક કર્યો છે. શું મોદી સરકારને બાયપાસ કરીને અદાણીને સમન્સ બજાવવાની મંજૂરી આપવામાં આવશે ?**

નથી. તેથી તેણે કોર્ટ પાસેથી અદાણીને તેમના યુએસ વકીલો દ્વારા અને ઈમેઈલ દ્વારા સીધા બોલાવવાની પરવાનગી માંગી છે.

આ કેસ નવેમ્બર ૨૦૨૪માં શરૂ થયો હતો, જ્યારે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ કમિશન (SEC)એ ગૌતમ અદાણી અને સાગર અદાણી પર સોલાર પાવર પ્રોજેક્ટ મેળવવા માટે અદાણી ગ્રીન એનર્જી કંપની દ્વારા ભારતીય અધિકારીઓને કરોડો રૂપિયાની લાંચ ચૂકવવાનો અથવા આપવાનું વચન આપવાનો આરોપ મૂક્યો હતો. કંપનીએ ૨૦૨૧માં બોન્ડમાં $૭૫૦ મિલિયન જારી કર્યા હતા, જેનાથી યુએસ રોકાણકારો પાસેથી આશરે $૧૭૫ મિલિયન એકત્ર થયા હતા. SECનો આરોપ છે કે કંપનીએ બોન્ડ વેચતી વખતે તેની ભ્રષ્ટાચાર વિરોધી નીતિઓ વિશે ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી પૂરી પાડી હતી.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે ફોજદારી કેસ પણ દાખલ કર્યો હતો, જેમાં સિક્યોરિટીઝ છેતરપિંડી સહિતના ગંભીર આરોપો શામેલ છે. અદાણી ગ્રુપે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તેઓ કાયદેસર રીતે લડશે.

**હેગ કન્વેન્શન દ્વારા પ્રયાસો નિષ્ફળ ગયા**

યુએસ અને ભારત બંને હેગ સર્વિસ કન્વેન્શનના સભ્યો છે, જે વિદેશમાં કાનૂની દસ્તાવેજો સેવા આપવા માટેની આંતરરાષ્ટ્રીય પ્રક્રિયા છે. ધ વાયરના એક અહેવાલ મુજબ, SECએ ફેબ્રુઆરી ૨૦૨૫માં ભારતીય કાયદા મંત્રાલયને સમન્સ વિનંતી સબમિટ કરી હતી. કાયદા મંત્રાલયે SEC સમન્સ અમદાવાદ સેશન્સ કોર્ટને મોકલ્યો હતો, પરંતુ તે એપ્રિલ ૨૦૨૫માં પાછો ફર્યો હતો. કારણ એ હતું કે કવર લેટરમાં સીલ અને સહીનો અભાવ હતો. SECએ જણાવ્યું હતું કે હેગ કન્વેન્શન હેઠળ આ જરૂરી નથી.

SECએ ત્યારબાદ મે ૨૦૨૫માં બીજી વિનંતી મોકલી, પરંતુ તેનો કોઈ જવાબ મળ્યો નહીં. અહેવાલો સૂચવે છે કે ઘણા ફોલો-અપ ઈમેઈલ્સનો પણ જવાબ મળ્યો ન હતો. ડિસેમ્બર ૨૦૨૫માં, મંત્રાલયે એક નવો વાંધો ઉઠાવ્યો, જેમાં કહેવામાં આવ્યું કે, SECના પોતાના નિયમ ૫(b)ના આધારે, કેસ તે શ્રેણીઓમાં આવતો નથી જ્યાં સમન્સ બજાવવામાં આવી શકે છે. SECએ આને પાયાવિહોણા ગણાવ્યા અને કહ્યું કે આ નિયમ કન્વેન્શન સાથે સંબંધિત નથી, પરંતુ SECની આંતરિક પ્રક્રિયા સાથે સંબંધિત છે.

SECએ કોર્ટને કહ્યું કે, 'મંત્રાલયની સ્થિતિ અને પસાર થઈ ગયેલા સમયને જોતાં, અમને આશા નથી કે હેગ કન્વેન્શન આ હાંસલ કરવા માટે પૂરતું હશે. ભારતીય કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ અમને બીજો કોઈ અભિગમ દેખાતો નથી.'

યુએસ કમિશને ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ન્યૂ યોર્કમાં ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ ફેડરલ કોર્ટમાં અરજી દાખલ કરી. ધ વાયર અનુસાર, તેણે જજ નિકોલસ જી. ગેરૌફિસને ફેડરલ રૂલ્સ ઓફ સિવિલ પ્રોસિજર હેઠળ વૈકલ્પિક અભિગમને મંજૂરી આપવા વિનંતી કરી છે. સાગર અદાણીએ કાયદાકીય પેઢી હેકર ફિંક LLPને નોકરી પર રાખી છે, જેના વકીલે ડિસેમ્બર ૨૦૨૪માં નિર્ણયની પુષ્ટિ કરી છે. ગૌતમ અદાણીએ કિર્કલેન્ડ અને એલિસ LLP અને ક્વિન ઈમેન્યુઅલ ઉર્કહાર્ટ અને સુલિવાન LLPને જાળવી રાખ્યા છે. તેમના વકીલોએ ફેબ્રુઆરી ૨૦૨૫માં SECનો સંપર્ક કર્યો હતો. SEC દલીલ કરે છે કે તે 'લગભગ ચોક્કસ' છે કે તેમને આ વકીલો દ્વારા નોટિસ મળશે કારણ કે તેઓ અદાણી કેસથી વાકેફ છે.

ઈમેલ દ્વારા કાનૂની નોટિસ અંગે, SECએ જણાવ્યું હતું કે તેની તપાસમાં ૧૦૦થી વધુ દસ્તાવેજો મળી આવ્યા છે જે દર્શાવે છે કે બંને અદાણીઓ તેમના કોર્પોરેટ ઈમેલનો ઉપયોગ કરે છે. આ ઈમેલ વ્યવસાય સંબંધિત છે, બોન્ડ ઓફરિંગ સાથે સંબંધિત છે અને માર્ચ ૨૦૨૪ના છે. SEC માને છે કે આ ઈમેલ હજુ પણ સક્રિય છે અને તેનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. અદાણીના જાહેર નિવેદનો, નિયમનકારી ફાઈલિંગ અને વકીલોની ભરતી સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ કેસથી સંપૂર્ણપણે વાકેફ છે. કોર્ટ હવે નક્કી કરશે કે ઈમેલ અને વકીલો દ્વારા કાનૂની નોટિસ માન્ય છે કે નહીં. જો એમ હોય, તો કેસ આગળ વધી શકે છે. આ મામલો ભારત-અમેરિકા સંબંધો અને મુખ્ય વ્યવસાયોને અસર કરી શકે છે. અદાણી ગ્રુપે હજુ સુધી SECની નવી અરજી પર કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ અગાઉ આરોપોને નકારી કાઢ્યા છે.

# મુંબઈને મહિલા મેયર મળશે : લોટરીમાં આરક્ષણ અંગે આક્ષેપો; તેમાં SC સ્લિપનો સમાવેશ કરવામાં આવ્યો નથી; શિવસેના (UBT)નો આરોપ

**મુંબઈ મેયરની ચૂંટણી લોટરી સિસ્ટમ દ્વારા યોજાઈ હતી, જેમાં સામાન્ય શ્રેણીની મહિલા માટે આ પદ અનામત રાખવામાં આવ્યું હતું, શિવસેના (UBT)એ મહારાષ્ટ્ર સરકાર પર આ પ્રક્રિયામાં ગેરરીતિ કરવાનો આરોપ લગાવ્યો છે. અનુસૂચિત જનજાતિના નિયમોમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરવામાં આવ્યા હોવાનો પણ આરોપ છે**

(એજન્સી) તા.૨૨

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) હવે મહિલા મેયરની પસંદગી કરશે. આ પદ મહિલાઓ (ઓપન કેટેગરી) માટે અનામત રાખવામાં આવ્યું છે. જો કે, આનાથી અનેક વિવાદો ઉભા થયા છે. મહિલાઓ માટે અનામત બેઠકો પસંદ કરવા માટે વપરાતી લોટરી સિસ્ટમમાં અનુસૂચિત જનજાતિ (ST) બેઠકનો સમાવેશ થતો ન હતો. શિવસેના (UBT)એ આ પ્રક્રિયા સામે સખત વાંધો ઉઠાવ્યો છે, તેને શાસક ગઠબંધનની તરફેણમાં "નિશ્ચિત" જીત ગણાવી છે. મુંબઈના પૂર્વ મેયર અને શિવસેના (UBT)ના નેતા કિશોરી પેડણેકરે લોટરી પ્રક્રિયામાં ગેરરીતિના અનેક આરોપો લગાવ્યા છે. મહારાષ્ટ્રમાં ૨૮ અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં મેયર પદ માટે પણ લોટરી કાઢવામાં આવી હતી, પરંતુ બધાની નજર BMC મેયર પદ પર હતી. શહેરી વિકાસ રાજ્યમંત્રી માધુરી મિસાલની અધ્યક્ષતામાં યોજાયેલી લોટરીમાં, મુંબઈને ઓપન કેટેગરીમાં મૂકવામાં આવ્યું હતું, જ્યાં મહિલા અનામતની જોગવાઈઓ પહેલાથી જ લાગુ પડે છે. રાજ્યમાં કુલ ૧૭ મ્યુનિસિપલ કોર્પોરેશનો ઓપન કેટેગરીમાં આવી હતી, જેમાંથી નવમાં મહિલા મેયર હશે. મુંબઈ ઉપરાંત, પુણે, પિંપરી-ચિંચવાડ (PCMC), ભિવંડી, ધુળે, નવી મુંબઈ, માલેગાંવ, નાંદેડ અને મીરા-ભાયંદરમાં પણ મહિલા મેયરની નિમણૂક કરવામાં આવશે. OBC અનામત ધરાવતી મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઈચલકરંજી, અહિલ્યાનગર, કોલ્હાપુર, ચંદ્રપુર, જલગાંવ, અકોલા, પનવેલ અને ઉલ્હાસનગરનો સમાવેશ થાય છે. આમાંથી, ચંદ્રપુર, ઈચલકરંજી, અકોલા અને જલગાંવમાં OBC શ્રેણીમાંથી મહિલા મેયર હશે. થાણે અને ભિવંડી-નિઝામપુરમાં SC શ્રેણીમાંથી મેયર ચૂંટાશે.

**BMC મેયરને લઈને વિવાદ** : BMC મેયર માટે લોટરી શરૂ થઈ, ત્યારે શિવસેના (UBT)એ સખત વાંધો ઉઠાવ્યો કારણ કે મતપત્રમાં ST શ્રેણીની યાદી ન હતી. મુંબઈના પૂર્વ મેયર કિશોરી પેડનેકરે આ પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા અને આરોપ લગાવ્યો કે સરકારે છેલ્લી ઘડીએ ST (અનુસૂચિત જનજાતિ) શ્રેણી માટેના નિયમોમાં ફેરફાર કર્યો છે. તેમણે કહ્યું કે, ST શ્રેણી માટે સભ્યોની લઘુત્તમ સંખ્યા બદલવામાં આવી છે. મુંબઈને જાણી જોઈને ST શ્રેણીમાંથી બાકાત રાખવામાં આવ્યું કારણ કે ફક્ત બે શિવસેના-UBT કાઉન્સિલર આ શ્રેણીના છે. તેમણે દાવો કર્યો કે શાસક ગઠબંધનને ફાયદો પહોંચાડવા માટે આ કરવામાં આવ્યું છે. પેડનેકરે કહ્યું કે, "મુંબઈમાં ઘણા વિસ્તારો છે જ્યાં OBC સમુદાય રહે છે. જો કે, લોટરીમાં તેમના પ્રતિનિધિઓના નામવાળી કોઈ સ્લિપનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ ખોટું અને અસ્વીકાર્ય છે. વોકઆઉટ બાદ, પેડણેકરે આરોપ લગાવ્યો કે આ ડ્રો "પૂર્વયોજિત ઈરાદા" સાથે યોજવામાં આવ્યો હતો અને તેને "ઓબીસી અને એસટી સાથે અન્યાય" ગણાવ્યો છે. મુંબઈના પૂર્વ મેયરે કહ્યું કે, "ઓબીસી સમુદાય સાથે અન્યાય થયો છે. અમે લોટરી સિસ્ટમની સખત નિંદા કરીએ છીએ. આ પ્રક્રિયા જાણી જોઈને તેમને વાજબી પ્રતિનિધિત્વથી વંચિત રાખવા માટે હતી." તેમણે કહ્યું કે વિપક્ષ આ નિર્ણયનો વિરોધ ચાલુ રાખશે. શિવસેના (યુબીટી)એ કહ્યું કે સરકારે એસટી શ્રેણીમાંથી સભ્યો (કોર્પોરેટરો)ની લઘુત્તમ સંખ્યામાં સુધારો કર્યો છે. ઉદાહરણ તરીકે, ઓછામાં ઓછા ત્રણ એસટી કોર્પોરેટરોની જરૂરિયાત ઉમેરવામાં આવી હતી અથવા બદલવામાં આવી હતી. મુંબઈને એસટી શ્રેણીમાં આવતા અટકાવવા માટે આ ફેરફાર જાણી જોઈને કરવામાં આવ્યો હતો. પાર્ટીએ કહ્યું કે ફક્ત શિવસેના (યુબીટી) પાસે એસટી શ્રેણીમાંથી બે કોર્પોરેટરો છે. લઘુત્તમ થ્રેશોલ્ડ (દા.ત., ત્રણ) વધારીને, મુંબઈને એસટી અનામતમાંથી બાકાત રાખવામાં આવ્યું હતું, જેના કારણે શિવસેના (યુબીટી) માટે મેયર બનવું અશક્ય બન્યું છે. આ શાસક મહાયુતિ ગઠબંધન (ભાજપ-શિવસેના શિંદે જૂથ + સાથી પક્ષો)ને ફાયદો પહોંચાડવાનું કાવતરૂં છે. લોટરી સંપૂર્ણપણે પૂર્વનિર્ધારિત અને વિવાદિત હતી. તેમાં પારદર્શિતાનો અભાવ હતો અને સરકારે સૂચના આપ્યા વિના નવા નિયમો લાગુ કર્યા. કેટલાક નિવેદનોમાં, તેઓએ એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો કે અગાઉના બે કાર્યકાળ (૨૦૧૭ અને ૨૦૧૯)માં ખુલ્લી શ્રેણી હોવા છતાં આ વખતે OBC શ્રેણી કેમ લાગુ કરવામાં આવી નહીં, જેના કારણે OBC મહિલાઓને અન્યાય થયો છે. કોંગ્રેસના નેતા વિજય વાડેટ્ટીવારે પણ તેને "નિશ્ચિત" અને અપારદર્શક ગણાવ્યા હતા. આ દરમિયાન, રાજ્ય મંત્રી માધુરી મિસાલે આ આરોપોને ફગાવી દેતા કહ્યું કે સરકારે તમામ વાંધાઓ પર વિચાર કર્યો છે, પરંતુ શિવસેના (UBT)ના દાવા પાયાવિહોણા છે. પક્ષ ફક્ત તે જ અનામત ઈચ્છતી હતી જે તેમના માટે અનુકૂળ હોય. પ્રક્રિયા નિયમો અનુસાર પૂર્ણ થઈ હતી. આરક્ષણ લોટરી પછી, BMC હાઉસની એક ખાસ બેઠક બોલાવવામાં આવશે, જ્યાં મેયરની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી ૨૮ કે ૨૯ જાન્યુઆરીની આસપાસ યોજાવાની શક્યતા છે.

# 'હેન્ડશેક ભૂલી ગયા આપ..' : પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગા, PCBએ વાયરલ ઓસ્ટ્રેલિયા સિરીઝ પ્રોમોમાં ભારત પર કર્યો કટાક્ષ

નવી દિલ્હી, તા.૨૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટના મેદાન પર તણાવ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ આ તણાવને મેદાનની બહાર પણ વધાર્યો છે. ઓસ્ટ્રેલિયા સામેની આગામી સિરીઝ માટેના એક પ્રોમો વીડિયોમાં PCBએ ભારતીય ક્રિકેટ ટીમ અને BCCI પર 'હેન્ડશેક' ન કરવાના મુદ્દે કટાક્ષ કર્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝ માટે બનાવવામાં આવેલા આ પ્રોમોમાં પાકિસ્તાનની મહેમાનગતિની પ્રશંસા કરવામાં આવી છે. વીડિયોમાં એક ઓસ્ટ્રેલિયન પ્રવાસી ટેક્સી ડ્રાઈવર સાથે હાથ મિલાવવાનું ચૂકી જાય છે, ત્યારે એક અભિનેતા કટાક્ષભર્યા અંદાજમાં કહે છે, 'લાગે છે કે તમે પાડોશીને ત્યાં પણ રોકાયા હતા'. આ વીડિયોમાં પાકિસ્તાનના T20 કેપ્ટન સલમાન અલી આગા પણ જોવા મળે છે. આ ઉપરાંત, વીડિયોમાં 'હેન્ડશેક' પર કેન્દ્રિત એક વ્યંગાત્મક ગીતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે સ્પષ્ટપણે ભારતને ટ્રોલ કરવાના પ્રયાસરૂપે જોવામાં



આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૫ની શરૂઆતમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતીય ક્રિકેટ ટીમોએ પાકિસ્તાન સાથેના સંબંધોમાં કડક વલણ અપનાવ્યું છે. એશિયા કપ ૨૦૨૫ દરમિયાન ત્રણેય મેચોમાં સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા ન હતા. આ જ પરંપરા યુવા અને મહિલા ટીમો દ્વારા પણ ભારત-પાકિસ્તાન મેચોમાં અનુસરવામાં આવી હતી. હવે જ્યારે ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬ નજીક છે, ત્યારે PCB દ્વારા આ મુદ્દાને ફરીથી ઉઠાવવામાં આવ્યો છે. આ પ્રોમો દ્વારા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બંને દેશો વચ્ચેની મેચ પહેલા માહોલ ગરમ કરવાનો પ્રયાસ કર્યો છે.

જાહેર રસ્તા પરનું ગેરકાયદેસર મંદિર દૂર કરવાના આદેશ સામેની અપીલ ફગાવાઈ

# જાહેર રસ્તા પર મંદિર બનાવી તેનો પૂજારી માલિકી હકનો દાવો કરી શકે નહીં : હાઈકોર્ટ

## પૂજારી માત્ર ભગવાનનો સેવક છે, માલિક નહીં; 'એડવર્સ પઝેશન'નો દાવો કરવાની પ્રવૃત્તિ વધી રહી છે : કોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે ધાર્મિક સ્થળના પૂજારી કે સેવા કરનાર વ્યક્તિ તે મિલકત કે જમીન પર પોતાનો માલિકી હક હોવાનો દાવો કરી શકે નહીં. જાહેર રસ્તા પર બનેલા મંદિરના મામલે હાઈકોર્ટે અવલોકન કર્યું કે પૂજારી એ માત્ર ભગવાનના સેવક છે અને તેઓ મિલકત પર 'એડવર્સ પઝેશન' (પ્રતિકૂળ કબજો)ના આધારે માલિકી હક મેળવી શકતા નથી.

આ સમગ્ર વિવાદની વિગત મુજબ, ગોધરા ખાતે રહેતી એક મહિલાએ સિવિલ કોર્ટમાં દાવો કર્યો હતો કે તેમની મિલકતને અડીને આવેલા જાહેર અવરજવરના રસ્તા પર ગેરકાયદેસર રીતે ગણેશ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બાંધકામને કારણે તેમના મકાનમાં આવવા-જવાના રસ્તામાં અવરોધ ઊભો થતો હતો. ટ્રાયલ કોર્ટે પુરાવાઓને આધારે આ બાંધકામ દૂર કરવાનો આદેશ આપ્યો હતો, જેને પ્રથમ એપેલેટ કોર્ટે પણ યથાવત રાખ્યો હતો. આ હુકમ સામે મંદિરના પૂજારીએ હાઈકોર્ટમાં બીજી અપીલ દાખલ કરી હતી. જસ્ટિસ જે.સી. દોશીએ સુનાવણી દરમિયાન જ્યારે પૂજારીના વકીલને પૂછ્યું કે શું પૂજારીનો આ જમીન પર કોઈ માલિકી હક છે, ત્યારે વકીલે દલીલ કરી હતી કે પૂજારી છેલ્લા ૧૨ વર્ષથી વધુ સમયથી ત્યાં સેવા પૂજા કરે છે અને ભક્તો દ્વારા તેમની નિમણૂક કરવામાં આવી છે, તેથી એડવર્સ પઝેશનના સિદ્ધાંત મુજબ તેમનો હક બને છે. જોકે, હાઈકોર્ટે આ દલીલને સદંતર ફગાવી દીધી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં કડક શબ્દોમાં જણાવ્યું કે પૂજારી એ માત્ર એક સેવક અથવા નિમણૂક પામેલી વ્યક્તિ છે, જેમને મિલકત પર કોઈ સ્વતંત્ર કાયદાકીય અધિકાર મળતો નથી. કોર્ટે એ પણ નોંધ્યું કે હાલના સમયમાં મિલકત ખાલી ન કરવી પડે તે માટે 'એડવર્સ પઝેશન'નો દાવો કરવાની અરજદારોની વૃત્તિ વધી રહી છે. કાયદા મુજબ, એડવર્સ પઝેશન સાબિત કરવા માટે કબજો કઈ તારીખથી છે, તેનો પ્રકાર કેવો છે અને તે માલિકની જાણમાં છે કે કેમ તે સાબિત કરવું અનિવાર્ય છે. અદાલતે વધુમાં ઉમેર્યું કે જ્યારે એ સાબિત થઈ ગયું છે કે મંદિરનું બાંધકામ જાહેર રસ્તા પર કરવામાં આવ્યું છે, ત્યારે તે સંપૂર્ણપણે ગેરકાયદેસર અને અનધિકૃત ગણાય. પૂજારી 'ભૂમિસ્વામી' નથી પરંતુ માત્ર સેવક છે અને સેવક ક્યારેય પોતાના માલિક (ભગવાન) વતી કબજો રાખીને માલિકી હકનો દાવો કરી શકે નહીં. આ કેસમાં કાયદાનો કોઈ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોવાનું જણાવી હાઈકોર્ટે પૂજારીની અપીલ ફગાવી દીધી હતી અને નીચલી અદાલતનો બાંધકામ દૂર કરવાનો આદેશ બહાલ રાખ્યો હતો.

અમેરિકાના એક એવિએશન સેફ્ટી ગ્રુપે ત્યાંની સંસદમાં અહેવાલ જમા કરાવ્યો

# અમદાવાદની એર-ઈન્ડિયા વિમાન દુર્ઘટના બોઈંગ વિમાન ગંભીર ટેક્નિકલ ખામીયુક્ત

## ક્રેશ પહેલાથી જ વિમાનમાં વિવિધ પ્રકારની ઘણી ખામીઓ હોવાનો FAS રિપોર્ટનો દાવો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨



ગુજરાતના અમદાવાદમાં ૧૨ જૂન ૨૦૨૫ના રોજ થયેલી ભયાનક એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના મહિનાઓ બાદ, અમેરિકાના એક એવિએશન સેફ્ટી ગ્રુપે દુર્ઘટનાના સંભવિત કારણો અંગે એક સનસનીખેજ રિપોર્ટ રજૂ કર્યો છે. ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી (FAS) નામના આ જૂથે દાવો કર્યો છે કે દુર્ઘટનાગ્રસ્ત થયેલું બોઈંગ ૭૮૭ વિમાન ક્રેશ થતાં પહેલાં પણ ઘણી વખત ગંભીર ટેકનિકલ ખામીઓનો સામનો કરી ચૂક્યું હતું. ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી (FAS)એ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ અમેરિકન સંસદમાં એક રિપોર્ટ જમા કરાવ્યો છે. અહેવાલ મુજબ, FASએ પોતાની તપાસમાં શોધી કાઢ્યું કે એર ઈન્ડિયાનો હિસ્સો બન્યા બાદથી જ આ વિમાનમાં સતત ટેક્નિકલ ખામીઓ આવી રહી હતી. FASનો દાવો છે કે વિમાનમાં એન્જિનિયરિંગ, ગુણવત્તા અને જાળવણીમાં નોંધપાત્ર ખામીઓ હતી. રિપોર્ટમાં ઈલેક્ટ્રોનિક, સોફ્ટવેર, વારંવાર સર્કિટ બ્રેકર્સનું ટ્રીપ થવું, ખરાબ વાયરિંગ, શોર્ટ સર્કિટ, વીજળી પુરવઠામાં ઘટાડો અને પાવર સિસ્ટમ ગરમ થવા જેવી અનેક સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. FASના આ ગંભીર દાવાઓ પર બોઈંગે પ્રતિક્રિયા આપી છે. બોઈંગના પ્રવક્તાએ જણાવ્યું કે, 'અમે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના પ્રોટોકોલનું પાલન કરીએ છીએ. ભારતમાં થયેલી વિમાન દુર્ઘટનામાં AAIB (વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો)નો જે પણ નિર્ણય હશે, અમે તેનું પાલન કરીશું.' જોકે, એર ઈન્ડિયાએ આ સમગ્ર મામલે મૌન સેવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, AAIBએ પોતાના પ્રારંભિક રિપોર્ટમાં ફ્યુઅલ સ્વિચ બંધ થવાને કારણે પ્લેન ક્રેશ થયું હોવાના સંકેત આપ્યા હતા. FASએ પોતાના રિપોર્ટમાં એવો પણ દાવો કર્યો છે કે બોઈંગ ૭૮૭ પ્રોગ્રામ તેના નિર્ધારિત સમય કરતાં ૩ વર્ષ પાછળ ચાલી રહ્યો છે અને તેનું બજેટ અબજો ડોલર વધી ગયું છે. રિપોર્ટ મુજબ, ૨૦૦૦થી વધુ બોઈંગ ૭૮૭ વિમાનોમાં સિસ્ટમ ફેલિયરની ઘટનાઓ બની ચૂકી છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાન વિશે માહિતી આપતાં રિપોર્ટમાં કહેવાયું છે કે આ વિમાન ૨૦૧૧માં બનીને તૈયાર થયું હતું અને ૨૮ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ તેને એર ઈન્ડિયાને સોંપવામાં આવ્યું હતું. આમ આટલા લાંબા સમય પછી અત્યંત હૃદયપૂર્વક ઘટના અંગે વિમાનમાં ખામીનો અહેવાલ બહાર આવતા વિવાદ વકરે તેવી શક્યતાઓ સાથે ચર્ચા વ્યાપક બની છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ એરપોર્ટ નજીકના મેઘાણીનગર વિસ્તારમાં તા.૧૨ જૂન ૨૦૨૫એ પ્લેન ક્રેશ થવાની સર્જાયેલી અત્યંત દુખદ ઘટનામાં ૨૪૧ના મોત થવા પામ્યા હતા. જે અંગેના અહેવાલની વિગતો આજે બહાર આવી છે.

મેરીટાઈમ બોર્ડના કલાસ-૧ અધિકારી અને એકના એક દીકરાનું મોત થતાં માતમ

# શક્તિસિંહ ગોહિલના ભત્રીજાની રિવોલ્વરમાંથી મિસ ફાયર થતાં પત્નીનું મોત; આઘાતમાં પોતાને મારી ગોળી

## બંનેના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડાયા; PM તથા ફોરેન્સિક રિપોર્ટ બાદ હકીકત સ્પષ્ટ થશે : ACP

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨



અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા જજીસ બંગલો રોડ પર આવેલા NRI ટાવરમાં મોડી રાત્રે એક ચોંકાવનારી ઘટના બની હતી, જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલના સગા ભત્રીજા અને ગુજરાત મેરિટાઈમ બોર્ડના ક્લાસ-૧ અધિકારી યશરાજસિંહ ગોહિલની બંદૂકમાંથી મિસફાયર થતાં તેની પત્નીનું મોત નીપજ્યું હતું. જોકે આ ઘટનાથી ડરી ગયેલા યશરાજે આઘાતમાં ખુદ પણ ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. આ ચોંકવનારો ખુલાસો ખુદ યશરાજની માતાએ કર્યો હતો. પોલીસે તેમના નિવેદનમાં આ માહિતી જાહેર કરી છે.

આ ઘટના અંગે જયેશ બ્રહ્મભટ્ટ (એસીપી, એ ડિવિઝન, અમદાવાદ), જણાવ્યું કે, વસ્ત્રાપુરના એનઆરઆઈ ટાવરમાં ઘટેલી આ કરૂણ ઘટનામાં યશરાજસિંહ ગોહિલ અને તેમના પત્ની રાજેશ્વરીબાનું ગોળી વાગવાથી મૃત્યુ થયું છે. દંપતી રાત્રે સગાને ત્યાં જમીને પરત આવ્યા બાદ પોતાના બેડ રૂમમાં સુવા માટે ગયું હતું. આમ થોડીકવાર પછી યશરાજસિંહે તેમની માતાના રૂમમાં જઈને જાણ કરી હતી કે તેમની રિવોલ્વરમાંથી અચાનક ગોળી છૂટી ગઈ છે અને પત્નીને વાગી છે. ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ ઘટનાસ્થળે પહોંચી પત્નીને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ૧૦૮નો કર્મચારી આ બાબતે કંટ્રોલ રૂમમાં જાણ કરવા માટે બેઠક રૂમમાં ગયો, તે જ સમયે યશરાજસિંહે બેડરૂમમાં પોતાની જાતે માથાના ભાગે ગોળી મારી જીવન ટૂંકાવી લીધું હતું. રિવોલ્વરનું લાઈસન્સ હતું તેવી જાણકારી મળી છે જો કે તેની તપાસ હાથ ધરવામાં આવશે. આસપાસના લોકોનું નિવેદન લેવામાં આવ્યું છે. બંને કપલને માથાના ભાગે ગોળી વાગી છે. મહિલાના માથાના પાછળના ભાગે ગોળી વાગી છે. મહિલાના માથાના પાછળના ભાગે ગોળી વાગી છે. હાલ અકસ્માત મૃત્યુનો ગુનો દાખલ કરેલ છે એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ અને અન્ય અધિકારીઓને સાથે રાખીને રાત્રે સમગ્ર કાર્યવાહી કરવામાં આવી છે. બે મહિનાનો સમયગાળો છે. પરિસ્થિતિ જોઈને પૂછપરછ કરવામાં આવી છે જો કે હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ સમગ્ર હકીકત સામે આવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, યશરાજસિંહ મેરી ટાઈમમાં સરકારી નોકરી કરતા હતા અને પ્રાથમિક તપાસ મુજબ વપરાયેલી રિવોલ્વર લાઈસન્સ વાળી હતી. પોલીસે FSL, ફિંગરપ્રિન્ટ નિષ્ણાતો અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટને સાથે રાખીને તપાસ હાથ ધરી હતી. અને બંને મૃતદેહોને ફોરેન્સિક પીએમ માટે અસારવા સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યા છે. આ ઘટના આકસ્મિક રીતે ગોળી છૂટવાથી બની છે કે કેમ, તે જાણવા માટે ગોળી કયા એંગલથી અને કેટલા અંતરથી વાગી છે તે પીએમ રિપોર્ટ અને એફએસએલ તપાસ બાદ સ્પષ્ટ થશે. હાલમાં પોલીસે રિવોલ્વર જપ્ત કરી છે અને તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ ચલાવવામાં આવી રહી છે. પોલીસ તપાસની જાણકારી અનુસાર દંપતી વચ્ચે કોઈ ઝઘડો થયો નહોતો પરંતુ યશરાજસિંહની બંદૂકમાંથી મિસફાયર થયું હતું જેના કારણે તેની પત્નીને ગોળી વાગી જતાં તે ઢળી પડી હતી. આ જોઈને યશરાજ હેબતાઈ ગયો હતો અને તેણે મમ્મીને ત્વરીત જાણ કરી ૧૦૮ને કોલ કર્યો હતો. ત્યાં પણ તેણે ભૂલથી ગોળી ચાલી ગઈ હોવાની જાણકારી આપી હતી. જોકે ૧૦૮ના કર્મચારીઓ પહોંચતા જ તેમની સામે જ યશરાજે પણ આત્મહત્યા કરી લીધી હોવાનો ખુલાસો ખુદ યશરાજની માતાએ કર્યો છે. હાલમાં દ્વઈ ટાવર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મૂળ ભાવનગરના યશરાજ ગોહિલ અને તેમના પત્ની રાજેશ્વરી ગોહિલ NRI ટાવરમાં નિવાસ કરતા હતા. ગત મોડી રાત્રે આ ઘટના બની હતી.

રાજકોટમાં ક્રૂર દુષ્કર્મ આચરનારને ફાંસીની સજા તાજેતરમાં જ ફટકારાઈ છે ત્યારે બેખૌફ ગુનેગારોનું પરાક્રમ!

# સ્કૂલ વાનના ચાલકે ધો.૯ની વિદ્યાર્થિનીને અવાવરૂ જગ્યાએ લઈ જઈ આચર્યું દુષ્કર્મ

## સ્કૂલેથી છૂટેલી વિદ્યાર્થિનીને સ્કૂલ વાનમા જ ભોગ બનાવી : આરોપીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

રાજકોટની નિર્ભયા કાંડની ઘટના અને તેને લઈને તાજેતરમાં જ કોર્ટે ફાસ્ટ કેસ આપવી આરોપીને ફાંસીની સજા ફટકારી હતી. તેમ છતાં ગુનેગારોને જાણે કાનૂનનો કોઈ ભય ન હોય તેમ વધુ આવી ઘૃણાસ્પદ ઘટના બનવા પામી છે. રાજકોટ શહેરમાં ફરી એક વખત સ્કૂલવાનચાલકની બીભત્સ હરકત સામે આવી છે. માલવિયાનગર વિસ્તારમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય કિશોરી સાથે સ્કૂલવાનમાં જ મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરનાર ચાલક રમેશ કાનાભાઈ ખરાની પોલીસે ધરપકડ કરી છે. પોક્સો (POCSO) એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીને મેડિકલ ચેકઅપ અર્થે ખસેડવામાં આવ્યો છે અને પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આજે રાજકોટમાં દુષ્કર્મનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે, જેના કારણે માતા-પિતા પોતાનાં બાળકોને સ્કૂલવાનમાં મોકલતાં પણ ડરશે. ધો-૯ની કિશોરી પર તેને સ્કૂલે લઈ જતા સ્કૂલવાનચાલકે જ દુષ્કર્મ ગુજાર્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ફક્ત આટલું જ નહીં, વાનચાલકે દુષ્કર્મ ગુજારી વિદ્યાર્થિનીને ધમકાવી કે જો તે કોઈને આ અંગે જાણ કરશે તો તે તેને છોડશે નહીં. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે રમેશ ખરા પાળ ગામમાં રહે છે અને છેલ્લા એકાદ વર્ષથી તેની વાનમાં સ્કૂલે આવતી-જતી આ વિદ્યાર્થિનીનો ફોનનંબર મેળવીને વ્હોટ્સએપ કોલ અને મેસેજ દ્વારા સંપર્ક જાળવી રાખતો હતો. બે દિવસ પહેલાં સ્કૂલથી છૂટીને વાનમાં બેસેલી વિદ્યાર્થિનીને અમીન માર્ગ નજીક અવાવરૂ જગ્યાએ લઈ જઈ વાનમાં જ દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને જણાવવા નહીં દેવાની ધમકી આપી હતી. બાળકીની હિંમત અને પરિવારની સમજણથી આ ઘટના બહાર આવી. અગાઉ પણ આરોપીએ તેની સાથે છેડછાડ કરી હતી અને ધમકી આપી હતી, જેના કારણે કિશોરી ઉદાસ રહેતી હતી. પરિવારજનોએ સમજાવી પૂછપરછ કરતાં હકીકત જાણી પોલીસ સ્ટેશન પહોંચ્યા અને ફરિયાદ નોંધાવી હતી. આરોપી પાસેથી પોલીસે સ્કૂલવાન કબજે કરી છે, જેની પાછળ લખેલું છે-'વફાદારી ખૂબ કીમતી છે, જે દરેક માણસને પરવડે તેમ નથી'. આરોપીના ઘરમાં ૧૨ વર્ષની પુત્રી છે અને તેને અન્ય સ્ત્રી સાથે પણ અફેર હોવાની વિગતો સામે આવી છે. તેની વાનમાં અન્ય ઘણી વિદ્યાર્થિનીઓ આવતી હતી, જેથી શું તેણે અન્ય કોઈ કિશોરી સાથે પણ આવી બીભત્સ હરકત કરી છે કે કેમ એની પણ ઊંડી તપાસ ચાલુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજકોટની ૧૬ વર્ષની સગીરાનું અપહરણ કરી ગોંડલના અરમાન ગોદાણીએ એક મહિના સુધી ગોંડલ, જૂનાગઢ, મુંબઈ અને ગોવા સહિત અલગ-અલગ સ્થળે હોટલોમાં લઈ જઈ મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હોવાનું બનાવ પણ ચર્ચાસ્પદ બન્યો હતો.

ગાંધીનગર ભણવા આવેલી પાટણની વિદ્યાર્થિનીનો આપઘાત

# ગુમ થયેલી વિદ્યાર્થિનીનો કોલેજના કલાસરૂમમાંથી મૃતદેહ મળ્યો

## સીસીટીવી ફૂટેજ આવ્યા સામે : વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાધો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

રાધનપુરની ૧૯ વર્ષીય યુવતી હોસ્ટેલમાંથી સાંજે ગુમ થઈ હતી, કારણ અકબંધ. ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી જે. એમ. ચૌધરી કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી અને F.Y. B.A.માં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય શિવાની આહીરે પોતાના ક્લાસરૂમમાં દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આ ઘટનાનો ૪ મિનિટ અને ૩૮ સેકન્ડના સીસીટીવી ફૂટેજ સામે આવ્યો છે, જેમાં યુવતી રૂમમાં પ્રવેશી ત્યારથી લઈને આપઘાત કર્યો ત્યાં સુધીનો આખો ઘટનાક્રમ દેખાય રહ્યો છે. વિદ્યાર્થિની સાંજના સમયે ગુમ હતી, જેથી શોધખોળ કરતાં ક્લાસરૂમમાંથી લટકતી હાલતમાં મળી હતી. કોલેજમાં બનેલી આ ઘટનાથી વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણના રાધનપુરની વતની શિવાની ભોજાભાઈ આહીર ૨૧ જાન્યુઆરીની સાંજે કોલેજ કેમ્પસમાં આવેલી ગર્લ્સ હોસ્ટેલમાંથી અચાનક ગુમ થઈ હતી. હોસ્ટેલમાં તેની ભાળ ન મળતાં કોલેજ પ્રશાસન અને સિક્યોરિટી દ્વારા કેમ્પસમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થિની લાપતા થતાં કોલેજ અને હોસ્ટેલ સત્તાધીશો દ્વારા તાત્કાલિક તેના પરિવારને જાણ કરવામાં આવી હતી. દીકરીના ગુમ થવાના સમાચાર સાંભળી પરિવાર પણ ગાંધીનગર દોડી આવ્યો હતો. સેક્ટર-૭ પોલીસને જાણ કરાતાં પોલીસે પણ રાત્રિ દરમિયાન શોધખોળ હાથ ધરી હતી. અંતે વિદ્યાર્થિનીનો મૃતદેહ કોલેજના જ એક ક્લાસરૂમમાંથી મળતાં સૌ સ્તબ્ધ થઈ ગયા હતા. કોલેજ કેમ્પસમાં જ બનેલી આ ઘટનાને પગલે અન્ય વિદ્યાર્થીઓમાં ભારે શોક અને ફફડાટ જોવા મળી રહ્યો છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને વધુ તપાસ શરૂ કરી છે. આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે યુવતીની પરીક્ષા શરૂ થવાની હતી, જેના ટેન્શનમાં પણ હતી. હાલમાં વિદ્યાર્થિનીના મોત પાછળનું કારણ જાણવા સહિતની તપાસ ચાલુ છે.

ગુજરાત ટુડે

સમગ્ર ગુજરાતમાં SIR પ્રક્રિયા દ્વારા ડ્રાફ્ટ મતદારયાદીમાં સામેલ ૧૪ લાખ મુસ્લિમ સમાજના મતદારોના નામોને ખોટી રીતે ફોર્મ નં.૭ ભરી મતદારયાદીમાંથી કમી કરાવવાના બદઆશય દ્વારા સંવૈધાનિક અધિકાર અને લોકતાંત્રિક પ્રક્રિયાને છિન્ન ભિન્ન કરવા માંગતા ષડયંત્રકારો સામે FIR દાખલ કરાવવા નમ્ર અપીલ

## જુમ્મા તા. ૨૩-૧-૨૬ના ખુત્બામાં ઉલમાએ-ઇકરામના બયાન દ્વારા

SIR અને ફોર્મ નં.૭ વિશે મુસ્લિમ સમાજમાં જન જાગૃતિ ફેલાવવા તમામ મુતવલ્લીશ્રીઓ, તમામ બિનસાંપ્રદાયિક પક્ષોના જવાબદાર આગેવાનો, ધાર્મિક-સામાજિક સંસ્થાઓ, સિવિલ સોસાયટીના લોકો, એડવોકેટશ્રીઓ, નિવૃત સરકારી કર્મચારીઓને સામાજિક જવાબદારી નિભાવવા નમ્ર અપીલ

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS